श्री स्वामिनारायण मंदिर भुज - कच्छ

ध र्म श्री भ क्ति

श्री स्वामिनारायणो विजयतेतराम्

Pixel Design Solutions, Bhuj - 99790 63372

શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શન

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શન



પ્રકાશક

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ




શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવના ઉપલક્ષમાં પ્રકાશિત

# શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શન

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી
મહારાજની આજ્ઞાથી

બ્રહ્મનિષ્ઠ અ. નિ. સ્વામી
શ્રી ધર્મતનયદાસજીની પૂણ્ય સ્મૃતિમાં

:: છપાવી પ્રસિધ્ધ કર્તા ::

મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
ભુજ – કચ્છ

:: સંશોધક ::

મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

સંવત ૨૦૬૬
વૈશાખ સુદ ૫

કીંમત રૂા. ૧૦૦
પ્રત. ૩૦૦૦

સને ૨૦૧૦
તા: ૧૮/૦૫/૨૦૧૦
મંગળવાર

## :: પ્રાપ્તિ સ્થાન ::

શ્રી નરનારાયણદેવ કોઠાર
શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ કચ્છ) પીન ૩૭૦૦૦૧

### :: સહયોગ ::

ગામ મીરજાપરના પ.ભ. અ. નિ. દાદાશ્રી હાલાઈ વેલજીભાઇ લક્ષ્મણ ધ.પ. અ. નિ. ધનબાઈ, પિતાજી કુંવરજીભાઈ વેલજી ધ.પ. કેશરબાઈ, અ.નિ. કાકા હીરજી વેલજી, સુપુત્ર કરસનભાઈ કુંવરજી ધ.પ. અમૃતબેન તથા પૌત્ર મુકુલકુમાર કરસન, ધ.પ. ભાવનાબેન તથા પૌત્રી હંસાબેન સંતોષ વરસાણી તથા પૌત્રી રંજનબેન અરવિંદ હિરાણી તથા તુષારકુમાર મુકુલ, તેજસકુમાર મુકુલ તથા અક્ષિત સંતોષ, દીશીકા સંતોષ તથા દર્શન અરવિંદ, રાજ અરવિંદ હાલાઇ સહ પરિવાર તરફથી આ ‘શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શન’ શાસ્ત્ર છપાવી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

### :: સહયોગ ::

ગામ મીરજાપરના પ.ભ. અ. નિ. પિતાજી હીરાણી લાલજીભાઇ રામજી, ધ.પ. અ. નિ. હીરબાઇ, સુપુત્ર કાનજીભાઇ લાલજી, ધ.પ. કાન્તાબેન, પૌત્ર રાજેશકુમાર કાનજી, ધ.પ. દક્ષાબેન તથા નિશાંતભાઇ કાનજી, ધ.પ. અલ્પાબેન તથા પરેશભાઇ તથા પૌત્રી નનીતાબેન મનસુખ દબાસીયા તથા કીંઝલબેન રાજેશ અને દીયાબેન રાજેશ હીરાણી સહ પરિવાર તરફથી આ શાસ્ત્રમાં સેવા કરેલ છે.

### :: સહયોગ ::

ગામ મીરજાપરનાં સાંખ્ય યોગી દેવબાઇ કરસન, અ. નિ. સાં. યો. રાધાબાઇ જેઠા, સાં. યો. શ્યામબાઈ અરજણ હિરાણી, સાં. યો. ધનબાઇ શીવજી, સાં. યો. સીતાબાઇ શીવજી, સાં. યો. શાન્તાબાઇ કલ્યાણ, સાં. યો. રામબાઇ ધનજી તરફથી આ શાસ્ત્રમાં મદદ કરેલ છે.


:: મુદ્રક ::

શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર (ભુજ કચ્છ)

# - પ્રસ્તાવના -

અક્ષરધામના અધિપતિ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુ આત્માના આત્યંતિક કલ્યાણ માટે ધર્મ ભક્તિ થકી માનવ શરીર ધારણ કર્યું અને અગણિત આત્માઓને પોતાના શરણે લીધા. વિકરાળ કળિકાળમાં મોક્ષનો માર્ગ સરળ કર્યો, અને કલ્યાણનો માર્ગ ખુલ્લો રાખ્યો.

દિવ્ય કલ્યાણનો માર્ગ અખંડ ચાલુ રાખવા મહાન સંતો પાસે સત્શાસ્ત્રોની રચનાઓ કરાવી, જીવન ઉપયોગી ગ્રંથ બનાવ્યા, અદ્‌ભૂત સાહિત્યની રચના કરી સંપ્રદાયની સેવામાં મૂક્યાં છે.જેમ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે તેમ આ 'શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શન' તે પણ સર્વોપરી ગ્રંથ છે.

## આ બાલવૃધ્ધ સૌમાં સંસ્કાર સિંચતું અનુપમસત્સંગ પ્રવૃતિ...

આ શાસ્ત્ર પ્રસિધ્ધ કરતાં આનંદ થાય છે. આ પુસ્તકમાં પ્રસંગને અનુરૂપ રંગીન ચિત્રો અને લીલાથી ભરપૂર છે. પ્રભુની લીલાનાં અલૌકિક દર્શન થાય છે. લીલાનાં ચિત્ર સહુ સત્સંગીને જોવા અને વાંચવાં બહુ ગમશે. અને પ્રેરણારૂપ બનશે. પ્રભુની લીલાનાં દર્શન મોટેરાઓ પોતાનાં બાળકોને ખાસ વંચાવે, અને સત્સંગના સંસ્કારો સીંચતા રહે એ ખાસ જરૂરી છે.

શ્રીજી મહારાજ ગ.પ્ર. ૫૮ વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીને કહે છે, ''પોતાના ઈષ્ટદેવના જન્મથી કરીને દેહ મુકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટી થાય છે.'' માટે તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી શાસ્ત્ર દેહ પર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે.

## શાંતિ મળવાનો ઉપાય શું છે?

યજ્ઞયાગ કરવાથી શાંતિ મળે? યાત્રા કરવાથી શાંતિ મળે ? તપ કરવાથી શાંતિ મળે ? કે જંગલમાં જવાથી શાંતિ મળે ? શાંતિ મળવાનો એકજ ઉપાય છે. એક પરમાત્માના લીલા ચરિત્રનું વાંચન, શ્રવણ, મનન અને ચિંતવન કરવાથી શાંતિ મળે છે. બીજે ક્યાંયથી શાંતિ

મળતી નથી. સત્શાસ્ત્રો છે તે મુમુક્ષુ આત્માઓ માટે દિવ્ય ખજાનો છે. સત્શાસ્ત્રનું શ્રવણ, કીર્તન, મનન ખૂબ થવું જોઇએ પણ નવાઈની વાત એ છે કે યંત્રયુગમાં શાસ્ત્રો વાંચવા માટે માણસને સમય મળતો નથી.

યાદ રાખજો... પ્રભુના લીલા ચરિત્રનું વાંચન અને શ્રવણ કર્યા સિવાય ઘણી ખામી રહી જશે. આ સંસાર ખારા સમુદ્ર જેવો છે. તેને તરવા માટે શાસ્ત્રોરૂપી નૌકાની જરૂર પડશે. અક્ષરધામનો અલૌકિક માર્ગ બતાવનાર શ્રી હરિનાં લીલા ચરિત્રો છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) તરફથી સંપ્રદાયના ઘણા સત્શાસ્ત્રોનું પ્રકાશન થયું છે. શાસ્ત્રો દ્વારા ધાર્મિક પ્રેરક વાંચન સામગ્રી પીરસાય છે. આ બધા સાહિત્ય પ્રકાશન દ્વારા સત્સંગની પુષ્ટી અને વૃધ્ધિ થતી રહે એવી શુભ ભાવના છે. કથા સાંભળવાથી દિવ્યાનંદ પ્રાપ્ત થશે.

શ્રીજી મહારાજ ગ.પ્ર.૩ વચનામૃતમાં કહે છે, ''ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી, તે શા સારુ જે કદાપિ દેહ મુક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તો પણ જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે તો તે જીવ મોટી પદવીને પામે છે, અને તેનું ઘણું રૂડું થાય છે.''

**આ શાસ્ત્ર સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે.**

આ કથા છે કલ્યાણકારી, સહુ લેજો તમે હૈયે ધારી. કથા હૈયામાં ધારી રાખજો. સંભાળી રાખશો તો ભવસાગરથી તરી જાશો. શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શનથી, શ્રવણથી, પૂજનથી પાપનો નાશ થાય છે, સદ્‌ગતી મળે છે અને જીવન ધન્ય બને છે ને બાળજીવનમાં ક્રાંતિ આવે છે. પ્રભુની બાલલીલા પ્રભુ સમીપે પહોંચવાની નીસરણી છે. આ ગ્રંથ વાંચવાથી, સાંભળવાથી ઘણા જીવનો સમાસ થશે અને અભયદાન દેવાનું સદાવ્રત ચાલશે.

સદ્‌ભાવથી ખૂબ સાવધાની રાખીને આ કાર્ય કર્યું છે. છતાંય ક્યાંય ક્ષતિ જણાય તો ઉદાર સજ્જનો ક્ષમા કરશોજી.

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | બદ્રીકાશ્રમની સભા | ૧ |
| ૨ | પ્રગટ થયા પ્રભુ છપૈયા ધામ | ૩ |
| ૩ | છઠ્ઠીનો દિવસ આવ્યો | ૬ |
| ૪ | અષ્ટસિધ્ધિયો ભક્તિમાતાને જમાડવા આવ્યાં | ૯ |
| ૫ | ચંદ્રમા પ્રભુના દર્શન કરવા આવ્યા | ૧૦ |
| ૬ | પ્રભુનાં મુખમાં બ્રહ્માંડનાં દર્શન | ૧૨ |
| ૭ | પુત્રની પરીક્ષા | ૧૩ |
| ૮ | રામદયાળને દર્શન | ૧૪ |
| ૯ | રજાઈની ભેટ | ૧૬ |
| ૧૦ | ઘુઘરો કોણે છોડી દીધો? | ૧૭ |
| ૧૧ | બાર માતાનો ભાવ | ૧૮ |
| ૧૨ | પ્રભુના ચરણમાંથી પ્રકાશ | ૨૧ |
| ૧૩ | નામકરણ સંસ્કાર | ૨૩ |
| ૧૪ | કર્ણવેધ સંસ્કાર | ૨૫ |
| ૧૫ | મામીનો રોગ મટી ગયો | ૨૭ |
| ૧૬ | લક્ષ્મીજીને વરદાન | ૨૮ |
| ૧૭ | ત્રિદેવો પ્રભુને સ્નાન કરાવે છે | ૨૯ |
| ૧૮ | મેં છપૈયાની રજ ખાધી છે | ૩૧ |
| ૧૯ | લ્યો પિતાજી પાણી પીઓ | ૩૨ |
| ૨૦ | ગોમતી ગાયનો સ્નેહ | ૩૪ |
| ૨૧ | ટાઢે પાણીએ બળિયાં ગયાં | ૩૫ |
| ૨૨ | વાળંદને ચમત્કાર બતાવ્યો | ૩૬ |
| ૨૩ | કાલીદૈત્યનો નાશ | ૩૮ |
| ૨૪ | ગયાજીના ગોર પધાર્યા | ૪૦ |
| ૨૫ | કોડે કોડે એકાદશી કરૂં | ૪૧ |
| ૨૬ | અયોધ્યા પ્રયાણ | ૪૩ |
| ૨૭ | વાંદરાને સમાધી | ૪૫ |

| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૮ | હરામનું ખાવું છે ને બળ કરો | ૪૭ |
| ૨૯ | ભૂતોનો ઉધ્ધાર | ૫૦ |
| ૩૦ | પ્રભુ મકાઈ ચીભડી નિંદવા ગયા | ૫૨ |
| ૩૧ | ઘનશ્યામમહારાજ રીસાયા | ૫૩ |
| ૩૨ | સનકાદિક દર્શન કરવા આવ્યા | ૫૫ |
| ૩૩ | શ્રીહરિ મોટાભાઈના લગ્નમાં ગયા | ૫૭ |
| ૩૪ | હિંસા બંધ કરો | ૫૮ |
| ૩૫ | મેઘરાજા વૃષ્ટી બંધ કરો | ૬૦ |
| ૩૬ | ફણસની ચોરી થઈ | ૬૧ |
| ૩૭ | શ્રી હરિ હરિહર ક્ષેત્રના મેળામાં ગયા | ૬૩ |
| ૩૮ | છપૈયાની પ્રદક્ષિણા | ૬૫ |
| ૩૯ | અધિકારનો અહંકાર | ૬૭ |
| ૪૦ | ઝાડ પીપળીની રમત | ૬૯ |
| ૪૧ | ચાલો હિંડોળાના દર્શન કરવા | ૭૦ |
| ૪૨ | ગયાદત્તનો મોક્ષ | ૭૨ |
| ૪૩ | મલ્લનો ગર્વ ઉતાર્યો | ૭૩ |
| ૪૪ | ચાલો છપૈયા જઈએ | ૭૫ |
| ૪૫ | ખાંપા તલાવડી | ૭૬ |
| ૪૬ | ધર્મદેવને આંગળે શ્રીમદ્ ભાગવતની સપ્તાહ | ૭૯ |
| ૪૭ | આવો ઘનશ્યામ, મારા ખભા ઉપર બેસી જાવ | ૮૧ |
| ૪૮ | નવ યોગેશ્વર પધાર્યા | ૮૨ |
| ૪૯ | રોગથી મુક્ત થાવું હોય તો શ્રી હરિને શરણે જાવ | ૮૪ |
| ૫૦ | મિત્રને પોપટ બનાવ્યા | ૮૫ |
| ૫૧ | લગ્નમાં વિઘ્ન થયું | ૮૮ |
| ૫૨ | કાલીનાગનો મોક્ષ | ૮૯ |
| ૫૩ | ગાયની ગમાણમાં ગોવિંદ સંતાણા | ૯૦ |
| ૫૪ | કડવા ચીભડાં મીઠાં થયાં | ૯૩ |
| ૫૫ | ગોમતી ગાયનો પ્રેમ | ૯૪ |
| ૫૬ | જાંબુ ફળમાંથી સોનામહોર બની ગઈ | ૯૬ |
| ૫૭ | ગોવર્ધનનાથકી જય | ૯૭ |

| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૮ | શ્રાવણ મહિનો આવ્યો | ૯૯ |
| ૫૯ | પિતાજી પાસે વિધ્યાભ્યાસ | ૧૦૧ |
| ૬૦ | ચાર વેદ દર્શન કરવા આવ્યા | ૧૦૨ |
| ૬૧ | ઘનશ્યામમહારાજ દરરોજ પૂજા કરે છે | ૧૦૪ |
| ૬૨ | લોભી કંદોઈને પરચો આપ્યો | ૧૦૬ |
| ૬૩ | ઘનશ્યામમહારાજ માસ્તર બન્યા | ૧૦૯ |
| ૬૪ | રાજાના દૂતને બચાવ્યા | ૧૧૧ |
| ૬૫ | પ્રભુએ હિંસા બંધ કરાવી | ૧૧૩ |
| ૬૬ | પ્રભુએ મહાવતની રક્ષા કરી | ૧૧૫ |
| ૬૭ | ચકલાઓને સમાધિ | ૧૧૬ |
| ૬૮ | ઝઘડા બંધ કરો | ૧૧૯ |
| ૫૯ | હરિ સંભાળે તો હરિ કષ્ટ મટાડે | ૧૨૦ |
| ૭૦ | મારી આંખમાં અંજન આંજો | ૧૨૧ |
| ૭૧ | દીદી! મને માખણ આપો | ૧૨૨ |
| ૭૨ | વિજયાદશમીની શોભા યાત્રા | ૧૨૪ |
| ૭૩ | મારો ચરણ બરાબર પકડો | ૧૨૬ |
| ૭૪ | નવી બત્રીસી | ૧૨૭ |
| ૭૫ | ધર્મદેવનું મુળ સ્વરૂપે દર્શન | ૧૩૦ |
| ૭૬ | અમારે મીઠાઈ જમવી છે | ૧૩૦ |
| ૭૭ | સુવાસની ભાભીનો કોલ આપ્યો | ૧૩૨ |
| ૭૮ | અષ્ટસિધ્ધિઓ થાળ લાવ્યાં | ૧૩૩ |
| ૭૯ | ખાતા પીતાં બગડે છે શરીર | ૧૩૫ |
| ૮૦ | છોટીબા, ઘનશ્યામને સમજાવો | ૧૩૭ |
| ૮૧ | ચાતુર્માસમાં વિશેષ નિયમલેવું | ૧૩૯ |
| ૮૨ | કોણ જીત્યું ને કોણ હાર્યું | ૧૪૦ |
| ૮૩ | ગાયો દોવરાવતાં દૂધ પીધું | ૧૪૨ |
| ૮૪ | ધર્મદાદા કથા વાંચે છે | ૧૪૪ |
| ૮૫ | મને ભમરડો રમવો છે | ૧૪૫ |
| ૮૬ | તમારા ઘનશ્યામને વારો | ૧૪૬ |
| ૮૭ | છપૈયામાં મેઘ ઉજાણી | ૧૪૮ |

| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૮૮ | અમે રાખડી બંધાવીએ | ૧૫૦ |
| ૮૯ | સિંધુ બહુ સારું આપ્યું | ૧૫૧ |
| ૯૦ | પ્રભુને અભિમાન ગમતું નથી | ૧૫૩ |
| ૯૧ | યજ્ઞોપવિત સંસ્કાર | ૧૫૫ |
| ૯૨ | ચોકીવાળે ચોરી કરી | ૧૫૭ |
| ૯૩ | આવો મારા ખભા ઉપર બેસી જાવ | ૧૫૮ |
| ૯૪ | એકાદશીનું વ્રત જરૂર કરીશ | ૧૬૦ |
| ૯૫ | પતિવ્રતા નારીનો પ્રતાપ | ૧૬૨ |
| ૯૬ | લાજ ભગવાનના હાથમાં છે | ૧૬૩ |
| ૯૭ | રક્ષકને ડાળે લટકાવી દીધો | ૧૬૫ |
| ૯૮ | પાકેલાં ફણસ અમને આપજો | ૧૬૭ |
| ૯૯ | ગાડામાં ટોપી મુકી | ૧૬૯ |
| ૧૦૦ | રાજાના દૂતને જીવતા કર્યા | ૧૭૦ |
| ૧૦૧ | શ્રી હરિ દેવતા લેવા ગયા | ૧૭૨ |
| ૧૦૨ | ધર્મદાદા પ્રભુનું ધ્યાન કરે છે | ૧૭૪ |
| ૧૦૩ | પથ્થર પાણીમાં તર્યા | ૧૭૫ |
| ૧૦૪ | ચાર અસુરોનો નાશ | ૧૭૭ |
| ૧૦૫ | ચાલો આપણે કથા સાંભળવા જઈએ | ૧૭૮ |
| ૧૦૬ | ડાંગરમાં અમારો કેટલો ભાગ | ૧૭૯ |
| ૧૦૭ | અંધને દેખતા કર્યા | ૧૮૦ |
| ૧૦૮ | માસીને પરચો આપ્યો | ૧૮૧ |
| ૧૦૯ | મોટાભાઈ, તમારામાં અપાર શક્તિ છે | ૧૮૩ |
| ૧૧૦ | ધર્મદાદાના આંગણામાં કલ્પવૃક્ષ | ૧૮૪ |
| ૧૧૧ | ગૌરી ગાયની શોધ | ૧૮૬ |
| ૧૧૨ | ચોમાસાનું દિવ્ય ચરિત્ર | ૧૮૮ |
| ૧૧૩ | તુટેલાં ચીભડાં વેલામાં ચોંટી ગયા | ૧૮૯ |
| ૧૧૪ | સખાઓને અક્ષરધામના દર્શન | ૧૯૧ |
| ૧૧૫ | પૃથ્વીમાતા પ્રાર્થના કરે છે | ૧૯૨ |
| ૧૧૬ | ંમુમુક્ષુ કઈ દિશામાં છે | ૧૯૪ |
| ૧૧૭ | અમે તુલસીની પરિક્રમા ફરશું | ૧૯૫ |

| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૧૮ | લડાઈમાં મોટા ભાઈની જીત | ૧૯૭ |
| ૧૧૯ | આંબલીના પત્ર ખરી પડ્યા | ૧૯૯ |
| ૧૨૦ | ઈચ્છારામને કુવામાંથી બહાર કાઢ્યા | ૨૦૦ |
| ૧૨૧ | ભગવાનની અદ્‌ભૂત શક્તિ | ૨૦૧ |
| ૧૨૨ | બૈજુત્રવાડીની રક્ષા | ૨૦૨ |
| ૧૨૩ | બાલ ઘનશ્યામનું પરાક્રમ | ૨૦૩ |
| ૧૨૪ | ચોર ચોંટી ગયા | ૨૦૫ |
| ૧૨૫ | લીલી ભાજી અમે નહિ તોડીએ | ૨૦૭ |
| ૧૨૬ | છપૈયામાં અન્નકુટ ઉત્સવ | ૨૦૮ |
| ૧૨૭ | છપૈયા ધામનો મહિમા | ૨૧૦ |
| ૧૨૮ | માયાનો કીડો માયામાં સુખ માને છે | ૨૧૩ |
| ૧૨૯ | ચાલો પ્રભુના દર્શન કરવા | ૨૧૫ |
| ૧૩૦ | શુકદેવજી દર્શન કરવા આવ્યા | ૨૧૭ |
| ૧૩૧ | નારદજી પ્રભુનાં આગમચરિત્રો કહે છે | ૨૧૯ |
| ૧૩૨ | ભક્તિમાતા પુત્રોને ભલામણ કરે છે | ૨૨૨ |
| ૧૩૩ | હરિગીતાનો ઉપદેશ | ૨૨૪ |
| ૧૩૪ | ભક્તિમાતાને દિવ્ય ગતિ | ૨૨૫ |
| ૧૩૫ | ધર્મદાદા પુત્રોને શીખામણ આપે છે | ૨૨૬ |
| ૧૩૬ | ધર્મદાદાની દિવ્ય ગતિ | ૨૨૮ |
| ૧૩૭ | ઘનશ્યામમહારાજનો ગૂઢ વિચાર | ૨૩૦ |
| ૧૩૮ | શ્રી હરિએ ગૃહનો ત્યાગ કર્યો | ૨૩૨ |




## મંગળાચરણ

શ્રી સત્સંગીજીવન ગ્રંથના કર્તા શતાનંદ સ્વામી છે. વક્તા સુવ્રતમુનિ છે અને શ્રોતા પ્રતાપસિંહ રાજા છે. આ ગ્રંથના કર્તા ભૂમાનંદ સ્વામી છે. વક્તા આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ છે અને શ્રોતા રામશરણજી છે.

**અક્ષરધામના મુક્તનો લખેલો આ ગ્રંથ છે.**

આઠે પહોર પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં લીન રહેનારા ભૂમાનંદ સ્વામી મંગળાચરણ કરે છે.

**પૂર્વ છાયો - જય જય શ્રી ઘનશ્યામજી, મંગળરૂપ સદાય ।**
**અક્ષરપર છે વાલીડો, જેનો મોટો મહીમાય ॥**
**બહુનામી બ્રહ્મલોકથી, આવ્યા તે આપોઆપ ।**
**અનેક જીવ ઉધ્ધારવા, ટાળવા ત્રીવીધ તાપ ॥**
**પ્રૌઢપ્રતાપ જણાવીયો, પૃથ્વી પર અવીનાશ ।**
**મનોહર રૂપ ધારીને, કર્યો ધર્મ પ્રકાશ ॥**

"હે ઘનશ્યામમહારાજ! તમારી જય હો... તમારા મહિમાનો કોઇ પાર નથી. અનેક જીવાત્માનો ઉધ્ધાર કરવા, ત્રીવીધ તાપ ટાળવા આપ આ પૃથ્વી પર પધાર્યા છો... મનોહર રૂપ ધારીને કર્યો ધર્મ પ્રકાશ."

મંગલાચરણ મનની વૃતિને શાંત બનાવે છે, અને વિઘ્નોને દૂર કરે છે. મંગલાચરણ એટલે શું? પાપોને પ્રજાળનારૂં આચરણ એને કહેવાય મંગલાચરણ. પરમાત્માના સ્મરણ સિવાય આ વિશ્વમાં બીજું કોઇ શ્રેષ્ઠ આચરણ નથી. સર્વ કાર્યના આરંભમાં પ્રથમશ્રી હરિનું સ્મરણ કરવું એ શિષ્ટાચારની રીતિ છે. પ્રભુ પ્રેમવગરનું જીવન નિર્થક છે. તમારી પાસે કાંઇ પણ ન હોય પણ પ્રભુ પ્રેમમાં અંતર ભરેલું હોય તો પછી બીજા કોઇ પણ ચીજની આપણને પરવા રહેતી નથી. બીજું ઘણું હોય પણ પ્રભુ પ્રેમઅંતરમાં ન હોય તો તેના આત્માને કદી પણ શાંતિ હોતી નથી. પ્રભુ પ્રેમવગરના માણસને કર્મયોગ અધિકાર, ધન, રૂપ, માન વિગેરે મળી જાય પણ તેથી શું?... પ્રભુ પ્રેમવિના, પ્રભુ સ્મરણ વિના એ બધું બંધનકારક થઇ પડે છે. ખરી મોટપ તો પ્રભુ સંભારવા તે જ છે.

### ૧. બદ્રિકાશ્રમમાં સભા

પૂર્ણ પુરુષોતમઘનશ્યામમહારાજે તીર્થરાજ છપૈયાની પૃથ્વી પર પહેલું પગલું પધરાવ્યું... બાલ ઘનશ્યામના ચરણ રજથી અંકિત છપૈયા ધામની ભૂમી છે...

વૃક્ષને પાંદડે પાંદડે શ્રી ઘનશ્યામનું નામગુંજે છે. તમામતીર્થો છપૈયામાં વાસ કરીને રહ્યા છે... યોગ, યજ્ઞ, જપ, તપ, પૂજા, પાઠ, સ્વાધ્યાય આદિ સાધનો વડે મનને શાંત કરવું એ ઘણું કઠણ કામછે... જ્યારે પરમાત્માનાં ચરિત્રો ગાતાં સાંભળતાં મન આપોઆપ શાંત થાય છે. શુકદેવજી જેવા આત્મનિષ્ઠ સંતો પણ ભગવાનના ચરિત્રમાં મન જોડી અખંડ ભગવાનનું સ્મરણ કર્યું છે. પરિક્ષીત રાજાનો મોક્ષ પણ પ્રભુ ચરિત્ર શ્રવણથી થયો છે. તીર્થરાજ છપૈયાના મંદિરની સામે નારાયણ સરોવરના કિનારે વૃક્ષની છાયામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ ગાદી તકીયા ઉપર બિરાજમાન થયેલા છે... સામે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, નિત્યાનંદ સ્વામી, મહાનુભવાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, શુકમુની, વિગેરે સંતો અને ભક્તો બેઠા છે. નંદરામજીના પુત્ર રામશરણજી બે હાથ જોડીને પ્રાર્થના કરી કહે છે, ‘‘અમને બાલ ઘનશ્યામનાં અલૌકિક લીલાની કથા સંભળાવો.’’

ભૂમાનંદ સ્વામીએ આ ગ્રંથમાં શ્રી ઘમશ્યામલીલાનું વર્ણન સરળ છતાં સચોટ ભાષામાં કર્યું છે. વાંચતાં આપણા હૃદયમાં એક સાથે બે અનુભવો થાય છે. એક તો એ કે ચરિત્રો કરતા શ્રી ઘનશ્યામમહારાજની અખંડ સ્મૃતિ થાય... અને બીજાું છપૈયાનાં સર્વ તીર્થો આપણી આગળ મૂર્તિમંત ખડાં થાય... એક વાર છપૈયાનાં દર્શન કર્યાં હશે, તેને આ ગ્રંથના પાને પાને દિવ્યામૃતનો અનુભવ થશે.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી, સાંભળો! બદ્રિકાશ્રમધામકેવું છે?... ત્યાં કલિયુગનો પ્રવેશ નથી. વેર-ઝેર નથી... કાળમાયાનો કલેશ નથી... વિશાળ બોરડી છે... બીજા અનેક પ્રકારના વૃક્ષ વનસ્પતિઓથી સુશોભિત છે. અનેક જાતના પક્ષીઓ મીઠો કલરવ કરે છે. અનેક ઋષિ મુનિઓ ત્યાં રહે છે.. નરનારાયણદેવ બદ્રીતળે તપશ્ચર્યા કરે છે. નરનારાયણદેવના મુખથી મહર્ષિઓ કથા સાંભળે છે... સામે ધર્મદેવ અને ભક્તિમાતા બેઠા છે. ત્યાં હરિ ઇચ્છાથી દુર્વાસા ઋષિ આવ્યા... સભામાં પાછળથી આવ્યા. કોઇને ખબર નથી, તેથી સત્કાર થયો નહિ... સર્વની દષ્ટિ અને મન પરમાત્માની વાણી સાંભળવામાં તલ્લીન હતા.

દુર્વાસા ઋષિને ખોટું લાગ્યું, મારા જેવા શ્રેષ્ઠ ઋષિ આવ્યા છતાં આદર સત્કાર કાંઇ કરતા નથી? ગરમથઇ ગયા. તામ્રવર્ણ બની ગયા. હોઠ ફફડવા લાગ્યા. આંખની રોનક ફરી ગઇ. લાંબો હાથ કરી શાપ આપ્યો... ‘‘હે ઋષિ મુનિઓ! તમે પૃથ્વી ઉપર જાઓ ને ભરતખંડમાં જન્મધારણ કરો, અને અસુરોથી પીડાવ... દુખી થાઓ...’’

**તન તપ્યું છે ક્રોધને તાપ, તત્કાળ દીધો છે ત્યાં શાપ ।**
**મૃત્યુલોકમાં અવતરજો, વસુધા ઉપર વિચરજો ॥**
**પામશો ત્યાં ઘણું અપમાન, અસુર કરશે બહુ હેરાન ।**




**બદ્રિકાશ્રમની સભામાં નરનારાયણદેવ ધર્મ ઉપદેશ કરે છે અને દુર્વાસામુની સર્વેને શ્રાપ આપે છે.**

સભા ચોંકી ગઇ... "આ શું થયું ? કોણ આવું જોરથી બોલે છે?" ભગવાને કહ્યું, "કાંઇ ચિંતા કરશો નહિ... મારી ઇચ્છાથી શાપ થયો છે. નહિતર દુર્વાસાની શી તાકાત કે શાપ આપી શકે? પૃથ્વી ઉપર ખુબ પાપ વધી ગયું છે તેથી મારે ભરતખંડમાં જન્મધારણ કરવાનો સમય આવી ગયો છે." ધર્મદેવ સભામાંથી ઉઠી દુર્વાસા ઋષિને હાથ જોડી નમ્રતાથી કહે છે, "હે ઋષિરાજ ! તમે સંત છો. અમે સંસારી છીએ... તમારૂં દીલ નવનીત સમાન કોમળ હોય. અમારા અપરાધને માફ કરો... અમારો ઇરાદો એવો નહોતો કે તમારૂં સન્માન ન કરીએ... પણ તમે સભાની પાછળથી આવ્યા તેથી ખ્યાલ ન રહ્યો... કાંઇક અનુગ્રહ કરો ને શાપ પાાછો ખેંચી લ્યો."

દુર્વાસા ઋષિ બોલ્યો, "શાપ પાછો નહિ ખેંચુ, પણ એટલો અનુગ્રહ કરૂં છું કે આ નારાયણ છે તે તમારે ઘેર પુત્ર થઇને આવશે." ધર્મદાદા રાજી રાજી થઇ ગયા. અનંત કોટી બ્રહ્માંડના બાપનો હું બાપ બનીશ... મારી સાથે રમશે, જમશે, અનેક લીલા કરશે... મને એમહતું કે ઋષિએ મને શાપ આપ્યો છે... પણ આશીર્વાદ આપ્યો છે... અનેક પ્રકારની લીલાનાં મને દર્શન થશે... મારૂં જીવન સફળ થયું... ધન્ય બની ગયું...

દુર્વાસા ઋષિ શાપ આપી કૈલાસપર્વત તરફ પ્રયાણ કર્યું...

## ૨. પ્રગટ થયા પ્રભુ છપૈયા ધામ

ધર્મદેવ સુંદર મજાનું ઇટાર ગામપસંદ કર્યું... સરવરિયા બ્રાહ્મણ કુળ,

સામવેદી, સાવર્ણિ ગોત્ર, કૌથમી શાખા, વિપ્ર પાંડે બાલશર્મા અને તેમના પત્નિ ભાગ્યવતી થકી વિક્રમસંવત્ ૧૭૯૬ કારતક સુદ પ્રબોધીની એકાદશી બુધવારે ધર્મદેવનો જન્મથયો. દેવ જેવા રૂપવાન છે તેથી નામરાખ્યું છે દેવશર્મા. હરિમાં હેત વાળા છે તેથી બીજાું નામરાખ્યું છે હરિશર્મા... ધર્મને ધારણ કરનારા થયા છે તેથી ત્રીજુ નામરાખ્યું છે ધર્મદેવ...

ભક્તિમાતાએ સુંદર છપૈયા ધામપસંદ કર્યું... સરવરિયા બ્રાહ્મણ કુળ, સામવેદી... વિપ્ર ત્રવાડી કૃષ્ણશર્મા અને તેમના પત્નિ ભવાની થકી વિક્રમસંવત્ ૧૭૯૮ કારતક સુદ પુર્ણિમા બુધવારે ભક્તિદેવીએ જન્મધારણ કર્યો... હુલામણાનું નામરાખ્યું છે બાલાવંતિજી... પ્રભુમાં અતિ પ્રેમવાળા છે. તેથી બીજાુ નામપ્રેમવતીજી રાખ્યું છે. સદાય ભક્તિ ભજનમાં તરબોળ રહે છે તેથી ત્રીજુ નામભક્તિમાતા રાખેલ છે.

ધર્મદેવ અને ભક્તિમાતા ઉંમર લાયક થયાં... ધામધૂમથી લગ્ન થયાં. દિન પ્રતિદિન જવા લાગ્યા છે... ઘનશ્યામઅવતાર અદ્‌ભૂત અવતાર છે. ભાગ્યશાળી છે ભરતખંડના ભક્તજનો... દર વરસે રામનવમી આવે અને કૃષ્ણજન્માષ્ટમી આવે... શુક્લપક્ષમાં રામનવમી અને કૃષ્ણપક્ષમાં જન્માષ્ટમી આવે, પણ કથાના વક્તા તો તેથી વિશેષ બળભાગી છે. વારંવાર જન્મોત્સવ થાય... ગાતા રહો આનંદથી પ્રભુના ગુણ. ક્રાંતિકાર છે બે તિથિઓ...સમય જતા પ્રભુ દિવ્ય સ્વરૂપે ભક્તિમાતાના ઉદરમાં પધાર્યા... ભક્તિમાતા ખૂબ શોભવા લાગ્યા છે... છપૈયાની નારીઓ વિચાર કરે છે... ગર્ભવતી નારી તો ઘણાં જોયા છે, પણ આ પ્રેમવતીજીનું રૂપ કાંઇક અલૌકિક છે...

ભક્તિમાતા અખંડ પ્રભુનું સ્મરણ કરે છે... સેવા માટે ગૌરીબાઇ, લક્ષ્મીબાઇ, અમૃતબાઇ વિગેરે ભક્તિમાતાના ભાભી આવ્યા છે. આખું છપૈયા ગામભાવમાં ડૂબી ગયું છે... સૌના હૈયામાં આનંદ આનંદ છવાઇ ગયો છે. સમસ્ત લોકની અંદર સુખ સંપત્તિ વધવા લાગી છે. વસંતઋતુ અને ચૈત્રમાસ આવ્યો... મંદ સુગંધીમાન વાયુ વાય છે... દેવતાઓ પ્રભુની દિવ્ય પ્રાર્થના કરે છે. મૈયા ભક્તિદેવીનું ડાબુ અંગ ફરકે છે, તેથી ખ્યાલ આવી ગયો કે સમય પુરો થાય છે... સમસ્ત જગતના માલિકે ભક્તિ દેવીના ઘરમાં પ્રવેશ કર્યો... પ્રકાશનાં પુંજ છવાયા... બરાબર નવમી તિથી આવી...

**ચૈત્ર શુદી નવમી દિન જાણો, વાર તે સોમવાર પ્રમાણો ।**
**પુષ્પ નક્ષત્ર શુક્ર યોગ, કૌલવ કરણ હરણ ભવરોગ ॥**
**જાતા જાનિની ઘટિકા દશ, પ્રભુ પ્રગટયા પૂરણ જશ॥**

રાત્રીનો સમય થયો... દશ અને દશ મિનિટ થઇ છે... અક્ષરધામમાંથી પ્રકાશ આવ્યો... છપૈયા દેદીપ્યમાન બની ગયું... ભક્તિદેવીના ઓરડામાં પ્રકાશ પ્રકાશ છવાઇ ગયો... તે પ્રકાશના પુંજમાં ભગવાન શ્રી કૃષ્ણ સ્વરૂપે પ્રગટ થયા... પીળું પિતાંબર, માથે મુગટ, કાને કુંડળ, વૈજયન્તી માળા, ચરણમાં નુપુર ચળકતાં કાળા ભમર જેવાં કેશ, હસ્તમાં વેણું... મંદમંદ હસ્તા પ્રભુનાં દર્શન થયાં... ભક્તિદેવીએ બે હાથ જોડી પ્રાર્થના કરી... "હે પ્રભુ! આપનાં દર્શનથી ખૂબ આનંદ થયો છે." પછી પ્રભુ બાળક બની ગયા. માતાના ગોદમાં સૂતા છે...

**બોલો ઘનશ્યામમહારાજકી જય!!!**



**છપૈયામાં શ્રીહરિનું પ્રાગટ્ય.**

લક્ષ્મીબાઇ વિગેરે સ્ત્રીઓએ સાદ કર્યો... "ભૈયા ધર્મદેવ... આપણા ઘરે પુત્રનો જન્મથયો છે." ધર્મદેવ આનંદ વિભોર બની ગયા. સાદ કર્યો... "વાજીંત્ર વાળાને બાલાવો... ઉત્સવ કરો..." ગાયો હાંભા હાંભા કરતી ધર્મદેવના ઘર તરફ દોડતી આવે છે. નારાયણ સરોવરનાં નીર છલકવા લાગ્યાં છે.મધુર શીતળ સુગંધીત વાયુ વાવવા લાગ્યો છે. તારા મંડળ સુર્ય ચંદ્રાદિક સહિત શિશુમાર ચક્ર નિર્મળ થઇ સ્થિર બની ગયું છે... બ્રહ્માદિક દેવતાઓ સ્તુતિ કરે છે... ધર્મદેવને ઘેર ભીડ થઇ ગઇ... નગારાં, નોબત ને શરણાઇ વાગવા લાગ્યાં છે... નારીઓ મંગળ ગીત ગાય છે... ધર્મદેવ છૂટા હાથે દાન આપે છે.

અનેક સંતો અને ઋષિમુનિઓ પધાર્યા છે. વેદમંત્રથી આશીર્વાદ આપે છે... બાળકો અને દેવતાઓ આનંદથી નાચતાં ઉત્સવ કરતાં ગાય છે...

**ધર્મ ગૃહે આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી,**
**હાથી ઘોડા પાલખી જય બોલો ઘનશ્યામકી,**

**ધર્મદાદા દાન દીયો જય બોલો ઘનશ્યામકી,**
**અક્ષરધામના મુક્તો બોલે જય બોલો ઘનશ્યામકી,**
**ગોલોકના ગોપી બોલે જય બોલો ઘનશ્યામકી,**
**બદ્રીકાશ્રમના ઋષિ બોલે જય બોલો ઘનશ્યામકી,**
**શિવજીનું ડમરૂં બોલે જય બોલો ઘનશ્યામકી,**
**હનુમાનજીની ગદા બોલે જય બોલો ઘનશ્યામકી,**
**છપૈયાના ભક્તો બોલે જય બોલો ઘનશ્યામકી.**

છપૈયા અક્ષરધામતુલ્ય બની ગયું. ભક્તજનોને પરમાનંદ થયો છે. પાપીને મનમાં ત્રાસ થાય કે અમારૂં આવી બનશે. પાપનું નિકંદન કરશે. ધર્મદેવના હૃદયમાં આનંદ સમાતો નથી. સગા સંબધી ગ્રામજનો સર્વેનો ખુબ સત્કાર કર્યો છે... ભૂદેવોને ખૂબ દાન દક્ષિણા આપી રાજીપો વ્યક્ત કર્યો છે

છપૈયાની નારીઓનાં મન ભગવાને ખેંચીલીધાં. ઘરનું કામજલદી જલદી કરીને ધર્મદેવને ઘરે દોડી દોડીને આવે છે અને જુદી જુદી ભેટ અર્પણ કરે છે. ત્યારે મૈયા ભક્તિ તેમને તેનાથી વધારે ભેટ આપે છે. સ્ત્રીભક્તજનો કહે છે, “મૈયા! અમને ભેટ નહિ જોઇએ. અમને બાલ ઘનશ્યામરમાડવા દો.” મૈયા ભક્તિ બાલ ઘનશ્યામને સ્ત્રીના ખોળામાં પધરાવે ત્યારે પ્રેમી બહેનો પ્રભુને હૃદય સાથે ચાંપીને ચુંબન કરી રડી પડે... આજે અમને સુખનો સાગર મળ્યો, હજારો જન્મથી વાટ જોતાં હતાં કે આપણને ભગવાન ક્યારે મળશે? તે ઇચ્છા આજ પુરી થઇ. આજે અમારૂં અંતર ટાઢું થયું.

## ૩. છઠ્ઠીનો દિવસ આવ્યો.

અવધપ્રસાદજી કહે, તમે સુણો રામશરણ ।
કહું કથા અમૃત જેવી, બાળ લીલા સુખકર્ણ ॥
શ્રધ્ધા સહિત જે સાંભળે, શ્રી હરિના ગુણ સાર ।
ગર્ભવાસનું દુ:ખ જાય, પામે ભવજળ પાર ॥
દુર્લભ છે આ તો દેવને, પ્રગટ પ્રભુનો યોગ ।
મળ્યા તેનો તરત ટાળ્યો, ભવજળ રૂપિ રોગ ॥

અવધપ્રસાદજી કહે છે, “હે રામશરણજી ! આ કથા અમૃત જેવી છે. અમૃત પીએ તે અમર બની જાય. કહેતાં ગર્ભવાસનાં દુ:ખ ટળી જાય ને અક્ષરધામમાં જાય... ભાગ્યશાળીને સર્વોપરી ભગવાનનો યોગ થાય છે.” દેહનો ખોરાક અન્ન છે. આત્માનો ખોરાક કથા કીર્તન અને પૂજાપાઠ છે. કથા સાંભળવાથી હૃદયભુવનમાં જ્ઞાન દીપ પ્રગટ થાય છે. જેમસાબુથી વસ્ત્રનો મેલ તથા શરીરનો મેલ જાય છે,

તેમભગવાનની કથા સાંભળવાથી મન અને ઇંદ્રિયોનો મેલ ધોવાય છે ને ભવસાગર તરી જાય છે.

પ્રભુ પ્રેમદેવા ને લેવા આવ્યા છે. ભક્તિમાતાને મનમાં સંકલ્પ થાય છે આજે મારા જેવું કોઇ ભાગ્યશાળી નહિ હોય. ગોદમાં લઇને ઘનશ્યામમહારાજને રમાડે છે. સ્તનપાન કરાવી શ્રી અંગમાં મીઠો મીઠો હાથ ફેરવે છે. દિવસ પછી દિવસ પસાર થતા જાય છે... છઠ્ઠીનો દિવસ આવ્યો... સંતો ભક્તો વિવિધ પ્રકારની ભેટ લાવે છે... ધર્મદેવ આંગણે આવેલાનો વિવેક પૂર્વક સ્વાગત કરે છે... આ જગતની અંદર વિધાતા બાળકના લેખ લખવા આવે પણ છપૈયામાં બાળ ઘનશ્યામનાં વિધાતા લેખ લખવા નથી આવ્યાં... પણ દર્શન કરવા આવ્યાં છે.

અસુર કાલિદત્તે કૃત્યાઓને કહ્યું, "ધર્મદેવને ઘરે જાવ અને બાળ પ્રભુને પકડીને મારી નાખો... જલદી જાવ." રાત્રીનો સમય છે. મૈયા ભક્તિદેવી આનંદથી પ્રભુ સ્મરણ કરતાં કરતાં પોઢી ગયા. બાળ ઘનશ્યામને સ્તનપાન કરાવે છે. મધરાત્રે કૃત્યાઓ ભયંકર વેશ લઇને આવી છે... ધીમે પગલે ઘરની અંદર આવી... પ્રભુને ઉપાડી પૂર્વ દિશામાં આંબાવાડીમાં લઇ ગઇ. ત્યાં પ્રભુએ શું કર્યું?

**કરી વિકટ દૃષ્ટિ તે વાલે, બળવા લાગી છે તેહ કાળે ।**
**નવ સેવાયો પ્રભુનો તાપ, મૂકી દીધા પ્રભુજીને આપ ॥**

પ્રભુએ કરડી દષ્ટિથી કૃત્યા સામે જોયું કે તાપ સહન થતો નથી. હવે શું કરવું? આકાશ માર્ગે લઇને જતી હતી તે અધ્ધરથી પ્રભુને મૂકી દીધા... ત્યાં અક્ષરધામના મુક્તોએ બાલ ઘનશ્યમને ઝીલી લીધા. પુષ્પની શય્યામાં સુવાડ્યા.. આ બાજુ શું થયું ? ભક્તિમાતાને મુર્છા આવી ગઇ... માછલી પાણી વિના તરફડે તેમભક્તિમાતા ઘનશ્યામવિના તરફડે છે... ઉંચે સાદે રડે છે. દુઃખના દરિયા ઉલટયા. ક્યાં જાવું ? શું કરૂં ? મારો ખોળો ખાલી થઇ ગયો. મારા પુત્રને કોણ ઉપાડી ગયું ? મારા હાથમાંથી કોણ ઝડપી ગયું ? આક્રંદ કરે છે. વિલાપ કરતાં કરતાં મૂર્છા આવી ગઇ.

ધર્મદેવ ધીરજ આપે છે. "દેવી, રડો નહિ. પ્રભુનું સ્મરણ કરો... એ દુઃખ દૂર કરશે." હનુમાનજીની પ્રાર્થના કરે છે. "હે કષ્ટભંજનદેવ! અમારા કષ્ટને દૂર કરો." હનુમાનજી હાજર થયા. "મૈયા કહો ! મારા જેવું શું કામછે ?" "હનુમાનજી! મારા પુત્રને કૃત્યા લઇ ગઇ છે. તે લાવી આપો." "મૈયા, ચિંતા ન કરો ! ગમે ત્યાંથી હું ઘનશ્યામને લાવી આપીશ. કૈલાસમાં લઇ ગઇ હશે કે પાતાળમાં લઇ ગઇ હશે... મેરૂપર્વત પર કે સાત સાગરમાં લઇ ગઇ હશે. લઇને જ પાછો આવીશ." હનુમાનજી મૈયા ભક્તિદેવીને પગે લાગી તરત આકાશમાં ઉડાન ભરી.

વનમાં આવ્યાં ત્યાં કૃત્યાઓ રખડે છે. પ્રભુની ક્રુર દષ્ટિથી આમતેમઆથડે છે.

સુઝ પડતી નથી. મુંઝાઇ ગઇ છે. પ્રભુની નજીક જવાતું નથી. હનુમાનજીને દીઠા ને કૃત્યા મારવા દોડી. “વાંદરાને મારો મારો!” તીર અને ફરશી મારવા જાય. સાંગ ખોસે પણ હનુમાનજીનું શરીર વજ્ર જેવું છે... કાંઇ વાગતું નથી.

હનુમાનજીએ જોરથી હાક મારી. “ખબરદાર રહેજો!” એમકહી જોરથી માથામાં ગદા ફટકારી... દુષ્ટના ડોળા નીકળી પડયા... દાંત પડી ગયા... અધમુઇ થઇ ગઇ.. લોહી લોહાણ થઇ ગઇ. હનુમાનજીએ કેશ પકડીને પોતાના પુછડામાં ઝકડીને બાંધી. જોરથી પૃથ્વી ઉપર પછાડી. હાડકાં ખખડી ગયાં. બરાડા પાડે છે. “બચાવો! બચાવો! માર ખમાતો નથી! દુઃખ સહેવાતું નથી! અમને જીવતાં રાખો! ફરીથી આવું કામનહિ કરીએ.

**કરે પ્રાર્થના દુરમતી, જીવતી જાવાદોને મારૂતી ।**
**છપૈયામાં કોઇ કાળ, નહિ આવીએ કેશરીબાળ ॥**

અમે કોઇ દિવસ છપૈયામાં આવશું નહિ. ગમે તેમતોય અમે અબળા છીએ. હે હનુમાનજી! અમારા ગુન્હા માફ કરો.” હનુમાનજીને દયા આવી તેથી છોડી દીધી. જાય ભાગી... કાલીદૈત્યને કહ્યું, “તારો કાળ નજીક આવ્યો છે. વગર મોતે મરી જઇશ... પાપીયા... અમને શા માટે ઘનશ્યામને મારવા મૂક્યાં હતાં? માંડ માંડ બચ્યા છીએ... જીવશું ત્યાં સુધી હાડકાં દુઃખશે.” એમકહી કાલીદત્તને પકડીને ખૂબ માર્યો...

હનુમાનજી બાલ પ્રભુને તેડીને આવે છે...




**શ્રી હનુમાનજી કૃત્યાઓને મારીને શ્રીહરિ ધર્મ-ભક્તિને પાછા સોંપે છે.**

ભક્તિમાતા એક નજરે આકાશ સામે જુએ છે ને રડે છે. “હનુમાનજી હજુ આવ્યા નહિ... ક્યારે આવશે?” ત્યાંતો હનુમાનજી બાલ ઘનશ્યામને લાવ્યા... માતાજીને સોંપ્યા... માતાજીએ જલદી જલદી તેડી લીધા.

**તેડી લીધા ત્રીભુવન નાથ, લાવી સોંપ્યા માતાજીને હાથ ।**
**માતાજી લ્યો આ પુત્ર તમારા, છે એ સૃષ્ટિના સર્જનહારા ॥**

ગાલમાં ચુંબન કરી હૈયા સરખા ચાંપીને મસ્તક ઉપર મીઠો મીઠો હાથ ફેરવ્યો... "બેટા... તું તો મારો જીવનપ્રાણ છો." પછી સ્તનપાન કરાવ્યું. હનુમાનજી કહે છે, "મૈયા, ચિંતા ન કરજો... આ સાધારણ બાળક નથી, પણ અનંત ભુવનના નાથ છે. મૈયા, મારા જેવું કામહોય ત્યારે મને બોલાવજો." નમસ્કાર કરી હનુમાનજી અદ્રશ્ય થઈ ગયા.

ધર્મદેવ અને ભક્તિમાતાએ નિયમલીધું કે હનુમાનજી આપણને દુઃખમાં મદદ કરી છે તો દર શનિવારે તેલ રેડશું ને નાળીયેર વધેરશું. ભક્તિમાતાની પ્રભુ પ્રત્યે તન્મયતા અદ્‌ભુત છે... રાતનાં ઝબકીને જાગી જાય ત્યારે ઘનશ્યામઘનશ્યામરટણ ચાલુ થઈ જાય... ભગવાન સિવાય કાંઈ યાદ આવતું નથી. પ્રભુના સ્વરૂપમાં તરબોળ થઈ ગયાં છે. ખરો ભાગ્યશાળી તો તે છે જેને પ્રભુમાં પ્રેમછે તે... સંસારનું સંપૂર્ણ વિસ્મરણ અને પરમાત્માનું સતત સ્મરણ એ જ મુક્તિ છે.

## ૪. અષ્ટસિધ્ધિઓ ભક્તિમાતાને જમાડવા આવ્યાં

ભક્તિમાતાનાં ભોજાઈ સુંદરીબાઈ કહે છે, "છોટીબા, જમવાનું બનાવી લાવું?" "હા ભાભી... ધીરે ધીરે રસોઈ બનાવો... ઉતાવળ નથી." ભાભી રસોઈ બનાવે છે... ત્યાં ઓચિંતા ભક્તિમાતાને ભૂખ લાગી. હવે શું કરવું?! મૈયા ભક્તિદેવીનો સંકલ્પ ઘનશ્યામમહારાજ જાણી ગયા... તુરંત અષ્ટ સિધ્ધિઓને યાદ કર્યા... આપ થાળ લઈને પધારો અને મારી માને જમાડો... ઝગમગતી સાડી પહેરી રૂપરૂપનાં અંબાર અષ્ટ સિધ્ધિઓ થાળ લઈને આવ્યાં... "લ્યો મૈયા. ભોજન જમો." મૈયા બોલ્યા, "હું તમને ઓળખતી નથી... ખાત્રી આપો! તમે કોણ છો?"

**ખરી ખાત્રી મને જ્યારે થાય, ત્યારે મુજથી એ તો જમાય ।**
**એવું સાંભળી માતાની વાણી, બોલી ઉઠયા ત્યાં સારંગપાણી ॥**
**આ તો દેવનું લાવેલું અન્ન, તમે સુખેથી કરો ભોજન ।**

ખાત્રી વગર જમાય નહિ... પવિત્ર ખોરાક જમવાથી શરીર સ્વસ્થ, નિરોગી અને નિર્મળ રહે છે. પવિત્ર વિચાર રહે છે... જેવું અન્ન તેવું મન... વચનામૃતમાં શ્રીહરિ આહાર શુધ્ધિ વિશે કહે છે કે આહાર શુધ્ધ કરેગા તો અંતઃકરણ શુધ્ધ હોગા, ઔર અંતઃકરણ શુધ્ધ હોગા તો અખંડ ભગવાનકી સ્મૃતિ રહેગી... આહાર મલિન હોતા હૈ તો અંતઃકરણ ભી મલિન હો જાતા હૈ.

બાલ ઘનશ્યામકહે છે, "મૈયા, આપ પ્રેમથી ભોજન જમો. થાળ લાવ્યા છે તે અષ્ટસિધ્ધિઓ છે." પ્રભુ એક એક ગ્રાસ લઈ જમવા લાગ્યા... તેથી માતાને

વિશ્વાસ આવ્યો અને ભોજન જમ્યા... આવી લીલા જોઇને મામી આશ્ચર્ય પામી ગયાં. બે હાથ જોડી પ્રાર્થના કરતાં કહે છે, "હે ઘનશ્યામમહારાજ! તમે અલૌકિક અને દિવ્ય મૂર્તિ છો...

**મહિમા અલૌકિક તમારો, પોકી ન શક્યો વિચાર મારો ।**
**તમો જેવા તો તમે છો એક, નથી તમારા જેવા અનેક ॥**
**કોટી બ્રહ્માંડમાં જોયુ મથી, તમજેવા બીજા કોઇ નથી ।**
**બ્રહ્મમહોલના વાસી જરૂર, એમજાણ્યું છે મામીએ ઉર ॥**

તમે અલૌકિક છો ને તમારી લીલા પણ અલૌકિક છે. તમારી લીલાનો કોઇ પાર નથી." "મામી, તમને રસોઇ બનાવતાં વાર લાગી તેથી અમે અષ્ટસિધ્ધિઓને બોલાવ્યાં છે."

અયોધ્યાપ્રસાદજી કહે છે, "હે રામશરણજી... સાંભળો..."

**ઘનશ્યામના ગુણ ગાતા, વાધે છે હર્ષ અપાર ।**
**સ્નેહથી સંભળાવું છું, સાર તણો વળી સાર ॥**
**પ્રભુયે પ્રગટ થઇને, લીલા કરી છે અપાર ।**
**પણ બુધ્ધિ અનુસરે કહું, ચિત ધરો નીરધાર ॥**

ઘનશ્યામમહારાજના ગુણ ગાતા વાધે છે હર્ષ અપાર. ભગવત કૃપા થયા વિના ભગવાનના ગુણ ગવાતા નથી. ઘનશ્યામલીલા ગ્રંથ છે તે પ્રેમશાસ્ત્ર છે. પ્રભુમાં કેવો પ્રેમકરવો તે આવી કથા દ્વારા સમજાશે.. દેહભાન ભૂલાય તે ઉત્તમપ્રેમનું લક્ષણ છે. પરમાત્મા પ્રેમી ભક્તને જ પોતાના સ્વરૂપનું દશર્ન કરાવે છે.

આ જગતની અંદર કોઇ માણસ ઉધ્ધું કામલે તો તે રાત દિવસ તથા ટાણું-કટાણું, ટાઢ, તડકો કાંઇ જુવે નહિ... જલદી કામકરી લઉં તો જલદી પૈસા મળે. એમતેના મનમાં સતત સંકલ્પ થતા જ હોય. તેમઆપણે પણ રાત દિવસ ટાણું, કટાણું, ટાઢ, તડકો, માન, અપમાન આદિ દુઃખ નહિ ગણીને અખંડ ભગવાનના ભજન સ્મરણનો અભ્યાસ રાખવો... જગતના જીવાત્માને પૈસાનો લોભ હોય... આપણને અક્ષરાધિપતિ પુરુષોતમનારાયણ રાજી થાય અને સંસૃતિથી મુક્તિ થઇને અક્ષરધામમાં પ્રભુની સેવામાં રહેવાય એવો લોભ રાખવો.

### ૫. ચંદ્રમા પ્રભુના દર્શન કરવા આવ્યા.

પૂર્ણિમાનો દિવસ છે. સોળ કળાએ આકાશમાં ચંદ્રમા ખીલી રહ્યા છે. મધ્ય રાત્રી થઇ છે. ભક્તિમાતા ભરનિંદ્રામાં સૂતાં છે. બાળ ઘનશ્યામપારણીયામાં પોઢયા છે. ઘરની બારીમાંથી ચંદ્રમાનો પ્રકાશ પ્રભુના મુખારવિંદ ઉપર આવ્યો... ચંદ્રને

ભગવાનના દર્શન કરવાની આતુરતા જાગી... પ્રભુએ શું કર્યું?

**કર વધારીને લાંબો કીધો, ઝટ ચંદ્રમાને ઝાલી લીધો ।**
**પકડી લાવ્યા છે ઘરમાંય, ઝબકી જાગ્યાં માતાજી ત્યાંય ॥**




**શ્રી ઘનશ્યામ મહારાજ ચાંદા સાથે રમત કરે છે.**

હાથ લાંબો કરી પ્રભુએ ઝટ ચંદ્રમાને પકડી લીધા. હાથ ઝાલી અપનાવી લીધા... ભગવાન આપનો હાથ ક્યારે પકડે? આપણું અંતઃકરણ પવિત્ર હોય, મન, બુધ્ધિ અને ચિત્ત સત્વગુણથી ભરપૂર હોય, આત્મા પરમાત્મા સંબધી જ્ઞાન હોય, ભાવ અને શ્રધ્ધાથી મહિમા સહિત ભજન ભક્તિ કરતા હોય ત્યારે પ્રભુ આપનો હાથ પકડે.

મન મલિન હોય, ખોટા વિચાર કરતા હોય, અભિમાન ઉભરાતું હોય તો ભગવાન હાથ પકડે નહિ. શ્રીજી મહારાજને આપણા હાથનું કાંડું સોંપીએ તો જીવન ધન્ય બની જાય. જીવન લેખે લાગે.

આખુ ઘર પ્રકાશથી છવાઈ ગયું. ભક્તિમાતા ભયભીત થઈ ગયાં. ઓંચીતો પ્રકાશ ક્યાંથી આવ્યો? "મૈયા, ડરશો નહિ... ચંદ્રમા અમારા દર્શન કરવા આવ્યા છે." સાથે સત્યાવીશ રોહિણી આવ્યા અને ઘનશ્યામમાટે ઝબલું ટોપી લાવ્યા છે. પ્રભુને ભેટ અર્પણ કરી, પગે લાગીને આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા... ભક્તિમાતા રેશમની દોરી લઈ હાલરડું ગાતા પ્રભુને હિંચકાવે છે... તે લીલાનું કીર્તન બહ્માનંદ સ્વામી ગાય છે...

**બ્રહ્માનંદ કહે ચાંદલીયો લેવા, કજીયો કરી બોલે કાલરડું,**
**હરિને ગાવે માતા હાલરડું...**
**પારણીયે પુરુષોતમ પોઢયા, ભલકે છે સુંદર ભાલરડું,**
**હરિને ગાવે માતા હાલરડું...**

## ૬. પ્રભુનાં મુખમાં બ્રહ્માંડનાં દર્શન.

ભક્તિમાતા પ્રેમથી બાલ ઘનશ્યામને સ્તનપાન કરાવે છે. માતાનો વાત્સલ્ય ભાવ મીઠો છે. માનું હૃદય પ્રેમમાં પીગળે ત્યારે તે પ્રેમદૂધ થઇને બહાર આવે છે. તે દૂધને ગરમકરવાની જરૂર પડતી નથી. પ્રેમજ દૂધ બને છે. પ્રેમમાં મીઠાશ છે. મૈયા ઘનશ્યામને ગોદમાં લઇ સ્તનપાન કરાવે છે. મીઠો મીઠો હાથ પ્રભુના શ્રી અંગમાં ફેરવે છે. આજે મારા જેવું કોઇ ભાગ્યશાળી નહિ હોય... આનંદમાં ગરકાવ થઈ ગયા છે. પ્રભુના એક એક અંગને નીરખે છે.

ભક્તિ કેવી રીતે કરવી તે જગતને ભક્તિમાતા સમજાવે છે... ભક્તિ કરવાની એટલે શું કરવાનું? ભગવાનના સ્વરૂપમાં આસક્તિ રાખવાની. સંસારમાં આસક્તિ તેને માયા કહેવાય અને પ્રભુના સ્વરૂપમાં મન અને આંખ આશક્ત બને તેને ભક્તિ કહેવાય... જેને સંસારમાં આસક્તિ હોય, સંસાર મીઠો લાગતો હોય તે બરાબર ભક્તિ કરી શક્તા નથી.

ભક્તિમાતા પ્રેમથી પ્રભુને સ્તનપાન કરાવે છે... સંકલ્પ થયો કે ઘનશ્યામવધારે ધાવશે તો પેટમાં અજીર્ણ થશે. ત્યાં પ્રભુએ વિચાર કર્યો માતુશ્રીને પ્રાકૃત ભાવ આવ્યો છે... સ્તનપાન કરી તૃપ્ત થયા. મૈયા પ્રભુના મુખ ઉપર મીઠો મીઠો હાથ ફેરવે છે... ત્યાં પ્રભુને બગાસુ આવ્યું...

બગાસું બહુનામીએ ખાંધું, દેખાયું તેમાં બ્રહ્માંડ બાધું ।
નિજ વદનમાં નિરધાર, દેખાડયાં ચૌદ ભુવન સાર ।।

આકાશ પાતાળ કૈલાસ દીઠું, દીઠા નવલાખ તારા રે, ઈંદ્રતણું ઈંદ્રાસન દીઠું ઘનશ્યામના મુખમાંય રે... ગોલોક, શ્વેતદ્વીપ, વૈકુંઠ દીઠું, બદ્રિકાશ્રમદેખાય રે, સાત સમુદ્રને ગંગાજી દીઠા, ઘનશ્યામના મુખમાંય રે... સ્તુતિ કરતા મુક્તો દીઠા અક્ષરધામમોઝાર રે, ચૌદ ભુવનના રચના દીઠી માવાના મુખમાંય રે... આવું ઐશ્વર્ય જોઈ સૌ વિસ્મીત થઈ ગયા.

આ શું દેખાય છે? ત્યાં પ્રભુએ લીલા સંકેલી લીધી. દેખાતું બંધ થયું. માતાને આનંદનો પાર નથી. મારા પુત્ર બહુ પરાક્રમી છે.

અયોધ્યાપ્રસાદજી કહે છે, “હે રામશરણજી...”

એક સમે શ્રી ધર્મને દ્વાર, આવ્યા પુણ્યદેવ તેણીવાર ।
નારદ તુંબરૂ બ્રહ્મા સાથ, આવ્યા દર્શન માટે સનાથ ।
નૃત્ય કરીને નારદ ઋષિ, કર્યા શ્રી ઘનશ્યામને ખુશી ।
તુંબરૂયે વજાવ્યું છે તાન, કર્યું મધુર સ્વરથી ગાન ॥

એક સમય નારદ, તુંબરૂ અને શંકર ત્રણ દેવો બાલ ઘનશ્યામનાં દર્શન કરવા માટે છપૈયામાં આવ્યા. શંકરે ડમડમડમરૂ બજાવી ખૂબ નૃત્ય કર્યું. ડમરૂનો અવાજ સાંભળી આખા ગામના માણસો ધર્મદેવને આંગણે દોડી આવ્યા... ખૂબ ભાવપૂર્વક દર્શન કર્યાં. પ્રભુએ સૌને કેળાની પ્રસાદી આપી રાજીપો વ્યક્ત કર્યો... બાલ ઘનશ્યામનાં દર્શન કરી દેવો આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા. અનેક અપ્સરાઓ પ્રભુનાં દર્શન કરવા માટે આવ્યા છે તેની પ્રસાદીની નારંગી આપી રાજી કર્યા છે.

## ૭. પુત્રની પરીક્ષા

એક સમય પિતા ધર્મદેવને વિચાર થયો, આપણા પુત્ર મોટા થશે ત્યારે કેવા થશે? વેપારી થશે, ખેડુત થશે કે વિદ્વાન થશે? એમની વૃતિની પરીક્ષા લઇએ. એક બાજોઠ ઉપર રેશમી વસ્ત્ર પાથર્યું, પછી તે બાજોઠ પર એક સોના મહોર, એક શાસ્ત્ર અને એક નાની તલવાર મૂકી... જોઇએ ઘનશ્યામ કઇ વસ્તુ ઉપાડે છે...

દેખીને ત્યાં દોડયા દીનાનાથ, મુક્યો પુસ્તક ઉપર હાથ ।
ધર્મદેવ વિચાર્યું છે મન, આ તો શાસ્ત્રવેતા થાશે તન ॥
ભક્તિધર્મ પુર્ણ ભાગ્યવાન, જેના પુત્ર થયા ભગવાન ।

ઘનશ્યામમહારાજ તરત પારણામાંથી ઉતરીને બાજોઠ પાસે આવ્યા અને પુસ્તક હાથમાં ઉપાડી લીધું. આ જોઇને ધર્મભક્તિને ખાત્રી થઇ કે ચોક્કસ આ પુત્ર ભણી ગણીને વિદ્વાન થશે... પ્રભુને સત્શાસ્ત્રો બહુ વહાલા છે. શ્રીજી મહારાજ સત્શાસ્ત્ર સાંભળવાના બહુ શોખીન છે... સંતો કથા વાંચે ત્યારે શ્રીજી મહારાજ ધ્યાન દઇને સાંભળે. આજ સુધી કથાનો પ્રવાહ ઘનશ્યામમહારાજે ચાલુ રાખ્યો.



શ્રી ધર્મદેવ - ભક્તિમાતા પુત્રની પરીક્ષા કરે છે.

પ્રભુની કથા સાંભળે તો કાન પવિત્ર થાય. પ્રભુનાં નામસંકીર્તન ગાય તો જીભ પવિત્ર થાય. પ્રભુનાં દર્શન કરે તો આંખ પવિત્ર થાય. પ્રભુનું મનન કરે તો મન પવિત્ર

થાય. પ્રભુનું સ્મરણ કરે તો બુધ્ધિ પવિત્ર થાય. પ્રભુનો સ્પર્શ કરે તો શરીર પવિત્ર થાય. પ્રભુની સેવા પૂજા કરે તો હાથ પવિત્ર થાય. પ્રભુની પ્રદક્ષિણા કરે તો પગ પવિત્ર થાય. એમદરેક ઇંદ્રિયોને શ્રી હરિમાં જોડી દે તો સમગ્ર જીવન પાવન થાય છે.

કેવળ દેહને માટે જ વિધ્યાનો ઉપયોગ કરે એમાં શું વળ્યું? ભગવાનનાં શાસ્ત્રનું વાચન અને શ્રવણ કરવું જોઇએ... સવારે સ્નાન કરી, પવિત્ર થઇ, શિક્ષાપત્રી, વચનામૃત, નારાયણ કવચ, પ્રાર્થના, જનમંગળ, જરૂર વાંચવા જોઇએ. હરહંમેશ ભગવાનની લીલાથી ભરપૂર શાસ્ત્ર જરૂર વાંચવાં જોઇએ... અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, “હે રામશરણજી...”

રામશરણજી સાંભળો, પ્રગટ લીલા સાર ।
યથામતિએ ઉચ્ચરૂં છું, સ્નેહ થકી આ ઠાર ॥
બાલ ચરિત્ર જે સાંભળે, તે પામે પુરુષાર્થ ચાર ।
ભય ટળે સંસારનો, આવે નહિ અવતાર ॥

આ કથા સ્નેહથી જે સાંભળશે, તે પામે પુરુષાર્થ ચાર. અયોધ્યાપ્રસાદજી મહારાજ આશીર્વાદ આપે છે... જેવી ભક્તની ભાવના તેવું ફળ તેને પ્રભુ આપે છે. કોઇ ભક્તને ધર્મ જોઇએ તો ધર્મમાં અચળતા આપે છે. કોઇને ધન સંપત્તિની ઇચ્છા હોય તો સંપત્તિ આપી રાજી કરે છે. કોઇ ભક્ત કહે મારે કાંઇ નથી જોઇતું, પ્રભુના ચરણની સેવા જોઇએ છીએ તો પ્રભુ તેને મોક્ષ આપે છે... પણ એક શરત... વાસના રહેશે તો જન્મધરવો પડશે.

## ૮. રામદયાળને દર્શન

એક સમય ભક્તિમાતા ઘનશ્યામમહારાજને સ્તનપાન કરાવી પારણીયામાં પોઢાડયા. રસોડામાં માખણ તાવવા ગયા. પ્રભુને ચૂસણી જોઇએ છે. ચૂસણી દૂર હતી, તેથી પારણામાંથી નીચે ઉતરી, ઘૂંટણ ભર ચાલતા ચૂસણી હાથમાં લઇ લીધી... ચૂસણી લઇ પારણામાં બેસી ગયા.

ચૂસણી લીધી છે કરમાંઇ રે, પાછા પારણે પોઢયા તે જઇ રે ।
તેહને ચૂસે મુખમાં ધારી રે, એવી લીલા કરે છે શ્રી હરિ રે ॥

ઘરના સામે આંબલીનો ચોતરો હતો. તે ચોતરા ઉપર ધર્મદેવ અને ગામસુરવાલના કાયસ્થ રામદયાળ બેઠા છે... રામદયાળને નવાઇ લાગી. આટલો નાનો બાળક પારણીયામાંથી ઉઠી શકે નહિ... પારણે ચડતા ઉતરતા જોયા તેથી ધર્મદેવને પૂછે છે...

પુત્ર તમારા પારણે રયા રે, કોને કેટલા માસના થયા રે ।
ત્યારે ધર્મ બોલ્યા છે વચન રે, અઢી માસના છે મુજ તન રે ॥

"ધર્મદેવ, તમારા પુત્રની ઉંમર કેટલી છે?" "મારા પુત્ર અઢી મહિનાના થયા છે." રામદયાળ નવાઇ પામી ગયા... આ કોઇ સામાન્ય બાળક નથી પણ સ્વયં પરમાત્મા છે. દોડીને રામદયાળ પારણીયા પાસે આવ્યા... ત્યાં ઘનશ્યામમંદ મંદ હસે છે...




રામ દયાળને દર્શન.

રામદયાલ ભગવાનને ઓળખી ગયા. પ્રભુએ વિચારે છે કે ઘણા સમયથી વિખુટો થયેલો જીવાત્મા આજ મારે શરણે આવ્યો છે... પ્રભુના શ્રી અંગમાંથી દિવ્ય શાંત પ્રકાશના કિરણો નીકળ્યા... આખો ઓરડો તેજથી છવાઇ ગયો. રામદયાળ આશ્ચર્ય પામી ગયા... નીરખી નીરખીને પ્રભુનાં દર્શન કર્યા... પ્રભુનું રૂપ ચિતમાં ચોંટી ગયું... પ્રભુનું સ્મરણ કરતા કરતા પોતાના સ્થાને ગયા છે.

પ્રભુ કેવા ભક્તોને પોતાના સ્વરૂપમાં ખેંચે છે ? જે પ્રભુના નામના જપ કરે છે, નીરખી નીરખીને દર્શન કરી ધ્યાનમાં મૂર્તિને હ્રદયાકાશમાં નીરખે છે, તેના મનને પ્રભુ ખેંચે છે ને ચિતમાં પ્રભુનું રૂપ ચોંટી જાય છે... પ્રભુમાં ચિત ચોંટી જાય તો માયાનાં બંધન તૂટી જાય છે અને મુક્તદશાને પામી જાય છે.

દેહથી કામકાજ કરતા રહો, મુખથી પ્રભુને જપતા રહો. તમારું કામસફળ થશે. તમને કામમાં ભગવાન મદદ કરશે. તમને સંસારના કામનો ભાર નહિ લાગે, ને જે કામકરશો તે ભગવાનના નામની સાથે કરશો તો તમારું કામબધું પવિત્ર થશે. એક વાતનો ખટકો રાખવો... ભગવાનને ન ભૂલો. ભગવાનને તમે નહિ ભૂલો તો ભગવાન તમને નહિ ભૂલે. ભગવાનને તમે નહિ છોડો તો ભગવાન તમને નહિ છોડે... રામદયાળનું જીવન ધન્ય બની ગયુ. સાક્ષાત પ્રભુનાં દર્શન થયાં. મનુષ્ય જન્મસફળ થયો.

## ૯. રજાઇની ભેટ

ભક્તિમાતા બાળ ઘનશ્યામની ખૂબજ સંભાળ રાખે છે. મીઠા મીઠા અમૃત જેવા દુધ પાય, રમાડે, જમાડે ને પારણામાં પોઢાડે. એક વખત ઘનશ્યામમહારાજને પારણામાં પોઢાડીને ભક્તિમાતા રસોડામાં રસોઇ કરવા લાગ્યા... તે વખતે સ્વર્ગના દેવતાઓ પ્રભુનાં દર્શન કરવા આવ્યા. દેવતાઓ પોતાની સાથે કેશરમિશ્રિત ચંદન તથા જાતજાતના સુગંધી પુષ્પના હાર લાવ્યા હતા. પ્રભુના ભાલમાં ચંદનથી ચાંદલા કરી, પુષ્પના હાર પહેરાવી, સુંદર રજાઇ (ગોદડી) ઓઢાડી, બે હાથ જોડી પ્રાર્થના કરે છે...

**અમે છીએ આગન્યાકારી રે, પ્રભુ તમે તો છો અવતારી રે ।**
**અખંડાનંદ છો અવિનાશી રે, જય બ્રહ્મમહોલના નિવાશી રે ॥**
**સુકું પત્ર હલાવે ન કોય રે, તમારી મરજી જો ન હોય રે ।**
**સચ્ચિદાનંદ આપ હુલાશી રે, જય બ્રહ્મમહોલના નિવાશી રે ॥**

"તમે અવતારના અવતારી અખંડાનંદ અવિનાશી છો. તમારી મરજી વિના સુકુ પત્ર પણ કોઇ હલાવી શકે નહિ. હે પ્રભુ! જે પ્રમાણે તમે અમને આજ્ઞા કરી છે, તે પ્રમાણે અમે કરીએ છીએ... તમે જેમકહેશો તેમકરશું ને તમારી આજ્ઞામાં રહેશું." સુર્ય, ચંદ્ર, શિવ, બ્રહ્મા, શેષ, શારદા, ઇંદ્ર વિગેરે તમામદેવતાઓ ભગવાનની આજ્ઞામાં રહે છે તેથી તે મહાન ગણાય છે, પણ મનુષ્ય એવું મુર્ખ પ્રાણી છે કે તે ભગવાનની આજ્ઞા પ્રમાણે રહેતા નથી... સાચા ભક્તો કોઇ દિવસ આજ્ઞા લોપે નહિ.

આપણે બધા કેવા ભક્ત છીએ? શ્રી હરિએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે સવારે વહેલા બ્રહ્મમુર્હુતમાં જાગૃત થાવું... સ્નાન આદિક ક્રિયા કરી પ્રભુની પૂજા પાઠ કરવી, મંદિરે દર્શન કરવા જવું, મંત્રનો જપ કરવો, દંડવત કરવા, પ્રદક્ષિણા કરવાં... વિગેરે નિત્ય નિયમકરવાં... આપણે આજ્ઞાથી ઊંધા ચાલીએ. સાત આઠ વાગ્યે ઉઠીએ, અને પૂજા પાઠ કર્યા સિવાય જનાવરની જેમફાવે તે જમી લઇએ. કોઇ સદવિચાર જ નહિ...

ખાલી હાથે ભગવાનનાં દર્શન કરવા જવાય નહિ... રજાઇ બહુ કિંમતી હતી. સોનેરી કીનારીવાળું સરસ કવર હતું અને ચારે છેડે નાની નાની સોનાની ઘુઘરીઓ ટાંકેલી હતી. તેમાંથી મધુર અવાજ નીકળતો હતો અને રજાઇમાં નવરંગી બેરંગી આભલાં ટાંક્યા હતા.

દેવતાઓ પૂજા કરી ભેટ ધરી. તે વાતની ભક્તિમાતાને ખબર નહોતી. કારણ કે તે રસોડામાં રસોઇ કરતાં હતાં. તે સમય ચંદન માસી આવ્યાં. તેણે આ રજાઇ ઓઢાડતાં નજરોનજર જોયું. દેવરાજ ઇંદ્ર મેઘાડંબર કરી મજરો કર્યો.

તમામદેવતાઓ ગદગદ કંઠે સ્તુતિ કરી. નારાયણ સરોવરમાં સ્નાન કરીને સ્વર્ગમાં ચાલ્યા ગયા... આવું બધું ચંદનમાસીએ નજરો નજર જોયું... આશ્ચર્ય પામી ગયાં.

પછી ભક્તિમાતા રસોડામાંથી બહાર આવ્યાં ને પારણા સામે નજર કરી તો સરસ રજાઇ દીઠી. દેખતાંની સાથે ચંદનમાસીને પુછયું, "આવી સરસ રજાઇ ક્યાંથી આવી છે? કોણે ઓઢાડી છે?" જ્યાં રજાઇ ઊંચી કરી ઘનશ્યામમહારાજને તેડવા જાય ત્યાં કંઠમાં સુગંધીમાન પુષ્પના હાર પહેર્યા છે. આખુ ઘર અને ફળીયું સુગંધથી ઘમઘમી ઉઠયું. આડોશી પાડોશી બધા પુછે છે, "આવી સુગંધ ક્યાંથી આવે છે?" ત્યારે ચંદનમાસીએ સવિસ્તારથી વાત સંભળાવી. સાંભળીને સૌને ખૂબજ આનંદ થયો. બાલ ઘનશ્યામની વાત બધાને બહુ ગમે. આપણે સાંભળીને રાજી થઇએ છીએ, તો જેને પ્રત્યક્ષ દર્શન કર્યા છે તેના આનંદની શું સીમા હશે?!

ફુલઝરી ને ફુલકળી ઘનશ્યામમહારાજનાં વસ્ત્રો ધોવાની સેવા કરે છે. તે લીલાની કથા સંભળાવી... ત્યાર પછી વૈરાજપુરુષ બાલ ઘનશ્યામનાં દર્શન કરવા આવ્યા અને રામદત્તને ચતુર્ભુજ સ્વરૂપે ભગવાન દર્શન આપ્યા. અને મામી લક્ષ્મીબાઇને પણ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા છે.

બાલ ઘનશ્યામપારણામાં સૂતાં છે. એક અસુર આવી પ્રભુને પારણામાંથી ઉપાડીને ચૂડહા નામના વનમાં લઇ ગયો... પ્રભુએ આખા બ્રહ્માંડનો ભાર મૂકી દીધો... તેથી પડયો હેઠો અને હાહાકાર કરતાં મૃત્યુ પામ્યો. પ્રભુ પાછા પારણામાં આવી પોઢી ગયા. આવી રીતે અનેક પ્રકારની લીલા કરતા થકા ભૂમીનો ભાર ઉતારે છે.

## ૧૦. ઘુઘરો કોણે છોડી દીધો ?

બાલ ઘનશ્યામપારણામાં પોઢ્યા છે. ભક્તિમાતા પારણામાં ઘુઘરો ઊંચો બાંધી સૂઈ ગયાં... પ્રભુને થયું... મને ઘુઘરો જોઇએ છીએ ને મા આપતાં નથી... સુઇ ગયાં છે... ત્યારે પ્રભુએ શું કર્યું?

કેશવે કર લાંબોજ કીધો, લાલે ઘુઘરો છોડીને લીધો ।
તેહ ઘુઘરો ચુસવા લાગ્યા, વાલાના વદનમાં શબ્દ વાગ્યા ॥

પ્રભુએ હાથ ઊચો કરી ઘુઘરો છોડી લીધો. મુખમાં રાખી ચૂસે છે. શબ્દ સાંભળતાં ભક્તિમાતા જોગી ગયા... "ઘુઘરો કોણે છોડી દીધો?!" ધર્મદાદાએ કહ્યું, "કોઇએ છોડી નથી દીધો... પોતે હાથ લાંબો કરી છોડી લીધો છે." માને નવાઇ લાગી... નાના બાળકે કઇ રીતે ઘુઘરો છોડયો હશે?

ભક્તિમાતાએ ઘનશ્યામને ગોદમાં બેસાડી સ્તનપાન કરાવે છે... ત્યાં ઓંચીતી ચકલી ઉડી... પ્રભુ ભડકી ગયા... ભક્તિમાતાએ કહ્યું, "ચકલી, દુર ભાગી જા.

મારા ઘનશ્યામને ડરાવે છે.'' ચકલી ફરરર કરતાં ઉડી ગઇ. ત્યારે પ્રભુ બોલ્યા...

**ત્યારે બોલ્યા છે વિશ્વ આધાર, સુણો માત કહું એક સાર ।**
**અમે તો નથી ડરીએ એવા, નહિ બીજા બાળકના જેવા ॥**

''મૈયા, તમે ચિંતા ન કરો... અમે બીજા બાળક જેવા નથી કે ચકલીથી ડરી જઇએ.'' ભક્તિમાતા હસ્તાં હસ્તાં બોલ્યાં, ''ત્યારે કેવા છો તમે?''

**દીદી હું તો છું ધામનો ધામી, અક્ષરાધીપતિ બહુનામી ।**
**પુરુષોતમજી અમે છૈયે, લ્યોને સાચે સાચું માતા કૈયે ॥**

''દીદી... હું ધામનો ધામી અને અક્ષરધામનો અધિપતિ છું. સર્વે ધામના નિયંતા છીએ. સર્વે જીવ પ્રાણી માત્રના નાડી પ્રાણ અમારા હાથમાં છે. અમારૂં ધાર્યું થાય છે ને સદાકાળ થયા કરશે.'' આવું સાંભળી માતા રાજી રાજી થઇ ગયાં... મારા પુત્ર બહુ સમર્થ છે... જે ધારે તે કરી શકે છે.

રામશરણજી કહે છે, ''હે અયોધ્યાપ્રસાદજી મહારાજ! બાલ ઘનશ્યામની લીલા આનંદકારી છે... અંતરમાં ઠંડક વળે છે... હજુ આગળની લીલા સંભળાવો.'' પ્રભુકા લીલા ચરિત્ર સબ કલ્યાણકારી હૈ... સુનતે રહો.

ભક્તિમાતા બાલ ઘનશ્યામને ખોળામાં બેસાડીને રમાડે છે. જમણા હાથની રેખા જુએ છે... ત્યાં હથેળીમાંથી તેજના કીરણો નીકળ્યા. નવખંડ અને સાત લોકમાં તેજ છવાઇ ગયું. તેજ કેવું છે? સાંભળો...

**નથી તાપ ને નથી તડકો, નથી શીતળ નથી ભડકો ।**
**આતો શાંત તેજ સુખકારી, જાય લોક પતિ બલહારી ॥**

શીતળ શાંત તેજ મધ્યે શ્વેતદ્વિપમાં નિરન્નમુક્તો અને વાસુદેવનારાયણનાં દર્શન થયાં. વાસુદેવનારાયણ કહે છે, ''આ બાલ ઘનશ્યામછે તે સાક્ષાત પુરુષોતમનારાયણ છે. મૈયા, તમે ખૂબ ભાગ્યશાળી છો. અનેક કોટી બ્રહ્માંડના માલિકના માતા પિતા બન્યા છો. નિત્ય નવી નવી લીલાનાં દર્શન થાય છે. અનેક જીવાત્માના કલ્યાણ માટે તમારે ઘેર પ્રગટ થયા છે.'' આટલું કહેતાં તેજ પાછું હથેળીમાં સમાઇ ગયું.

## ૧૧. બાર માતાનો ભાવ

છપૈયાને વિશે બાલ ઘનશ્યામઅલૌકિક લીલા કરે છે. એક વખત ભક્તિમાતાને શરીરે તાવ આવ્યો. પલંગ ઉપર સુતા છે. ભગવદ્ સ્મરણ કરે છે. ઘનશ્યામમહારાજ પલંગ ઉપર રમે છે. ખૂબ ભૂખ લાગી. માતાની પાસે ગયા. સ્તનપાન કરવા લાગ્યા પણ તાવને લીધે ઘનશ્યામને દુધ મળ્યું નહિ, તેથી સ્તનપાન

કરવાનું છોડી દીધું. પલંગથી નીચા ઉતરી ગયા... પૃથ્વી પર પગ ઘસીને રડે છે. માતાને થયું, તાવ આવવાને લીધે ઘનશ્યામભૂખ્યા રહી ગયા... હવે શું કરૂં? પછી પારણામાં સુવાડી પંપાળી ધીરે ધીરે હાલરડા ગાય છે. હાથમાં દોડી છે...

**માતા હિલ્લો ગાવે લઈ લઈ હરિના નામને રે,**
**સુંદર રેશમકેરી દોડી લઈને હાથ,**
**માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે રે.**

હાલરડું ગાતા ગાતા ભક્તિમાતાને ઊંઘ આવી ગઈ. ઘનશ્યામમહારાજ ભૂખ્યા હોવાથી ખૂબ રડે છે. ઘનશ્યામને રડતા જોઇ રામપ્રતાપભાઇ દોડી આવ્યા. ઝુલાવા લાગ્યા પણ ઘનશ્યામછાના રહેતા નથી. ત્યારે રામપ્રતાપભાઇ કહે છે, “હે ઘનશ્યામ... છાના રહી જાવ...

**ભાઇ છાના રહો નવ રૂવો રે, દીદી ઘેર નથી તમે જુવો રે.**

અત્યારે માતા ઘેર નથી. છાના માના સૂઇ જાવ. રડો નહિ.” ભક્તિમાતા ઘેર હોવા છતાં ખોટું સમજાવી, ઘનશ્યામને રડતા મૂકી મોટા ભાઇ નારાયણ સરોવરમાં સ્નાન કરવા ચાલ્યા ગયા.

પ્રભુને વિચાર થયો... મારા એક માતા ક્યાં છે? મારા તો બાર માતા છે. મનોમન બાર માતાને યાદ કર્યા... સંકલ્પ કરતાંની સાથે બાર માતાઓ હાજર થયાં... રૂપરૂપના અંબર, સોનાની તારવાળી સાડી પહેરેલી છે. તેજસ્વી સ્વરૂપ. છપૈયામાં ધર્મભક્તિને ઘેર આવ્યા... બાલ સ્વરૂપે પ્રભુનાં દર્શન થયાં... આનંદથી હૈયાં છલકાય છે... શ્રધ્ધાએ તુરંત પારણીયામાંથી પ્રભુને તેડી લીધા... બાર માતાનાં નામસાંભળો..

**બાર માતાઓનાં સુણો નામ, પ્રભુને કરાવે છે સ્તનપાન।**
**શ્રધ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તૃષ્ટિ, ક્રિયાને, ઉન્નતિ ॥**
**મેધા, બુધ્ધિ અને પુષ્ટિ, વહની તથા તિતિક્ષા ।**
**બાર માતાઓનું એક હારે, પય પાન કર્યું કિરતારે ॥**

માતા (શ્રધ્ધા) પ્રભુને સ્તનપાન કરાવે છે. ત્યારે બીજી માતાઓને થયું અમારા સ્તનપાન કરે તો કેવા મોટા ભાગ્યશાળી કહેવાય... અનંતકોટી બ્રહ્માંડના નાથ અમારૂં સ્તનપાન કરે, એવી અંતરમાં બાર માતાઓને ઇચ્છા છે.ત્યાં બાલ ઘનશ્યામબાર સ્વરૂપ ધારણ કર્યાં... એક સાથે બારે માતાઓને સ્તનપાન કરે છે. બાર માતાઓનો આનંદનો પાર નથી... કોમળ હાથથી ઘનશ્યામમહારાજના શ્રી અંગમાં વહાલ કરે છે... ભાવથી રમાડે છે... ગાલમાં ચુંબન કરી રાજીપો વ્યક્ત કર્યો




**છપૈયામાં બાર માતાઓ શ્રી ઘનશ્યામ મહારાજને સ્તનપાન કરાવે છે.**

પ્રભુ કહે છે, ''અમે તૃપ્ત થઇ ગયા છીએ... હવે તમે તમારા સ્થાનકે જાઓ. અમે જ્યારે બોલાવીએ ત્યારે આવજો.'' ''હા, જરૂર અમને સેવાનો લાભ આપજો.'' આટલું કહીને બાર માતાઓ પ્રભુને નમસ્કાર કરી આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયાં.

ધર્મદાદાએ આ બાર સ્ત્રીઓને જોયા એટલે તરત જ ઘેર આવી ભક્તિમાતાને પુછ્યું, ''આપણા ઘેર કોણ આવ્યાં હતા? સરસ મજાનાં અલંકાર ધારણ કરેલ સ્ત્રીભક્તજનો હતાં તે કોણ હતાં?'' ભક્તિમાતાએ કહ્યું, ''ઘનશ્યામના મામી હશે.'' ધર્મદાદાએ કહ્યું, ''ઘનશ્યામના મામી નહોતા... બીજા કોઇક દેવાંગના જેવા સ્ત્રીઓ હતાં. નારાયણ સરોવરને પ્રદક્ષિણા ફરતાં ફરતાં આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા.'' આવી વાત કરે છે ત્યાં મામી આવ્યાં.

સુંદરીબાઇ, ગૌરીબાઇ, લક્ષ્મીબીઇ, અમરબાઇ ઘરે આવ્યાં... ભક્તિમાતાએ આદર સત્કાર કરીને પૂછ્યું, ''ભાભી, તમે અમારા ઘેર પહેલાં આવ્યા હતાં?'' ''ના, અમે હમણાંજ ચાલ્યા આવીએ છીએ.'' ઘનશ્યામમહારાજ પારણીયે પોઢ્યા છે. ભક્તિમાતા પેટ ઉપર હાથ ફેરવ્યો તે ઘનશ્યામતૃપ્ત થઇ ગયા છે... વિચાર થયો... પ્રભુને સ્તનપાન કરાવી જોંઉ... જ્યાં સ્તનપાન કરાવવા બેઠા તો ઘનશ્યામમહારાજ સ્તનપાન કર્યું નહિ. ''ઘનશ્યામ, તમને કોણે સ્તનપાન કરાવ્યું છે?''

ઘનશ્યામમહારાજ બોલ્યા, ''અમને બાર માતાએ સ્તનપાન કરાવ્યું છે. તમને તાવ આવવાથી અમે ભૂખ્યા હતા તેથી સંકલ્પ કર્યો કે આવો બાર માતાઓ. અમને ભૂખ લાગી છે... તેથી તેઓ આવ્યા હતા... હવે તેઓ અદ્રશ્ય થઇ ગયા છે. તમે ચિંતા ન કરો... રાજી રહો.'' માતા પ્રેમવતીનો પ્રભુ પ્રત્યે પ્રેમગજબનો છે.

પ્રભુને પ્રેમપાત્ર બનાવો. પ્રેમકરવા લાયક એક પરમાત્મા છે. મનુષ્યનો

પ્રેમક્ષણે ક્ષણે બદલાય છે. પરંતુ તેને ક્યારેય સંતોષ કે શાંતિ મળતી નથી. બાલ્યાવસ્થામાં બાળક પોતાની જનેતાની સાથે પ્રેમકરે, પછી રમકડાં સાથે પ્રેમકરે, જરા મોટો થાય પછી મિત્રો સાથે પ્રેમકરે, લગ્ન થયા પછી લાડી સાથે પ્રેમકરે, વખત જતાં વહાલી પત્ની પર અણગમો થાય છે, પછી પુત્રપરિવાર સાથે પ્રેમકરે. આમ ક્ષણે ક્ષણે પ્રેમપાત્ર બદલતું જાય છે...

સાચી વાત સમજો ને પ્રભુને પ્રેમપાત્ર બનાવો કે જેથી પ્રેમનું પાત્ર બદલવાનો પ્રસંગ કદી આવે નહિ.

## ૧૨. પ્રભુના ચરણમાંથી પ્રકાશ

ઘનશ્યામલીલા અતિ મધુર છે.

**વળી માતાજી ઘરને બાર રે, ખોળામાં લઈ બાલકુમાર રે ।**
**પયપાન કરાવે છે પ્રીતે રે, ઘનશ્યામજીને રૂડી રીતે રે ॥**
**પેટ ઉપર ફેરવે હાથ રે, લાડ લડાવે છે મન સાથ રે ।**
**રમાડે હસાવે રસસંગે રે, અતિ આનંદ ભેર ઉમંગે રે ॥**

ભક્તિમાતા આનંદ વિભોર બની પ્રભુને સ્તનપાન કરાવે... પયપાન કરાવે છે પ્રીતે, હસાવે રમાડે રૂડી રીતે. ઘનશ્યામના પેટ ઉપર હાથ ફેરવે ત્યારે ઘનશ્યામખડખડાટ હસે... રામપ્રતાપભાઈએ કહ્યું, “દીદી, ઘમશ્યામને બહુ હસાવશો તો પેટ દુઃખી આવશે. માટે ઝાઝું હસાવો નહિ.” ત્યાં એક આશ્ચર્ય સર્જાયું... પ્રભુની નાભીમાંથી તેજ નીકળ્યું... તે દશે દિશામાં ફેલાઈ ગયું. ધર્મ ભક્તિ અવ્યાકૃત ધામમાં પહોંચી ગયાં... ત્યાં ભૂમાપૂરૂષનાં દર્શન થયાં... ભૂમાપુરૂષે ધર્મ, ભક્તિ અને રામપ્રતાપભાઈની ચંદન પુષ્પાદિક ષોડશોપચારથી પૂજા કરી નમસ્કાર કર્યા.

ભૂમાપુરુષ કહે છે, “ હે ધર્મદેવ! આ તમારા પુત્ર સાધારણ બાળક નથી પણ અક્ષરાધિપતિ પુરુષોતમનારાયણ છે. અમને કહ્યું હતું કે આ બ્રહ્માંડની અડધી આવરદા પૂરી થશે ત્યારે અમે મુક્તો સહિત કૌશલદેશ છપૈયાપુરમાં ધર્મ ભક્તિને ઘેર જન્મધારણ કરશું... તે પ્રભુ તમારે ત્યાં પ્રગટ થયાં છે. તમે ખરેખર ભાગ્યશાળી છો... હે ભક્તિમાતા! તમે પ્રભુને સુવાડીને રમાડો છો, જમાડો છો, હસાવો છો, સ્તનપાન કરાવો છો.

**એમ યોગિપતિ કરે ખેલ રે, બાળ લીલા વડે રંગરેલ રે.**

આવું અલૌકિક સુખ જંગલના યોગીઓને પણ મળતું નથી. સાક્ષાત દર્શન થતા નથી.” અયોધ્યાપ્રસાદજી કહે છે, “હે રામશરણજી! સાવધાન થઈને કથા સાંભળો!”

વળી કહું એક વારતા, સુણો થઇ સાવધાન ।
ભક્તિમાતા એક સમે, પુત્રને કરાવે પયપાન ॥
બેઠા છે પરમાનંદમાં, મન થઈને મગન ।
મોહનજીના મુખમાંહી, લાગી રહી છે લગન ॥

ઘણી વખત એવું બનતું હોય છે કે દેહ કથામાં બેઠો હોય અને મન ચારે બાજુ ફરતું હોય તો જેમછે તેમસમજાતું નથી. માટે વૃતિને નિયમમાં રાખી કથા સાંભળવી... સુણો થઇ સાવધાન... ખરી મોટપ તો ભગવાનને સંભારવા તે છે. ભક્તિમાતાની વૃતિ અખંડ ઘનશ્યામમહારાજનાં સ્વરૂપમાં તરબોળ રહે છે... રસોઇ કરી, પ્રભુજીને સ્તનપાન કરાવી રમાડે છે... ત્યાં જમણા ચરણના અંગુઠામાંથી પ્રકાશ નીકળ્યો... માતા ડરી ગયાં... ઓંચીતો પ્રકાશ ક્યાંથી આવ્યો? મુંઝાઇ ગયા... હવે શું થશે?

ભાલ ઘનશ્યામબોલ્યા, ‘‘મૈયા, ડરશો નહિ. અમારી ઇચ્છાથી પ્રકાશ થયો છે... તમે પુર્વમાં ખુબ તપશ્ચર્યા કરેલી છે. તમે વચન માગ્યું કે તમારા જેવો પુત્ર આપો, તેથી અમે તમારા પુત્ર થઇને આવ્યા છીએ ને પ્રાકૃત બાળકની જેમઆચરણ કરીએ છીએ.’’ તેજ પાછું પગના અંગુઠામાં લીન થઇ ગયું. ખરેખર મારા પુત્ર ભારે પરાક્રમી છે. આવી રીતે આનંદમાં દિન જાય છે. જેના અનેક જન્મના પુણ્ય હોય તેને કથા કીર્તનમાં આનંદ આવે છે. જેના પુણ્ય નથી તેને ભગવદ્ કથા સાંભળવી ગમતી નથી... કથા અતિ દુર્લભ છે.

અતિ દુર્લભ છે આ ચરિત્ર, મળે ક્યાંથી જુવો મારા મિત્ર ।
હવે ભક્તિમાતા બહુ ભાવે, લાલાને બેસતાં તે શિખાવે ॥
બેસાડયા છે પૃથ્વી મોઝાર, કર મૂકી દીધા તેણી વાર ।
તાલી પાડે રમાડે હસાવે, અતિશે આનંદ ઉપજાવે ॥

ભક્તિમૈયા બાલ ઘનશ્યામને બેસતાં શીખવાડે છે. બરાબર બેસાય નહિ... ઢળી પડે... હાથ ઝાલીને ચાલતાં શીખવાડે... તાલી પાડી કહે, ‘‘આવો ઘનશ્યામ...’’ પા પા પગલી ચાલે... વળી પડી જાય. આખા જગતને ચાલતા શીખાડનાર પડી જાય... કેવી અદ્ભૂત લીલા છે.

ધર્મદેવના આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ઓટો હતો. ત્યાં ધર્મદાદા શ્રીમદ્ ભાગવત વાંચે છે... ત્યાં વિશ્રામમામા ઘનશ્યામમહારાજને રમાડવા આવ્યા. તે ઓટા ઉપર બેઠા છે. કથા સાંભળે છે. ઘનશ્યામમહારાજને ખબર પડી પિતાજી કથા વાંચે છે તે દોડીને કથા સાંભળવા આવ્યા.પ્રભુને કથા સાંભળવી બહુ ગમે. દેહનો ખોરાક અન્ન છે ને આત્માનો ખોરાક કથા કીર્તન છે. કથા જન્મો જન્મના થાકને

ઉતારે છે. કથા સાંભળ્યા પછી બાલ ઘનશ્યામદોડતા સુંદરીમામીના ખોળામાં આવીને બેસી ગયા... મામી ઘનશ્યામમહારાજના ચરણમાં મીઠો મીઠો હાથ ફેરવે છે. "છોટીબા... ઘનશ્યામનાં ચરણમાં આ શું છે?" ભક્તિમાતાએ કહ્યું, "જમણા ચરણમાં નવ ચિન્હ છે ને ડાબા ચરણમાં સાત ચિહ્ન છે... સ્વસ્તિક, અષ્ટકોણ, ઉર્ધ્વરેખા, અંકુશ, ધ્વજ, કમળ, જાંબુ ને વજ... મીન, ત્રીકોણ, અર્ધચંદ્ર, વ્યોમ, કળશ, ધનુષ્ય, ગૌપદ... કુલ સોળ ચિહ્ન છે." ચિહ્ન ઓળખાવે છે...

એ આદિ બેઉ ચરણમાં, ચિહ્ન અનોપમસાર ।
સ્નેહે કરી સંભાળે તેના, પુણ્ય તણો નહિ પાર ॥
ભક્તિમાતા ચિન્હ ઓળખાવે છે, શ્રી હરીના ચરણમાં સાર ।
ત્યાં તો તે ચરણમાંથી, નીકળ્યો તેજ અંબાર ॥

મામી ચિહ્નને નીરખે છે ત્યાં ચરણમાંથી તેજ નીકળ્યું... તેજમાં વૈકુંઠધામદેખાયું... લક્ષ્મીનારાયણ ભગવાનનાં દર્શન થયાં... લક્ષ્મીનારાયણે ઘનશ્યામમહારાજની પૂજા કરી. આરતિ ઉતારી ને વંદન કર્યા. પ્રભુએ મનોમન વચન આપ્યું... વડતાલમાં મંદિર બનાવીશું અને ત્યાં તમારી મૂર્તિ પધરાવશું.

## ૧૩. નામકરણ સંસ્કાર

શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે, "પોતાના મનને પ્રભુના લીલા ચરિત્રમાં ગુંચવી મુકવું પણ નવરુ રહેવા દેવું નહિ.પક્ષીની પેઠે કથા કીર્તનાદિક ચારો કરી મૂર્તિરૂપી માળામાં વિરામકરવો." ઘનશ્યામમહારાજ દિન પ્રતિદિન મોટા થતા જાય છે. ત્રણ મહિનાના થયા.

એક સમે માર્કંડેય મુની, આવ્યા છપૈયા મોઝાર ।
દર્શન કાજે દયાળના, ધર્મદેવ તણે દ્વાર ॥
હરિપ્રસાદજી હર્ષથી, ઉભા થયા તેહ વાર ।
આસન આપી પૂજા કરી, બહુ કર્યો સત્કાર ॥

છપૈયામાં શિષ્યમંડળની સાથે માર્કંડેયમુની ધર્મદેવને આંગણે પધાર્યા. પિતા ધર્મદેવ બહુ વિવેકી છે... ઉભા થઇ, મીઠો ભાવ ભર્યો સત્કાર કર્યો. પગે લાગીને રાજીપો વ્યક્ત કર્યો. સુંદર આસન આપ્યું. પછી પૂજા કરી માન પૂર્વક જમાડ્યા. પછી ધીરેથી પુછયું, "આપ પ્રખ્યાત વિદ્વાન જ્યોતિષી છો... મારા પુત્રના નામસંસ્કાર કરી આપો." પુત્રની હસ્તરેખા જોઇ માર્કંડેયમુનિ સ્તબ્ધ થઇ ગયા. આવી રેખા કોઇ જગતના જીવની હોય નહિ. આ તો ત્રિભુવનપતિ પરમાત્મા છે. અતિ આનંદથી છલકતા હૈયે બોલ્યા, "મૈયા, આ તમારા બાળકના એક બે

નામનહિ પણ અનંત નામના નામી ને અક્ષરધામના ધામી છે. ગુણના સાગર છે. આ બાળક સર્વેના મનને પોતાના સ્વરૂપમાં આકર્ષણ કરશે તેથી તેનું નામકૃષ્ણ રાખજો. કર્ક રાશીમાં જન્મછે. સર્વના દુ:ખ હરનારા છે તેથી બીજુ નામહરિ રાખજો. ભક્તજનોના પાપ અને આપદાને હરશે.''



માર્કંડેયમૂનિ શ્રી ઘનશ્યામ મહારાજનો નામકરણવિધી કરે છે.

હરિ, હરિ, હરિ એ નામનો જપ કરશે તેના દુ:ખ હરાઈ જશે. કોઈના દુ:ખ હર્યા છે? હા, અનેકના દુ:ખ હર્યા છે. પ્રહલ્લાદજીએ પોકાર કર્યો તો તરત દુ:ખ હરાઈ ગયાં. ગજેન્દ્ર પોકાર કર્યો તો તેના દુ:ખ હરાઈ ગયાં. માર્કંડેયમુનિ કહે છે, ''હે ધર્મદેવ! બે નામભેગાં કરીને એનું નામહરિકૃષ્ણ પણ કહી શકાશે... તમારા પુત્ર તપ, ત્યાગ, યોગ, ધર્મ, નીતિ, સત્ય, વિવેક બધા જ ગુણો યુક્ત છે, તેથી નિલકંઠ નામથી જાણીતા થશે... આ તમારા પુત્ર પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરશે. તમારા પુત્રની કીર્તિ જગતમાં બહુ વધશે... એનાં તો મોટા મોટા મંદિરો બંધાશે... એના નામની ઝાલરો વાગશે... એના નામની ધજા ફરકશે.

મૈયા, આ તમારા પુત્ર ત્રિભુવનના નાથ છે. અનેક લોકોનો ઉધ્ધાર કરશે. દિવ્ય લીલાનો વિસ્તાર કરશે. બહુ પ્રતાપી થશે.''

**થાશે પૃથુસમશ્રોતાવાન રે, ભક્તિ ક્ષમા અંબરીષ સમાન રે ।**
**જનકના જેવું નીજ જ્ઞાન રે, ત્યાગ વૈરાગ્ય શુકજી સમાન રે ॥**

નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણી ગ્રંથમાં લખે છે કે, માર્કંડેયમુનિ કહે છે, ''હે મૈયા, આ તમારા પુત્ર શ્રોતામાં પૃથુરાજા જેવા થશે... ભક્તિમાં અંબરીષ રાજા જેવા થશે... જ્ઞાનમાં જનક રાજા જેવા થશે, વૈરાગ્યમાં શુકદેવજી જેવા થશે... ધર્મશીલમાં યુધિષ્ઠિર જેવા થશે... દયાવાનમાં રંતિદેવ જેવા થશે... દાસભક્તિમાં હનુમાનજી જેવા થશે... ગુણ ગ્રહણ કરવામાં દત્તાત્રેય જેવા થશે... યતિમાં લક્ષ્મણ

જેવા થશે... ઉત્તર આપવામાં બ્રહસ્પતિ જેવા થશે.'' પુત્રના ગુણ સાંભળી માતા પિતા ખૂબ રાજી થયા.

ધર્મદાદાએ માર્કંડેયમુનિને ખૂબ દાન દક્ષિણા આપી છે. મુનિને મનમાં વિચાર થાય છે કે પ્રભુ લીલા કરશે તેના મને દર્શન થશે નહિ. સાથે રહેવા મળે તો બહુ સારૂં થાય... અંતર્યામી પ્રભુ આ વાત જાણી ગયા, તેથી કહે છે, ''મુનિરાજ, ચિંતા ન કરો... તમને મારા અલૌકિક લીલાનાં દર્શન થશે... મારો ને તમારો ફરીથી મેળાપ ઉંઝા ગામમાં થશે. માટે રાજી રહેજો...

ગુજરાત મધ્યે ઉંઝા ગામરે, મલ્યા મહાપ્રભુને તે ઠામરે ।
પરમહંસ થયા ત્યાં પવિત્ર રે, જોગ લીધો થયા પ્રભુ મિત્ર રે ॥
કરૂણા કરીને સુખકંદ રે, નામપાડયું મહાનુભાવાનંદ રે ।

તમને પરમહંસ દીક્ષા આપશું ને મહાનુભાવાનંદ સ્વામી નામધારણ કરાવશું.'' આવું સાંભળી માર્કંડેયમુનિ બહુ રાજી થયા... પ્રભુને પગે લાગીને પ્રભુ સ્મરણ કરતા કરતા પોતાના સ્થાનકે ગયા છે.

## ૧૪. કર્ણવેધ સંસ્કાર.

ભક્તિમાતા પ્રભાતમાં ઘનશ્યામમહારાજના મસ્તકમાં તેલ ચોપડીને વાળ ઓળાવે... લાડ લડાવે ને આનંદથી રમાડે... પ્રભુનાં કેવાં નેત્ર છે? કમળ ખિલ્યાં હોય એવાં સુંદર નેત્ર છે. સુંદર નમણી નાસિકા છે. હસે છે તો ગાલમાં ખંજન પડે છે. શંખના જેવો કંઠ છે. છાતીમાં શ્રી વત્સ ચિહ્ન શોભે છે. ઉરમાં ત્રણ રેખા છે. ભાલમાં નાનકડું તિલક કર્યું છે. સુંદર પીળું પિતાંબર પહેરાવ્યું છે. આનંદ કિલ્લોલ કરતા આંગણામાં રમે છે... કામદેવ વારી જાય એવું મનોહર સ્વરૂપ છે. તોતડી મીઠી ભાષા બોલે છે. સ્પષ્ટ ઉચ્ચાર હજી થતો નથી. બાલ ઘનશ્યામની માનવ લીલા અલૌકિક છે.

ઘનશ્યામમહારાજ સાત મહિનાના થયા... હવે ઘનશ્યામના કાન વીંધાવી લઈએ તો સારું થાય... ભક્તિમાતા આંબલીના વૃક્ષ નીચે ચોતરો છે ત્યાં ઘનશ્યામને ખોળામો લઈને બેઠા છે. કાન વીંધનારને બોલાવ્યો... સોનાની સોઈ આપી... લ્યો ઘનશ્યામના ધીરેથી કાન વીંધી આપો. કાન વીંધનાર માણસે ધીરેથી ઘનશ્યામનો કાન પકડવા હાથ લાંબો કર્યો... ત્યાં શું થયું ?

કાન વિંધાવે છે જેણી વાર રે, તેજ નિકળ્યું અપરમપાર રે ।
વિંધનારાની આંખો અંજાઇ રે, ભય પામ્યો પાડી ચિસ ત્યાંઈ રે ॥

પ્રભુના શરીરમાંથી અપરમપાર તેજ નીકળ્યું... કાન વીંધનારનાં નેત્રો તેજથી અંજાઇ ગયા.. કાંઇ સૂઝતું નથી. ડરી ગયો. ચીસ પાડી. ''આ શું દેખાય છે ?''

ભક્તિમાતા બોલ્યાં, "શું જુઓ છો? કાન વીંધવાનું શરૂ કરો." "મૈયા, મને ઘનશ્યામદેખાતા જ નથી... તો કાન કઇ રીતે વીંધાય ? તેજ દેખાય છે." ઘનશ્યામમહારાજ માતાના ખોળામાંથી ઉઠીને આંબલીના વૃક્ષ ઉપર ચડી ગયા... તેજ દેખાતું બંધ થયું... વૃક્ષ પરથી પ્રભુ બોલ્યા...

**દીદી ગોળ આપો સાચું કૈયે રે, ત્યારે તો કાન વિંધાવા દઇએ રે.**

"દીદી, ગોળ આપશો તો કાન વીંધાવા દઇશ, નહિંતર નહિ દઉં." "લ્યો બેટા... આ ગોળ જમો ને ડાહ્યા થઇને કાન વીંધાવા દો." પ્રભુ આંબલી ઉપરથી ઉતરીને ભક્તિમાતાના ખોળામાં બેસી ગયા. ગોળ જમતાં જમતાં કાન વીંધાવ્યા. કાન વીંધનારને પ્રભુનું સ્વરૂપ ચિત્તમાં ચોંટી ગયું. કહે છે, "હે માતાજી! આ તમારા ઘનશ્યામજી હિંમતવાળા છે... બીજા છોકરાના કાન વીંધુ ત્યારે બૂમાબૂમને રાડારોળ કરે... પણ ઘનશ્યામભૈયા બિલકુલ રડતા નથી. આંખમાં આંસુ પણ નથી." ભક્તિમાતા મંદહાસ્ય કરતાં બોલ્યાં, "મારા ઘનશ્યામબહુ જ ડાહ્યા છે... બીજા બાળકો જેવા નથી."




**શ્રી ઘનશ્યામ મહારાજનો કાન વીંધતા પરચો.**

કાન વીંધનાર ગદ્ગદિત થઇ ગયો... પ્રભુને અને ભક્તિમાતાને પગે લાગીને પોતાના ઘેર ગયો... દરરોજ ભક્તિમાતાને ઘેર બાલ ઘનશ્યામનાં દર્શન કરવા આવે પછી બીજું કામકરે. જન્મસફળ થઇ ગયો. સાક્ષાત્ પ્રભુનાં દર્શન થયાં... પુન્યશીલને આવો અલૌકિક લાભ મળે છે.

**જન્મસુફળ હોઇ જાવે, છપૈયામે, જન્મસુફળ હોઇ જાવે...**
**ફીર ભવમેં નહિ આવે, છપૈયામે, જન્મસુફળ હોઇ જાવે...**
**ધન્ય ધન્ય ધુળ છપૈયા કેરી, બ્રહ્માજી શિશ ચડાવે... છપૈયામે...**
**છપૈયામાં ચો ફેર ફરે પ્રકમા, જન્મમરણ મીટ જાવે... છપૈયામે...**
**બહોત જનમકે પુન્ય જબ જાગે, તબમેં છપૈયા પાવે... છપૈયામે...**

પાવનકારી છપૈયાની પવિત્ર રજને શિવ બ્રહ્મા જેવા મોટા દેવ પણ મસ્તકે ચડાવે છે. છપૈયાની પ્રદક્ષિણા ફરે તેના જન્મમરણના ફેરા ટળી જાય છે ને ભવસાગરથી મુક્ત થાય છે. અનેક જન્મનાં પુન્ય ઉદય થાય ત્યારે છપૈયા જેવા તીર્થરાજનાં દર્શન થાય છે. જીવનમાં છપૈયાધામમાં જરૂર જાવું જોઇએ... એજ સાચો લાભ છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રામશરણજી! ઘનશ્યામમહારાજ ભર નિંદ્રામાં સૂતા છે, ત્યાં અચાનક અસુર મોટી ડુંગર જેવડી પથ્થરની શીલા લઇને આવ્યો... આકાશમાં ફરે છે. ધર્મદેવના ઘર માથે ફેકીશ એટલે બધા દબાઇને મરી જશે... આ વાતની અંતર્યામી પ્રભુને ખબર પડી ગઇ... અસુર સામે ક્રૂર દૃષ્ટિ કરી, તેથી આકાશમાં ચક્કર ચક્કર ફરતો દૂર નીકળી ગયો... ધોળા પહાળની તળેટીમાં ભૂસ દઇને પડયો. તેના ઉપર શીલા પડી, તેથી પોતે જ દબાઇ ગયો. હાહાકાર કરતો મૃત્યુ પામ્યો... તે વખતે દેવતાઓએ આકાશ માર્ગે આવી ઘનશ્યામમહારાજ ઉપર ચંદન અને પુષ્પનો વરસાદ કર્યો.

**બોલો ઘનશ્યામમહારાજની જય!!!**

અસુર આવ્યો હતો પ્રભુને મારવા ને પોતે મરી ગયો. કર્યા કર્મનું ફળ તુરંત મળી ગયું... ઘનશ્યામમહારાજની અલૌકિક લીલા સમજવા જેવી છે. યાદ રાખજો... તમે કોઇ પણ વ્યક્તિનું અપમાન કરશો, ખરાબ ઇચ્છશો તો તમારું અપમાન થશે જ. કપટ કરશો તો તમને છેતરનારા મળી જશે... આ ભારત ભૂમિકર્મ ભૂમિછે... જેવા કર્મ કરશો તેવું ફળ મળશે. કારેલાંના બીજ વાવે તેને કેરી મળે નહિ... કડવાં કારેલાં જ મળે... સુખનું સાધન કરવું નથી ને સુખ જોઇએ છે, તે કેમબનશે ? પાપનું ફળ દુઃખ છે... પુણ્યનું ફળ સુખ છે, ને ભક્તિનું ફળ ભગવાન છે. તમે લોકો પ્રત્યે જેવો ભાવ રાખશો તેવો ભાવ તે તમારા પ્રત્યે રાખશે.

## ૧૫. મામીનો રોગ મટી ગયો.

**એક સમે ગૌરીમામીને, ચમક મુંઝારો થયો ।**
**સગા સંબધિ સર્વ મળી, સમૂહ વિંટાઇને રહ્યો ॥**
**પારણું લાવ્યાં ઓસરીમાં, પોઢાડયા પ્રાણ જીવન ।**
**ભક્તિ પોતાની ભાભી પાસે, ગયાં ઉદાસી મન ॥**

એક વખત મામી ગૌરીબાઇ બીમાર થઇ ગયાં. મુંઝારો થાય ને ઓચિંતાં ચમકી જાય... ફફડી જાય. બીમારી ખૂબ વધી ગઇ. સગાં સંબધી દોડી આવ્યાં. બાજુમાં બેસી ભજન કરે છે. કોઇ આશ્વાસન આપે છે. કોઇ માથું દાબે છે. હવે શું કરવું? ભક્તિમાતાને ખબર પડી કે ભાભી બીમાર છે તેથી ઘનશ્યામમહારાજને પારણીયામાં પોઢાડી દોડતાં ભાભી પાસે આવ્યાં. "ભાભી, શું થાય છે?" ભાભી

કાંઇ બોલતાં નથી. આ બાજુ શું થયું?! બાલ ઘનશ્યામને ભૂખ લાગી છે... રોવાનું શરૂ કર્યું પણ કોઇ સાંભળતાં નથી ને તેડવા આવતાં નથી.

ઘનશ્યામમહારાજ પારણીયામાંથી નીચા ઉતર્યા ને દડ દડ ભાંખોડીયે દોડીને ભક્તિમાતા પાસે આવ્યા... ખોળામાં બેસી ગયા. ભક્તિમાતા કહે છે, ‘‘બેટા ઘનશ્યામ... મામી ખૂબ બીમાર થઇ ગયાં છે. હવે શું કરશું?’’

**સુણો હે પુત્ર લાડીલા સાર, જણાવો છો પ્રભુતા અપાર ।**
**નિત્ય નિત્ય પ્રતાપ દેખાડો, મામીને કેમનવ જીવાડો ॥**

‘‘હે લાડીલા... તમે વારંવાર પ્રભુતા દેખાડો છો... પ્રતાપ દેખાડો છો. હું જાણું છું કે તમે સાક્ષાત્ પરમાત્મા છો. અતિ સમર્થ છો. જે ધારો તે કરી શકો છો. વૈદના પણ વૈદરાજ છો. તો મામીનો રોગ કેમમટાડતા નથી? બેટા ઘનશ્યામ, મામી સામે દયા દષ્ટિ કરો.’’ પ્રભુએ કૃપા દષ્ટિ કરી... કહ્યું, ‘‘મામી, મારા સામે જુઓ ને બેઠા થઇ જાવ.’’ મામી તુરંત બેઠા થઇ ગયાં... તમામરોગ મટી ગયો... સૌ આશ્ચર્ય પામી ગયા... ઘમશ્યામબહુ પ્રતાપી છે.

ઘનશ્યામમહારાજ બોલ્યા, ‘‘મામી, તમે ક્યાં ગયા હતાં ?’’ પ્રભુ, હું અક્ષરધામમાં ગઇ હતી. ધન્ય ભાગ્ય ધન્ય ઘડી... મને અલૌકિક દિવ્ય ધામનાં દર્શન થયાં... અનેક મુક્તો તમારી સેવા કરે છે... બે હાથ જોડી પ્રાર્થના કરે છે. આવી વાત સાંભળી સૌ આશ્ચર્ય પામી ગયાં... ઘનશ્યામભાઇ ભારે ચમત્કારી છે.

## ૧૬. લક્ષ્મીજીને વરદાન.

છપૈયામાં મંગળકારી ભૂમીમાં એક પછી એક દિવસ વીતવા લાગ્યા. બાલ ઘનશ્યામહવે ધીરે ધીરે ચાલતાં શીખે છે. ક્યારેક ક્યારેક પડી જાય... રડી પડે. ભક્તિમાતા દોડે... ઘનશ્યામને ઊંચકીને છાતી સરખા ચાંપીને ચુંબન કરે. ધીરે ધીરે દીવાલોને હાથ અટકાવીને ઘનશ્યામચાલતાં શીખે છે... ભિક્ષાના બહાને અનેક ઋષિમુનિઓ અને સગા સંબધી ધર્મદેવને આંગણે આવે છે.

ભક્તિમાતા ફળીયામાં આંગળી ઝાલીને બાલ ઘનશ્યામને ચાલતાં શીખવે છે... થોડુંક ચાલીને થાકી જાય, એટલે ઝટ બેસી જાય... ત્યાં લક્ષ્મીજી સખીઓની સાથે પ્રભુનાં દર્શન કરવા આવ્યા... સખીને કહ્યું, ‘‘તું ચકલી થઇને દરવાજાના ટોડલે બેસી જા... તને પ્રભુનાં દર્શન થશે.’’ તુરંત સખી ચકલી બની ગઇ... ફરરર કરતી ઉડી... ઝપટ દઇને ઘનશ્યામે ચકલીને પકડી લીધી... ચકલી ચીસ પાડે છે... ચીં... ચીં... ચીં... ભક્તિમાતા બોલ્યાં, ‘‘લાલા, ચકલીને મૂકી દો... ચાંચ ભરાવશે.’’ તરત મુકી દીધી... ત્યાં આશ્ચર્ય સર્જાયું... ચકલીમાંથી રૂપરૂપના અંબાર સ્ત્રી બની ગઇ... સુંદર ભારે અલંકાર પહેર્યાં છે.




લક્ષ્મીજીને વરદાન

લક્ષ્મીજી બે હાથ જોડી કહે છે, "હે પ્રભુ! ધન્ય છે તમારી લીલાને. ભક્તોના મનોરથ પુરવા કેવી અલૌકિક લીલા કરો છો... મને એક વાતનું દુઃખ થાય છે... મને તમારી લીલાનાં દર્શન નહિ થાય... કાંઇક દયા કરો તો સારું." પ્રભુએ કહ્યું, "તમે ચિંતા ન કરો... તમે કાઠીયાવાડમાં એભલખાચરને ઘેર જન્મધારણ કરશો... ત્યાં અમારો તમને ફરીથી મેળાપ થશે ને લીલા ચરિત્રનાં દર્શન થશે."

પ્રભુને પગે લાગીને લક્ષ્મીજી આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયાં. સમય જતાં લક્ષ્મીજી ગઢપુરમાં એભલખાચરને ઘેર દીકરી થઇને આવ્યાં. નામરાખ્યું જીવુબા (જયાબા)... ગઢપુરમાં શ્રી હરિએ ખૂબ લીલા કરી. તેના દર્શન કરી લક્ષ્મીજીને ખૂબ આનંદ થયો છે.

**હરિ બોલ્યા કૃપા કરી ત્યાંયે, આવજો કાઠિયાવાડ માંયે ।**
**અમારો સારો યોગ ત્યાં થાશે, તમારી ચિંતા તે ટળી જાશે ॥**
**એવું સુણી લક્ષ્મી ઉત્કર્ષ, થયાં આકાશમાંહિ અદ્રશ્ય ।**

## ૧૭. ત્રિદેવો પ્રભુને સ્નાન કરાવે છે.

ભક્તિમાતાએ ઘનશ્યામમહરાજના ચરણારવિંદમાં ઘુઘરીવાળા (નૂપુર) ઝાંઝર પહેરાવ્યાં. દાસીએ કહ્યું, "મૈયા, ઘનશ્યામતો પુત્ર છે. પુત્રીને ઝાંઝર પહેરાવાય ને તમે પુત્રને ઝાંઝર કેમપહેરાવો છો?" મૈયા બોલ્યા, "લાલાના ચરણમાં એટલા માટે પહેરાવું છું કે તે આજુ બાજુ જ્યાં જાય ત્યાં મને ખબર પડે કે આંહી નજીકમાં રમે છે... ઝાંઝરનો અવાજ બંધ થાય એટલે ઘરનું કામકાજ છોડીને હું દોડું કે ઘનશ્યામદૂર જતા રહ્યા છે... સતત સ્મરણ રહે તે માટે ઝાંઝર પહેરાવ્યાં છે."

**એક સમે શ્રી ભક્તિમાતા, પોતાનું આંગણું જ્યાંયે ।**
**આંબલીના તરુતલે બેઠાં, બાજોઠ ઉપર ત્યાંયે ॥**
**ઘનશ્યામને તેડી લાવ્યા, સ્નેહે કરાવવા સ્નાન ।**
**ઉગમણે મુખે બેસાર્યા, બહુ નામી બળવાન ॥**
**ઉષ્ણોદકે સ્નાન કરાવે, કળશેથી કરે ધાર ।**
**નીર ગરમલાગ્યું હરિને, ચીસ પાડી તેણી વાર ॥**

ભક્તિમાતા બાલ ઘનશ્યામને પાટલા ઉપર બેસાડીને સ્નાન કરાવે છે. લોટાથી ધાર કરી ત્યાં પ્રભુએ ઓચિંતી ચીસ પાડી. ''મૈયા, પાની બહોત ગરમહૈ.'' ''ખમ્મા ઘનશ્યામખમ્મા.'' ઠંડુ પાણી લેવા ગયાં ત્યાં સેવાની તક ઝડપી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ત્રિદેવો હાજર થઇ ગયા. પવિત્ર ગંગાજળથી સ્નાન કરાવે છે. હર્ષ ભેર સ્નાન કરાવતા કીર્તન ગાય છે...

**જમુના જળમાં કેશર ગોરી, સ્નાન કરાવું ઘનશ્યામજી,**
**સરજુ જળમાં કેશર ગોરી, સ્નાન કરાવું ઘનશ્યામજી,**
**નારાયણસરમાં ભાવ કરીને, સ્નાન કરાવું ઘનશ્યામજી,**

ભક્તિમાતા ઠંડુ પાણી લઇને આવ્યાં ત્યાં ત્રિદેવો ભગવાનને સ્નાન કરાવે છે.

આવું જોઇ સૌ નવાઇ પામી ગયા... પૂછયું, ''ઘનશ્યામભૈયા, આ કોણ છે?'' હાથ જોડી ત્રિદેવો બોલ્યા...

**બ્રહ્માદિક કહે સુણો માતા, તમારા પુત્ર છે જગત્રાતા ।**
**અમે આવ્યા એને નમતા, અમારા સર્વેના છે નિયંતા ॥**

''મૈયા... આ તમારા પુત્ર અમારા સર્વેના નિયંતા છે... નિયમમાં વર્તાવનારા છે. અમને જે કાર્ય પ્રભુએ સોંપ્યું છે તે અમે કરીએ છીએ.'' ઇંદ્રને કહ્યું તમે વરસાદ વરસાવવાનું કામકરજો. સૂર્ય, તમે સમગ્ર બ્રહ્માંડમાં પ્રકાશ કરવાનું કામકરજો. ચંદ્રને શીતળતા આપવામાં નિમણૂક કરી વરૂણદેવને જળમાં નીમ્યા. ધર્મરાજા તમે જીવપ્રાણી માત્રના ખાતા તપાસજો. ચિત્રગુપ્ત તમે પાપ પુણ્યનો હિસાબ રાખજો. કાળને કહ્યું, તમને જીવ લઇને ધર્મરાજા પાસે ખડો કરવાનો છે.



ત્રિદેવો પ્રભુને સ્નાન કરાવે છે.

અગ્નિને પ્રકાશ કરવામાં નીમ્યા. વિધાતાને સર્વેના લેખ લખવામાં નીમ્યા. યમરાજાને પાપ કરે તેની સજા દેવામા નીમ્યા. ઋતુઓને જુદા જુદા ફળ ફુલ બનાવવામાં નીમ્યા. કુબેરજીને પોતાના ખજાનચી બનાવ્યા. ધર્મરાજાનો ન્યાયાધિશનું કામસોંપ્યું. ન્યાય અન્યાયનો ચૂકાદો કરવો. વાયુદેવને પવન આપવામાં નીમ્યા. આવી રીતે તમામદેવતાઓને જુદા જુદા કાર્ય કરવાનું સોંપ્યું છે તે પ્રમાણે તેઓ

પોતાની ફરજ બજાવે છે. ભગવાનના કાર્યમાં મદદ કરે છે. જરા પણ ફરજ ચૂકતા નથી. આપણને જે નિયમો ભગવાને શિક્ષાપત્રીમાં બતાવ્યા છે તે પ્રમાણે અવશ્ય રહેવું જોઈએ. એજ આ કથાનો સાર છે. પ્રભુને પગે લાગીને ત્રિદેવો આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા.

## ૧૮. મેં છપૈયાની રજ ખાધી છે.

જેણે પોતાના કાનથી ભગવદ્ કથા સાંભળી નથી એના કાન સર્પને રહેવાના દર છે. જેણે નેત્રોથી ભગવાનનાં અને સંતનાં દર્શન કર્યાં નથી તે નેત્ર નથી પણ મોરના પીછાંની છાપ છે. જે જીભથી હરિગુણ ગાયા નથી તે દેડકાની જીભ સમાન છે. જેનું હૃદય હરિ ચરિત્ર સાંભળતાં પીગળે નહિ તે વજ્ર કરતાં પણ કઠોર છે.

ભક્તિમાતાના આંગણામાં એક પારિજાતનું વૃક્ષ હતું. મૈયા ભક્તિદેવીએ ઘનશ્યામને ભાતભાતનાં રમકડાં આપી રમવા બેસાડ્યા, પરંતુ ચપળ અને ચંચળ મનોવૃતિવાળા ઘનશ્યામત્યાંથી ઊઠીને અન્યત્ર ચાલ્યા જાય. પુત્રની ચંચળતાથી માતાજીને કંટાળો આવતો નથી. આનંદ થાય છે. રમકડાં રમતાં રમતાં ઓચિંતી મૃતિકા લઇને બાલ ઘનશ્યામપોતાના મુખમાં મેલી દીધી... માટી ખાય છે... ભક્તિમાતાએ બૂમપાડી, "ચંદનબેન, ધ્યાન રાખો. ઘમશ્યામમાટી ખાય છે... પેટમાં દુખશે... મુખમાંથી જલદી માટી કાઢી નાખો." ચંદનમાસીએ ઘનશ્યામને ધમકી દીધી. "માટી શા માટે ખાધી? જલદી બહાર કાઢો નહિતર દીદી મારશે."

"માસી, મેં માટી નથી ખાધી... છપૈયાની પવિત્ર રજ ખાધી છે." "જલદી મુખ ખોલી મને બતાવો." પ્રભુએ મુખ પહોળું કર્યું તો મુખની અંદર સમગ્ર બ્રહ્માંડ દેખાય છે. છપૈયા દેખાય છે. માસી સ્થિર થઇ ગયા... થોડી વાર આવું દેખાયું. પછી દેખાતું બંધ થઈ ગયું. માસીના આનંદનો પાર ન રહ્યો... મારા ભાણેજ સાધારણ બાળક નથી... ખાતરી થઇ ગઇ કે જગતના માલિક પુરુષોતમનારાયણ છે.

ચંદનમાસી બાલ ઘનશ્યામને પા-પા-પગલી ચાલતાં શીખવે છે. લાકડાંની ત્રણ પૈડાની ગાડી લઇ આવ્યા છે... બે હાથ ઝાલી પ્રભુને ચાલતાં શિખવે છે... તે સમય ગોમતી ગાયની નાની વાછરડી ગૌશાળામાંથી દોડતી આવી... પ્રભુના ચરણ જીભથી ચાટે છે.

ભગવાનની ઈચ્છાથી ગાય બોલી. "આજે તમે કેમદૂધ પીધું નથી? હું તમને દૂધ પાવા માટે ગોલોક ધામમાંથી આવી છું. તમે દૂધ પીઓ તો મારો મનોરથ પૂરો થાય." પ્રભુ બોલ્યા, "હે ગાય માતા! હવેથી જરૂર તમારું દૂધપાન કરશું... તમે રાજી રહેજો." દિવાળીના મંગળ દિવસો આવ્યા. ભક્તિમાતાએ ઘર લીપવાની ગાર્ય બનાવી. બાલ ઘનશ્યામઓસરીમાંથી દડ દડ દોડતા આવ્યા. લીંપવાની ગાર્ય

લઈને નિજ શરીરમાં ચોપડે છે... ભક્તિમાતા દેખી ગયા. "એ ઘનશ્યામ! આ શું કરો છો? છી-છી-છી... આવું કરાતું હશે? મૂકી દો. શરીર ખરાબ થાય છે." પ્રભુ મંડ્યા રડવા. એટલે સુથારે તેડી લીધા... સુથાર ધર્મદાદા પાસે આવ્યો હતો. પ્રભુએ પોતાના શરીરમાં ખૂબ વજન મૂકી દીધું... ઘનશ્યામને તરત નીચા બેસાડી દીધા. આ સામાન્ય બાળક નથી... પણ ખપે જગતના નાથ... સુથાર આશ્ચર્ય પામી ગયો. પ્રભુનું સ્મરણ કરતો કરતો ઘેર ગયો.

## ૧૯. લ્યો પિતાજી, પાણી પીઓ.

એક સમયે દુંદુત્રવાડી પોતાના પુત્રને કહે છે,

**વૃક્ષ ઉપર ચડી જુઓ, મોતીરામસનાથ ।**
**આવે છે મોટું સૈન્ય જાણે, મને ભાસે છે એમ॥**

"આંબલીના વૃક્ષ ઉપર ચડીને જુઓ લશ્કર આપણી સામે લડવા આવે છે." આવી વાત કરે છે ત્યાં પ્રભુ આંબલીના વૃક્ષથી પાંચ હાથ ઊંચા થઇ ગયા. ધર્મદાદા જોતા જ રહી ગયા. "ઓ... હો... આટલા બધા ઊંચા ઘનશ્યામ!" પ્રભુ બોલ્યા, "પિતાજી, ઉત્તરદિશા તરફથી જોરદાર લશ્કર લડવા માટે આવે છે... જલદી કરો... ગાય, બળદ, ભેંસ અને સામગ્રી વિગેરે બધી વસ્તુ લઇ, ગાડામાં ભરી બીજે ગામજતા રહીએ." ગાડામાં બેસી નાગપુર ચાલ્યા જાય છે. રસ્તામાં એક વડના વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠા... ધર્મદાદાએ રામપ્રતાપભાઈને કહ્યું, "બેટા, મને ખૂબ તરસ લાગી છે. જલદી પાણી લઇ આવો." રામપ્રતાપભાઇ બોલ્યા, "વિશ્રાંતિ લીધા પછી પાણી લઇ આવીશ. અત્યારે શાંતિ રાખો." ઘનશ્યામમહારાજે સેવાની તક ઝડપી લીધી. પિતાજી તરસ્યા રહે તે સારું નહિ. લોટો લઇને દોડતા ગયા. કૂવામાં હાથ લાંબો કર્યો... ત્યાં કૂવો પાણીથી છલકાઇ ગયો. તુરંત પાણી ભરી આવ્યા. કપડાથી ગાળીને પિતાજીને અને માતાજીને પાણી આપ્યું... "લ્યો પિતાજી, પાણી પીઓ."

પિતાજીને પાણી પીને ખૂબ શાંતિ થઇ. રાજીપો વ્યક્ત કરતાં બોલ્યા, "બેટા ઘનશ્યામ... દોરી વિના પાણી શી રીતે લાવ્યા?" વેણીરામે કહ્યું, "ફુઆ, ઘનશ્યામે કૂવામાં હાથ લાંબો કર્યો એટલે કૂવો પાણીથી છલકાઇ ગયો. આપણા ઘનશ્યામભૈયા ભારે પરાક્રમી છે." આવી વાત સાંભળી પિતાજી ખૂબ રાજી થયા.

થોડી વાર પછી રામપ્રતાપભાઇ પાણી લઈ આવ્યા. "લ્યો પિતાજી, પાણી પીઓ." ત્યારે ધર્મદાદાએ સરસ જવાબ આપ્યો...

**લાખ લોટા લાવો તમે ભરી, ગયો વખત ન મળે ફરી ।**
**ઘનશ્યામલાવ્યા જેહ પળે, એવો અવસર તો નવ મળે ॥**

**ઘનશ્યામસાચવી જે ઘડી, તેની વાત મોટી થઇ પડી ।**
**તમે પાણી લાવ્યા છો પ્રીતે, તેનું તો ફળ છે બીજી રીતે ॥**

"જે સેવાની તક ઘનશ્યામે સાંચવી તેનું ફળ અનોખું છે... હવે તમે લાખ લોટા ભરી લાવો તે ઘનશ્યામના એક લોટા સમાન થાય નહિ." સમયને સાંચવી લે, સાવધાન થઇ જાય તે સેવક સાચો. અનુવૃત્તિને સાંચવો... સેવકને સદાય સાવધાની રાખવી જોઇએ. સમો જોઇને ભગવાન જમાડવા. સમો જોઇને હાર પહેરાવવા. સમયસર પ્રભુને પોઢાડવા. સમય પ્રમાણે નાખવો પંખો પવન. સમે ચરણ ચાંપવા. એમકરવા પ્રભુને પ્રસન્ન.



**લ્યો પિતાજી પાણી પીઓ.**

સમે ઉતારવી આરતી, સમે કરવી સ્તુતિ અને પ્રાર્થના. ઋતુ અનુસારે સેવા કરવી. સેવામાં વિલંબ કરવો નહિ. ધર્મદેવ કુટુંબ સહિત નાગપુરથી છપૈયા પધાર્યા છે. છપૈયાનાં બાઇઓ દોડતાં ધર્મદેવને ઘરે આવ્યા. ઘનશ્યામને રમાડે છે. એક સ્ત્રી કહે છે, "ઘનશ્યામનાં વાળ કેટલાં સુંદર ને ચળકતાં છે." બીજી બોલી, "ઘનશ્યામની આંગળિયું કેવી મનોહર છે." ત્યારે ત્રીજી બોલી, "ચરણ કેવા કમળ જેવા ગુલાબી છે. પંપાળવાનું મન થાય છે." ત્યારે ચોથી સ્ત્રી બોલી, "લાલાના અધરોષ્ઠ કેવા સુંદર છે." આ બધું સ્ત્રીઓ બોલતી નથી... એની ભક્તિ બોલે છે.

આપણને ભગવાનમાં હેત વધારવું હોય તો શું કરવું? પરમાત્માના એક એક અંગનું ચિંતવન કરવું. ભગવાનના એક એક અંગમાં દષ્ટિ સ્થિર કરવી. એજ સાચી ભક્તિ છે. સ્વરૂપા શક્તિ વગર ભક્તિ ફળતી નથી. સૂતાં, બેસતાં, ખાતા, પીતાં, અખંડ પ્રભુને યાદ કરે છે. માસી વસંતાબેનના ખોળામાં ઘનશ્યામમહારાજ રમે છે. તેની પાસેથી ચંદનમાસીએ તેડી લીધા. જેટલાં બાઇઓ મળવા આવ્યાં છે તેને મનમાં સંકલ્પ થાય છે... અમે પ્રભુને રમાડીએ તો ખૂબ આનંદ થાય... ત્યાં પ્રભુ અનેકરૂપે થઇ ગયા.

જેટલી બાયુ બેઠી છે તે ઠામ, તેટલા રૂપ ધર્યા ઘનશ્યામ।
એકકારુપે સર્વેને સાથ, દેખ્યા દુંદ ત્રવાડીયે નાથ ॥

સર્વ ભક્તજનોના મનોરથ પુરા કર્યા... અયોધ્યાપ્રસાદજી કહે છે, "હે રામશરણજી, સાંભળો"

હવે જુઓ પ્રભુનાં ચરિત્ર, સુંણતા થાય પાપી પવિત્ર ।

ભગવદ્ કથા સાંભળવાથી પાપી પુનિત થાય છે... કથા સાંભળવાથી પ્રભુમાં પ્રેમથાય છે. કથા તો પરબ છે. પરબ પર તો કોઇ પણ વ્યક્તિ કોઇ પણ સંપ્રદાયના માણસો આવી શકે છે. પરંતુ ખરેખર કથા સાંભળવાની સાચી પ્યાસ હોવી જોઇએ. પ્રભુ મિલનની તરસ લાગવી જોઇએ.

## ૨૦. ગોમતી ગાયનો સ્નેહ.

છપૈયાધામઅક્ષરધામતુલ્ય છે. ભક્તિમાતા અખંડ ઘનશ્યામમહારાજનું સ્મરણ કરે છે. આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય કોણ છે? જેના મનમાં ભગવાનના ઘાટ થતા હોય અને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરા છે... આપણે પ્રભુનું અખંડ સ્મરણ કરીએ તો જેમરાજા પોતાના વહાલા દીકરાને રાજગાદી આપે છે તેમઆપણને પ્રભુ અક્ષરધામનું રાજ્ય આપશે.

એક સમય ભક્તિમાતા કહે છે, "ઘમશ્યામ, તમે ટાઢી ખિચડી ધીરે ધીરે જમો, ત્યાં સુધી હું ગોમતી ગાય દોહી આવું... પછી દૂધ ને ખિચડી જમજો." ભક્તિમાતા ગાય દોહવા ગૌશાળામાં ગયા. ત્યાં પ્રભુએ શું કર્યું ? જમવાનું મૂકીને પવાલુ લઇને ગૌશાળામાં પહોંચી ગયા. ગાયના આંચળ નીચે પવાલું ઝાલ્યું.



ગોમતી ગાયનો સ્નેહ.

**કર લાંબો કર્યો જેણી વાર, થવા લાગી છે દૂધની ધાર ।**
**પવાલું ભરાયું તતકાળ, હેઠે બેઠા છે ભક્તિના બાળ ॥**

ત્યાં દૂધની ધાર થઇ... પવાલું છલકી ગયું... માતા દોડીને વાસણ લઇ આવ્યાં, તો તે પણ ભરાઇ ગયું... બીજું વાસણ લઇ આવ્યાં તો તે પણ જરાવારમાં ભરાઇ ગયું. દૂધની ધાર ચાલુ છે. વળી મોટું વાસણ લઇ આવ્યાં... ત્યારે પ્રભુ બોલ્યા,

**દીદી હવે તમે જાશો નહિ, પય નહિ નીકળે કહુ સહી ।**
**એતો અમારી ઈચ્છાથી શ્રવ્યું, એવું કામઅમે અનુભવ્યું ॥**

"હવે દૂધ નહિ આવે... બંધ થઇ ગયું છે." પછી તે દૂધનો સુંદર મજાનો દૂધપાક બનાવ્યો. ઠાકોરજીને જમાડી... સૌ સાથે બેસીને જમ્યા. આવો પ્રતાપ જોઇ માતાજીનો હર્ષ સમાતો નથી. પુત્ર ઘનશ્યામબહુ વહાલા લાગે છે.

**વર્તે આનંદમાં એમકાળ, બહુ વહાલા લાગે છે દયાળ.**

જેને ભગવાન વહાલા લાગે તેને જગતના લોચા સાંભળવા ગમે નહિ, પાપીની સોબત ગમે નહિ, ખોટું બોલે નહિ, આલોકનાં ભોગ સુખમાં ક્યાંય બંધાય નહિ... ભગવાન સિવાય બીજુ કાંઇ વહાલું રાખવું નહિ.

## ૨૧. ટાઢે પાણીએ બળિયા ગયાં.

ગ્રિષ્મઋતુ આવી. ગ્રિષ્મઋતુમાં તાપ બહુ પડે. ગરમી બહુ થાય. ગરમીમાં બાલ ઘનશ્યામને તાવ આવ્યો, તેથી કાંઇ જમતા નથી. માસી ચંદનબાઇ ઘનશ્યામમહારાજને મળવા આવ્યા... ઘમશ્યામના શરીરે હાથ ફેરવીને બોલ્યા, "બહેન! ઘનશ્યામને બળિયા નિકળ્યાં છે. ઓરડીમાં સુવાડી દો. બહાર જવા દેશો નહિ." ઘનશ્યામની બાજુમાં બેસી માસી ભજન કરે છે. તે વખતે મામી લક્ષ્મીબાઇ ઘનશ્યામને રમાડવા આવ્યાં. ઘનશ્યામના શ્રી અંગમાં હાથ ફેરવ્યો તો શરીર ગરમછે. "છોટીબા, ઘનશ્યામને બહાર જવા દેશો નહિ... બળિયા નિકળ્યાં છે."

**કહુ છોટીબા કહું નિરધાર રે, ભાઈને જાવા દેશો નહિ બહાર રે ।**
**નાવા ધોવા બહાર નવ લેશો રે, નીર અંગે અડવા માં દેશો રે ॥**

"ઘનશ્યામને વીસ દિવસ સુધી ઘરથી બહાર જવા ન દેજો ને સ્નાન પણ કરાવશો નહિ. બળિયાને પાણી અડવું ન જોઇએ. પાણી અડે તો બળિયા વધી જાય." આવું સાંભળી ઘનશ્યામબોલ્યા,

**નાહ્યા ધોયા વિના નવ ચાલે રે, ધર્મ બ્રાહ્મણનો કેમહાલે રે ।**
**અમારે તો નાવું છે જ હાલ રે, લાવો શીતળ પાણી આ કાળ રે ॥**
**ટાઢા પાણીથી આ મટી જાશે રે, અમારે શરીરે સુખ થાશે રે ।**

"વીસ દિવસ સુધી તો શું, પણ એક દિવસ પણ નાહ્યા ધોયા વિના ચાલે નહિ...

મૈયા, અત્યારેજ અમને ઠંડા પાણીથી સ્નાન કરાવો.''



### ટાઢે પાણીએ બળિયા ગયાં.

ઘનશ્યામમહારાજ કૂવાના કાંઠે જઈને બેઠા... માતાજીએ ઠંડા પાણીથી પ્રભુને સ્નાન કરાવ્યું. પ્રભુની ઈચ્છાથી તુરંત બળિયા મટી ગયાં ને તાવ ઉતરી ગયો. અમુક શીળીનાં ચિન્હ શરીરમાં રહ્યાં... મામી વિચાર કરતાં થઈ ગયાં. બળિયા ઉપર ઠંડુ પાણી રેડે તો બિમારી વધી જાય, અને આ તો સાવ સાજા થઈ ગયા... નિશ્ચય થઈ ગયો કે ઘનશ્યામસાધારણ બાળક નથી પણ પુરુષોતમનારાયણ છે. એ સમર્થ મૂર્તિ છે... પ્રભુને પ્રણામકરી, પગે લાગીને પોતાના ઘેર ગયા છે. પણ મન ઘનશ્યામમાં લાગેલું રહે છે... અખંડ હરિ સ્મરણ કરે છે.

### ૨૨. વાળંદને ચમત્કાર બતાવ્યો .

અયોધ્યાપ્રસાદજી કહે છે, ''હે રામશરણ... પ્રભુની લીલા અમૃતનો સાગર છે. શ્રધ્ધા ભાવથી જે વાંચન અને શ્રવણ કરે છે તેના ત્રિવિધી તાપ ટળી જાય છે. હૃદયમાં શાંતિ થાય છે.''

બાળ લીલા સુધા સિંધુ, પ્રેમે કરે જેહ પાન ।
તાપ ત્રિવિધિના ટળે, મળે બ્રહ્મમહોલમાં માન ॥
માટે સુણી લ્યો સ્નેહ થકી, મૂકીને માન ગુમાન ।
ભાવ કરીને ભજી લેવા, ભયહારી ભગવાન ॥

મૂકીને માન ગુમાન ભજી લેવા ભગવાન. કપાળમાં કોઢ હોય તો શરીરની શોભા બગાડે, તેમઅભિમાન આવી જાય તો મનના વિચારો બગાડે. ખેતરમાં મોલ વાવ્યો હોય અને નીંદીને સાફ ન કરે તો મોલ થાય નહિ, તેમશરીર રૂપી ખેતરમાં ભક્તિનો મોલ વાવ્યો હોય અને અભિમાન આવી જાય તો ભક્તિના છોડને વધવા

દે નહિ. માન તજીને ભગવાનને ભજે છે તે શ્રેષ્ઠ ભક્ત છે.

બાલ ઘનશ્યામને બે વરસ પુરાં થયાં. ત્રીજુ વરસ બેઠું... ધર્મ પિતાએ વિચાર કર્યો... ઘનશ્યામનો ચૌલસંસ્કાર કરાવીએ, એટલે બાલકેશ ઉતરાવીએ. સારું મુહૂર્ત જોઇને અમૈરાત નામના વાળંદને બોલાવ્યો... વાળંદ થેલો લઇને આવ્યો... વાળંદે અસ્ત્રો લઇ ઘનશ્યામના વાળ ઉતાર્યા. અડધું વતુ થયું ને પ્રભુ અદ્રશ્ય થઇ ગયા ને ભક્તિમાતાને પ્રભુ ખોળામાં બેઠા દેખાય છે, પણ વાળંદને દેખાતા નથી. હવે શું કરવું? વાળંદ વિચાર કરતો થઇ ગયો. ઘનશ્યામક્યાં ગયા? ચારે બાજુ જુએ છે...



વાળંદને ચમત્કાર.

ભક્તિમાતા કહે છે, ‘‘જલદી વતુ કરો... શું જુઓ છો?’’

**નથી કરતો પુત્રનું વતું, થયું બેબાકળું તુજ મતુ ।**
**અમૈરાત બોલ્યો છે મુખથી, ઘનશ્યામને દેખતો નથી ॥**

અમૈરાત ધ્રુજતે હાથે બોલ્યો, ‘‘મૈયા, મને ઘનશ્યામદેખાતા નથી તો કેશ કઇ રીતે ઉતારું ? તમે કહો તેમકરું.’’ ભક્તિમાતા કહે છે, ‘‘બેટા ઘનશ્યામ, અધુરું વતું સારું ન લાગે.પુરું કરવા દો. ડાહ્યા થઇને બેસી જાવ.’’ પછી વાળંદે વતુ પુરું કર્યું... વાળંદને નવાઇ લાગી કે ઘનશ્યામબહુ ચમત્કારી છે... દિવ્ય પ્રકાશમાં અદ્રશ્ય થઇ ગયા. સામાન્ય બાળક નથી પણ સાક્ષાત્ પરમેશ્વર છે. ઘનશ્યામમહારાજને પગે લાગી, આશીર્વાદ લઇ વાળંદ પોતાના ઘેર ગયો. વાળંદ પુન્યશીલ છે જેથી સાક્ષાત્ પરમેશ્વરનાં દર્શન થયાં, સ્પર્શ થયો... વાળંદ સારી જીંદગી બાલ ઘનશ્યામને યાદ કરતો રહ્યો. તેથી દેહના અંતે ઉતમગતિને પામ્યો. વચનામૃતમાં શ્રી હરિ કહે છે કે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાનનો યોગ થાય તો કૃતાર્થ થઇ જાય છે.

## ૨૩. કાલીદૈત્યનો નાશ.

ચૌલ સંસ્કાર કરી પછી ઘમશ્યામમહારાજને નારાયણ સરોવરમાં સ્નાન કરાવ્યું. મામાએ ભારે વસ્ત્રાભૂષણ પહેરાવ્યાં... પછી ગાતા વાતાં આવ્યા સહુ ઘેર, પ્રભુએ કરી છે લીલા લેર, ધર્મદેવે કર્યા બહુ દાન, વિપ્રને જમાડયા દઇ માન... નારીઓ મંગળ ગીત ગાય છે... ચોરાશી કરી સગાં સંબધીને ખૂબ ભાવથી જમાડયા. આનંદ ઉત્સવ થાય છે.સૌનો આદર સત્કાર કરવામાં ધર્મભક્તિ ઓતપ્રોત થઇ ગયા... તેમાં ભગવાન ભૂલી ગયા. ઘણી વખત બનતું હોય છે, ઘરે કાંઇ પણ ઉત્સવ હોય, મંગળ કાર્ય હોય ત્યારે ભગવાન ભૂલાઇ જાય. શાંતિથી તમે પાંચ પચીસ માળા ફેરવતા હો તે ભૂલાઇ જાય ને સગાં સંબધીની સંભાળ રાખવામાં રહી જાય... ઘનશ્યામને થયું ઉત્સવ મારો કરે છે ને મને ભૂલી જાય તે ઠીક નહિ. તેથી કાંઇક લીલા કરું!

ભગવાન ભૂલાય તો જીવનમાં વિઘ્નની શરૂઆત થાય છે. બાળ મિત્રો ઘનશ્યામને પૂર્વ દિશામાં આંબાવાડી હતી ત્યાં રમાડવા લઇ ગયા. ભક્તિમાતાને ખબર નથી કે ઘનશ્યામક્યાં છે... એને એમકે આજુ બાજુ રમતા હશે... ત્યાં કાલીદત આવ્યો. પોતાની માયાવી શક્તિથી ભયંકર વાવાઝોડું ને વરસાદ શરૂ કર્યો. ચારે બાજુ અંધારૂં છવાઇ ગયું. ખૂબ ઠંડીથી બાલ સખા ધ્રુજે છે... બધા બાળકો એક મોટા વડના વૃક્ષની બખોલમાં સંતાઇ ગયા... ઘનશ્યામઆંબાના વૃક્ષ નીચે શાંતિથી બેઠા છે.

ઘનશ્યામને મારવાના ઇરાદાથી દૈત્ય કડડડ ભૂસ કરતો આંબાના વૃક્ષ ઉપર પડયો... મારા વેરીને ચગદી નાખું, મારી નાખું... ત્યાં એવું બન્યું કે આંબાની ડાળખી ભાંગી ગઇ ને છત્રની જેમઘનશ્યામમહારાજ ઉપર છવાઇ ગઇ... કાલીદૈત દાંત કચકચાવતો ઘનશ્યામને પકડવા હાથ લાંબો કર્યો, કે પ્રભુએ તેના સામે કરડી દષ્ટિ કરી... તેથી મંડયો બળવા. આમતેમનાશ ભાગ કરે છે.

આંબાવાડીમાં જેટલાં વૃક્ષ છે તે સર્વે વૃક્ષપર ઘનશ્યામદેખાય છે. ક્રોધ કરીને મારવા જાય... ત્યાં વૃક્ષમાં અથડાઇ ને પડે હેઠો... અથડાતો કૂટાતો ચક્કરી ખાતો કાલિદત્ત મૃત્યુ પામ્યો...

**કલા કરીને કાલિદત મારીયો રે,**
**દાસ બદ્રીનાથને ઉગારીયો રે, બાલ લીલા કરે છે બહુ ભાતની રે,**
**જોઇ રાજી થયા બહુ માતની રે, બાલ લીલા કરે છે બહુ ભાતની રે**

માયાવી શક્તિ શાંત થઇ ગઇ... આ બાજુ શું થયું? ઘનશ્યામને શોધે છે, પણ મળતા નથી... તેથી ધર્મભક્તિ આકુળ વ્યાકુળ થઇ ગયા... શોધતાં શોધતાં

આંબાવાડીમાં આવ્યા... ચારે બાજુ નજર કરી જુએ છે પણ પ્રભુ દેખાતા નથી. હતાશ થઇ ગયા. ભક્તિમાતા આક્રંદ કરી રડે છે. "હવે હું શું કરું ? મારો પ્રાણપ્રિય પુત્ર ક્યાં ગયો? કોઇ શોધી આપો." ત્યાં સુંદરીમામીએ આંબાના વૃક્ષ નીચે ઘનશ્યામને દીઠા... શાંતિથી બેઠા છે. હર્ષભેર સાદ કર્યો... "મને ઘનશ્યામમળ્યા! મને ઘનશ્યામમળ્યા!" તુરંત તેડી લીધા. ચુંબન કરીને ભક્તિમાતાને આપ્યા. "લ્યો છોટીબા, આ ઘનશ્યામ." માતા રાજી રાજી થઇ ગયા... ચુંબન કરી છાતી સરખા ચાંપીને વહાલ કર્યો. "બેટા ઘનશ્યામ, ખમ્મા કરે તમને."



છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજ અસુર કાલીદત્તનો નાશ કરે છે.

સગાં સંબધી સાથે સૌ ઘરે આવ્યાં... સુંદરીમામી કહે છે, "ઘનશ્યામકાલીદત્તથી ડરી ગયા છે. લોકની રીતે કાંઇક વિધિ કરીએ તો સારું." ભક્તિમાતાએ શું કર્યું, સાંભળો...

**ઘર વચ્ચે બેસાર્યા કુમાર, બાંધિ દષ્ટિ વળી સાત વાર ।**
**મીઠુ મરચું રાઇ કર લીધું, એક થાળી મધ્યે ભરી દીધું ॥**
**એક વસ્ત્ર ઓઢાડીને રાખ્યું, માથે ઉતારી અગ્નિમાં નાખ્યું ।**
**ભૂતપ્રેતાદિ દૂર વળજ્યો, લાલજી થી વેગળા ટળજો ॥**
**એમકરે માતા આસવાસ, જુવે છે બેઠા શ્રી અવિનાશ ।**
**એવી અટપટી માયા કરીને, લે છે સર્વેનાં મન હરીને ॥**

બાલ ઘનશ્યામને ઓસરીમાં બેસાર્યા. એક વાટકામાં મીઠુ, મરચું ને રાઇ ભરી, પ્રભુ ઉપર સાત વાર નજર ઉતારી અગ્નિમાં નાખ્યું. "કોઇની નજર લાગી હોય તો દૂર ટળી જાજો ને હે પ્રભુ! તમે મારા લાલાની રક્ષા કરજો." કાલીદૈત્ય એટલે કાળીદાનત... ખરાબ દાનત. બીજાને દુઃખી કરીને રાજી થાય, પાપ કરીને રાજી થાય તેને કાલીદૈત્ય કહેવાય. ખરાબ વૃત્તિ અને ખરાબ વિચારોને પ્રભુ નાશ કરે છે. કાલીદત્તનું મૃત્યુ થયું તેથી પાપનું મૂળ ગયું. પાપનું મૂળ ઉખેડવા પ્રભુ પ્રગટ થયા છે.

## ૨૪. ગયાજીના ગોર પધાર્યા.

અયોધ્યાપ્રસાદજી કહે છે, ''હે રામશરણજી! હૃદયમાં ભગવાનને સંભાળીને હું બાલ ઘનશ્યામના કથા કહું છું...''

શ્રી ઘનશ્યામને સંભારીને, ગાઉં છું બાલ ચરિત્ર ।
સારી મતિ દેજો મુજને, થાઉ તે પુન્ય પવિત્ર ॥
એક સમે છુપૈયા વિષે, દુંદત્રવાડીને ઘેર ।
ગોર આવ્યો છે ગયાજીનો, ગયાદત રૂડી પેર ॥

''હે પ્રભુ, મને સદ્‌મતિ દેજો જેથી તમારા ગુણ ગાવામાં મને સદાય શ્રધ્ધા ને ભાવ વધતો રહે... ભાવભીની ભક્તિ દેજો.'' જેનું અંતર લુખ્ખુ હોય, હૃદય સુકું હોય, પ્રભુ પ્રત્યે હેતભાવ કે શ્રધ્ધા ન હોય તે ભલે રાત દિવસ ધ્યાન ભજન કરે, છતાં તેના હૃદયમાં શાંતિ થતી નથી. ભગવાન કહે છે, ''ભગવત્‌ ચરણમાં રસ નથી ત્યાં હું રહેતો નથી.''

ધન્ય છે ભક્તિમાતાના સ્નેહને, ધન્ય છે એના હૈયાના હેતને. અયોધ્યાપ્રસાદજી મહારાજ ભક્તિમાતાને ધન્યવાદ આપતાં કહે છે, ''ધર્મદેવ અને ભક્તિમાતાની સમજણને ધન્ય છે. ધન્ય છે એના મન, બુધ્ધિ અને ચિતને કે જે કાયમભગવાનમાં જ લાગેલાં રહે છે.''

ગયાજીના ગોર એક વખત દુંદત્રવાડીના ઘેર આવ્યા. દુંદત્રવાડીએ કાચું સીધું આપ્યું. તેની રસોઇ બનાવીને ભગવાનને જમાડીને ગોર જમ્યા. સામે ધર્મદેવનું ઘર હતું. ઓસરીમાં ઘનશ્યામમહારાજ દહીં ભાત જમે છે. ગોરની નજર બાલ ઘનશ્યામઉપર ગઇ. ચિત ચોંટી ગયું. નીરખી નીરખીને દર્શન કરે છે. દોડીને પ્રભુ પાસે આવ્યા. પ્રભુના ચરણમાં ઝુકી ગયા. બે હાથ જોડી વંદન કર્યા. અંતરમાં શાંતિ થઇ ગઇ. અને અંતરમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ. આશા, તૃષ્ણાદિક અંતરશત્રુઓ બહાર નીકળી ગયા. આંતરિક શત્રુ જીતવા બહુ કઠણ છે, પણ હરિની ઈચ્છાથી બધાં શત્રુ બહાર નીકળી ગયાં.

પિતા ધર્મદેવ કહે છે, ''જમવાનું પડતું મૂકી નાના બાળકમાં શું જુઓ છો?'' ગોર બોલ્યા, ''હું ચારધામફર્યો... પૂર્વમાં જગન્નાથપુરી, પશ્ચિમમાં દ્વારીકાનગરી, ઉતરમાં બદ્રીનારાયણ અને દક્ષિણમાં રામેશ્વર... ખૂબ તીર્થ યાત્રા કરી પણ મારું મન શાંત અને સ્થિર થયું નહિ, પરંતુ આ બાળકને જોતાં જ મનમાં પરમશાંતિ થઇ ગઇ છે. ધન્ય ઘડી ધન્ય અવસર. મને પ્રભુનાં દર્શન થયા... ધર્મદેવ, આ તમારા પુત્ર સામાન્ય બાળક નથી પણ સાક્ષાત્‌ પરમેશ્વર છે... મારો જન્મસફળ થયો.'' આવી વાત કરે છે ત્યાં પ્રભુએ અલૌકિક સ્વરૂપે દર્શન આપ્યાં...

**શંખ ચક્ર ગદા પદ્મ ધારી, એવે રૂપે જોયા શ્રી મોરારી ।**
**અલૌકિક પ્રતાપ બતાવ્યો, ગયાદતને નિશ્ચય કરાવ્યો ॥**

શંખ, ચક્ર, ગદા, પદ્મ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થયાં... પીળું પિતાંબર, માથે મુગટ, કંઠમાં વૈજયન્તીમાળા... અદ્‌ભૂત સ્વરૂપ જોઇ ગોરજીની દષ્ટિ સ્થિર થઇ ગઇ. ગદ્‌ગદિત થઇ ગયા... હાથ જોડી પ્રાર્થના કરે છે...

**તમે વિશ્વપતિ છો વિધાતા, શરણાગત વત્સલ સુખદાતા ।**
**વાલીડા બ્રહ્મમોલના વાસી, જય અક્ષરપર અવિનાશી ॥**

"હે પ્રભુ! તમે વિશ્વના વિધાતા શરણાગત સુખદાતા અને કોટી બ્રહ્માંડના અધિપતિ છો." તેજ બાલ ઘનશ્યામમાં સમાઇ ગયું. ગોરબાપાના આનંદનો પાર નથી. ગોર કહે છે, "હે ધર્મદેવ! હું ગોપાલની ઝાડીમાંથી એક ચમત્કારી ચંદન લઇ આવ્યો છું. ઉકળતા તેલમાં એક છાંટો ચંદન નાખો તો તેલ સાવ શીતળ ટાઢું હિમજેવું થઇ જાય. ફરીથી ગરમકરો તો તેલ ગરમથાય નહિ. એવું ઉતમચંદન છે. તે ચંદનથી તમે દરરોજ પ્રભુની પૂજા કરજો."

પછી ગોર પોતાના ગામગયા છે. સારી જિંદગી ઘનશ્યામમહારાજનું ધ્યાન ભજન કરી ઉતમગતિને પામ્યા... ગોરના પુન્ય હશે તેથી સાક્ષાત્ પ્રભુનાં દર્શન થયાં. નહિતર સ્વપ્નામાં પણ પ્રભુનાં દર્શન થતાં નથી. ગોર બાપા ભાગ્યશાળી થઇ ગયા ને ભવસાગરના ફેરા ટળી ગયા.

મનને સ્થિર થવાનું સાધન શ્રી હરિ વચનામૃતમાં સમજાવે છે. શ્રધ્ધાએ સહિત ભગવદ્ કથા સાંભળવાથી અને વાંચવાથી મન નિર્વિષયી થાય છે. તેવું તપ્તકૃચ્છ, ચાંદ્રાયણાદિક વ્રતે કરીને શરીરને સૂકવી નાખે તો પણ એવું થતું નથી. ધ્યાન કરતા હશો, માળા ફેરવતા હશો ત્યારે પણ મન સ્થિર નહિ થતું હોય... માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત ભગવાનની કથા સાંભળવી... એજ મનને સ્થિર થવાનું મોટું સાધન છે. ગયાદત ગોરનું મન ઘનશ્યામમહારાજમાં સ્થિર થયું તો તેનું કલ્યાણ થઇ ગયું... જીવન સાર્થક થયું.

## ૨૫. કોડે કોડે એકાદશી કરૂં.

હે રામશરણજી! બીજું ચરિત્ર સાંભળો... ધર્મદાદાને વિચાર થયો કે વારંવાર અસુરો વિઘ્ન કરે છે, તો વિઘ્નને દૂર કરવા પદ્મપુરાણની કથા વાંચું તો શાંતિ થાય. અનુષ્ઠાન પુરશ્ચરણ સ્વસ્તિ વાંચન કરી યજ્ઞ કરું તો સંકટ દૂર થાય. ઉપદ્રવ શાંત થાય. આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર કેળના સ્તંભ રોપી સુંદર મંડપ બનાવ્યો. આસોપાલવના પત્રના તોરણ બાંધી આંગણું શણગાર્યું છે. ધજા-પતાકા બાંધ્યા છે. ગાદીતકિયા પર બેસી ધર્મદાદા પદ્મપુરાણની કથા વાંચવાની શરૂઆત

કરી... મધુર સ્વરે મંગલાચરણ કર્યું. અતિ વૃધ્ધ દુંદત્રવાડી તથા ગામના માણસો બધા કથા સાંભળવા આવ્યા છે... મર્યાદાપૂર્વક સભામાં બેઠા છે... ભક્તિમાતાએ ઘનશ્યામમહારાજની આંખમાં આંજણ આંજ્યું. સુંદર મઝાની ઝુલડી પહેરાવી. દૂધનું પાન કરાવ્યું. બલવંતા બાઇને કહ્યું, ''ઘનશ્યામને સભામાં લઇ જાવ.'' બાલ ઘનશ્યામસભામાં આવ્યા એટલે ધર્મદેવે પારિજાતના પુષ્પનો હાર પોતે કંઠમાં પહેર્યો હતો તે ઉતારીને ઘનશ્યામને પહેરાવ્યો.

મામા હીરા ત્રવાડી બોલ્યા, ''આવો ઘનશ્યામઆવો.'' લાંબો હાથ કરી તેડીને પોતાના ખોળામાં બેસાર્યા. ધર્મદેવ કથા વાંચે છે. બાલ ઘનશ્યામએક નજરે પિતા સામે જોઇને એકાગ્ર ચિત્તે કથા સાંભળે છે. તેમાં એકાદશીના મહાત્મયની કથા આવી. જે એકાદશીનું વ્રત કરે છે તેને અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. એકાદશી સર્વ વ્રતનો રાજા છે. એકાદશી પ્રભુના શ્રી અંગમાંથી પ્રગટ થયાં છે, તેથી આદર થકી વ્રત કરવું જોઇએ. એકાદશીને દિવસે અન્ન જમવું નહિ. ઉપવાસ કરવો અથવા ફલાહાર કરવું. રાત્રે જાગરણ કરવું... કથા કીર્તનાદિક કરી ઉત્સવ કરવો. કામક્રોધાદિક ભૂંડા ઘાટ થવા દેવા નહિ. અખંડ પ્રભુ સ્મરણ કરવું. પરોપકાર કરવો. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું.

શ્વેતદ્વિપના નિરન્નમુક્ત છે તે સદાય આ વ્રત કરે છે. આપણને પણ શ્વેતદ્વિપમાં નિરન્નમુક્ત છે તેવું થવાની ઇચ્છા રાખવી. જે મનુષ્ય એકાદશીનું વ્રત કરતા નથી તે આલોક અને પરલોકમાં મોટા કષ્ટને પામે છે. નરકમાં પડે છે ને જમદૂતની માર ખાય છે. માટે પ્રેમભાવથી મહિમાએ સહિત એકાદશીનું વ્રત કરવું. મામા વશરામત્રવાડી કથામાં બેઠા છે. આવી કથા સાંભળી મનમાં વિચાર થયો, હું એકાદશીનું વ્રત કરતો નથી... અનાજ જમી લઉં છું... હું મલિન બુધ્ધિવાળો છું. સાવધાન થઇ ગયા.

**હું કરતો નથી કોઇ દિન, મારી મતિ ઘણી છે મલીન ।**
**હવે હંમેશ વ્રત આદરૂં, કોડે કોડે એકાદશી કરૂં ॥**

ધર્મદેવને કહ્યું, ''આજથી હું પ્રતિજ્ઞા લઉં છું... એકાદશીનું વ્રત હું ઉમંગભેર કરીશ. મારી ભૂલને ક્ષમા કરો. જાગ્યા ત્યાંથી સવાર.'' આવું સાંભળી ઘનશ્યામમહારાજ બહુ રાજી થયા. ''મામા, તમારી પ્રતિજ્ઞા તમને ધન્ય બનાવશે... કલ્યાણકારી થશે.''

તે વખતે ઘનશ્યામમહારાજના શ્રી અંગમાંથી પ્રકાશ નીકળ્યો. પ્રકાશ મધ્યે અક્ષરધામનાં દર્શન થયાં. અનંત મુક્તો પ્રભુ ઘનશ્યામમહારાજનું ચંદન પુષ્પથી પૂજન કરે છે. વશરામત્રવાડી આશ્ચર્ય પામી ગયા... બે હાથ જોડી પ્રણામકર્યા. પછી

તે દિવ્ય પ્રકાશ ઘનશ્યામમહારાજમાં લીન થઇ ગયો. શાંતિથી બધા કથા સાંભળે છે... સૌની વૃત્તિ વક્તા સામે છે.

**સર્વ કથા સુણે છે તે સ્પષ્ટ, ઓંચિતાનું આવી પડયું કષ્ટ ।**
**એક અસુર મોટો ત્યાં આવ્યો, બીજા કેટલા પાપીને લાવ્યો ॥**

ત્યાં ઓચિંતાનો એક અસુર આવ્યો. અનેક પાપીને સાથે લાવ્યો છે. છપૈયાને ચારે બાજુ ઘેરી વળ્યા. ધરતીકંપ થવા લાગ્યો. જોરદાર પવન ફુંકાયો. ભયંકર અવાજ થાય છે... ચારે બાજુ અંધકાર છવાઇ ગયો... હવે શું કરવું? બધા માણસો ભયભીત થઇ ગયા. ધ્રૂજવા લાગ્યા... કાંઇ સૂઝ પડતી નથી. ત્યારે ધર્મદેવ કહે છે, ''પ્રભુની પ્રાર્થના કરીએ... એ આપણને સહાય કરશે.'' આંખ બંધ કરી ગદ્‌ગદ્ કંઠે પ્રભુને પોકારે છે.

**હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, કરો રક્ષા અમારી આ ઠામા**
**પાપી ચંડાલને મારો મારો, આપ આવી અમને ઉગારો ॥**

''હે પ્રભુ! રક્ષા કરો... રક્ષા કરો!'' ઘનશ્યામમહારાજે તુરંત સુદર્શન ચક્રને આજ્ઞા કરી... જલદી પાપીનો નાશ કરો. સરરર કરતું તેજસ્વી ચક્ર આવ્યું. પાપીન છિન્ન ભિન્ન કરી નાખ્યા... હા-હાકાર કરતા મૃત્યુ પામ્યા. જ્યારે અસુર નાશ પામ્યા ત્યારે ઘનશ્યામમહારાજ ઉપર દેવતાઓએ દુંદુભીનાદ કરી પુષ્પનો વરસાદ કર્યો.

**બોલો ઘનશ્યામમહારાજની જય!!!**

ઉપદ્રવ શાંત થઇ ગયો. છપૈયાવાસી રાજી થયા. આ બધો પ્રતાપ ઘનશ્યામમહારાજનો છે. અસુરના કષ્ટથી સૌને બચાવી લીધા... ભગવાન તમને અનુકૂળતા આપે ત્યારે એક બે મહિના છપૈયામાં રહી આવજો. છપૈયા અતિ દિવ્ય ભૂમિછે. ત્યાં પવિત્ર નારાયણ સરોવર છે. તેના કિનારે બેસી પ્રભુની લીલાનું શાંત ચિતે ધ્યાન કરીએ તો હૃદય પીગળે છે. ભૂમીની અસર મન ઉપર બહુ થાય છે. મનમાં આસ્તિકભાવ જાગે છે. એવું લાગે છે ઘનશ્યામમહારાજ અહીયાજ બીરાજેલા છે. ગારુડી જેમમોટા મણિધર સર્પને ડોલાવે, મદારીના ઇશારે માંકડું નાચે, તેમઘનશ્યામમહારાજના ઇશારે કાળ, માયાદિક થરથર ધ્રૂજતા ફરે છે... હરિભક્તનાં દુઃખ હરે છે. યોગ કળાયે કામકરે છે.

## ૨૯. અયોધ્યા પ્રયાણ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી... પિતા ધર્મદેવે વિચાર કર્યો, છપૈયામાં ઉપદ્રવ બહુ થાય છે, ચાલો અયોધ્યા જઇએ.

**ધર્મ ભક્તિએ મન ધાર્યું, થાય છે વિઘ્ન અપાર ।**
**માટે છુપૈયા મૂકી ચાલો, અવધપુર મોઝાર ॥**

**સાધન સર્વે લીધાં સાથ, પોતે થયા તૈયાર ।**
**છુપૈયાપુરથી ચાલીયા, લીધા સાથે બેઉ કુમાર ॥**

બે ગાડામાં ઘરવખરી ભરી. બીજા બે ગાડામાં કુટુંબ પરિવાર બેઠા. આવ્યાં સરજુ કિનારે... હોડીવાળો નજીક આવ્યો. હોડીમાં સામાન ગોઠવીને બધા બેઠા નૌકામાં... ખેવટે ઘનશ્યામમહારાજને જોયા ને ચિત ચોંટી ગયું... નીરખી નીરખીને જુએ છે... બાળક કેટલો સુંદર ને રૂપાળો છે... મેં આવો બાળક ક્યારેય જોયો નથી. વૃત્તિ અટકી ગઇ. હલેસા મારવાનું ભૂલી ગયો... ભગવાને ચર્તુભુજ સ્વરૂપે દર્શન આપ્યાં... શંખ, ચક્ર, ગદા અને પદ્મ, પીળું પિતાંબર, વૈજયન્તી માળા, માથે મુગટ, સ્મિત હાસ્ય મુખારવિંદ... અલૌકિક દર્શન થયાં.

"હે ધર્મદેવ, આજે મારાં ભાગ્ય ખુલ્લી ગયાં. આ તમારા પુત્ર સાક્ષાત્ પરમેશ્વર છે... મારે ભાડું નથી લેવું... ભાડાને બદલે મને ઘનશ્યામરમાડવા આપો." કવિ એ પ્રસંગનું કીર્તન ગાય છે...

**ભાડું ભાડું ભાડું રે, નહિ લઉં હું નાવનું ભાડું...**
**પાર સામે મફત પહોંચાડું રે, નહિ લઉં હું નાવનું ભાડું...**
**ભાડાને બદલે રમાડવા દો, માનીશ મોટું સપાડું રે... નહિ...**
**આ કર્ણાધાર છે ભવસાગરનો, તે બાળને હું રમાડું રે... નહિ...**
**કુટુંબ સહિત હું તમને ઉતારૂં, કહોતો ઉતારૂં ગાડું રે... નહિ...**
**લાલ વિહારીના ધામમાં જાતા, આવે નહિ મને કાંઈ આડું રે... નહિ...**

ખેવટ આનંદથી બાલ ઘનશ્યામને રમાડે છે...



છપૈયાથી અયોધ્યા જતાં નાવિક મહારાજને રમાડે છે.

ખેવટ કહે છે, "આજે મારા મનોરથ પૂરા થયા... ધન્ય ઘડી ધન્ય અવસર. આજે આત્માને પરમાત્માનું મિલન થયું." પ્રાર્થના કરતાં કહે છે, "હે પ્રભુ! હું તમને સર્જું

પાર કરું છું. તમે મને ભવસાગરથી પાર કરજો. ચોર્યાસી લાખ યોનીમાં ભટકી ભટકીને થાકી ગયો છું. કાંઈક દયા કરજો. સંસૃતિથી બચાવી લેજો.'' બાલ ઘનશ્યામે મનોમન વચન આપ્યું, હું કોઈનો ભાર રાખતો નથી. વ્યાજ સહિત પાછું આપી દઉં છું. અંતકાળે હું તમને ચોક્કસ મારા ધામમાં તેડી જઇશ. અનેક જીવાત્માને મોક્ષનું દાન આપતા શ્રીહરિએ અયોધ્યામાં નિવાસ કર્યો છે.

હનુમાનગઢી, રામજન્મસ્થાન વિગેરે મંદિરોમાં દર્શન કરી, પોતાના ઘેર પધાર્યા... રસોઇ તૈયાર થઇ... ત્યારં ધર્મદેવ રામપ્રતાપજીને કહે છે, ''બેટા, તમે ધનીરામપાસેથી તાજું દૂધ લઇ આવો.'' રામપ્રતાપજી દૂધ લેવા ગયા. ધનીરામે કહ્યું, ''રોકડા પૈસા આપો તો દૂધ લઇ જાવ.'' હવે શું કરવું? ઉતાવળમાં પૈસા લેવાનું ભૂલી ગયા છે... મોટાભાઇ પૈસા લેવા માટે ઘેર આવે છે... ત્યાં ઘનશ્યામમહારાજે બે સ્વરૂપ ધારણ કર્યા. એક સ્વરૂપે ઘેર ભક્તિમાતા પાસે બેઠા છે ને બીજા સ્વરૂપે ભાઇને સામા આવ્યા. ''લ્યો ભાઇ, આ પૈસા... દૂધ લઇ આવો.''

દૂધ લઇ મોટાભાઇ ઘેર આવ્યા. ભક્તિમાતા આશ્ચર્ય પામી ગયાં... ઘરમાં ઘનશ્યામબેઠા છે ને ભાઇ સાથે પણ આવે છે... આ શું હશે? જોતાંજ રહી ગયાં. માર્કંડેયમુનિ યાદ આવી ગયા, કે તે કહેતા હતા કે આ તમારા પુત્ર અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છે... તે વાત સાવ સાચી છે. ખેવટે ભગવાનને મેળવી લીધા... ભગવાનને મેળવવાનું કામમોટું છે. પૂર્વના બલિષ્ઠ સંસ્કાર હોય તે ભગવાનને ઓળખી શકે છે.

ભગવાન મનુષ્યાકારે આ પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યારે ઓળખવા બહુ મુશ્કેલ છે. ત્રણને ઓળખવા બહુ જબરૂં કામછે... એક આત્માને ઓળખવો, બીજું પરમાત્માને ઓળખવા, ત્રીજા સાચા સંતને ઓળખવા તે ભારે કઠણ કામછે. દેખાવમાં આપણા જેવા જ હોય, પણ ધ્યાન રાખજો. આધ્યાત્મિક સ્થિતિ એની ખૂબજ ઊંચી હોય છે. ભગવાન આ લોકમાં પધારે ત્યારે સામાન્ય મનુષ્યની જેમવર્તતા હોય, પણ ભગવાનની સામર્થી અલૌકિક ને અપાર છે. એની કળાને કોઇ કળી શકે નહિ. અનંત બ્રહ્માંડ જેના રોમમાં, ઉડે છે અણુંને ઠામ, કોણ લિયે તેના પારને, મન વાણી પામે છે વિરામ...

## ૨૭. વાંદરાને સમાધિ.

સાંજનો સમય થયો છે. પિતા ધર્મદેવની બાજુમાં ઘનશ્યામમહારાજ જમવા બેઠા છે. ભક્તિમાતા ભોજન પીરસે છે. ત્યાં ભક્તિમાતાના હાથમાંથી મર્કટ રોટલી ઝુંટીને હુપ હુપ કરતું આંબલીના વૃક્ષપર ચડી ગયું. રોટલીને બટકું ભરી ખાય છે. બાલ ઘનશ્યામે મર્કટ સામી દૃષ્ટિ કરી કે તરત વાંદરાને સમાધિ થઇ ગઇ. રોટલી

હાથમાં જ રહી ગઈ ને સ્થિર થઇ ગયો. ત્રણ દિવસ સુધી વૃક્ષપર બેસી રહ્યો. પછી સમાધિમાંથી જાગ્યો ને ભાગ્યો. કૂદતો કૂદતો બાલ ઘનશ્યામપાસે આવ્યો... પગે લાગી નમસ્કાર કરી કિલકિલાટ કરતો આંબલીના વૃક્ષપર ચઢી ગયો... નીરખી નીરખીને પ્રભુનાં દર્શન કરે છે.

ધર્મભક્તિ પુત્ર પરિવાર સાથે અયોધ્યામાં નિવાસ કરીને રહે છે... દિન પર દિન જવા લાગ્યા છે. પ્રભાતનો સમય થયો... ભક્તિમાતા બોલ્યા, "ચાલો ઘનશ્યામ, જમવા પધારો." ઘનશ્યામઆવ્યા... ત્યારે ઓસરીમાં બેસાડયા... પાટલા ઉપર થાળીમાં રોટલી ને દહીં પીરસ્યું. "પ્રભુ, નિરાંતે જમો. હું કૂવામાંથી પાણી ભરી આવું." ત્યાં ઓચિંતું મર્કટ આવ્યું... ઘનશ્યામમહારાજના હાથમાંથી રોટલી ઝડપીને આંબલીના વૃક્ષ ઉપર ચડી ગયું. હવે શું કરવું?

બાલ ઘનશ્યામે હાથ લાંબો કરી મર્કટની ગરદન પકડી લીધી... મર્કટ મંડયું જોરશોરથી ચિચીયારી કરવા...ચિચીયારી સાંભળી અનેક વાંદરા ભેગા થઇ ગયા. કિલકિલાટ કરતા ઘનશ્યામમહારાજને મારવા દોડયા... જેટલા વાંદરા છે તેટલા સ્વરૂપે ઘનશ્યામથઇ ગયા. કોઇ મર્કટના પગ પકડયા, કોઇનું પૂછડું પકડયુ, કોઇની પાછળ લાકડી લઇને દોડયા... બધાં વાંદરા ડરના માર્યા કૂદા કૂદ કરતા આંબલીના વૃક્ષપર ચડી ગયા.



**વાંદરાને સમાધિ.**

ધર્મદાદા પૂજા કરતા હતા... તે પણ લાકડી લઇને આવ્યા... ત્યાં ઘનશ્યામમહારાજનાં અનંત રૂપ જોઇને આશ્ચર્ય પામી ગયા. ધર્મદેવ વિચારે છે કે મને એમથતું હતું કે વાંદરાં ઘનશ્યામને મારશે... તેથી લાકડી લઇને આવ્યો, પણ ઘનશ્યામબહુ ચમત્કારી છે... વાંદરાંને નસાડી દીધા. ભાલ ઘનશ્યામધર્મદેવ પાસે આવીને બેસી ગયા... ત્યારે પિતા પુછે છે, "હે ઘમશ્યામ..."

જેણે ખાધી પ્રસાદી તમારી રે, તેને શું ફળ મળશે મોરારી રે ।
હરિ કહે નરેશ તે થશે રે, વળી મોક્ષ ગતિને પામશે રે ॥
બીજાં મર્કટ થાશે તેના દાસ રે, સેવા કરશે રહીને પાસ રે ।
ગતિ ગોવિંદજીની છે ગૂઢ રે, તે તો સમજી ન શકે મૂઢ રે ॥

“તમારા હાથની પ્રસાદીની રોટલી મર્કટે ખાધી તેને શું ફળ મળશે?” ઘનશ્યામમહારાજે કહ્યું, “જે મર્કટે અમારો પ્રસાદ ખાધો છે તે બીજા જન્મે હિંદુસ્તાનનો રાજા થશે... ને બીજાં મર્કટ છે તે રાજાના અનુચર થશે.” આવી વાત સાંભળી માતા પિતા ખૂબ રાજી થયા. “પ્રસાદીનો અદ્‌ભૂત મહિમા છે. જો મર્કટ મહિમા સહિત અમારો પ્રસાદ જમ્યો હોત તો અક્ષરધામનો નિવાસી થાત... અને મહિમા વગર જમ્યો છે તેથી રાજા થશે.”

૬૦ હજાર વરસ સુધી તપશ્ચર્યા કરે ને જેટલું ફળ મળે તેટલું ફળ મહિમા સહિત પ્રભુનો પ્રસાદ જમવાથી મળે છે. મારો થાળ પ્રભુ પ્રત્યક્ષ જમ્યા છે એવો ભાવ રાખીને જે પ્રભુને જમાડે છે તેને અનંત ઘણું પુણ્ય મળે છે... પ્રભુને જમાડયા વિના જમે છે તે પાપ ખાય છે. પ્રભુને જમાડયા વિના જમે છે તે પ્રભુનો ચોર છે... કૃતઘ્ની છે. કર્યા કૃતને જાણતો નથી. તમે અયોધ્યા જાઓ ત્યારે જ્યાં ઘનશ્યામમહારાજે લીલા કરી છે તે સ્થળનાં દર્શન કરજો... સર્જૂ નદીમાં સ્નાન કરજો, પણ વાંદરાથી ચેતજો. ધર્મભક્તિને પ્રભુ પ્રત્યે દઢ આશ્રય છે. દઢ પ્રીતિ છે તેથી પ્રભુ તેમના ઘરે બાળક થઈને આવ્યા છે.

આપણને ભગવાનનો દઢ આશ્રય રાખવો. સર્વ સાધનમાં મોટું સાધન ભગવદ્ આશ્રય છે. કોઈને રૂપિયાનો આધાર છે. મારી પાસે ઘણા બધા રૂપિયા છે... કોઈને સ્ત્રી છોકરાંનો આધાર છે... કોઈને આવડતનો આધાર છે... કોઈને બુધ્ધિ અને બળનો આધાર છે, પણ ખ્યાલ રાખજો... તે બધા આધાર નાશવંત, તુચ્છ અને દુઃખ દેનારા છે. ભગવાનનો આધાર જીવાત્માને સુખ, શાંતિ અને આનંદકારી છે... અન્યાશ્રય નહિ પણ ભગવદાશ્રય બનો.

## ૨૮. હરામનું ખાવું છે, ને બળ કરો છો?

અયોધ્યાપ્રસાદજી કહે છે, હરિ કથા એવી મધુર છે કે ગૃહસ્થને આનંદ થાય, સન્યાસીને આનંદ થાય... ઘનશ્યામલીલામાં બાળકોને આનંદ થાય, સ્ત્રીઓને આનંદ થાય, વૃધ્ધોને આનંદ થાય છે. આ કથા અલૌકિક છે. સર્વેને આનંદ આપનારી છે. નાસ્તિક કથા સાંભળે તો ધીરે ધીરે આસ્તિક થઇ જાય છે. કથા સાંભળવાથી પ્રભુમાં પ્રેમવૃધ્ધિને પામે છે... તમે પરમશાંતિથી કથા સાંભળશો તો તમને વિશેષ આનંદ થશે... તમને કોઇ વખત એવો ભાસ થશે કે અત્યારે અમે

છપૈયા ધામમાં બેઠા છીએ...

**બાળ લીલા સાગરમાંથી, ઉઠે તરંગ અનેક ।**
**મહિમા જાણે તે સુખ માણે, જે સુણે ધરીને ટેક ॥**
**પુન્યશાલી જન પામશે, છપૈયા પુરનો પંથ ।**
**અનેક જન્મસંસિદ્રને, મળે સાંભળવા આ ગ્રંથ ॥**
**અનંત ગુણ છે પ્રભુના, પામે નહિ કોઈ પાર ।**
**અલ્પબુધ્ધિયે ગાઉં છું, યથામતિ અનુસાર ॥**

વૈશાખ મહિનો આવ્યો, સખત તાપ તપે છે... ઘનશ્યામમહારાજ કહે છે, “ચાલો બાળ મિત્રો, આપણે બધા નારાયણ સરોવરમાં સ્નાન કરવા જઈએ.” સખા તૈયાર થઇ ગયા... આનંદથી જળક્રીડા કરી... પછી થોડી વાર સંતાકુકડી રમ્યા. પછી ભૂખ્યા થયા તેથી આંબાવાડીમાં ગયા... ત્યાં સરસ મઝાની આંબામાં કેસર કેરી પાકી ગઈ છે. ઘનશ્યામમહારાજ ફટાફટ આંબાના વૃક્ષ ઉપર ચડી ગયા. બાળ સખા નીચે ઊભા છે. બાલ ઘનશ્યામકેસર કેરી નીચે નાખે તે મિત્રો ભેગા કરીને ફાળીયામાં ઢગલો કરે.

એ વખતે બ્રાહ્મણોનું ટોળું આવ્યું. તેમાં રામદત્ત આગેવાન હતો. શરીરે તગડો ને ઊંચો હતો. તેણે કહ્યું, “શું વિચાર કરો છો? કેરીનો તૈયાર માલ પડયો છે. ફાળીયાની ગાંઠડી બાંધી લો.” ગાંઠડી ઉપાડવા જાય છે ત્યાં વેણીરામબોલ્યા, “આ કેરી અમારી છે. અને આંબાના વૃક્ષ ઉપર ચડીને ઉતારી છે... ખૂબ મહેનત કરી છે. તમને જોઈતી હોય તો મહેનત કરો ને વૃક્ષમાંથી ઉતારી લ્યો. આ કેરી નહિ મળે!” રામદત્ત ગુસ્સાથી આંખ કાઢીને બોલ્યો, “નાનો છે ને બળ કરે છે? બધી કેરી ઉપાડી જઈશું... તારાથી થાય તે કરી લે.” એમકહી વાંકો વળી કેરી ઉપાડવા જાય ત્યાં ઘનશ્યામે રામદત્તના ખભા ઉપરથી દોરી ને લોટો લઈ લીધો. આવું જોઈને વધારે ખીજ ચડી. ઘનશ્યામમહારાજે કહ્યું, “નાના જાણીને ડરાવો છો? મહેનત કરવી નથી ને કેરી જોઈએ છે... બ્રાહ્મણ થઈને બાળકો સાથે અન્યાય કરો છો?” આવું સાંભળી રામદત્ત ક્રોધે ભર્યો. આંબાના વૃક્ષ ઉપર ચડયો. “ઘનશ્યામ, વધુ પડતું બોલ નહિ, નહિંતર આંબાના વૃક્ષ ઉપરથી પકડીને તને નીચે ફેંકી દઈશ... ધ્યાન રાખજે. માર્યા વગર નહિ મૂકું.”

ઘનશ્યામમહારાજ બોલ્યા, “પકડતો ખરો... કેમપકડે છે?” જ્યાં રામદત્ત પકડવા જાય ત્યાં બીજા આંબા ઉપર કૂદી ગયા. બીજા બ્રાહ્મણો હતા તે બીજા આંબા ઉપર ચડયા, ત્યાં પ્રભુ ત્રીજા આંબા ઉપર કૂદી ગયા. ખૂબ મહેનત કરે છે પણ પ્રભુ પકડાતા નથી... રામદત્ત બોલ્યો, “અમને શા માટે હેરાન કરે છે?” વૃક્ષથી નીચે


રામદત્તને પરચો આપ્યો.

ઉતરવા જાય છે રામદત્ત. ત્યારે ઘનશ્યામમહારાજે બાલ મિત્રોને કહ્યું, "રામદત્તને નીચે ઉતરવા નથી દેવો... જોરદાર પથ્થરની જેમકેરી ફેકો... કેમઉતરે છે જોઇ લઇશ."

તડાતડ ને ભડાભડ એવી કેરીઓ વાગે બરડામાં ને માથામાં ને પેટમાં. બ્રાહ્મણો બરાડા પાડે... "ઘનશ્યામ... બચાવો... બચાવો... માર ખમાતો નથી." રડતાં રડતાં કહે છે, "હવે બીજી વખત આવો અન્યાય નહિ કરીએ. અમને જીવતાં જાવા દો." ઘનશ્યામે કહ્યું, "બાલ મિત્રો, એકલતાર કેરી ફેકતા જ રહો... ભલે રડે... સજા થવીજ જોઇએ." ઘનશ્યામબોલ્યા, "અમારા જેવા નાના બાળકો સાથે ઝગડો કરો છો? હરામનું ખાવું છે ને બળ કરો છો?" એમકહી વળી કેરી એવી ફેંકે... ધડ દઇને માથામાં વાગે.

રામદત્ત અને બ્રાહ્મણોને વિચાર થાય છે કે આ ઘનશ્યામસાધારણ બાળક નથી. બહુ પ્રતાપી છે. બીજાથી આવું કામથાય નહિ... રડતાં રડતાં પ્રાર્થના કરે છે રામદત્ત અને બ્રાહ્મણો...

**કરે પ્રાર્થના તે સમાજ, અમે ભૂલ કરી છે મહારાજ ।**
**તમે તો ઈશ તણા છો ઈશ, પુરુષોતમઅક્ષરાધીશ ॥**

"અમારી ભૂલ થઇ છે. માફ કરો. હવે અમે ખોટો અહંકાર નહિ કરીએ. કોઇ અણહકનું નહિ લઇએ. મહેનત મજૂરી કરતાં જે મળશે તે લેશું. અમને ક્ષમા કરો." ઘનશ્યામબોલ્યા, "બાલ મિત્રો, કેરી ફેંકો છો તે બંધ કરો." દ્વિજ નીચે ઉતર્યા વૃક્ષથી અને પ્રભુને પગે લાગી કહ્યું, " ઘનશ્યામ, તમે દયાળુ છો... અમને સજા થવીજ જોઇએ. સજા થાય તો પાપ કરતા અટકી જાય ને સત્યને રસ્તે ચડી જાય." નમસ્કાર કરી બ્રાહ્મણો સૌ સૌને ઘેર ગયા.

કથા સાર એ છે કે હરામનું ખાય છે તેના ઉપર ભગવાન ખીજાય છે, ને મહેનત કરીને ખાય છે તેના ઉપર પ્રભુ રાજી થાય છે. હરામનું દ્રવ્ય હક્કના દ્રવ્યને પણ ઉઠાવી જશે ને જમપુરીમાં કડક સજા થશે. માટે ચેતીને ચાલવું જોઇએ. ડરના હો તો પાપસે ડરીએ.

## ૨૯. ભૂતોનો ઉધ્ધાર.

એક સમે છુપૈયા વિષે, ચાલી રહી છે વાત ।
સૈન્ય સાથે નવાબ આવ્યો, બહુ કરશે ઉત્પાત ॥
ધર્મભક્તિએ વિચાર્યું છે, આપણે કરવું કેમ।
બે સુતને લૈં ચાલો જૈયે, ઉપાધી ન થાય જેમ॥
એમધારી છુપૈયા તજી, ગયા તીનવા ગામ।
પ્રથિત પાંડે બ્રાહ્મણ છે, તેને ઘેર રાખ્યો છે મુકામ॥

એક વખત અયોધ્યામાં એક નવાબ આવ્યો. નવાબ જે ગામમાં જાય તે ગામના લોકોને ખૂબ રંજાડે... ઉત્પાત કરે... બાળકોને ઉપાડી જાય... લૂંટ ફાટ કરે... તેનાથી માણસો ત્રાસી ગયા હતાં. પિતા ધર્મદેવને ચિંતા થઈ તેથી તીનવા ગામે ચાલ્યા ગયાં. પ્રથિત પાંડે ઘેર નિવાસ કર્યો. તેની પત્નીનું નામવચનાબાઇ હતું... વચનાબાઇ વિવેકશીલ હતા... આંગણે આવેલા મહેમાનનું ખૂબ આદર સત્કાર કરે. મધુર વાણીથી બોલાવે. ધર્મદેવના પરિવારને સરસ મજાનાં ભાવથી ભોજન જમાડયાં. ભક્તિમાતા કામકાજમાં મદદ કરે. કૂવે પાણી ભરવા પણ જાય અને રસોઈમાં મદદ પણ કરે... અરસ પરસ પ્રેમભાવ રાખે. ધર્મદેવ કથાવાર્તા કરી સૌને સત્સંગ કરાવે.

વચનાબાઇ ભક્તિમાતાને કહે છે, “તમે સૂરજ આથમ્યા પછી કૂવે પાણી ભરવા જાશો નહિ. કૂવામાં ભૂત રહે છે... હેરાન કરશે.” ભક્તિમાતા આ વાત ભૂલી ગયાં. સંધ્યા સમય ઘડો ને દોરડું લઉને કૂવે પાણી ભરવા ગયાં.

કુંભ જળમાં ડૂબાવે ખાલી, ઝટ ભૂતડે લીધો છે ઝાલી ।
માતાને યાદ આવ્યું છે મનમાં, તેવો ત્રાસ પડયો છે તનમાં ॥

ઘડામાં દોરડું બાંધી જેવું કૂવામાં મૂક્યું ત્યાં ઓચિંતું ભૂતે દોરડું ખેંચી લીધું. કૂવામાં જોયું... કોણે દોરડું ખેંચયું, તો ભૂત ભડકા કરે છે. ભક્તિમાતા એકદમડરી ગયાં. ઉતાવળે પગે ઘેર આવ્યાં. ઘનશ્યામમહારાજે પછ્યું, “મૈયા, પાણીનું બેડું કયાં? ઘડોને દોરડું ક્યાં મૂકી આવ્યાં?” ભક્તિમાતાએ કહ્યું, “ભૂતે ખેંચી લીધું. હવે હું શું કરું?” મૂંઝાઇ ગયા.

બાલ ઘનશ્યામે કહ્યું, “અત્યારેજ જાંઉ ને ઘડો દોરડું લઇ આવું.” “ના ઘનશ્યામ! અત્યારે નથી જાવું. કાલે જાજો.” બીજે દિવસે પ્રભુ ભુતિયા કૂવા પાસે ગયા. કૂવામાં કૂદકો માર્યો... પાણી ઉછળતાં ભૂત ઝબકી ગયાં. ઘનશ્યામને પકડવા માટે હાથ લંબાવ્યો. ત્યાં તો પ્રભુના શરીરમાંથી તેજના અંબાર નીકળ્યા. કૂવો તેજથી ભરાઇ ગયો. ભૂત ચમકી ગયાં. “આ શું દેખાય છે? તેજ ક્યાંથી આવ્યું?”

મંડયા બળવા. તેજ સહન થતું નથી... મૂંઝાઇ ગયાં... હવે શું કરવું?



છપૈયામાં શ્રીહરિ ભુતિયા કુવામાંથી ભુતોને મોક્ષ આપે છે.

ભૂત કહે છે, “હે પ્રભુ! અમને બચાવો! અમે બહુ દુઃખી છીએ. ખાવા પીવાનું મળતું નથી. જ્યાં ત્યાં રખડીએ છીએ. અમારો ઉધ્ધાર કરો.” ઘનશ્યામમહારાજે પૂછ્યું, “તમો શા કારણથી ભૂત થયાં છો તે કહો.” ત્યારે ભૂત હાથ જોડીને બોલ્યાં કે, “આ જગ્યાએ બાદશાહ સાથે અમારે ઝગડો થયો. અરસ પરસ પાણીના છાંટા ઉડયા... સામસામે અમે ખૂબ લડયા. ક્રોધમાં અમારો દેહ પાડયો. મૃત્યુ થઇ ગયું. તેથી અમે ભૂત થયાં છીએ. ખૂબ દુઃખી છીએ, અમારું કલ્યાણ કરો.” દયાના સાગર ઘનશ્યામમહારાજે કહ્યું, “તમે બધા બદ્રિકાશ્રમમાં જાવ... ત્યાં તપ કરજો ને સ્વભાવ સુધારજો.” તમામભૂતો પ્રભુને પગે લાગીને દિવ્ય દેહ ધારીને બદ્રિકાશ્રમધામમાં ગયાં. પ્રભુએ ભૂતનો ઉધ્ધાર કર્યો.

ભલા થઈને ક્રોધ કરતા નહિ. ક્રોધ હડકાયા શ્વાન જેવો છે. સાચી બુધ્ધિને ઢાંકી દે છે. નમ્રતાથી પતે તો ઉગ્રતા લાવવી નહિ. ક્રોધી માણસ અનર્થ કરી બેસે છે. ક્રોધમાં દેહ તજે છે તે બીજે જન્મે સર્પ થાય છે. માટે ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ક્રોધ જીતવો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, “હે રામશરણજી, આ કથા કલ્યાણકારી છે...”

આવું પર્મ પવિત્ર આખ્યાન, જે કોઇ સાંભળે પુન્યવાન ।<br>
ભૂત પ્રેત પિશાચ ન નડે, ઘનશ્યામજીની કૃપા વડે ॥<br>
વિઘ્ન વિકટ વિપતિ વામે, અંતે અક્ષરધામને પામે ।

આ ચરિત્રને જે પ્રેમથી ગાશે, સાંભળશે તે દેહના અંતે અક્ષરધામને પામશે. ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ નડશે નહિ.

## ૩૦. પ્રભુ મકાઇ ચીભડી નિંદવા ગયા.

ધર્મદેવ કુટુંબ પરિવાર સાથે તીનવા ગામથી તર ગામ પધાર્યા. ધર્મદેવ વિચાર કરે છે... કાંઇક ઉધ્યમ કરીએ તો સારું થાય...

કરૂં ઉધ્યમ તો હવે ઠીક, રાખું ખેતર ગામનજીક ।
સારી જમીન જોઇ ઠરાવી, ભાગ રાખીને ખેતી કરાવી ॥
મકાઇ ચીભડાં તેમાં વાવ્યાં, બીજ ભેગાં બન્નેના નખાવ્યાં ।
ધર્મદેવ તેને સુધારવા, ગયા મજુર લઇ ફરવા ॥

ભાગીદારમાં ખેતી રાખી તેમાં મકાઇ ને ચીભડાં વાવ્યાં. ચીભડાં કરતાં ઘાસ ઘણું ઉગ્યુ તેથી ધર્મદાદા મજૂરને લઇને ઘાસ નિંદાવવા સારું ખેતરમાં ગયા. બપોરનો સમય થયો. ભક્તિમાતાએ ઘનશ્યામને કહ્યું, જમવાનો સમય થયો છે. તમારા પિતાજીને બોલાવી લાવો.'' ઘનશ્યામ દોડતા ખેતરમાં ગયા... ''ચાલો પિતાજી ઘરે... અમારા મૈયા ભોજન કરવા માટે બોલાવે છે.'' ધર્મદાદા ઘેર ગયા... ઘનશ્યામ મહારાજે વિચાર કર્યો, બધા કામ કરે છે તો મારે પણ કરવું જોઇએ. બેસી રહીએ તો સારું ન લાગે. ખરપી લઇને નિંદવા લાગ્યા. મજૂરો ઘાસ કાઢે ને ઘનશ્યામ મહારાજ ઘાસને રહેવા દે અને મકાઈ ને ચીભડી કાઢી નાખે. મજૂરોને થયું આ ઘનશ્યામ બરાબર નથી કરતા.

મજૂર સુરજબલિ દોડતો ધર્મદેવને ઘેર આવ્યો... ''ચાલો મોટા ભાઇ ખેતરમાં... ઘનશ્યામ ઊંધુ કામ કરે છે... જલદી ચાલો. મકાઇ ચીભડી કાઢી નાખે છે ને ઘાસ રહેવા દે છે.'' મોટાભાઇ દોડતા આવ્યા. જોરદાર હાકલ મારી. ''ઘનશ્યામ! કેમ બગાડ કરો છો?! મકાઇ ચીભડી કાઢી નાખો છો? જલદી ઘરે જાવ.'' ઘનશ્યામ મહારાજ બોલ્યા, ''ભાઇ, અમે બગાડ કરતા નથી. કામ કરીએ છીએ.'' ''અરે! બગાડ કરો છો ને કહો છો કે બગાડ કરતા નથી?! ઘરે જાવ! તમારું કામ નથી!'' ઘનશ્યામને મારવા સારું હાથ ઊંચો કર્યો એટલે પ્રભુ ઊભા થઇ ગયા. પ્રભુના શરીરમાંથી પ્રકાશના કીરણો નીકળ્યા. તે મધ્યે ચર્તુભુજ સ્વરૂપે દર્શન થયા. મોટા ભાઇ આશ્ચર્ય પામી ગયા... આ શું દેખાય છે? તુરંત ખ્યાલ આવ્યો કે ઘનશ્યામ સાધારણ બાળક નથી... અનંત ભુવનના અધિપતિ સાક્ષાત્ પરમેશ્વર છે.

મોટા ભાઇ બે હાથ જોડી પ્રાર્થના કરે છે. ''ધન્ય છે તમારી લીલાને. તમે મને અલૌકિક દર્શન આપ્યા. ધન્ય ઘડી, ધન્ય અવસર...''

ભાઇ તમે તો છોજી શ્રી કૃષ્ણ, મને દીધાં અલૌકિક દર્શન ।
પ્રભુ સેવક હું છું તમારો, અપરાધ ક્ષમા કરો મારો ॥
તમારૂં તેજ કરે દહન, પાણી વિના સુકાય છે તન ॥

"હું તમારો સેવક છું. મારા અપરાધને ક્ષમા કરો. તેજ હું જોઇ શકતો નથી. શરીરમાં તાપ લાગે છે. મને પીવા માટે જલદી પાણી આપો." ઘનશ્યામમહારાજે હાથ લાંબો કરીને કૂવામાંથી પાણીનો લોટો ભરીને મોટાભાઇને આપ્યો. "લ્યો ભાઇ, પાણી પીઓ." ભાઇએ પાણી પીધું. અંતરમાં શાંતિ થઇ. પ્રકાશ પ્રભુના સ્વરૂપમાં સમાઈ ગયું. પછી ઘનશ્યામમહારાજ ઘેર આવ્યા છે. ભક્તિમાતાએ ભાવથી જમાડયા. સતત ઘનશ્યામમહારાજમાં જ વૃત્તિ લાગેલી રહે છે. એકાંતિક ભક્ત છે.

વચનામૃતમાં શ્રી હરિ કહે છે, એકાંતિક ભક્ત કોને કહેવાય?

શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઇચ્છે. ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવાને ઇચ્છે. નેત્ર તે ભગવાન અને ભગવાનનાં સંતનાં દર્શન કરવાને ઇચ્છે. રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઇચ્છે. નાસિકા તે ભગવાનને ચઢયાં જે પુષ્પ તુલસી તેના સુગંધને ઇચ્છે. પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે નહિ, એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય... (ત્રણે અવસ્થામાં) જાગ્રત, સ્વપ્ન અને સિષુપ્તિમાં ભક્તિમાતાનું મન ભગવાનમાં જ રમતું હોય છે.

અયોધ્યાપ્રસાદજી કહે છે, "હે રામશરણજી..."

**આવી અમૃતરુપી કથાય, સુણે તેને મહાસુખ થાય ।**
**બળે કોટી જન્મકેરા પાપ, ટળે ત્રૈણે પ્રકારના તાપ ॥**
**હરિના જમહરિને ભજે, પ્રાણ જાતાં સુધી નવ તજે ।**
**ચિત રાખીને સુણે ચરિત્ર, કુટુંબ સોત થાય પવિત્ર ॥**

અમૃતરુપી કથા જો સાંભળે છે તેના બળે કોટી જન્મના પાપ, ટળે ત્રણ પ્રકારના તાપ... આ ગ્રંથ અમૃતનો દરિયો છે. હરિ કથા રૂપી ગંગાજી પ્રગટ થયાં તે દિવસથી ભાગીરથી ગંગાનો મહિમા ઓછો થયો. ભાગીરથી ગંગામાં લોકો સ્નાન કરે છે તો સારું છે. તીર્થોમાં સ્નાન કરવાથી પાપ બળે છે પણ મન પવિત્ર થતું નથી... ઘણા માણસો ચાર ધામની યાત્રા કરી આવે છે, પણ એમનો સ્વભાવ જરાય સુધરતો નથી, મન પવિત્ર થતું નથી. હરિકથારૂપી ગંગામાં બરાબર ડૂબકી મારે છે તો ધીરે ધીરે તેના મનનો મેલ ધોવાય છે. હરિકથામાં સ્નાન કરે તો સ્વભાવ સુધરે છે. ચિત્ત રાખીને સુણે ચરિત્ર... કુટુંબ સહિત થાય પવિત્ર.

## ૩૧. ઘનશ્યામમહારાજ રીસાયા.

**ખેતરમાંથી ઘેર આવ્યા, મુકામછે તર ગામા**
**પ્રેમવતી પ્રત્યે કહે છે, પોતે પૂરણકામ।।**

**અમે તો બ્રહ્મચારી થઈશું, તજીશું ઘરબાર ।**
**દિલગિર થઈ કહે છે દીદી, એ શું બોલો છો કુમાર ॥**
**બ્રહ્મચારી કેમથાવું છે, શું પડયું તમને દુઃખ ।**
**જીવન પ્રાણ હું જીવું છું, તે જોઈ તમારું મુખ ॥**

રામપ્રતાપભાઈએ ઘનશ્યામમહારાજને ધમકી આપી તેથી ઘનશ્યામમહારાજ રીસાઇ ગયા... મૈયા ભક્તિદેવીએ કહ્યું, ‘‘ચાલો બેટા, ભોજન જમી લ્યો.’’ ઘનશ્યામમહારાજે કહ્યું, ‘‘આજે અમારે જમવું નથી... મા... મને મોટાભાઈ વારંવાર વઢે છે. તેથી ઘરમાં નહિ રહું. બ્રહ્મચારી થઇ જઇશ.’’ ભક્તિમાતા દિલગીર થઇ ઘનશ્યામના મસ્તક ઉપર હાથ ફેરવતાં બોલ્યાં, ‘‘માછલીનું જીવન પ્રાણ જળ છે... ને મારું જીવન પ્રાણ તમે છો દીકરા... દિવસનાં કામકાજ કરતાં થાકી જાઉં ત્યારે તમારું મનોહર મુખ જોઇને મારો થાક ઉતરી જાય છે. બેટા, ઉદાસ ન થાવ... હું ભાઇને સમજાવીશ.’’

એવી વાત ચાલુ છે... ત્યાં મોટાભાઇ ઘેર આવ્યા. ભક્તિમાતા ઠપકો આપે છે. ‘‘તમારો સ્વભાવ બહુ ગરમછે. વારંવાર બાલ ઘનશ્યામને શા માટે વઢો છો?’’ ભાઈ બોલ્યા, ‘‘મૈયા, મારી ભૂલ થઇ છે. હવે કોઇ દિવસ વઢીશ નહિ.’’ વહેલી સવારે ઘનશ્યામમહારાજ છાના માના ગામતીનવા ગયા, અને ભૂતિયાકુવાની બખોલમાં સંતાઇ ગયા. આ બાજુ સગાં સંબધી ઘનશ્યામને શોધે છે... ક્યાંય મળતા નથી... હવે શું કરવું? ભક્તિમાતા જમ્યા વગર ભુખ્યા તરસ્યાં ઉદાસ થઇ રડે છે... મોટાભાઇ બધી જગ્યાએ શોધી વળ્યા. ઘનશ્યામક્યાંય મળતા નથી.

એ વખતે અમરબાઇ કૂવેથી જળ ભરીને આવે છે. તેણે કહ્યું, ‘‘ઘનશ્યામમહારાજ ભૂતિયા કૂવાના બખોલમાં બેઠા છે.’’ ભાઇ દોડતા ત્યાં ગયા. તો ઘનશ્યામમહારાજ દેખાતા નથી. મોટા ભાઇએ ઉદાસ થઇ પોકાર કર્યો, ‘‘ઘનશ્યામ! ઓ ઘનશ્યામ! તમે ક્યાં છો?’’

**ઉદાસ થઈ પોકાર કર્યો, છેક થયા છે નીરાશ ।**
**હે ભ્રાત હે બંધુ હવે તો, દર્શન દો અવિનાશ ॥**
**તમવિના માતા પિતાને, જમ્યા થયા ત્રણ દિન ।**
**મુખ તમારૂં જોશે ત્યારે, કરશે જળ પ્રાશન ॥**

‘‘હે બંધુ, હે અવિનાશ... આજે ત્રણ દિવસ થયા માતાપિતા કાંઇ પણ જમ્યા નથી. તમારા મુખારવિંદના દર્શન થશે ત્યારે ભોજન જમશે. માટે દયા કરીને દર્શન આપો.’’ તુરંત પ્રભુએ કૂવામાં બેઠા બેઠા હાથ લાંબા કર્યા. રામપ્રતાપભાઇએ હાથ ઝાલીને તેડી લીધા. મસ્તક ઉપર હાથ ફેરવીને કહ્યું, ‘‘ભાઇ, ચાલો ઘેર. ભૂખ લાગી

હશે.'' એમકહી ગદ્‌ગદિત થઇ ગયા. ''હવે હું કોઇ દિવસ તમને વઢીશ નહિ... શાંતિ રાખો.''

ભક્તિમાતાએ રસોઇ બનાવી... સૌને જમાડયાં... ધર્મદેવ કુટુંબ સહિત પાછા છપૈયાપુરમાં પધાર્યા. ચોતરા ઉપર બેઠા છે. વેણી, માધવ, પ્રયાગ બાલ મિત્રો અને ઘનશ્યામમહારાજ પાનબીડાં જમે છે... ત્યાં ઘનશ્યામમહારાજે માનવ લીલા કરી... ઓચિંતા વેણીરામઉપર થુંકયા. ભાઇનો મગજ ગરમથઇ ગયો. ઘનશ્યામને ગાલમાં થપાટ મારીને કહ્યું, ''સખા ઉપર કેમથુંકયા? તમે ખૂબ તોફાની થઇ ગયા છો. વિચાર કરો... ફાવે તેમગમે તેના ઉપર થુંક નખાય?''

ઘનશ્યામમહારાજ રોફથી બોલ્યા, ''મોટાભાઇ છો એટલે મર્યાદા રાખું છું નહિંતર તમારી ખબર પાડી દઉં... એક આંગળીયે જો ઉડાડું, કરોડ જોજન છેટે પછાડું. પછે પત્તો ન લાગે તમારો... પ્રૌઢ પ્રતાપ જાણો અમારો.'' એમકહી વિશ્વરૂપે દર્શન આપ્યા. નજર ન પહોંચી શકે તેવું વિશાળ મોટું સ્વરૂપ... આકાશથી કરીને પાતાળમાં સ્વરૂપ વ્યાપી ગયું. અનંત મસ્તક, અનંત હાથ, અનંત ચરણ... આવું વિશાળ સ્વરૂપ જોઇ ભયભીત થઇ ગયા... આ શું દેખાય છે? તરત પિતા ધર્મદેવને બોલાવ્યા... બૂમપાડી.

''હે પિતાજી! જલદી અહીં આવો! મને કાંઇક દેખાય છે.'' પિતાજી દોડતા આવ્યા. ત્યાં ઘનશ્યામમહારાજે વિશ્વરૂપ અદ્રશ્ય કરી દીધું. હતા એવાને એવા બાળ સ્વરૂપે ઊભા છે. ભાઇ આશ્ચર્ય પામી ગયા. ઘનશ્યામસાધારણ બાળક નથી પણ અનંત ભુવનના નાથ પુરુષોત્તમનારાયણ છે. ક્યારેક પ્રભુ દિવ્ય લીલા કરે છે ને ક્યારેક પ્રભુ પ્રાકૃત લીલા કરે છે. દિવ્ય લીલા કરે ત્યારે પ્રભુતા દેખાય. પ્રાકૃત લીલા કરે ત્યારે પ્રભુતા અને મહિમા સમજાય તે સાચો ભક્ત કહેવાય... પ્રભુની લીલામાં ક્યારેય સંશય કરાય નહિ... ભગવાન થઇને આમશા માટે કરતા હશે? સદાય દિવ્ય ભાવ રાખવો એજ આ કથાનો સાર છે.

### ૩૨. સનકાદિક દર્શન કરવા આવ્યા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ છુપૈયાનો મહિમા કહે છે...

ધન્ય છુપૈયાપુરને, જ્યાં પ્રગટયા શ્રી કીરતાર ।
ધન્ય માનુષ જન્મપામ્યા, છુપૈયાપુર મોઝાર ॥
મોક્ષવતી પુરી સાત છે, અયોધ્યા આદિ જેહ ।
તેથી કોટી ઘણો મહિમા, છુપૈયાપુરનો તેહ ॥
પુર્વનાં પુન્ય હોય ઘણા, તો મલે છુપૈયા ધામ।
જન્મમરણનાં દુઃખ તે તો, ટળી જાય તમામ॥

પૂર્વનાં પુન્ય હોય તો છુપૈયાધામનાં દર્શન થાય. બાકી જલદી દર્શન થતાં નથી. સાત પુરી મોક્ષવતી ગણાય છે પણ એથી વિશેષ મહિમા આ છુપૈયાપુરનો છે... છુપૈયાધામમાં અડસઠ તીર્થ નિવાસ કરીને રહ્યાં છે. છુપૈયાપુરનાં દર્શન થાય તો શું થાય? જન્મમરણનાં દુઃખ ટળી જાય... એક વખત બે ભાઇ ચોતરા ઉપર બેઠા છે. ત્યારે ઘનશ્યામમહારાજ કહે છે, ''મોટાભાઇ, સાંભળો...''

**અમારે તો થાવું બ્રહ્મચારી, મારા મનમાં જોયું વિચારી ।**
**સનકાદિક જેવાને સંગે, રહેવું રાતદિવસ ઉમંગે ॥**
**સત્સંગ કરવો નિશદિન, પ્રભુથી ચિત થાય ન ભિન્ન ।**

અમારે બ્રહ્મચારી થાવું છે. વનમાં ફરશું ને સનકાદિક જેવા મોટા સંતોનો નિશદિન સમાગમકરશું. સત્સંગ કરવાથી માયાથી મુક્ત થવાય છે. મોટાભાઇ બોલ્યા, ''બ્રહ્મચારી થવું, ત્યાગી થવું તે કાંઇ બાળકનો ખેલ નથી. અતિ કઠણ કામ છે.''

સાચો ત્યાગી કોણ? ત્યાગી હોય તેને કચરો અને કંચન એ બેય બરાબર હોય અને આ પદાર્થ સારું ને આ પદા ર્થ ભૂંડું એવી સમજણ હોય નહિ, એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે સાચો ત્યાગી છે. મોટા ભાઇ કહે છે, ''હજુ તમે નાના છો.'' ઘનશ્યામમહારાજ બોલ્યા...


**બોલ્યા શ્રી ઘનશ્યામમુખેથી, પાળે તેને કઠણ જ નથી.**

જેને પરિપક્વ નિશ્ચય હોય, ભગવાનનો મહિમા હોય, તેને બ્રહ્મચારી થવું કાંઇ કઠણ નથી, સરળ છે. સર્વે વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત છે તે શ્રેષ્ઠ છે. ભગવાન બ્રહ્મચર્યનો પાયો રોપવા પધાર્યા છે. બ્રહ્મચર્ય ભગવાનને બહુ વહાલું છે. ભક્તિમાતાએ કહ્યું, ''ચાલો ઘનશ્યામ, ભોજન જમી લ્યો. પછી પોઢી જાવ... સમય થઇ ગયો છે.'' પ્રભુ પલંગમાં પોઢયા...

ચાર સનકાદિક ઘનશ્યામમહેરાજનાં દર્શન કરવા આવ્યા... પાંચ પાંચ વરસની ઉંમર છે... પ્રભુને પગે લાગીને ઊંચે અવાજે સામવેદનું ગાન કર્યું. પછી પ્રભુની પૂજા કરી. ત્યાં એક આશ્ચર્ય સર્જાયુ... ધર્મદેવના ઘરમાં ચોકમાં અને ઓશરીમાં પ્રકાશ પ્રકાશ છવાઇ ગયો.

રામપ્રતાપજીએ પિતાજીને પૂછયું, ''પિતાજી, આ નાના બાળકરૂપે કોણ છે?'' ધર્મદેવે કહ્યું, ''આ ચાર સનકાદિક બ્રહ્માના પુત્રો છે. સનંદન, સનક, સનાતન ને સનતકુમાર. તેઓની સદાય પાંચ વરસની ઉંમર છે. ઉર્ધ્વરેતા નૈષ્ટિક બ્રહ્મચારી છે.'' સનકાદિકોએ ઘનશ્યામમહારાજને દંડવત્ પ્રણામકરીને કહ્યું, ''અમને આજ્ઞા આપો, અમે શું કરીએ?'' ત્યારે પ્રભુ બોલ્યા...

અમે સત્સંગમાં જૈયે જ્યારે, તમે આવજો ત્યાં ભાઈ ચારે ।
તમને દીક્ષા આપીશું ત્યાંયે, રાખીશું અક્ષરમુક્ત માંયે ॥
વાત પ્રગટ કેરી કરજો, મમઆજ્ઞાને અનુસરજો ।




સનકાદિક દર્શન કરવા આવ્યા.

અમે સત્સંગમાં વિચરીએ ત્યારે તમે ત્યાં આવજો. તમને પરમહંસની દીક્ષા આપીશું ને ગુણાતિતાનંદ મુનિ તથા આનંદાનંદ વર્ણી આદિ નામધારણ કરાવશું. પ્રગટપણાની વાત કરી સૌને ભગવાનની ઓળખાણ કરાવજો. પ્રગટ પુરુષોત્તમનારાયણનો આશરો રાખવો. કરોડ તારા આકાશમાં હોય, સાથે ચંદ્રમા હોય તો થોડુંક અંધારું હળવું કરે પણ સમગ્ર અંધારું દૂર થાય નહિ. સૂર્ય નારાયણ ઉદય થાય ત્યારે આપો આપ અંધારું દૂર થઇ જાય છે ને સમગ્ર જગતમાં પ્રકાશ ફેલાઇ જાય છે. તેમજેના જીવનમાં હરિધ્યાન, હરિસ્મરણ હોય તેના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાઇ જાય છે... મહાપ્રભુની આજ્ઞાનો સ્વીકાર કરી સનકાદિક આકાશ માર્ગે અદ્રશ્ય થઈ ગયા.

## ૩૩. શ્રીહરિ મોટાભાઇના લગ્નમાં ગયા.

મોટાભાઇ રામપ્રતાપજીનું સગપણ તરગામના બળદેવપ્રસાદની દીકરી સુવાસિનીબાઇ સાથે થયું. લગ્ન નક્કી થયાં. મોટાભાઇની પીઠી ચોળીને પછી છપૈયા ગામમાં ફુલેકું ફેરવ્યું. વરરાજાએ સુંદર પોષાક પહેર્યો છે... જાન તરગામજવા તૈયાર થઇ... ઢોલ ઢબુકવા લાગ્યા, શરણાઈના સૂર રેલાયા, નોબત વાગવા લાગી, નારીઓ મંગળ ગીત ગાય છે. સગાં સંબધીઓ તથા છપૈયાના આગેવાનો જાનમાં સામેલ થયા છે. વેલ, ગાડી, મેના, હાથી, ઘોડા, ડંકા નિશાન વિગેરેનો પાર નથી. રાજાની અસવારી નીકળે તેવી જાનની શોભા છે.

ભક્તિમાતા ઘનશ્યામમહારાજને ખૂબ ભારે ભારે પોષાક ને હીરા જડીત ટોપી અને સોનાના દાગીના પહેરાવ્યાં છે. મિત્રની મંડળી સાથે પ્રભુ હરખતા હૈયે

ભાઈના લગ્નમાં જાય છે. ધીરે ધીરે જાન ગામતરગામપહોંચી ગઈ... ગામનાં લોકો સામૈયા લઈને સામા આવ્યાં. વરરાજાને વધાવ્યા. સન્માન સત્કાર કર્યા... ઘનશ્યામમહારાજનું દિવ્ય અલૌકિક સ્વરૂપ જોઇ સૌ આશ્ચર્ય પામી ગયા. નીરખી નીરખીને દર્શન કરે છે. સર્વે મનુષ્યના ચિત્ત ભગવાન ઘનશ્યામમહારાજમાં ચોંટી ગયાં. મિત્ર મંડળીની સાથે ઘનશ્યામહાથી ઉપર બિરાજમાન છે.

**બેઠા હસ્તિ ઉપર ઘનશ્યામ, વેણી માધવ પ્રાગ તે ઠામ।**
**જોઇ જાનની શોભા સુંદર, જોઇ લોભ્યા સહુ નારી નર ॥**
**એમમારગમાં ચાલ્યા જાય, તેની શોભાનો પાર ન થાય।**
**આવે મારગમાં ગામજેહ, જુવે જાન તણી શોભા તેહ ॥**
**કોઇ દેખે ચતુર્ભુજ ધારી, કેઇ વિષ્ણુરૂપે અવિકારી ।**

ધીમે ધીમે હાથી ચાલે છે. કોઇકને ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થાય છે, ને કોઇને વિષ્ણુરૂપે દર્શન થાય છે... સૌ જોતા જ રહી ગયા. આવા રૂપરૂપના અંબાર જેવા કોઇ દીઠા નથી... ધન્ય ભાગ્ય, ધન્ય અવસર... મંગળ પ્રભાતમાં પ્રભુનાં દર્શન થયા. આનંદનો પાર નથી...

વરરાજા માંડવે પધાર્યા... લગ્નનો સમારંભ થયો... લક્ષાવિધિ શરૂ થયો. અષ્ટપદિના મંત્રો બોલાય છે. ગોર બાપાએ સંકેત કર્યો. "કન્યા પધરાવો! સાવધાન!" મંગળફેરા ફર્યા. સંબધીને ખૂબ સન્માન પૂર્વક જમાડયા છે... ત્રણ દિવસ સુધી રાખી જાન, સંબધીનું કર્યું સન્માન.

લગ્નવિધિ પૂરો થયો. વાજતે ગાજતે જાનને વળાવી છે. મોટાભાઇ રામપ્રતાપજી પરણીને છપૈયામાં આવ્યા. ઘનશ્યામમહારાજને સુવાસિનીબાઇ જેવાં ભાભી મળ્યા. આનંદથી દિવસો પસાર થાય છે... દિયર બહુ વહાલા લાગે છે.

## ૩૪. હિંસા બંધ કરો.

પિતા ધર્મદેવ કુટુંબ સાથે છપૈયામાં રહે છે. ઘનશ્યામમહારાજે મિત્રોને કહ્યું, "ચાલો, આપણે મીનસરોવરમાં સ્નાન કરવા જઇએ. તળાવમાં સ્નાન કરવાની વાત આવી એટલે સૌ તૈયાર થઇ ગયા." બાલ મિત્રોની સાથે ઘનશ્યામમહારાજ મીનસાગરમાં ગયા. સરોવરના કિનારે એક વડનું વૃક્ષ હતું. ત્યાં વસ્ત્રો ઉતારી સ્નાન કરે છે. ઘનશ્યામમહારાજે નજર કરી તો બાજુમાં મચ્છીમાર માછલાં મારીને ઢગલો કરે છે.

દયાસાગર ધર્મકુમાર કંપી ગયા. શરીરની રોમાવલી ખડી થઇ ગઇ. અરરર, નિર્દોષ માછલાંને મારે છે. આવા અસુર પાપીને શિક્ષા કરવી જ જોઇએ... ઘનશ્યામે મનમાં સંકલ્પ કર્યો.

કર્યો સંકલ્પ મનમાં એવો, મરેલાં માંછલાં સહુ જીવો ।
મનમાં એવું ધારતાં પહેલાં, જીવતાં થયા મચ્છ મરેલા ॥
ઉછળીને પડ્યાં તે જળમાં, પ્રભુએ જીવાડ્યા છે પળમાં ।
એવું દેખીને ઢીમર પાપી, તેઓને મતિ વિપ્રીત વ્યાપી ॥

માછલાં બધાં જીવતાં થઈ જાવ. તુરંત માછલાં ઉછળીને પાણીમાં જઈને પડ્યાં. મચ્છીમાર જોતોજ રહી ગયો... મરેલાં માછલાં જીવતાં થઈ ગયાં. નવાઈની વાત છે. મારી મહેનત બધી પાણીમાં ગઈ. ગરમથઈ ગયો... આંખ લાલ કરીને ઘનશ્યામને મારવા દોડયો. “ઊભો રહેજે ઘનશ્યામ! માર્યા વિના મૂકીશ નહિ.” હાથ લાંબો કરી જ્યાં પકડવા જાય ત્યાં પ્રભુ તુરંત યમરાજાના સ્વરૂપે બની ગયા. મહા ભયંકર વિકરાળ રૂપ, મોટા મોટા દાંત, લાલચોળ આંખ અને અઢાર હાથમાં મારવા માટે આયુધો છે. તલવાર, ભાલા, ત્રિશુળ જેવા હથયિાર પકડ્યાં છે.



મીન સરોવરમાં માછીમારને યમરૂપે દર્શન.

મચ્છીમાર ધ્રૂજી ગયો. હવે શું થશે? પ્રભુએ તેના સામે દૃષ્ટિ કરી. તેને મૂકી દીધો જમપુરીમાં. ત્યાં બરાબર જેવો યમદૂતોએ પકડ્યો... “અરે પાપી! તું માછલાને મારે છે?!” એમકહીને ધડાક દઈને પાંચ દશ ધોકા માર્યા. મચ્છીમાર રાડો પાડે. “મૂકી દો, મને મૂકી દો! હવે માછલાં નહિ મારું.” યમદૂતો બોલ્યા, “બરાબર જેવો લાગમાં આવ્યો છે.” એમકહી બરાબર જેવા ધોકા માર્યા. ગોદા ભરાવ્યા. બધા સાંધા હાડકાનાં નરમકરી નાખ્યા. શરીરમાં કાળી કળતર થાય છે.

પછી મચ્છીમારનો આત્મા દેહમાં આવ્યો. તરત બે હાથ જોડી નમસ્કાર કર્યા. “હે પ્રભુ! મારી ભૂલ થઈ છે. મને માફ કરો. હવેથી માછલાં મારવાનો ધંધો નહિ કરું. જીવ પ્રાણી ઉપર દયા રાખીશ. જમદૂતોનો માર ખમાતો નથી... હું તમારે શરણે આવ્યો છું.” પ્રભુએ કહ્યું, “હિંસા બંધ કરશો તો સુખી થાશો... હિંસા એ મહાપાપ છે. કર્યા કર્મ ભોગવવા પડે છે. માટે ચેતી જાવ ને પાપ કરતાં અટકી

જાવ.'' સ્નાન કરી પ્રભુ બાળમિત્રો સાથે ઘેર ગયા.

કથાનો સાર... સાચા ભક્તજન પશુ પક્ષી ઉપર કોઈ કરડાં નેણ કરતા નથી. દુ:ભવતા નથી. ત્યારે આપણે સગાભાઈ ઉપર, બહેન ઉપર, મા-બાપ ઉપર, સાચા ભક્તજન ઉપર, સંતો ઉપર, અનેક વ્યક્તિ ઉપર કરડાં નેણ કરીએ છીએ... પરને પીડીને રાજી થાય એતો અસુર છે. અનેક જીવાત્માઓનો રાજીપો આપણી ઉપર ઉતરે ત્યારે આપણું મન ભગવાનમાં જોડાય છે... ભજનમાં સ્થિરતા આવે છે. માટે ચેતીને ચાલજો સંસારમાં, એક દિન જાવું હરિના ધામમાં.

## ૩૫. મેઘરાજા, વૃષ્ટિ બંધ કરો.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, ચોમાસાના દિવસો આવ્યા. શ્રાવણ મહિનામાં જોરદાર વરસાદ વરસે છે. ધર્મદાદાના આખા ઘરમાં પાણી ભરાઈ ગયું... અનાજ, વસ્ત્રો, ગોદડાં, ગાદલાં વિગેરે બધી વસ્તુઓ પલળી ગઈ. ભાભી સુવાસનીબાઈ અને ભક્તિમાતા ઘરમાંથી પાણી ઉલેચે છે. રામપ્રતાપભાઈ ચોતરા ઉપર બેઠા છે ને ધર્મદાદા ચિંતા કરે છે કે હું ઘરનું છાપરું સમું કરી શક્યો નહિ... તેથી મુશ્કેલી ઊભી થઈ. હવે શું કરવું? મુંઝાઈ ગયા છે. ઘનશ્યામમહારાજ દિવાલની ઓથે ઊભા છે. વિચાર કર્યો... પિતાજીની ચિંતા દૂર કરવી તે પુત્રની ફરજ છે... પ્રભુએ આકાશ સામે નજર કરી. સંકલ્પ કર્યો...

**કર્યો સંકલ્પ વૃષ્ટિ સબંધ, મેઘરાજા રહેજો હવે બંધ ।**
**એવો વિચાર મનમાં થયો, તરત વરસાદ બંધ રહી ગયો ॥**
**બાર મેઘ થયા મૂર્તિમાન, આવ્યા જ્યાં ઊભા છે ભગવાન ।**
**કરી પ્રાર્થના શિર નામી, અમને શું આજ્ઞા કહો છો સ્વામી ॥**
**સૃષ્ટિમાં વૃષ્ટિ કરવી બંધ, કે બીજો કોઈ છે પ્રતિબંધ ।**

મેઘરાજાએ વરસાદ બંધ કર્યો... તરત વરસાદ બંધ થઈ ગયો. બારે મેઘ મૂર્તિમાન માનવ શરીર ધરીને પ્રભુ પાસે આવ્યા. હાથ જોડી પ્રાર્થના કરે છે. "પ્રભુ, આજ્ઞા ફરમાવો... અમારા જેવું શું કામછે? આખી સૃષ્ટિમાં વરસાદ બંધ કરવો છે કે કેમ?'' પ્રભુએ કહ્યું, "સૃષ્ટિમાં વૃષ્ટિ કરો પણ એક અમારા ઘર ઉપર, ચોકમાં ને ફળીયામાં વરસાદ બંધ રાખો.'' મેઘરાજાએ કહ્યું, "જેવી આપની આજ્ઞા.'' પ્રભુને પગે લાગી મેઘરાજા અદ્રશ્ય થઈ ગયા.

છપૈયામાં માણસોને ખબર પડી છે. સૌ આશ્ચર્ય પામી ગયા. "આ કેવી વિચિત્રતા! બધી જગ્યાએ વરસાદ વરસે છે ને ધર્મદેવના ઘર ઉપર ટીપું પણ પડતું નથી. ઘર ને ફળીયું કેવું ચોખ્ખું પડ્યું છે.'' લોકો અરસ પરસ વાત કરે છે. "આ બધો પ્રતાપ ઘનશ્યામમહારાજનો છે. એ સમર્થ સ્વામી છે. જે ધારે તે કરી શકે.

ઘનશ્યામમહારાજ સાથે ઓળખાણ રાખશું તો સુખી થાશું.''

સગા સંબધી ઘણાને ઓળખ્યા, પણ જ્યાં સુધી ભગવાનને નથી ઓળખ્યા ત્યાં સુધી બધું અધૂરું છે. પ્રભુ સાથે એકાત્મભાવ કેળવવો કે સર્વ સુખના આપનારા એક ભગવાન છે. હરિ એજ મારું જીવન છે. કેટલાક લોકો ઓછી મહેનતે સુખ સમૃધ્ધિ મેળવે છે. તેમને પૈસા માટે દોડાદોડ કરવી પડતી નથી ને ભાવિની કાંઇ ચિંતા નથી. કારણ કે તેઓએ પોતાનું જીવન પરમાત્માના ચરણમાં સમર્પિત કર્યું છે, પરમાત્મા સાથે એકાત્મભાવ કેળવેલો છે. પ્રભુ કહે છે, ''ચાલો ભાભી, મને જમવાનું આપો. મને ભૂખ લાગી છે.'' રસોડામાં આવ્યા.

ભક્તિમાતા અને સુવાસનીબાઇ ફૂલવાડીમાં શાક માટે મકાઇ, ચિભડા, તુરીયા અને ગલકાંના બી ખરપીથી ખાડો કરીને ધરતીમાં વાવે છે. ઘનશ્યામમહારાજ રમતા રમતા ત્યાં આવ્યા... ''દીદી... તમે આ શું કરો છો?'' ''બેટા, શાક માટે ગલકાં આદિકનાં બીજ વાવીએ છીએ.'' પ્રભુ બોલ્યા, ''લાવો અમે વાવીએ...''

**ઘનશ્યામકહે લાવો માજી, અમે વાવીએ શાક ને ભાજી ।**
**અમે વાવીશું તો ઝટ થાશે, સગાં મિત્ર સહુ તે તો ખાશે ॥**
**એમકહીને વાવ્યાં છે પોતે, થોડા દિનમાં થયા જોતે જોતે ।**

ઘનશ્યામમહારાજ કહે છે, ''અમે વાવશું તો જલદી થાશે. તમે વાવશો તો કોણ જાણે ક્યારે થાશે.'' થોડા દિવસમાં ગલકાં, તુરીયા ને ચીભડાં તૈયાર થયા. મીઠા, મધુર રસવાળા... ભક્તિમાતા રસોઇ બનાવી, પ્રભુને જમાડી રાજી થાય કે મારી સેવા સફળ થઇ.

## ૩૯. ફણસની ચોરી થઇ.

ધર્મદેવના ફૂલબાગમાં ફણસના વૃક્ષમાં ઘણા બધાં સરસ ફણસ થયાં. મધ્ય રાત્રે ચાર ચોર આવ્યા. ફણસ ઉતારી, ગાંઠડા બાંધીને ચાલતા થયા. નારાયણસરોવરના કાંઠે ચાલ્યા જાય છે. બાજુમાં પીપડાનું વૃક્ષ હતું. તેમાં ઘણા બધાં ભૂત રહેતા હતા. પ્રભુ આ વાત અંતર્યામી શક્તિથી જાણી ગયા. ભૂતોને કહ્યું, ''તમે ચોરને પકડીને સજા કરો.'' ભૂત ચોર પાસે ગયાં. ભડકા કરે ને કિકિયારી કરે. ''પ્રભુના ચોરને મારો ને કૂટો.'' લાકડીના ગોદા ભરાવે... બચકા ભરાવી લાતો મારે. ફાવે તેમમારે છે.

ચોર ધ્રૂજી ગયા... હવે શું કરવું? ફણસની ગાંઠડીને ધરતી પર ફેંકી દીધી ને જાય દોડયા... ''ભાગો, નહિંતર ભૂત આપણને મારી નાખશે.'' ચોરને ભૂતે પકડી લીધા. ''અલ્યા પાપી! જયાંથી લાવ્યા છો ત્યાં મૂકી આવો. નહિંતર તમને ખાઇ જઇશું.'' બીકના માર્યા. ચોર ગાંઠડી લઇને ધર્મદાદાનાં આંગણામાં આવીને ચોતરા ઉપર ઢગલો કરીને જલદી દોડતા ઘર ભેગા થઇ ગયા... પાછું વાળીને પણ જોયું

નહિ રાત્રીનો સમય છે... ઘનશ્યામમહારાજ પોઢ્યા હતા, તે જાગી ગયા. ભૂત પાસે આવ્યા. ભૂત બે હાથ જોડી, પ્રભુને પ્રણામકરી પગે લાગ્યા. “હે પ્રભુ! અમે બહુ દુ:ખી છીએ... ખાવા પીવાનું મળતું નથી... જ્યાં ત્યાં રખડીને જિંદગી પસાર કરીએ છીએ... દયા કરો ને અમારો ઉધ્ધાર કરો.” પ્રભુ કહે છે, “તમને ભૂતની યોનિ શા માટે આવી છે, ખબર છે? જગતની માયામાં વાસના રહેવાથી ભૂત થયાં છો... પુત્ર પરિવાર અને માલ મિલ્કત, સ્ત્રી અને ધનમાં આસક્તિ રહેવાથી ભૂત થયા છો. અધોગતિ થઇ છે.”

સમજવા જેવી કથા છે... કામ, ક્રોધ, લોભ, મોહ અને મમતા વિગેરે અંતરશત્રુ મહા બળવાન છે. મોક્ષ માર્ગના વિરોધી છે. જ્યાં સુધી અંતરશત્રુ જીતાયા નથી ત્યાં સુધી કોઇ પણ કાર્યમાં સફળતા મળતી નથી. જગતની માયાનો કજીયો બહુ ભારે છે. જ્ઞાન અને સમજણ વિના કસર ટળતી નથી. કલ્પના કલ્પ સુધી ભગવાન સામું જોઇને બેસી રહે પણ વિષય નિષેધ કર્યા વિના વાસના ટળે નહિ... જેને તાવ આવ્યો હોય તેને પાણીની બહુ તરસ લાગે, પાણી પીવાથી તરસ વધતી જાય છે, તેમસંસારના ભોગ ભોગવવાથી ભોગની તૃષ્ણા વધતી જાય છે... માટે સાવધાન રહેવું... વાસના તજો ને હરિ ભજો.

ઘનશ્યામમહારાજ કહે છે...

**તમે કર્યું છે અમારૂં કાજ, માટે થયો છું પ્રસન્ન આજ ।**
**અમો વન વિચરીયે જ્યારે, જાજો બદ્રિકાશ્રમમાં ત્યારે ॥**
**છૂટી જાશો માયાથી તમામ, પછી પામશો અક્ષરધામ।**

“તમારો ઉધ્ધાર થાય નહિ એટલી તમને જગતના પંચવિષયમાં વાસના છે. પણ તમે અમારી સેવા કરી છે. ચોર પાસેથી ફણસ પાછા લાવ્યા છો. અમારું વચન માન્યું છે તેથી તમો બદ્રિકાશ્રમમાં જાશો... ત્યાં તપ કરશો. પછી મારી ભક્તિ કરશો ત્યારે મુક્તિ થશે.” થોડી સેવાને મદદ ગણીને પ્રભુએ ભૂતને સત્ય માર્ગ બતાવ્યો છે. આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ.

બીજે દિવસે મંગળ પ્રભાત થયું. સુવાસની ભાભી ચોતરા ઉપર ફણસનો ઢગલો જોઇ બોલ્યા, “આ બધા ફણસ કોણે તોડી નાખ્યા છે?” ત્યારે ઘનશ્યામમહારાજે સવિસ્તારથી બધી વાત સંભળાવી... સૌ આશ્ચર્ય પામી ગયાં... ઘનશ્યામમહારાજ ખૂબ પરાક્રમી છે. એની લીલાનો કોઇ પાર પામી શકે નહિ.

શ્રી હરિ વચનામૃતમાં કહે છે, આ જીવે અનેક વાર સ્ત્રીના દેહ ધર્યા છે. અનેક વાર પુરુષના, અનેક વાર પશુપક્ષીના દેહ ધરીને સંસારના સુખ ભોગવ્યાં છે. આ જીવ અનેક બ્રહ્માંડમાં જન્મમરણના ચક્કરમાં ભટકી આવ્યો છે. રખડ્યા જ કરે છે.

જ્યાં સુધી ખરેખર ભગવાનની ભક્તિ નહિ આદરે ત્યાં સુધી ચોરાસી લાખ જાતના ફેરામાં રખડશે... આજથી નક્કી કરો... મારે ભવસાગરમાં ફરવું નથી.

### ૩૭. શ્રી હરિ હરિહર ક્ષેત્રમાં ગયા.

ધર્મદેવને સંધ્યાગિર, બીજા કેટલા જન ।
દીઘાઘાટે હરિયક્ષેત્રે, મેળે જવા કર્યું મન ॥
તૈયારી કરી તાતજીએ, ત્યારે બોલ્યા દીનાનાથ ।
હે દાદા મને મેળો જોવા, તેડી જાવો તમસાથ ॥
હરિપ્રસાદજી બોલીયા, સુણો તમે મારા કુમાર ।
હાલ તમે નવ આવશો, જઈશું બીજી વાર ॥

ધર્મદાદાના મિત્રનું નામસંધ્યાગિર બાવો હતું... તેણે ધર્મદેવને વાત કરી. ‘‘હરિહરક્ષેત્રમાં મોટો મેળો ભરાય છે. લાખો માણસો ત્યાં જાય છે. ચૌંતેર નદીઓના સંગમમાં સ્નાન કરવાનો બહુ મોટો મહિમા છે. તો ચાલો આપણે તે મેળામાં જઈએ.’’ બે મિત્રો જવા માટે તૈયાર થયા. ઘનશ્યામમહારાજ આ વાત સાંભળી ગયા, તેથી પિતાજીને કહે છે. ‘‘હું તમારા સાથે મેળામાં ચાલીશ.’’ પિતાજીએ કહ્યું, ‘‘મેળામાં તમારું કામનથી. તમે નાના છો. ધક્કા મુક્કી થતી હોય, તેમાં તમને મઝા નહિ આવે... બીજી વખત મેળામાં ચાલજો. આ વખતે નહિ... તમારા માટે સરસ મજાનાં રમકડાં લઈ આવીશ.’’ પિતાજી મેળામાં જવા ચાલતા થયા.

ઘનશ્યામમહારાજે ભક્તિમાતા પાસે હઠ પકડી... રડતાં રડતાં કહે છે, ‘‘મારે મેળામાં જવું જ છે... મને દાદા શા માટે ન લઈ ગયા?’’ મા ખૂબ સમજાવે છે... ‘‘બેટા. રડો નહિ. આવતા વર્ષે તમને ચોક્કસ લઈ જશે. આ વખતે શાંતિ રાખીને અહીં મિત્રો સાથે રમો ને મજા કરો. ખોટી હઠ સારી ન લાગે.’’ ઘનશ્યામમહારાજે મનમાં વિચાર કર્યો કે પિતાજી ભલે મને મેળામાં ન લઈ ગયા પણ હું તેનાથી પહેલાં મેળામાં પહોંચી જઈશ... તુરંત ગરૂડજીને બોલાવ્યા... ગરૂડજી હાજર થયા... પ્રભુએ બે સ્વરૂપ ધારણ કર્યાં. એક સ્વરૂપે ઘેર રહ્યા ને બીજા સ્વરૂપે ગરૂડ ઉપર બેસી હરિહરક્ષેત્રના મેળામાં પહોંચી ગયા.

પિતા ધર્મદેવે મેળામાં નજર કરી તો ઘનશ્યામમહારાજને દીઠા. આશ્ચર્ય પામી ગયા. ‘‘ઘનશ્યામ, તમે કોની સાથે અહીં આવ્યા છો? પ્રભુ બોલ્યા...

ત્યારે બોલ્યા ત્રિભુવન પતિ રે, સુણો દાદા તમે મહામતી રે ।
મને છાનો મૂકી આવ્યા તમે રે, આ ગરૂડે ચડી આવ્યા અમે રે ॥

‘‘પિતાજી, તમે ચિંતા ન કરો... અમે પગે ચાલીને નથી આવ્યા, પણ ગરૂડ ઉપર બેસીને આવ્યા છીએ.’’ ત્યારે પિતાજી કહે છે, ‘‘ગરૂડજી તો ભગવાનનું વાહન છે,

તે તમને ક્યાંથી મળે?''

**એવું સુણીને બોલ્યા છે તાત રે, હે પુત્ર કહું છું સત્ય વાત રે ।**
**આ તો ગરૂડજી પંખીરાજ રે, હરિનું વાહન છે સુખસાજ રે ॥**
**ક્યાંથી મળે બેસવા તમને રે, એ વિચાર થાય છે અમને રે ।**




**પ્રભુ હરિદ્વાર ક્ષેત્રના મેળામાં ગયા છે.**

''ગરૂડજી તો પક્ષી છે. પક્ષીનો શું ભરોસો કહેવાય? ક્યાંક બીજી જગ્યાએ લઈ જાય તો? ભૂલા પડી જવાય... માટે પક્ષીનો વિશ્વાસ કરાય નહિ... ગરૂડજી તો ભગવાનનું વાહન છે. તે તમારા માટે ક્યાંથી હોય?'' વિચાર કરતા થઈ ગયા... કાંઈક આશ્ચર્યકારી વાત લાગે છે. સમજાતું નથી. પણ માર્કંડેયમુનિ કહેતા હતા કે તમારા બાળક સાધારણ નથી, પણ સાક્ષાત પરમેશ્વર છે... વાત સાચી લાગે છે, ને વળી આથી પહેલાં પણ ઘણા આશ્ચર્ય જોયાં છે. પિતાજી ઘનશ્યામમહારાજને બે હાથ જોડી પ્રણામકરે છે, ''ધન્ય ઘડી, ધન્ય અવસર.''

ઘનશ્યામમહારાજ બોલ્યા, ''ચાલો પિતાજી, આપણે સંગમમાં સ્નાન કરીએ.'' ધર્મદેવે પવિત્ર જળાશયમાં ડૂબકી મારી ત્યાં પાણીમાં ચર્તુભુજ નારાયણનાં દર્શન થયાં... જળથી બહાર આવ્યા તો ચર્તુભુજ નારાયણ દેખાય છે... પિતાજીનાં આશ્ચર્યનો પાર ન રહ્યો.

પિતાજી બે હાથ જોડી પ્રભુને પ્રણામકરે છે. ''હે પ્રભુ! તમારું સ્મરણ મનને ઠારે છે. તમારી વાણી હૈયાને ઠારે છે. તમારી મૂર્તિ આંખને ઠારે છે. ધન્ય હો પ્રભુ... તમારા દર્શનથી હું કૃતાર્થ થયો છું. તમે મળ્યા પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી... આવા દર્શન તો જંગલના યોગીને પણ થતા નથી... હું આજે ભાગ્યશાળી થઈ રહ્યો છું.''

ધર્મદાદા અને બાલ ઘનશ્યામચાલતા ચાલતા લોહગંજરી પધાર્યા છે. એક સ્વરૂપે

પિતાજી સાથે મેળામાં ગયા છે, અને બીજે સ્વરૂપે ઘરમાં ભક્તિમાતા સાથે રહ્યા છે... ભક્તિમાતા ઘનશ્યામમહારાજની આંગળી પકડીને ધર્મદેવને મેળામાંથી આવતા જાણીને સામા ગયા. ભક્તિમાતા કહે છે, ''ઘનશ્યામમાટે શું લાવ્યા છો?'' ધર્મદેવે કહ્યું, ''આપણા ઘનશ્યામબહુ ચમત્કારી છે. ગરૂડ ઉપર બેસીને મેળામાં પહોંચી આવ્યા હતા.'' ત્યાં પ્રભુએ એક સ્વરૂપ અદ્રશ્ય કરી દીધું... આવો ચમત્કાર જોઇ સૌ આશ્ચર્ય પામી ગયા. પ્રભુની લીલા અલૌકિક છે. પ્રભુએ મેળામાં પધારી પોતાના દર્શન દાનથી અનેક આત્માઓનો ઉધ્ધાર કર્યો છે. ભક્તિમાતાએ રસોઇ બનાવીને સૌને ભોજન જમાડ્યા છે... ભક્તિમાતા અખંડ જપ કરે છે... હરિભજન કરે છે. સ્ત્રીભક્તજનોને પણ કરાવે છે.

ભગવાનના નામનો મોટો મહિમા છે. આ શરીરને જમવાનું આપીએ ત્યારે શરીરમાં તાકાત વધે છે. ઉપરા ઉપરી ઉપવાસ કરીએ તો શરીરની તાકાત ઘટી જાય. શરીરને ખોરાક ન આપો તો શરીર નિર્બળ થઇ જાય. તેમઆત્માને ખોરાક ન આપો તો આત્મા નિર્બળ થઇ જાય... આત્મા દાળ, ભાત, રોટલી, દૂધપાક કે લાડુ વિગેરે ભોજન નહિ જમે... આત્માનો ખોરાક ભગવાનના નામમંત્રનો ઉચ્ચાર છે. આપણે ભજન ભક્તિ કરવાનું ભૂલી જઇએ છીએ... પછી કરશું, ક્યાં ઉતાવડ છે? આવી રીતે આળસમાં જીવન પુરું થઇ જાય છે... આ કથા આપણને સાવધાન કરે છે... આળસ તજો ને હરિને ભજો.

## ૩૮. છપૈયાની પ્રદક્ષિણા

તીર્થરાજ છપૈયામાં ઘનશ્યામમહારાજે ઘણી લીલા કરી છે... લીલા ચરિત્રની કથા આપણને બહુ ગમશે. ઘનશ્યામમહારાજ મિત્ર મંડળની સાથે નારાયણ સરોવરનાં કાંઠે આંબાવાડીમાં ગયા. બધા બાળમિત્રો ઘોડા ઉપર બેઠા હોય તેમઆંબાની ડાળ ઉપર બન્ને પગ લટકાવીને બેસી ગયા... ઘનશ્યામમહારાજ પણ આંબાની ડાળે બેઠા. ઘોડાને હાંકે તેમડાળને ચાબુક મારી જીભથી ડચકારા કરે છે.

**બોલાવે છે મુખે બચકારા રે, વગાડે છે જીભે ડચકારા રે ।**
**શ્રી હરિએ ઇચ્છા મન ધારી રે, પોતે બેઠા છે ત્યાં સોટી મારી રે ॥**
**મારતા સાથે નીકળ્યો ઘોડો રે, જેનો કાંઇ મળે નહિ જોડો રે ।**
**ઉચ્ચેઃ શ્રવાની જાત તુરંગ રે, મુખ સાત ને અવદાત રંગ રે ॥**

ત્યાં તો હરિ ઇચ્છાથી હણહણાટ કરતો સાત મોઢાંવાળો શ્વેત ઘોડો પ્રગટ થયો. અલબેલો અશ્વપર અસવાર થયા. ઘોડાને એવી ઝડપથી દોડવ્યો. આમદોડે તો તેમરાસ ખેંચે. ઘોડો છલાંગ ભરતો જાય, જાણે ગરૂડની ગતિ જોઇ લ્યો... ઘનશ્યામમહારાજ કેવા શોભે છે. સુંદર મઝાનું તેજસ્વી મુખારવિંદ, શ્વેત ઝુલડી,

શ્વેત સુથણલી પહેરી છે. મસ્તક પર હીરા નંગ જડીત ટોપી, હૈયે પુષ્પનો હાર, હસ્તમાં લગામઅને ચરણમાં ચાખડી અદ્‌ભૂત શોભા છે.

છપૈયાની પ્રદક્ષિણા શરૂ કરી. ફરતાં બાર ગામછે. છપૈયાના બાર ગામનાં નામસાંભળોઃ (૧)છપૈયામાં – નારાયણ સરોવર, (૨) પીરોજપુરમાં - મોક્ષ પીપડો (૩)લોહગંજરીમાં – જંગલીનાથ મહાદેવ (૪) પતજીયામાં – પતજીયા મહાદેવ, (૫)ભેટીયામાં – રામસાગર, (૬)ઇટોલામાં – જીરાભારી તળાવ, (૭)મખોડાઘાટમાં – મનોરમા નદી, (૮)નરેચામાં – કલ્યાણ સાગર, (૯)તિનવામાં - ભૂતિયો કૂવો, (૧૦)ઇસનાપુરમાં - ખાંપા તલાવડી, (૧૧)ગૌઘાડમાં – વિશ્વામિત્રી નદી, (૧૨)ગુરગામમાં - શ્રવણ તલાવડી.



પ્રભુ ઉચ્ચૈશ્રવા ઘોડા ઉપર બેસીને છપૈયાની પ્રદક્ષિણા કરે છે.

છપૈયાના આજુબાજુના ગામમાં અશ્વ લઇને ઘનશ્યામમહારાજ પ્રદક્ષિણા ફરે છે. ગામની નારીઓનાં ચિત્ત પ્રભુમાં ચોંટી ગયાં છે. પાણી ભરવું ભૂલીને ઘોડાની પાછળ પાછળ દોડે છે.

ઘોડો દોડતો જાય ને માણસો તેમાં જોડાતાં જાય. માણસો વિચાર કરે છે, સાત મોઢાંવાળો ઘોડો આપણે ક્યારે જોયો નથી. અતિ અલૌકિક દશ્ય છે. જોતાજ રહી ગયા. અનેક બાળકો ઘોડા પાછળ દોડતા જાય ને બોલતા જાય, ''ઘનશ્યામમહારાજની જય હો... ઘનશ્યામમહારાજની જય હો.'' વૃધ્ધ માણસોને આનંદ આવી ગયો તેથી તે પણ લાકડીના ટેકે ઘોડા પાછળ ચાલે છે. જાણે યાત્રાનો સંગ જોઇ લ્યો... બ્રાહ્મણો સંધ્યાવંદન કરતા હતા તે સ્થિર થઇ ગયા.

છપૈયામાં ઘનશ્યામમહારાજે કેટલી પ્રદક્ષિણા કરી?

એક મુર્હૂત ઉપર ઠર્યા રે, એકસો આઠ પ્રકમાં ફર્યા રે ।
છુપૈયાપુર ફરતી છેલે રે, ફરી પ્રદક્ષિણા અલબેલે રે ॥

એક મુર્હૂત એટલે દોઢ કલાક... ઘનશ્યામમહારાજ દોઢ કલાકમાં ૧૦૮ પ્રદક્ષિણા ફર્યા... ઘનશ્યામમહારાજ છુપૈયાની પ્રદક્ષિણા ફર્યા ત્યારથી છુપૈયાની પ્રદક્ષિણાનો મોટો મહિમા છે... તમે છુપૈયાપુર જાવ ત્યારે જરૂર પ્રદક્ષિણા ફરજો ને આ લીલાને યાદ કરજો... બદ્રિનાથાનંદ સ્વામી મહિમાનું કીર્તન ગાય છે...

**જન્મસુફળ હોઈ જાવે છેપૈયામેં જન્મસુફળ હોઈ જાવે,**
**ફીર ભવમેં નહિ આવે છેપૈયામેં જન્મસુફળ હોઈ જાવે,**
**ધન્ય ધન્ય ધુળ છપૈયા કેરી, બ્રહ્માજી શશિ ચડાવે... છપૈયામાં...**
**છપૈયામાં ચો ફીર ફરે પ્રકમા, જન્મમરણ મીટ જાવે... છપૈયામાં...**
**બહોત જન્મકે પુન્ય જબ જાગે, તબમેં છપૈયા પાવે... છપૈયામાં...**

છપૈયામાં ચો ફીર ફરે પ્રક્રમા, જન્મમરણ માટ જાવે. પદે પદે અશ્વમેઘ યજ્ઞનું પુણ્ય મળે છે. અક્ષરધામના મુક્તો અને તેત્રીસ કરોડ દેવતાઓ દિવ્ય સ્વરૂપે દરરોજ છપૈયાનાં દર્શન કરવા આવે છે. છપૈયાપુર અક્ષરધામતુલ્ય છે. અનેક જન્મના પુણ્ય હોય તેને છપૈયા જાવાનું મન હોય છે. છપૈયાની મોટી પ્રદક્ષિણા કરી શકાય, જો શ્રધ્ધા અને હિંમત હોય તો, અને સમય એનો સંયોગ ન હોય તો નાની પ્રદક્ષિણા એટલે મંદિરની ચારે બાજુ પ્રદક્ષિણા કરી શકાય. એટલી શક્તિ ન હોય તો મંદિરમાં બીરાજતા ભગવાનની પ્રદક્ષિણા અવશ્ય કરવી... પ્રદક્ષિણા ફરે તો જન્મમરણના ફેરા ટળે છે ને ઉત્તમગતિને પામે છે.

### ૩૯. અધિકારનો અહંકાર તજો.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે સંતો, વહાલા હરિભક્તો, તમે પ્રેમથી કથા સાંભળો...

ત્યાર પછી સહુ સાંભળો, સંત હરિજન મિત્ર ।
છુપૈયામાં શ્રી ઘનશ્યામે, કર્યું નવીન ચરિત્ર ॥
હવે માઘ શુદી ચતુર્થી, તે દિન ધર્મકુમાર ।
બ્રહ્મમૂહર્તે વહેલા ઉઠ્યા, કર્યું સ્નાન તેણી વાર ॥
બેઠા જઈ ચોતરા પર, નિત્ય વિધિ કરે જ્યાંય ।
પ્રજાપતિ આવ્યા તે સમે, ચતુરમુખા ત્યાંયે ॥

મહાશુદ ચતુર્થીનો દિવસ છે. મંગળ પ્રભાતમાં પ્રભુ સ્નાન કરી, આંગણામાં આંબલીના વૃક્ષ નીચે ચોતરો છે, તેના ઉપર બેસી પૂજા પાઠ નિત્ય વિધિ કરે છે. તે

વખતે સત્યલોકમાંથી હંસ ઉપર બેસીને ચારમુખવાળા બ્રહ્માજી આવ્યા. પ્રભુને પગે લાગીને કહ્યું, "હે પ્રભુ! અનેક વર્ષોથી આ સૃષ્ટિનું ઉત્પાદનનું કામકરૂં છું... હવે મને નિવૃત્તિ રાખીને શાંતિથી તમારું ભજન સ્મરણ કરવું છે. આ કાર્ય બીજાને સોંપી દો." બ્રહ્માજીને મનમાં એમહતું કે મારા વિના કાર્ય અટકી જશે. સૃષ્ટિનો સર્જક હું છું... મને આજીજી કરતાં પ્રભુ કહેશે કે આ કાર્ય તમારેજ કરવું પડશે. બીજાથી આ કાર્ય થશે નહિ.

ઘનશ્યામમહારાજે કહ્યું, "હજું તમારું શરીર બરાબર છે. વૃધ્ધઅવસ્થા દેખાતી નથી. માટે તમારું કામચાલુ રાખો તો બહુ સારું થાય." બ્રહ્માજી બોલ્યા, "ના... હવે એ કાર્ય હું નહિ કરું... બીજાને સોંપી દો." પ્રભુએ કહ્યું, "કાંઇ વાંધો નહિ... તમે થોડીવાર નારાયણ સરોવરના કિનારે બેસો. કોઇ યોગ્ય વ્યક્તિને તે કાર્યમાં ગોઠવી દેશું... તમે ચિંતા ન કરો." બ્રહ્માજીને એમકે ભગવાન હમણાજ મને મનાવશે... વાંસો થાબડીને કહેશે તમારે જ કરવું પડશે... ત્યાં અચાનક આશ્ચર્ય સર્જાયું...



બ્રહ્માજીનો ગર્વ ઉતાર્યો.

સામેથી ઊંટની લાઇન ચાલી આવે છે. ઊંટ ઉપર મોટી મોટી લાંબી પેટીઓ છે... બ્રહ્માજીએ આ દશ્ય જોયું... "ઓ... હો... હો... આ ઊંટ મારી સૃષ્ટીનો બનાવેલ નથી. કોઇ વિચિત્ર શ્વેત ઊંટ બધા દેખાય છે." બ્રહ્માજીએ ઊંટ ચલાવનારને પૂછયું, "આ પેટીમાં શું છે?" "આ પેટીમાં અનેક બ્રહ્મા ભર્યા છે." "બતાવો તો જોઇએ." પેટી ખોલી તો કોઇ ચાર મોઢાવાળા તેજસ્વી દિવ્ય પુરુષો છે... કોઇ આઠ મોઢાવાળા બ્રહ્મા છે... કોઇ સોળ મોઢાવાળા. ચોથી પેટી ખોલી તો ચાલીસ મુખવાળા બ્રહ્મા છે... આવું અલૌકિક દશ્ય જોઇ બ્રહ્માજી સ્તબ્ધ થઇ

ગયા... "મને એમહતું કે આ દુનિયામાં હું એક જ બ્રહ્મા છું. મારા જેવો બીજો કોઇ નથી પણ આ તો અનેક બ્રહ્માની લાઇન લાગી છે."

પેટીમાંથી નીકળેલા બ્રહ્મા ઘનશ્યામમહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરે છે. "હે પ્રભુ! કોઇ બ્રહ્મા થાક્યા હોય તે એમની જગ્યાએ અમને ગોઠવી દો... આજ્ઞા ફરમાવો. અમે સેવા કરવા માટે તૈયાર થયા છીએ..." બ્રહ્માજીના પેટમાં ફાળ પડી. હૃદયના ધબકારા વધી ગયા. "મારી સત્તા ઝુટવાઇ જશે, તે બરાબર નહિ." દોડીને ઘનશ્યામમહારાજના ચરણમાં માથું ઝુકાવ્યું. રડતે હૃદયે બોલ્યા, "પ્રભુ, મને માફ કરો! મારી ભૂલ થઇ છે. આવું બીજી વખત નહિ કરું... જે તમે મને કાર્ય સોંપ્યું છે તે હું બરાબર કરીશ." પ્રભુનો મહિમા સમજાઇ ગયો તો બ્રહ્માનો ગર્વ ઉતરી ગયો... ભગવાન પાસે કોઇનો ગર્વ (વટ) રહેતો નથી.

ઘનશ્યામમહારાજે કહ્યું, "તમે નિરાંતે ભજન કરો... અમે અમારું કાર્ય ગોઠવી લઇશું. તમે ચિંતા ન કરો." બ્રહ્માજી કરગરીને બોલ્યા, "હે પ્રભુ! તમે જેમકહેશો તેમકરીશ. તમે મારા ઉપર રાજી રહો. હે પ્રભુ! તમે બહુ સારું કર્યું. મારી ભૂલ સમજાવી." ભગવાને કહ્યું, "મારા બ્રહ્માંડમાં અનેક કાર્યકર્તાઓ છે... બ્રહ્માંડનું ઉત્પતિનું કાર્યનું સંચાલન તમારા વગર અટકશે નહિ... તમે ખોટું અભિમાન કરો છો. અધિકારનો અહંકાર તજો ને હરિને ભજો."

માણસને થોડીક સત્તા કે અધિકાર મળે તો તરત અહંકાર આવી જાય છે... હું કેવો મોટો. મારું કર્યું બધું થાય. મને પૂછીને બધા કામકરે. મારો વટ પડે. અભિમાનમાં ફૂલાતો ફરે. જાણે મારા જેવું કોઇ નહિ. આપણી પાસે જે છે સદ્‌ગુણ, સંપત્તિ કે સત્તા તે બધું ભગવાનની કૃપાનું ફળ છે, છતાં અભિમાન કરીએ છીએ. ખોટું અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે.

મારી ભૂલ થઇ છે... આ ત્રણ શબ્દો ઉચ્ચારવા બહુ મુશ્કેલ છે. જલદી પોતાની ભૂલ કબુલ થાય નહિ. બ્રહ્માએ પોતાની ભૂલ કબુલ કરી.

## ૪૦. ઝાડ પીપળીની રમત.

એક સમય ઘનશ્યામમહારાજ દહીં ભાત જમીને સખા સાથે આંબાવાડીમાં આંબા ઉપર ચઢીને ઝાડપીપળીના રમત રમતા હતા. બપોરનો સમય થયો... છતાં જમવા આવ્યા નહિ. ભક્તિમાતા વાટ જુવે છે. રામપ્રતાપને કહ્યું, "ઘનશ્યામને ભૂખ લાગી હશે. તમે જલદી બોલાવી લાવો." રામપ્રતાપભાઇ હાથમાં સોટી લઇ ઘનશ્યામમહારાજને શોધવા જાય છે. નારાયણ સરોવરના કિનારે જોયું... તો ત્યાં ઘનશ્યામનથી. આગળ ચાલ્યા. મીનસાગરના કાંઠે જોયું તો ત્યાં પણ નથી. વળી આગળ ચાલ્યા. પીરોજપુરની હદમાં ચારે બાજુ જોઇ વળ્યા. ત્યાં પણ નથી. વળી

આગળ ચાલ્યા. ખાંપાસરોવર ફરતાં જોયું પણ ઘનશ્યામમહારાજ ક્યાંય મળ્યા નહિ. હવે શું કરવું? ભાઇ ચાલી ચાલીને થાકી ગયા. મનમાં વિચાર કરે છે...

**ભાઈને રીસ ચઢી અપાર, મળે તો સોટિયું મારૂં ચાર ।**
**એમશોધે છે ધર્મના તન, આવ્યા બહિરિ આંબે જોખન ॥**
**ત્યાં તો રમે છે ઝાડ પીપળી, કલા કોઈથી ન જાય કળી ।**

હવે જો ઘનશયામમળશે તો ચાર સોટીયું મારીશ. મને ચલાવી ચલાવીને થકાવી નાખ્યો. મોટાભાઇને આવતા જોઇને ઘનશ્યામમહારાજ ફટાફટ આંબા ઉપર ચડી ગયા. રામપ્રતાપભાઇએ જોરથી હાક મારી... "ખબરદાર! આજ તમને માર્યા વગર નહિ મૂકું... સમયસર જમવા માટે કેમનથી આવતા?! હું શોધી શોધીને થાકી ગયો." ઘનશ્યામમહારાજે આંબા ઉપરથી છલાંગ મારી તે નારાયણ સરોવરના કીનારે આવ્યા... જલદી જલદી ઘરની ઓશરીમાં છાના માના સંતાઇ ગયા. ત્યાં રોસે ભરાણા રામપ્રતાપભાઇ ઘરે આવ્યા... ભાઇને જોયા ને ઘનશ્યામમંડ્યા ધ્રૂજવા... ડરી ગયા... હવે ચોક્કસ ભાઇ મને મારશે. ખીજાઇ ગયા છે.

ઘનશ્યામે ઊંચે સ્વરે સાદ કર્યો. "દીદી! ભાઇ મને મારશે!" એમકહી જલદી જલદી માના ખોળામાં ચૂપ બેસી ગયા... ભક્તિમાતા મસ્તક ઉપર હાથ ફેરવતાં બોલ્યા, "બેટા... તમને કોઇ નહિ મારે. શાંતિ રાખો." માતાજીના ખોળામાં ઘનશ્યામને દીઠા ને ભાઇનો ગુસ્સો ઓસરી ગયો... સુવાસનીબાઇએ કહ્યું, "ચાલો, સૌ ભોજન કરી લ્યો." સૌ સાથે બેસીને જમ્યા છે... આવી અલૌકિક લીલા કરી સૌ ભક્તજનોનાં મન ભગવાનમાં ખેંચાઇ જાય છે, તેથી અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે છે. વચનામૃતમાં શ્રી હરિ કહે છે, જેને અંતઃકરણમાં અખંડ ભગવાનનું ચિંતવન થતું હોય અને દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં જવું પડે નહિ. ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ પરમપદને પામ્યો છે. જેવા શ્વેતદ્વિપમાં નિરન્નમુક્ત છે તેવો જ એ પણ નિરન્નમુક્ત થઇ રહ્યો છે.

આપણે દેહની કમાણી ખૂબ કરી. ખૂબ કમાયા. બંગલા બનાવ્યા. દીકરા દીકરીને ધામધૂમથી પરણાવ્યા. દેશ વિદેશમાં ખૂબ દુઃખ વેઠીને કમાયા. પાછળથી પસ્તાવું ન પડે એ માટે અત્યારથી જ ભગવાનના હુકમને માન આપી સત્સંગ કરો. પૂજા, પાઠ, ધર્મ, દાન, વિગેરે સત્કર્મ કરી જીવનને ધન્ય બનાવો. એજ જીવન જીવ્યાનો મોટો લાભ છે.

## ૪૧. ચાલો હિંડોળાનાં દર્શન કરવા.

શ્રાવણ મહિનો એટલે તહેવારનો શ્રેષ્ઠ મહિનો. નાગપાંચમ, રાંધણછઠ્ઠ, જન્માષ્ટમી, રાખડી પૂનમ, વિગેરે તહેવારો આવે. આખો મહિનો હિંડોળાના

ઉત્સવ ચાલે. કાશીમાં ગંગાસ્નાનનો મહિમા અને અયોધ્યામાં હિંડોળાનો મહિમા, હજારો ભક્તજનો દર્શન કરવા આવે. અયોધ્યા નગરી શ્રી રામચંદ્ર ભગવાનની જન્મભૂમી છે.

ધર્મદાદા, ભક્તિમાતા, રામપ્રતાપભાઇ, ઘનશ્યામમહારાજ અને ગામનાં માણસો હિંડોળાનાં દશર્ન કરવા જાય છે. ચોમાસાના દિવસો છે, તેથી ગાડા ચાલી શકે નહિ. સૌ પગપાળા કીર્તન ગાતા ગાતા ચાલ્યા જાય છે. ચારે બાજુ લીલી વનરાજીથી ધરતી શોભે છે.

ખેતર પાકથી ભર્યાં છે અને સરોવર છલકી રહ્યાં છે. મનોરમા નદી જોરદાર પાણીથી વહે છે. હોડીવાળા કોઇ નથી. નદી પાર કઇ રીતે કરવી? ચિંતા કરે છે રે હિંડોળાનાં દર્શન થશે નહિ... અયોધ્યા કેમજવું? ચાલો છપૈયા પાછા જઇએ.

ઘનશ્યામમહારાજ બોલ્યા, ''તમે ચિંતા શા માટે કરો છો? મારી પાછળ પાછળ સૌ ચાલ્યા આવો... પાણીમાં સરસ મજાનો રસ્તો છે.''

**દીદી આ પાણી મધ્યે છે રસ્તો, એમાં ચાલું છું હું જુવો ખસ્તો ।**
**મારે કેડે કેડે સહુ આવો, બીશો માં તમે નહિ તણાવો ॥**
**એમકહિ પહોળા કર્યા ભુજ, જળે માર્ગ દીધો પડી સુજ ।**

ઘનશ્યામમહારાજે બે હાથ ઊંચા કર્યા. ''હે વરૂણદેવ, નદીનો પ્રવાહ સ્થંભી જાઓ... અમારે સામે પાર જવું છે.'' તુરંત પ્રવાહ થંભી ગયો. પાણી વચ્ચે રસ્તો થઇ ગયો. તે ઉપર ચાલતા ચાલતા સૌ સામે કાંઠે પહોંચી ગયા. પાછું વળીને જોયું તો જોરદાર પાણીનો પ્રવાહ વહે છે. આવું ઐશ્વર્ય જોઇ સૌ વિચાર કરતા થઇ ગયા... પાણીમાં રસ્તો કેવી રીતે થયો હશે? નવાઇની વાત છે... મનોરમા નદીના કિનારે રામચંદ્રજી ભગવાનનું એક મંદિર હતું. તેના ઓટલા ઉપર બે વૈરાગી બેઠા હતા. તે નવાઇ પામી ગયા. ભરપૂર નદીના પ્રવાહ વચ્ચે આ બધા માણસો કઇ રીતે આવ્યા હશે? કપડાં પણ કોરાં છે.

ધર્મદાદાએ કહ્યું, ''અમારા પુત્ર ઘનશ્યામની ઇચ્છાથી મનોરમા નદીએ રસ્તો આપ્યો.'' આવું સાંભળી વૈરાગી નવાઇ પામી ગયા... વૈરાગીએ આગ્રહ કરીને સૌને ભાવથી જમાડ્યા છે... બાજુમાં પીપળાનું વૃક્ષ હતું, તેના છાયામાં સૌ માણસોએ વિશ્રાંતિ લીધી...

પછી સર્જુકાંઠે આવ્યા. વહાણમાં બેસીને અયોધ્યા પહોંચ્યા. અયોધ્યામાં ઘણા બધાં મંદિરો છે... દરેક મંદિરમાં હિંડોળામાં ઝુલતા પ્રભુનાં દર્શન કર્યા... ભક્તજનો હિંડોળાનાં કીર્તન ગાય છે... હૃદયરૂપી હિંડોળામાં શ્રી ઘનશ્યામમહારાજને પધરાવો એટલે જિંદગી કૃતાર્થ થઇ જશે.

## ૪૨. ગયાદત્તનો મોક્ષ.

એક સમય ગયાદત નામ, આવ્યો અવધમાં તેહ ઠામ।
મોટો અસુર પાપી અભાગી, જેને વૈરની લગની લાગી ॥
પ્રભુનો મારવા એમધારી, સામી દુકાને બેઠો સુરારી ।
જાણી અંતરજામીયે વાત, મારવા આવ્યો છે ભુરજાત ॥

અભાગી અસુરનું નામગયાદત્ત હતું. ધર્મદેવના ઘરની આજુબાજુ આંટા મારે. ઘનશ્યામને પકડીને ઠેકાણે પાડી દઉં... લાગ જુએ છે... દુકાનમાં સંતાઇને બેઠો... અંતરજામી ઘનશ્યામમહારાજ જાણી ગયા... અસુર આવ્યો છે... ઘનશ્યામમહારાજ ભક્તિમાતાને કહે છે, “દીદી, કાલે સોમવતી અમાસ છે...”

દીદી સુણો કહૂં એક વાત, સોમવતી છે કાલે પ્રભાત ।
સર્વે વહેલા ઉઠીને જઇએ, સર્જુ ગંગા વિષે નાહીએ ॥
એમબોલ્યા છે મર્મ વચન, તેને કોણ જાણી શકે મન ।
બીજે દિવસે પ્રાતઃકાળ, સર્વે નાહવા ગયા તત્કાળ ॥
માત પિતા મોટા ભાઈ સાથ, આવ્યા સર્જુ ગંગા પર નાથ ।
વસ્ત્ર મૂક્યા બ્રાહ્મણની પાસ, પેઠા જળમાં શ્રી અવિનાશ ॥
ગોરને આપ્યું છે ગૌ દાન, કરાવ્યો સંકલ્પ દઈ માન ।

“મા... કાલે સોમવતી અમાસ છે. સોમવતી અમાસનો મોટો મહિમા છે. આપણે સૌ સર્જુગંગામાં સ્નાન કરવા જઇશું.” વહેલી સવારે સ્નાન કરવા ગયાં. સ્નાન કરી બ્રાહ્મણને ગાયનું દાન આપ્યું. ઘનશ્યામમહારાજે જળમાં ડૂબકી મારી. ત્યાં અસુરે મગર બનીને પ્રભુનો ચરણ પકડી લીધો... પાણીમાં ખેંચી ગયો. ઘનશ્યામદેખાતા નથી... હવે શું કરવું? માતાપિતા, સગાં સંબંધી રૂદન કરે છે. રામપ્રતાપભાઇ કંપે છે... “અરરર... ઘનશ્યામભાઇનું શું થશે?” ખૂબ ચિંતા કરે છે. આકુળ વ્યાકુળ થઇ ગયા છે... હજારો માણસો સોમવતી અમાસનાં દિવસે સ્નાન કરવા આવ્યા છે તે સૌ શોકાતુર થઇ ગયા.

બાલ ઘનશ્યામે મગરને જોરથી ખેંચ્યો ને મગર ઉપર બેસી ગયા... મગર પછાડા ખાય છે... હમણાંજ ઘનશ્યામને પાણીમાં ડૂબાડી દઉં પણ કાંઇ થતું નથી... વહાણ ઉપર બેસે તેમમગર ઉપર બેઠા છે... તરતા તરતા કિનારે આવ્યા... “મોટાભાઇ આ અસુરનું મૃત્યુ તમારા હાથે લખેલું છે... તમે યુધ્ધ કરો.” મોટાભાઈએ કહ્યું, “તૈયાર છું!” પોતાનો પગ મગર ઉપર જોરથી દબાવ્યો, કે મગર મટીને ભયંકર અસુર બની ગયો... ભયંકર લડાઇ શરૂ થઇ... મોટા ભાઇએ બે પગ મગરના બરાબર પકડ્યા, અધ્ધર કરી ચક્કર ચક્કર ફેરવીને જોરથી પૃથ્વી ઉપર પછાડયો... હાહાકાર કરતો અસુર મરણ પામ્યો... ભૂમીનો ભાર ઉતાર્યો.




ગયાદત્ત અસુરનો નાશ.

સ્નાન કરવા આવેલાં હજારો માણસો આવું પરાક્રમજોઇ આશ્ચર્ય પામી ગયા. નિશ્ચય કરી લીધો કે ધર્મદેવના પુત્ર સાધારણ નથી પણ ભારે ચમત્કારી ને બળવાન છે. આવી રીતે લીલા કરતા થકા અનેક અસુરોનો નાશ કરે છે.

## ૪૩. મલ્લનો ગર્વ ઉતાર્યો.

અવધપુરમાં વાલિડે, ચરિત્ર કર્યાં છે જેહ ।
વિસ્તારીને વર્ણવું સુણો રામશરણજી તેહ ॥

ઘનશ્યામમહારાજ બાલ સખા સાથે મલ્લકુસ્તી કરતા હતા. તે વખતે નેપાળ દેશના મલ્લો દિગવિજય કરીને રામઘાટ પાસે આવ્યા. પ્રભુ બાલ સખા સાથે કુસ્તી કરે છે... મલ્લો તેની સાથે રમવા આવ્યા. પ્રભુએ બાલ સખામાં હજાર હજાર હાથીનું બળ મૂકી દીધું, તેથી નેપાળના મલ્લ હારી ગયા ને સખાઓની જીત થઇ.

અયોધ્યાના મલ્લને અભિમાન આવ્યું. "નેપાળના મલ્લને હરાવી દીધા પણ અમને કોઇ હરાવી શકે નહિ... અમે જોરદાર છીએ. આજે ઘનશ્યામની પરીક્ષા લઇએ." ભીમસંગ, માનસંગ અને દિલ્લીસંગ ઘનશ્યામમહારાજ સાથે મલ્લ કુસ્તી કરવા માટે બરહટ્ટા શાખા નગરમાં આવ્યા. રામપ્રતાપભાઇએ કહ્યું, "ઘનશ્યામ, તમારી સાથે જોરદાર યુવાન મલ્લકુસ્તી કરવાની વાત કરે છે... તમે નાના છો... તો હવે શું થાશે?" ત્યારે ઘનશ્યામમહારાજે હિંમત પૂર્વક જવાબ આપ્યો...

**હરિ કહે બીસો નહિ આજ, સૌને વહાલી છે પોતાની લાજ.**

"ભાઇ, તમે ચિંતા ન કરો. લાજ સૌને વહાલી છે." ઘનશ્યામમહારાજ માતાપિતાને પગે લાગ્યા. "મૈયા, હું મલ્લ સાથે કુસ્તી કરવા જાઉં છું. મને રાજીપે રજા આપો." ત્યારે ભક્તિમાતાએ ઘનશ્યામના મસ્તક ઉપર હાથ મૂક્યો... "હે

લાડીલા... મને ચિંતા થાય છે. તમારી ઉંમર મલ્લકુસ્તી જેવડી નથી.'' ત્યાં તો પ્રભુ વિરાટ રૂપે માતાજીને દર્શન આપ્યા. અહો હો... મારા પુત્ર તો મહા બળવાન વિરાટનારાયણ છે. તેથી કાંઇ ચિંતા જેવું નથી. પછી ઘનશ્યામમહારાજ બાળકરૂપે બની ગયા.

રાજા પણ પોતાના સેવકો સાથે મલ્લકુસ્તી જોવા આવ્યા છે. અયોધ્યા નગરીના માણસોથી પટાંગણ ભરચક ભર્યું છે. રાજા કહે છે, '' ભીમસંગ, તમે ધર્મદેવના પુત્રને ઓળખતા નથી, પણ હું બરાબર ઓળખું છું. તમે તેને જીતી નહિ શકો.'' ત્યારે મલ્લ ગર્વથી બોલ્યા કે, ''એ નાનકડા બાળકને જીતવો એ તો ચપટીનું કામછે.'' ભીમસંગ તાલી બજાવીને બજાર વચ્ચે ઊભો રહ્યો... ''આવી જા ઘનશ્યામ... મારી સાથે કુસ્તી કરવા... મારું જોર જોઇ લે... મેં ભલભલાને હરાવી દીધા છે... તો તું કયા હીસાબમાં? !'' ભીમસંગ વટથી બોલ્યો...

**જાણતા નથી પરાક્રમમારૂં, ભલભલાના ગર્વ ઉતારૂં ।**
**એમકહી લોહ સાંકળ લીધી, એક ચરણ સાથે બાંધી દીધી ॥**

ભીમસંગે ૨૪ મણની સાંકળ પગમાં બાંધીને કહ્યું, ''તમે જેટલા આવ્યા છો તેટલા બધા માણસો ભેગા થઇને આ સાંકળને ખેંચો... મારો પગ જરાય ખસકશે નહિ.'' બધા માણસોએ સાંકળ પકડીને જોરથી ખેંચી પણ ભીમસંગનો પગ જરાય ખસ્યો નહિ... બધા માણસો નવાઇ પામી ગયા. ભીમસંગ જોરદાર છે હો... આવું સાંભળી ભીમસંગનું અભિમાન વધી ગયું. હું કાંઇક છું ખરો. તેથી રોફથી બોલ્યો, ''ઘનશ્યામ, જોયું મારું પરાક્રમ! હવે તારામાં તાકાત હોય તો સાંકળ ખેંચ.''

**ઘનશ્યામજી આવ્યા છે ચાલી, ડાબા હાથથી સાંકળ ઝાલી ।**
**તેવા કટકા થયા અગીયાર, ભીમસંગ ખેંચાયો તે વાર ॥**

ઘનશ્યામમહારાજે ડાબા હાથથી સાંકળ ઝાલીને એક છક્કી દીધી, ત્યાં તો સાંકળના અગ્યાર કટકા થઇ ગયા, અને ભીમસંગ ઉડીને દૂર જઇને પડયો... લોહી લોહાણ થઇ ગયો... ત્યારે લોકોએ મશ્કરી કરતાં કહ્યું, ''તારું જોર જોઈ લીધું... ખોટો વટ બતાવ નહિ.'' એમકહી સર્વે માણસો જોરથી બોલ્યા, ''ભીમસંગ હાર્યો! ભીમસંગ હાર્યો! નાના બાળને જીતી શક્યો નહિ.''

ભીમસંગ ગર્વથી બોલ્યો, ''આટલા બધાં માણસોમાં મને ભોંઠો પાડ્યો. દિલ્લીસંગ, તારી સાંકળ લઇ આવ... ઘનશ્યામનું બળ જોઇ લઉં... ઘનશ્યામના પગે સાંકળ બાંધીને હમણાંજ પાડી નાખીશ.'' દિલ્લીસંગે સાંકળ આપી. તરત ઘનશ્યામમહારાજે પોતાના હાથથી પોતાના પગમાં સાંકળ બાંધી અને બજાર વચ્ચે ઊભા અને કહ્યું, ''તમારાથી જે થાય તે કરો.''



શ્રી ઘનશ્યામ મહારાજ મલ્લોનો ઘમંડ ઉતારે છે.

ભીમસંગ ક્રોધથી બોલ્યો, ''હવે જોજો મારું બળ... ઘનશ્યામને ખેંચીને સર્જુનદીમાં નાખી દઇશ.'' એમકહીને જોરથી બળ કરીને સાંકળ ખેંચે છે પણ ઘનશ્યામમહારાજનો પગ એક તસુ જેટલો પણ ખસતો નથી... ભીમસંગ પરસેવાથી પલળી ગયો... અચાનક સાંકળ તૂટી. જબરો આંચકો લાગ્યો. સો કદમદૂર આંબલીના વૃક્ષમાં પછડાયો... બેભાન થઇ ગયો અને પૃથ્વીપર ઢળી પડ્યો... હાથ પગ ભાંગી ગયા.

માણસો જોવા આવ્યા છે તે ખડખડાટ હસતાં હસતાં જોરથી તાલી પાડી બોલ્યા, ''ભીમસંગ હાર્યો ને ઘનશ્યામમહારાજ જીત્યા. ઘનશ્યામમહારાજની જય હો! જય હો!'' રાજાએ પ્રભુને પુષ્પનો હાર પહેરાવી, સન્માન કરી શીરપાવ આપી રાજીપો વ્યક્ત કર્યો... ભીમસંગને જ્યારે શરીરની શુધ્ધિ આવી ત્યારે નિર્માની થઇને માફી માગી... ''હે પ્રભુ! તમારા પરાક્રમની મને આજ ખબર પડી. તમે કોઇ સાધારણ બાળક નથી પણ સાક્ષાત્ પરમેશ્વર છો. મારા અપરાધને ક્ષમા કરો.''

પ્રભુ ગર્વગંજન છે. અહંકાર સવળુ સુજવા દેતું નથી. જાતિનું અભિમાન હોય, તપનું અભિમાન હોય, મારા જેવો કોઇ તપસ્વી નહિ, મારા જેવો કોઇ હોશિયાર નહિ, હું ચતુર છું, હોશિયાર છું, હું પૈસાદાર છું, મને કોઇની પરવા નથી, પાણીની જેમપૈસા વાપરું છું તોય ખૂટતા નથી, રૂપનું અભિમાન, સત્તાનું અભિમાન, બળનું અભિમાન, બળનું અભિમાન, હું આગેવાન છું, મને કોઇ કહેનાર નથી, ફાવે તેમઅનેકને વિના અપરાધે હેરાન કરે... આવું ખોટું અભિમાન કરવું નહિ.

## ૪૪. ચાલો, છપૈયા જઇએ.

અવધપુરે ધર્મભક્તિ, વર્તે છે નિર્મળ મન ।<br>
વર્ણાશ્રમનો ધર્મ પાળે, સાથે છે બેઉ તન ॥<br>
પ્રેમવતી કહે ધર્મને, સ્વામિસુણો મારી વાત ।

શીધું હવે થોડું રહ્યું છે, લાવો બીજુ પ્રભાત ॥
થોડા દિવસ કેડે પછે, જાવું છપૈયાપુર ।
એવું સુણી હરિપ્રસાદજી, વાત વિચારે છે ઉર ॥

ઘનશ્યામ મહારાજે અયોધ્યામાં બહુ લીલા કરી છે. પ્રભુ માતાપિતા સાથે આનંદથી દિવસો પસાર કરે છે. પ્રભુ પ્રેમલેવા અને પ્રેમદેવા પધાર્યા છે. ભક્તિમાતાની સ્થિતિ બહુ ગરીબ છે. વ્યવહારમાં ખેંચ પડે છે. લૌકિક રીતે ગરીબ છે પણ અલૌકિક રીતે શ્રીમંત છે... ભલે આ લોકનું ધન નથી પણ અલૌકિક ધન છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, કથા, કીર્તન વિગેરે સદગુણો રૂપી ધન છે, તેથી ગરીબાઈમાં પણ હિંમત રાખી હરિ સ્મરણ કરે છે. ગરીબાઈ ખટકતી નથી.

ભક્તિમાતા કહે છે, " હે પતિદેવ! આપણે ભલે ગરીબ છીએ પણ પૂર્વના પુણ્યથી ઘનશ્યામમહારાજ જેવા પુત્ર મળ્યા છે. ખૂબ ભાગ્યશાળી છીએ... ઘરમાં ઘી, ગોળ, ચોખા, દાળ વિગેરે સીધું (રસકસ) ખલાસ થઇ ગયું છે. રસોઇ માટે સીધું લઇ આવો." ધર્મદાદા વિચાર કરે છે... સીધું લેવા માટે પૈસા નથી... હવે શું કરવું? ચાલો છપૈયા જતા રહીએ. સગાં સંબધી સાથે રહીએ તો દુઃખી સ્થિતિમાં મદદ કરે. આ વાત ઘનશ્યામમહારાજે સાંભળી... તેથી પ્રભુ બોલ્યા, "પિતાજી, ચિંતા ન કરો. હમણાં બરાબર ગોઠવાઇ જશે." પ્રભુએ સંકલ્પ કર્યો, "હે રઘુનાથ... આપ સાક્ષાત્ પધારો અને પિતાજીની મુંઝવણ ટાળો."

શ્રી રામચંદ્રજી ભગવાન બ્રાહ્મણના રૂપે પધાર્યા. ઘનશ્યામમહારાજની ચંદન પુષ્પથી પૂજા કરી ચરણમાં બે સોનામહોર ભેટ કરી. બે હાથ જોડી પ્રાર્થના કરે છે... ભકિતમાતાએ પૂછયું, "બેટા ઘનશ્યામ, તમને પ્રાર્થના કરે છે તે કોણ છે?" "મૈયા, એ સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન છે." પછી રામચંદ્રજી ભગવાન અદ્રશ્ય થઇ ગયા... ઘનશ્યામમહારાજ કહે છે, "લ્યો પિતાજી, આ સોનામહોર લઇ જાવ ને સીધું લઇ આવો." પિતાજી સીધું લાવ્યા છે. તેમાંથી રસોઇ બનાવી, ઠાકોરજીને જમાડી સૌ ભોજન જમ્યા.

સમય જતાં ધર્મકુટુંબ છપૈયામાં આવ્યા છે. છપૈયાના સગા સંબંધી અને ભક્તજનો ખૂબ રાજી થયા... અરસ પરસ મળ્યા છે... મિત્રો દોડતા આવ્યા. ઘનશ્યામને મળીને ખૂબ રાજી થયા... બાળ મિત્રો કહે છે. "ઘનશ્યામ, તમે અમારા જીવનપ્રાણ છો. હવે છપૈયા મૂકીને ક્યાંય જશો નહિ. અમારી સાથે જ રહેજો."

## ૪૫. ખાંપા તલાવડી.

છપૈયાની ઉત્તર બાજુ એક તલાવડી છે. કાયમતેમાં પાણી ભરાયેલું હોય. તલાવડીને કાંઠે એક ઝુંપડી હતી. તેમાં હરિદાસ નામે બાવાજી રહેતા હતા...

હરિદાસ બાવા શું કરે છે?

**બાવો વાંચે છે રામચરિત્ર, બેઠા સાંભળવા તે પવિત્ર ।**
**કથા સાંભળી ત્યાં થોડીવાર, પછે ઉઠ્યા છે ધર્મકુમાર ॥**

રામાયણની કથા વાંચે છે... ઘનશ્યામમહારાજ સખા સાથે કથા સાંભળવા બેઠા... વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, અમારી બાલ્યાવસ્થા હતી ત્યારે અમને દેવમંદિર હોય ત્યાં દર્શને જવું, કથા વાર્તા સાંભળવી, સાધુનો સમાગમકરવો, ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું અને તીર્થ કરવા જવું આ પાંચ નિયમો બહુ ગમતાં. આવી રીતે કથાનો મહિમા દેખાડવા પોતાનો બાલ્યાવસ્થાનો સ્વભાવ કહ્યો છે.

પરમાત્માકી કથા સુનનેસે ચિત પવિત્ર હોતા હૈ, ઔર હ્રદયમેં શાંતિ મિલતી હૈ. શાંતિ હૈ વહી તપકા ફલ હૈ. બહુત ધન હો, બંગલા હો, કિન્તું હ્રદયકી શાંતિ ન મિલે તો મંદિરમેં જાકર પ્રભુકા શરન લેના ચાહીયે. સમજ કર સત્સંગ કરના ચાહિયે.

સખા કહે છે, ‘‘ઘનશ્યામ, ચાલો તળાવમાં સ્નાન કરવા જઈએ.’’ જળક્રીડા કરતા આનંદથી તળાવમાં રમે છે. પછી વૃક્ષની છાયામાં આવ્યા ત્યાં મનોહર પુષ્પની સુગંધ આવે છે. ઘનશ્યામમહારાજ પૂછે છે, ‘‘આ વૃક્ષનું શું નામછે?’’ સુખનંદન બોલ્યા, ‘‘આ કેવડાનું વૃક્ષ છે... સામે દેખાય છે તે કદમનું વૃક્ષ છે.’’ કદમના ફૂલની સાથે કેવડાની પાંદડી ગોઠવીને સરસ મજાનો હાર બનાવી પ્રભુને હાર પહેરાવ્યો... પ્રભુ ફૂલથી ગરકાવ થયા.

**સખા વખાણે વારંવાર, કેવા શોભે છે પ્રાણ આધાર.**

ઘનશ્યામમહારાજની અદ્ભૂત શોભા જોઇ બાલમિત્રોને ખૂબ આનંદ થયો. હરિદાસબાવાજી નીરખી નીરખીને ઘનશ્યામમહારાજ સામું જુવે છે. પ્રભુનું રૂપ ચિતમાં ચોંટી ગયું... જેનું હું રાત દિવસ પૂજન અને વંદન કરું છું, થાળ જમાડું છું, તે આ સાક્ષાત્ પરમેશ્વર છે... હું કથા વાંચુ છું તેનું મને ફળ મળી ગયું. બે હાથ જોડી પ્રભુને પ્રણામકર્યા. અનેક જીવાત્માને પ્રભુની ઓળખાણ આપતા શ્રી હરિ અનેક લીલા કરે છે.

તે વખતે ગામનો ગોવાળ ગાયોને જંગલમાં ચારવા લઇ જતો હતો. ઘનશ્યામમહારાજ વાંસળી વગાડતા હોય એવો સ્વર કર્યો. મીઠો મધુરો સ્વર સાંભળી ગાયો ઘનશ્યામપાસે હીંસોળા કરતી દોડી આવી. ગોવાળ પાછી વાળે છે પણ વળતી નથી. પ્રભુ આંબલીના વૃક્ષ ઉપર ચડી ગયા તો ગાયો ઊંચા મુખ કરી પ્રભુ સામે જોઇને ઊભી છે... અમુક ગાયો આંબલીના વૃક્ષની આજુબાજુ આંટા મારે છે પણ જંગલમાં જતી નથી... ગોવાળ હાંકે છતાં જતી નથી... હવે શું કરવું?

ઘનશ્યામમહારાજે હાથ ઊંચો કરી કહ્યું, ''ગાયમાતા, તમે જંગલમાં ઘાસ ખાવા માટે જાવ...'', કે તુરંત ગાયો એક સાથે ચાલતી થઇ ગઇ... સખા બોલ્યા, ''ઘનશ્યામ, ચાલો આપણે બધા ઘેર જઇએ. ભૂખ લાગી છે... મૈયા વાટ જોતાં હશે.'' પ્રભુ આંબલી ઉપરથી હેઠે ઉતરે છે, ત્યાં અચાનક આંબલીનું અણીદાર સુકો ખાંપો જમણા ચરણના સાથળમાં વાગ્યો... લોહીની ધાર થઇ... તે લીલાનું વર્ણન કરતાં કવિ ગાય છે...

**તીરે તળાવને રમતાં વાગ્યો, ખાંપો સાથળમાં શ્યામરે,**
**ખાંપો સાથળમાં શ્યામસાહેલી, ધન્ય છપૈયા ધામરે... ધન્ય...**
**બદ્રીનાથ કહે તેનું પડયું છે, ખાંપા તલાવડી નામરે... ધન્ય...**
**ખાંપા તલાવડી નામસાહેલી... ધન્ય છપૈયા ધામરે... ધન્ય...**

સખા ઉદાસ થઇ ગયા... ''હવે શું થશે?!'' મુંઝાય છે. તે વખતે એક ચમત્કાર થયો. દેવતાઓના વૈદ્ય અશ્વનિકુમાર ત્યાં પહોંચી આવ્યા... દિવ્ય ઔષધી લગાડીને પાટો બાંધી દીધો.



**ખાંપા તલાવડીએ શ્રી ઘનશ્યામ મહારાજને ખાંપો લાગતાં શ્રી અશ્વિનીકુમારો પાટો બાંધે છે.**

અશ્વનિકુમાર પ્રાર્થના કરે છે, ''હે પ્રભુ ! અમારા યોગ્ય કાંઇ સેવા હોય તો સેવકને બોલાવજો. અમે તૈયાર છીએ.'' વંદન કરી અદ્રશ્ય થઇ ગયા. સુખનંદન દોડતો ધર્મદેવના ઘેર ગયો અને વાત કરી... ''જલદી ચાલો! ઘનશ્યામને સાથળમાં ખાંપો વાગી ગયો છે.'' ધર્મદેવ દોડતા આવ્યા. ઘનશ્યામમહારાજના માથા ઉપર હાથ ફેરવતા બોલ્યા, ''બેટા ઘનશ્યામ, પાટો કોણે બાંધી દીધો?'' વેણીરામે કહ્યું, ''દેવના વૈદ્ય આવ્યા હતા. તે પાટો બાંધી ગયા છે.'' પિતા આશ્ચર્ય પામી ગયા. પિતાજી કહે છે, ''ઘનશ્યામ, તમને વાગી ગયું છે, તેથી પગે ચલાશે નહિ. હું તમને તેડીને ઘરે લઇ જઇશ.''

હિંમતથી ઘનશ્યામમહારાજ બોલ્યા, “પિતાજી, ચિંતા ન કરો... મને બહુ વાગ્યું નથી. હું ચાલીને ઘરે આવીશ.” ઘનશ્યામમહારાજ પગપાળા ચાલતા થયા. મૈયા વાટ જુવે છે ને રડે છે. ઘનશ્યામને જોયા ને દોડીને સામે ગયાં... હાથ પકડીને ઘરમાં લાવ્યાં... “બેટા, શું થયું છે? બહુ વાગ્યું નથી ને?”

**માતાજીનું તે મન મનાવા, પાટો છોડીને લાગ્યા બતાવા ।**
**નથી માલમપડતું કાંઇ, જુવો માતા વાગ્યું છે કે નાંઇ ॥**
**ત્યારે સુંદરીબાઇએ જોયું, કાંઇ વાગેલું નવ દેખાયું ।**
**ખાંપો વાગ્યો છો તેનું નવીન, થોડું દેખાય છે એક ચિહ્ન ॥**
**જાણ્યાં સર્વેને રૂડા ચરિત્ર, સુણીને થયા પુન્ય પવિત્ર ।**

“મૈયા, ચિંતા ન કરો.” એમકહી પાટો છોડીને બતાવ્યું તો ઘા રુઝાઇ ગયો છે. સહેજ નિશાની દેખાય છે. માતાજીને શાંતિ થઇ. શ્રીજી મહારાજ વચનામૃતમાં આ લીલાને યાદ કરતા બોલ્યા છે... આ જમણા ચરણના સાથળમાં ખાંપા લાગ્યાનું ચિન્હ છે. તેને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે... બાલપણાની લીલા યાદ આવી જાય છે.

### ૪૬. ધર્મદેવને આંગણે શ્રીમદ્ ભાગવતની સપ્તાહ.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, ગોરખપુરમાં એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. નામહતું રામરત્ન. શ્રી મદ્ ભાગવત ભણ્યા હતા. કથા બહુ સારી વાંચતા. બરાબર સમજાવતા. કથા સાંભળવા માટે વૃધ્ધ માવિત્રો આવે, ગરીબ, લૂલા ને લંગડા હોય તે આવે. ભાગવત શાસ્ત્ર ઉપર ચપટી ચોખા, ફૂલ અને બે પૈસા મૂકે... બ્રાહ્મણને કોઇ દક્ષિણા પણ આપે નહિ. તેથા ભૂદેવ નિરાશ થઇ જાય. હવે શું કરવું? આજીવિકા ચલાવવી કેમ? વિચાર કરે છે. છપૈયા જાઉં તો કાંઇક સારું થાય.

રામરત્ન ભૂદેવ છપૈયામાં આવ્યા. ગામમાં ધર્મદેવનું નામમોટું. ગામના અગ્રેસર ગણાય. ધર્મદેવની પાસે વાત કરી. ધર્મદેવે કહ્યું, “ચિંતા ન કરો... ભગવાન ઉપર ભરોસોં રાખીને અમારા આંગણામાં કથા વાંચો. હું તમામવ્યવસ્થા કરી દઈશ.”

આમંત્રણ પત્રિકા મોકલાવી. ગામોગામથી સગા સંબંધી આવ્યાં. સુંદર મંડપ બનાવ્યો. કેળના સ્થંભ રોપ્યા. ધજા પતાકા બાંધ્યા. ચંદન પુષ્પથી શાસ્ત્રનું પૂજન કર્યું. એક બાજુ બાલમુકુંદ વિષ્ણુને પધરાવ્યા... પૂજન કર્યું... ભૂદેવે ગાદી તકીયા પર બેસી કથાની શરૂઆત કરી. મંગલાચરણ કર્યું.

ધર્મદેવ તથા સગા સંબધી ગ્રામજનો એકાગ્રચિત્તથી કથા સાંભળે છે. ઘનશ્યામમહારાજને કથા સાંભળવી બહુ ગમે. મામાના ખોળામાં બેસીને કથા

સાંભળે છે. આડું અવળું ક્યાંય જોતા નથી. એક નજરે વક્તા સામે જુવે છે... વક્તાને નવાઈ લાગી... આટલા નાના બાળકને કેટલી શ્રધ્ધા છે... સ્થિર થઈને બેઠા છે... જરાય ચંચળતા નથી...

કથા વાર્તાના શ્રવણથી કાન દ્વારાએ ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનના ગુણગાન ગાઈ મુખ દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનને નીરખીને આંખ દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનને ચડેલા પુષ્પોથી નાસીકા દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. કીર્તન ભજન ગાઈને વાણી દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. નવધા ભક્તિ કર્યા વિના નવરૂં રહેવું નહિ. મન, બુધ્ધિ, ચિત આદિ ઈંદ્રિયો દ્વારા ભગવાનનો સંબંધ રાખવો.

કથા સાંભળવા માટે સત્સંગી આવે તે ક્યારેક ફળ ફૂલ લઈ આવે, સીધા લઈ આવે, અન્ન વસ્ત્ર અને દક્ષિણા અર્પણ કરે... દરરોજ ફળના ઢગલા થાય. અનાજની ગાંઠડી બંધાય, રૂપિયાની ઝોળી ભરાય. રામરત્ન ભૂદેવ રાજી રાજી થઈ ગયા કે આ કથામાં ખૂબ દાન દક્ષિણા મળે છે. બપોરના બાર વાગ્યાનો સમય થયો. કથા વિરામપામી પછી બાળમુકુંદ વિષ્ણુની મૂર્તિની પાસે ગરમકરેલા સ્વાદિષ્ટ દૂધનો કટોરો મૂકી સૌ ભક્તજનો થાળનું કીર્તન ગાય છે...

**દૂધ ગાયનું ઉકાળી કટોરો ભરી લાવી છું મહારાજ,**
**આરોગજા પ્રભુ પ્રેમકરીને મારી વિનંતિ છે ઘનશ્યામ...**

ઘનશ્યામમહારાજ મામાના ખોળામાં બેઠા છે.

**બેઠા છે મામાના ખોળામાંયે, હરિયે હાથ વધાર્યો છે ત્યાંયે ।**
**પાત્ર ઉપાડી લીધું છે પોતે, દૂધ પીધું છે સર્વેને જોતે ॥**

બેઠા બેઠા હાથ લાંબો કરી દૂધનો કટોરો ઉપાટી લીધો... ઘુંટડે ઘુંટડે દૂધ પીએ છે. સભામાં બેઠેલા ભક્તજનો આશ્ચર્ય પામી ગયો... આવો લાંબો હાથ કરી કટોરો ઉપાડી લીધો... આ બાળક ચમત્કારી લાગે છે... ભગવાન સિવાય આટલો લાંબો હાથ કરી શકે નહિ... આ ઘનશ્યામમહારાજ ચોક્કસ પરમેશ્વર છે. વારંવાર આવી લીલાઓ કરી પ્રભુ પોતાના સ્વરૂપનું ઓળખ આપે છે.

કથાનો સાતમો દિવસ થયો... સૌ પૂજન કરે છે. ઘનશ્યામમહારાજે કુબેરભંડારીને બોલાવ્યા... બ્રાહ્મણના રૂપે કુબેર ભંડારી આવી શાસ્ત્ર ઉપર ચૌદ સોનામહોર રાખી વક્તાનું પૂજન કર્યું. વસ્ત્રાભૂષણ અર્પણ કર્યા... પછી ઘનશ્યામમહારાજને પગે લાગીને આકાશ માર્ગે ચાલ્યા ગયા... આવું આશ્ચર્ય જોઈ સૌ વિચાર કરતા થઈ ગયા...

રામરત્નના આનંદનો પાર નથી... રામરત્ન મનોમન નક્કી કર્યું કે કથા કરવી

તો ઘનશ્યામમહારાજ આગળ કરવી. પ્રભુને પ્રસન્ન કરવા કથા કરીએ તો જીવન ધન્ય બની જાય.

કથા સત્સંગનો પાયો છે. છાણના કીડાને શીરો ન ગમે ને માયામાં રચ્યા પચ્યા જગતના જીવને કથા ન ગમે. તમને શું ગમે છે? કરો તપાસ અંતરમાંથી... શું જવાબ આવે છે?

## ૪૭. આવો ઘનશ્યામ, મારા ખભા ઉપર બેસી જાવ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, છપૈયાની બાજુમાં તિનવા ગામછે. ત્યાં હાથીરામપાંડે રહેતા હતા. તેમને આખા છપૈયાના ભક્તજનોને આમંત્રણ આપ્યું કે અમારે ઘેર જમવા પધારજો. રામપ્રતાપભાઇ, મોતી ત્રવાડી વિગેરે ગામતિનવા જવા તૈયાર થયા.

ઘનશ્યામમહારાજે કહ્યું, "મોટાભાઇ, હું તમારી સાથે જમવા ચાલીશ." ભાઇ બોલ્યા, "મારી સાથે નથી ચાલવાનું. માતાજીને સાથે ચાલજો." સાથે આવવાની ના પાડી એટલે ઘનશ્યામે તોફાન ચાલું કર્યું... જોક શોરથી રડે છે. ધરતી ઉપર સૂતા સૂતા પગ ઘસે છે. ભક્તિમાતાએ તુરંત તેડીને છાતી સરસા ચાંપી ધીરજ આપે છે.

"બેટા ઘનશ્યામ, તમે રડો નહિ... ભાઇ તમને સાથે ન લઇ ગયા તો કાંઇ વાંધો નહિ... તમે મામા સાથે જાજો." સુંદર વસ્ત્રાભૂષણ પહેરાવી માતાજીએ પ્રભુને તૈયાર કર્યા. બાલ મિત્રો સાથે ઘનશ્યામતૈયાર થઇ મામા સાથે તિનવા ગામમાં પધાર્યા.

હાથીરામપાંડેના ઘેર ગયા... બ્રાહ્મણોની પંક્તિ થઇ... જમવાની શરૂઆત કરે છે ત્યાં ભૂતિયા કૂવામાંથી ભૂત આવ્યા... ખરાબ વસ્તુ નાખી ભોજનને બગાડવાની તૈયારી કરે છે... ત્યાં ઘનશ્યામમહારાજે હાક મારી... "ખબરદાર જો ભોજનમાં અભક્ષ નાખશો તો... ત્યાંજ ઊભા રહેજો... નહિંતર ભૂંડી દશા થશે."

બાલ ઘનશ્યામબોલ્યા, "તમને બદ્રીકાશ્રમમાં મોકલ્યા હતા, ને પાછા કેમઆવ્યાં?" ભૂત બોલ્યાં, "જે દિવસે તમે ભૂતનો ઉધ્ધાર કર્યો ત્યારે અમે નહોતા. અયોધ્યા ફરવા ગયાં હતાં, તેથી રહી ગયા છીએ." પ્રભુએ કહ્યું, "ભોજન બગાડશો નહિ... જાવ, ભૂતિયા કુવામાં રહેજો." ભૂત ભડભડ ભડકા કરતાં કૂવામાં પેસી ગયા. સૌ આશ્ચર્ય પામી ગયા કે ઘનશ્યામમહારાજે આપણી રક્ષા કરી... પછી શાંતિથી સૌ જનોએ ભોજન કર્યું અને પછી સૌ પોતપોતાને ઘેર ગયા.

બાલ ઘનશ્યામચાલતા જાય છે છપૈયાગામતરફ... વશરામમામાએ કહ્યું, "ઘનશ્યામ, તમે નાના છો. છપૈયા દૂર છે... ચાલીને પહોંચી શકશો નહિ...

આવો, મારા ખભા ઉપર બેસી જાઓ.''

**વચ્ચે જાતાં બોલ્યા વશરામરે, આવો મારા ખભા પર શ્યામરે ।**
**મામા ઘણું જમ્યા છીએ અમે રે, નહિ તેડી શકો આજ તમે રે ॥**
**એવું વાક્ય સુણી તેડી લીધા રે, પોતાના સ્કંધે બેસારી લીધા રે ।**
**પ્રભુએ અંગમાં તેણી વાર રે, ધર્યો ત્રૈણ લોક તણો ભાર રે ॥**

ઘનશ્યામમહારાજ બોલ્યાં, ''મામા અમે ખૂબ જમ્યા છીએ. તમે તેડી નહિ શકો.'' છતાંય મામાએ અતિ હેતથી પોતાના ખંભા ઉપર ઘનશ્યામને બેસારી દીધા. પ્રભુએ ત્રિલોકીનો ભાર પોતાના શરીરમાં ધારણ કર્યો... મામા તુરંત હેઠા બેસી ગયા...

નાના બાળકમાં આટલો બધો ભાર ક્યાંથી આવ્યો? મામા બે હાથ જોડી પ્રાર્થના કરે છે. ''હે પ્રભુ! તમે સાક્ષાત પરમેશ્વર છો. અમારા જેવા જીવાત્માનું કલ્યાણ કરવા આ લોકમાં પધાર્યા છો. અમારા કોઈ પુર્વનાં પુણ્ય હશે, જેથી તમારા જેવા ભાણેજ મળ્યા છે... તમારો યોગ થયો છે... ધન્ય ઘડી, ધન્ય અવસર... અમારો જન્મસફળ થયો.''

હાથીરામપાંડે રાજી થયા. ઘનશ્યામમહારાજે ભૂતથી રક્ષા કરી. કાર્ય સુધાર્યું... આપણે પ્રભુ સાથે સંબધ બાંધી રાખશું, ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણીને પકડી રાખશું તો અવશ્ય ભગવાન આપણી રક્ષા કરશે, ને આપણા સર્વ કાર્ય શોભાવશે...

શાસ્ત્રનો મત છે કે ભગવાનના વચનમાં ફેર પાડવો નહિ. વચનમાં ફેર પડે તો ભોજન જમવા બેઠા હોય અને કોઇએ ભોજનમાં ધૂળ નાખે તો કેવું વસમું લાગે? તેવી જ રીતે ધર્મ પાલનમાં, ભજન ભક્તિ કરવામાં કચાશ રહે તો દુઃખ થવું જોઇએ. ધર્મ, નિયમઅને પક્ષ રાખી પતિવ્રતાના જેવી ભક્તિ કરે છે તેવા ભક્તની ભગવાન રક્ષા કરે છે.

## ૪૮. નવ યોગેશ્વરો પધાર્યા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, એકાદશીનો પવિત્ર દિવસ આવ્યો. મોટાભાઇ નારાયણસરોવરમાં સ્નાન કરવા ગયા... ત્યાં નવ યોગેશ્વર નારાયણ સરોવરના કિનારે બેસીને ધ્યાન કરે છે... મોટાભાઇ નજીક ગયા... કેવા તેજસ્વી સ્વરૂપવાન છે. એક સરખી યુવાન અવસ્થા ને એક સરખું રૂપ. કોઇ મોટા નહિ, કોઇ નાના નહિ... ખૂબ રૂપવાન... આવા મહાત્માજી મેં ક્યાંય જોયા નથી... વૃતિ સ્થિર રાખીને ધ્યાન કરે છે.

આવા મહાન મહાત્માજીનાં પગલાં અમારા ઘરમાં થાય તો ઘર તીર્થરૂપ બની જાય. પગે લાગીને મોટાભાઇએ પુછ્યું, ''આપ છપૈયામાં ભલે પધાર્યા... અમારા

જેવી સેવા બતાવો.'' મહાત્માજી બોલ્યાં, ''અમે શ્રી ઘનશ્યામમહારાજનાં દર્શન કરવા આવ્યા છીએ. અમારી ઘનશ્યામમહારાજ સાથે જુની ઓળખાણ છે.'' ભાઈની સાથે મહાત્માજી ઘેર પધાર્યા... પિતા ધર્મદેવ ચોતરા ઉપર બેઠા છે તે ઓળખી ગયા. આ મહાત્માજી નવ યોગેશ્વર છે. ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી. મંગળ પ્રભાતમાં યોગેશ્વરનાં દર્શન થયાં... મીઠો આવકાર આપ્યો. ''પધારો મહાત્માજી, પધારો... આપનાં પવિત્ર ચરણકમળથી અમારા ઘર પવિત્ર થયાં.'' આસન ઉપર બેઠાં... પાણી આપ્યું... ''આપનાં નામસંભળાવો.'' નવ યોગેશ્વર બોલ્યા...



નવ યોગેશ્વર પધાર્યા.

**હરિ, કવિ, પ્રબુધ્ધ, અંત્રીક્ષ રે, પિપ્લાયન, ચમસ, પ્રત્યક્ષ રે ।**
**દ્રુમીલ, કર્ભાજન, આર્વિહોત્ર રે, એવાં નામઅમારા પવિત્ર રે ॥**

ઘનશ્યામમહારાજ નવ સ્વરૂપ ધારણ કર્યા. નવ યોગેશ્વરો વૈદિક મંત્રથી ઘનશ્યામમહારાજની ચંદન પુષ્પથી પૂજા કરી. છપૈયા ગાજી ઉઠ્યું. ગામનાં સર્વે ભક્તજનો દોડીને ધર્મદેવને આંગણે આવ્યા... ઘનશ્યામનાં નવ સ્વરૂપ જોઈ સૌ આશ્ચર્ય પામી ગયા. નવ યોગેશ્વર બોલ્યા, ''હે પ્રભુ! અમને તમારી સેવામાં રાખો.'' પ્રભુએ કહ્યું, ''તમે કાઠીયાવાડ દેશમાં આવજો. ત્યાં તમારો અને અમારો મેળાપ થશે... તમને દીક્ષા આપી પરમહંસ કરીને અમારી સેવામાં રાખશું. અત્યારે તમે જયાં જાવ ત્યાં પ્રગટ પુરુષોતમ-નારાયણના ઓળખાણ કરાવજો. જ્ઞાન ઉપદેશ આપી જીવાત્માને સત્યનો માર્ગ બતાવજો.''

ધર્મદાદાએ કહ્યું, ''ચાલો, આપણે સાથે બેસીને ભોજન જમીએ.'' એક લાઈનમાં યોગેશ્વર બેઠાં. સામી લાઈનમાં ધર્મદેવ, રામપ્રતાપભાઈ અને ઘનશ્યામમહારાજ બીરાજ્યા. ભક્તિમાતા ભોજન પીરસે છે... પ્રેમભાવથી

ભોજન જમ્યા. સૌને ખૂબ આનંદ થયો... પછી આખા ગામના માણસો યોગેશ્વરોને નારાયણસરોવરના કીનારા સુધી વિદાય આપવા આવ્યા.

જોત જોતામાં યોગેશ્વરો આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા... આવી રીતે દિવ્ય લીલા કરી પ્રભુ સૌને આનંદ આપે છે. દેહભાવ કાઢી આત્મભાવ દઢ કરે છે ત્યારે તે ભક્તને દિવ્ય આનંદનો મહાખજાનો હાથમાં આવે છે. દેહભાવ જાય ત્યારે દિવ્યભાવ પ્રગટે છે.

## ૪૯. રોગથી મુક્ત થાવું હોય તો શ્રી હરિને શરણે જાવ.

એક સમે છુપૈયાવિષે, ચાલ્યો કોલેરાનો રોગ ।
એક યોજન ફરતા ગામે, બન્યો છે એવો યાગ ॥
ઘણાં મનુષ્ય મરણ પામ્યાં, તે કહેતાં ન આવે છેક ।
સર્વે લોકે સાધન કર્યા, દેવી પર ધરી ટેક ॥
માતાને ત્યાં ભોગ આપ્યો, અજા મૃગ ને મહિષ ।
ઘણા જીવની હિંસા કરી, રોગ મટ્યો નહિ લેશ ॥

એક સમય છુપૈયાના ચારે તરફ કોલેરાનો રોગ ફાટી નીકળ્યો. માણસો મરવા લાગ્યા... માણસો દેવીની આગળ બકરા આદિક પ્રાણીઓની હિંસા કરી દેવીને ભોગ અર્પણ કરે છે. દેવી કોપાયમાન થયાં. મૂર્તિમાંથી પ્રગટ થઇ પાપીના હાથમાંથી તલવાર ઝડપી લીધી... “મારી આગળ નિર્દોષ પશુને મારો છો?! તમારૂં સત્ય નાશ થઇ જશે... માથા ઉડાડી દઇશ! રોગ નાશ થવાને બદલે તમારો નાશ થશે! માટે ચેતી જાવ ને પાપથી આટકી જાવ. સૌને પોતાનો જીવ વહાલો હોય છે... હું સત્વગુણી દેવી છું... મને હિંસા ગમતી નથી... કર્યા કર્મ ભોગવો છો ને બીજા પાપનાં કર્મ ઊભા કરો છો...

જો તમારે રોગથી મુક્ત થવું હોય તો શ્રી હરિને શરણે જાવ. એમની કૃપાથી તમામદુઃખ દૂર થશે. એના વિના લાખો ઉપાય કરશો તો પણ રોગથી મુક્ત થશો નહિ.” આટલું કહી દેવી અદ્રશ્ય થઈ ગયા.

છપૈયાનાં માણસો ઘનશ્યામમહારાજ પાસે આવ્યા. પ્રાર્થના કરતાં કહ્યું, “હે પ્રભુ! હે દયાળુ! અમને કોલેરાના રોગથી મુક્ત કરો. બહુ દુઃખી છીએ. તમારે શરણે આવ્યા છીએ. મૃત્યુથી ઉગારોને જીવીત દાન આપો.” ઘનશ્યામમહારાજ કહે છે, “ચિંતા ન કરો... પ્રભુને યાદ કરો...”

શ્રી હરિ કહે ચિંતા ન કરશો, દિલમાં તમે કાંઇ ન ડરશો ।
કોલેરું હવે આજથી બંધ, અમે છૈયે ત્યાં સુધી પ્રતિબંધ ॥
છુપૈયા ફર્તા પાંચ જોજન, આવો રોગ નહિ આવે કોઇ દિન ।

"હિંસા બંધ કરશો તો બચી જશો ને સુખી થશો. છપૈયા ફરતા પાંચ જોજન સુધી કોલેરાનો ઉપદ્રવ નહિ થાય." ઘનશ્યામમહારાજની કૃપાથી બીમાર માણસો હતા તે સાવ સાજા થઈ ગયા... માણસો ઘનશ્યામમહારાજ પાસે આવ્યાં ને પગે લાગીને પ્રાર્થના કરી, "તમે અમને જીવીત દાન આપ્યું છે. ખૂબ સહાયતા કરી છે, તો અમારા ઘેર જમવા પધારો... અમને કૃતાર્થ કરો..."

**હે દયાળુ તમે ભગવાન, અમને આપ્યા છે જીવીતદાન ।**
**સર્વ નિયંતા છો સુખરાશી, અક્ષરાધિપતિ અવિનાશી ॥**
**કરો અમારા દ્વાર પાવન, સર્વેને ઘેર જમો જીવન ।**
**પ્રભુ બોલ્યા થઈને પ્રસન્ન, સર્વેનો પ્રેમજાણીને મન ॥**
**જાવો રસોઈ કરાવો તમે, બધાને ઘેર આવિશું અમે ।**

ઘનશ્યામમહારાજે કહ્યું, "તમારે ઘેર તમે જાવ. પવિત્ર પણે રસોઇ બનાવો. અમે જમવા આવીશું." પ્રભુએ અનેક રૂપ ધારણ કર્યા... છપૈયામાં ઘેર ઘેર ભોજન જમવા પધાર્યા... છપૈયામાં આજે આનંદનો પાર નથી... સર્વત્ર આનંદ છવાઇ ગયો છે.

ભગવાન સાથે અખંડ સંબધ જોડી રાખવો. ભગવાનમાં પરિપક્વ નિશ્ચય રાખવાથી દુઃખ દૂર થાય છે ને બુધ્ધિમાં પ્રકાશ થાય છે. ભગવાન સંબધી પંચવિષય સેવે તો બુધ્ધિમાં પ્રકાશ થાય છે અને જગત સંબધી પંચવિષય સેવે તો અંધકાર થઇ જાય છે.

માટે અખંડ ભગવાનનો સંબધ રાખવો... છુપૈયાના પ્રેમી ભક્તો પ્રભુ સાથે અખંડ સંબધ જોડી રાખે છે અને સાથે મળીને સત્સંગ કરે છે... ધન્ય છે છુપૈયાવાસીના લોકને. પ્રગટ પ્રભુનો યોગ થયો છે.

## ૫૦. મિત્રને પોપટ બનાવ્યા.

છુપૈયાથી નૈઋત્ય ખૂણામાં પીરોજપુર ગામછે. ત્યાં આનંદ ત્રવાડી ગરાસીયા રહેતા હતા. તેનો એક સુંદર બગીચો હતો. તે બગીચામાં પુષ્કળ ફળ ફૂલ થાય. જામફળ, રામફળ, સીતાફળ, નારંગી, અંજીર, મીઠા ફળના ઢગલા થાય. પણ આનંદત્રવાડીનો સ્વભાવ ખૂબ લોભી હતો... મધમાંખીની જેમભેળું જ કરે. કોઇને કાંઇ આપે નહિ. યુક્તિ પ્રયુક્તિ કરી માણસો પાસેથી ધન પડાવીને જલસા કરે. પાપ કરીને ખૂબ પૈસા ભેગા કર્યા છે.

ઘનશ્યામમહારાજને વિચાર થયો, સંગ્રહખોર પ્રકૃતિ સારી નહિ. આનંદત્રવાડીને બોધપાઠ આપવો પડશે. ઘનશ્યામે બાળ મિત્રોને બોલાવ્યા. "વેણી, માધવ, પ્રયાગ, બંસીધર, રઘુનંદન... ચાલો, આપણે બગીચામાં

જઈએ.'' સખા તૈયાર થઈ ગયા... આનંદત્રવીડીના બગીચામાં આવ્યા... કુદતા, ખેલતા, સખાઓ મનગમતાં ફળ તોડીને ખાય છે ને રમત કરે છે... થોડાંક ફળ ગાંઠળીમાં બાંધ્યા... ત્યાં અચાનક એક માણસે આ દશ્ય જોયું, તેથી દોડતો આનંદત્રવાડી પાસે ચાડી ખાવા ગયો... ''તમને ક્યાં તમારો બગીચો સાંચવતાં આવડે છે?!'' ''પણ થયું શું? વાત તો કરો...''

''તમારા બગીચામાં ઘનશ્યામઅનેક છોકરાઓને લઈને ફળ ખાય છે. ઝાડની ડાળખીયું તોડી ફોડી નાખ્યું છે. બગીચો ઉજ્જડ કરી નાખશે. માટે જલદી જાવ ને શિક્ષા કરો! આ દુનિયામાં ચાડિયા માણસોની ખામી પહેલાંય નહોતી અને આજે પણ નથી. માટે એવા માણસોથી ચેતીને રહેવું.'' આનંદત્રવાડી એમના દીકરાને અને આડોશી પાડોશીનું ટોળું લાકડી લઈને બધા આવ્યા... બગીચાની ચારે બાજુ ગોઠવાઈ ગયા... કોઈ છટકી શકે તેમનથી... જોરદાર હાકલ મારી... ''અલ્યા બાળકો! ધણીયાતા બગીચામાં રજા વગર કેમઆવ્યા છો?! માર્યા વિના નહિ મૂકુ!'' એમકહી લાકડી ફેંકી...

બાળમિત્રો ડરી ગયા... મંડ્યા ધ્રુજવા... ''ઘનશ્યામ! હવે શું કરશું ને ક્યાં જશું? છટકી જવાય તેમનથી. ચારે બાજુ માણસો લાકડી લઈને ઊભા છે... બચાવ... ઘનશ્યામબચાવ.'' ઘનશ્યામે કહ્યું, ''તમે ચિંતા ન કરો... હું બેઠો છું પછી તમને શું વાંધો છે?'' ભગવાને એકદમજોરથી તાલી પાડી...

**પુરુષોતમે તે ઝટપટ, સખાને કરી દીધા પોપટ ।**
**આજ્ઞા આપીને ઉડાડી મૂક્યા, કરી ચતુરાઈ તે નવ ચૂક્યા ॥**
**જઈ બેઠા ખાંપા સરોવર, થયા અદ્રશ્ય ત્યાં નટવર ।**



બાલ સખા પોપટ થઈ ઉડી ગયા.

તાલી વાગતાની સાથે તમામબાળમિત્રો પોપટ બની ગયા. ચાંચમાં ફળ પકડીને ઉડી ગયા. ખાંપાસરોવરના કિનારે વૃક્ષ હતા, તે ઉપર બેસીને ફળ ખાય છે. ફળ તોડીને મોટો ઢગલો કર્યો હતો તે પણ અદ્રશ્ય થઇ ગયો, અને પ્રભુ પણ અદ્રશ્ય થઇ ગયા... કોઇ ન મળે...

"અરે, આ બધા છોકરા દેખાતા હતા તે ક્યાં ગયા?" બધા જોતાજ રહી ગયા. શું થયું, કાંઇ ખબર પડતી નથી. હવે શું કરવું?

એક અગ્રેસર માણસે આનંદત્રવાડીને કહ્યું, "ઘનશ્યામમહારાજ તો બહુ પ્રતાપી છે. અવતારના અવતારી છે. આપણા દેખતાં બાળકોને પોપટ બનાવી ઉડાડી દીધા. બચપણમાં એણે કાલીદૈત્ય અસુરને માર્યો, મલ્લનો ગર્વ ઉતાર્યો, ગયાદત્તનો નાશ કર્યો, કોલેરાના રોગથી બચાવ્યા. આશ્ચર્યકારી મૂર્તિ છે. તેના સામે ચડવામાં માલ નથી પણ નમવામાં માલ છે... જલદી જાવ અને માફી માગી લ્યો... નહિંતર વગર મોતે મરી જાશો."

આ બાજુ શું થયું? પોપટ બની ગયા મિત્રો, પછી મૂળરૂપે બાળકો થઈ ગયા અને સૌ સૌને ઘેર ગયા... આનંદત્રવાડીને સવળી સમજણ આવી... સાચી વાત છે. મનુષ્યમાંથી પોપટ બનાવી દેવા તે કોઇથી થઇ શકે નહિ... પરમાત્મા જે ધારે તે કરી શકે, તેથી આનંદત્રવાડી ધર્મદેવને ઘેર આવ્યો... અને વિસ્તારથી વાત કહી સંભળાવી... કે તમારા પુત્ર ભારે પરાક્રમી છે. મનુષ્યમાંથી પોપટ બનાવી ઉડાડી દીધા... આ વાત સાંભળી ઘનશ્યામકાલી કાલી ભાષામાં બોલ્યા, "પિતાજી, આ આનંદત્રવાડી અમને ધોકા લઇને મારવા આવ્યા હતા." આનંદત્રવાડી ઘનશ્યામમહારાજને પગે લાગ્યો.

આનંદત્રવાડી બે હાથ જોડી માફી માગતાં કહ્યું, "હે ઘનશ્યામમહારાજ, મને માફ કરો... મારી ભૂલ થઇ છે..."

**સુણો બહુનામીજી બલીંદ્ર, તમે તો છો પોતે રામચંદ્ર ।**
**હું તો શરણે આવ્યો છું તમારા, ક્ષમા કરો અપરાધ અમારા ॥**
**સ્તુતિ કરતા સતા તે દિશ, મુક્યાં ચરણ કમળમાં શીશ ।**
**કર્યા પ્રણામવારંવાર, ગયા આનંદે પોતાને દ્વાર ॥**

"મારો લોભીયો સ્વભાવ છે, તેથી મેં તમને મારા બગીચાના ફળ જમવા દીધાં નહિ, પણ હવે સુખેથી મારા બગીચામાં ફળ જમવા આવજો. તમે સાધારણ બાળક નથી, પણ સાક્ષાત રામચંદ્રજી ભગવાન છો. તમે મારી ભૂલ સમજાવીને મને સત્ય માર્ગ બતાવ્યો છે." પ્રભુ કહે છે, "લોભ છે તે પાપનો બાપ છે. માટે જીવનમાં લોભ રાખવો નહિ."

## ૫૧. લગ્નમાં વિઘ્ન થયું.

મામા મોતીત્રવાડીનાં દીકરાનાં લગ્ન પ્રસંનો સમય આવ્યો. છપૈયા નાનું ગામતેથી જે વસ્તુ જોઇએ તે ત્યાં મળે નહિ. તેથી દેવી પાટણના મેળામાં બે ગાડા જોડીને જાય છે. ધર્મદાદા, રામપ્રતાપભાઇ, ઘનશ્યામમહારાજ મેળામાં ગયા. ત્રણ દિવસ દેવી પાટણના મેળામાં રોકાયા. માલની ખરીદી કરી. ગાડામાં ભર્યું. પછી ગાડા છપૈયા તરફ આવે છે. રસ્તામાં બલરામપુર શહેર આવ્યું. ત્યાં રાત રહ્યા. પશુનો સંગ્રહાલય હતો (મ્યુઝયમ). હાથી, ઘોડા, દીપડા, સિંહ જોવા ગયા. પછી આગળ ચાલતા થયા... ત્યાં કામરૂદેશની નારીઓ ઠગારી હતી. તેણે જાદુ મંત્ર કરી પૈસા ભેગા કરવા રાજાના દિવાન ઉપર જાદુ કર્યું. તેથી દિવાન બેભાન થઇ ગયો. હવે શું કરવું? બધા ચિંતા કરે છે. ઘનશ્યામમહારાજને દયા આવી... ઠગારી નારીને શિક્ષા કરવી પડશે... નહિંતર બીજા માણસોને પણ હેરાન કરશે. ઘનશ્યામમહારાજે હાકલ મારી... "ઠગારી નારીઓ... સામે આંબાનું વૃક્ષ છે તેની સામે નજર કરો."

એક આંબાનો વૃક્ષ છે પાસે, તેના સામે જોયું અવિનાશે ।
ધરણી સહિત ધ્રુજવા લાગ્યો, જાણે ભાગી પડ્યો કે ભાગ્યો ॥
પછી બોલ્યા છે દેવ મોરારી, તમે સાંભળો નારી નઠારી ।
જો દીવાનને સાજો કરશો, તો મૃત્યુ થકી ઉગરશો ॥
નહિતો આંબાની દશા છે જેવી, તેના ભેગી તમારી છે એવી ।

સામે જોયું તો ધણણણ કરતાં આંબાનું વૃક્ષ ધરતી સહિત જોરદાર ધ્રુજે છે. પ્રભુએ કહ્યું, "જાદુ મંત્ર કરીને લોકોને ઠગો છો?! આંબાની દશા છે તેવી તમારી દશા થશે... માટે ચેતી જાવ ને પાપ કરતાં અટકી જાવ... માણસોને હેરાન કરશો તો વગર મોતે મરશો..." ઠગારી નારીઓને થયું, શેરનો સવા શેર મળી ગયો... છે નાનો બાળક ને જોર બહુ કરે છે... પ્રતાપી લાગે છે... ઘનશ્યામમહારાજે બેભાન થયેલા દીવાન ઉપર પાણીનો છંટકાવ કર્યો કે દીવાન તુરંત બેઠો થયો... ઠગારી આ જોઇને નવાઇ પામી ગઇ... બાળક જોરદાર છે... ઠગારી નારીઓ તુરંત પ્રભુને શરણે આવી... "હે પ્રભુ! અમારી ભૂલ થઇ છે. અમને માફ કરો... હવે આવી ઠગબાજી નહિ કરીએ."

દીવાનજીને જીવતદાન આપી પ્રભુ ત્યાંથી ચાલતા થયા. તે છપૈયામાં આવ્યા. ગાડુ છોડી માલ ઉતાર્યો... ત્યાં અચાનક વિઘ્ન થયું...

પછે ખેડૂયે છોડ્યું છે ગાડું, એમાં વિઘ્ન થયું એક આડું ।
જેનું લગ્ન લીધું છે હલ્લાસ, એજ આવ્યો બળદની પાસ ॥

**બળદે ચક્ષુ માર્યું શૃંગ, એક નેત્ર કરી નાખ્યું ભંગ ।**
**નેત્ર નીકળી પડ્યું છે બહાર, ચાલી રૂધિરની તેમાં ધાર ॥**

મોતીરામનાં દીકરાનાં લગ્ન કરવાનાં હતાં. બરાબર શણગાર સજીને વરરાજા પરણવા જવા માટે તૈયાર થયા. ઢોલ ઢબકે છે. શરણાઈના શૂર રેલાયા. નારીઓ મંગળગીત ગાય છે. વરરાજા ગાડા ઉપર બેસવા ગયો. ત્યાં બળદ અચાનક ભડક્યા ને શીંગડું આમતેમહલાવ્યું. તે વરરાજાની આંખમાં વાગ્યું તુરંત લોહીની ધાર થઈ ને આંખ બહાર નીકળી પડી... હવે શું કરવું? સૌ ઉદાસ થઈ ગયા. માતાપિતા રડે છે. મંગલકાર્યમાં વિઘ્ન થયું... હર્ષમાં શોક ફેલાઈ ગયો. બધા ચિંતા કરે છે.

મામા મોતીરામરડે છે. ઘનશ્યામમહારાજ સામે નજર કરી કહ્યું, ''વ્હાલા ઘનશ્યામ... તમે કૃપા દૃષ્ટિ કરો, તો સારૂં થાય. બાકી બીજો કોઈ ઉપાય નથી.'' બાલ ઘનશ્યામબોલ્યા, ''મામા, ચિંતા ન કરો... ભાઈને સારૂં થઈ જશે. પ્રભુનું નામલઈને આંખપર પાટો બાંધી દો... પ્રભુ રક્ષા કરશે.'' વિશ્વાસુ મામાએ આંખપર પાટો બાંધી દીધો. પાંચ મિનીટ પછી જોયું તો આંખ હતી તેવી સરસ મજાની થઈ ગઈ. બધા રાજી રાજી થઈ ગયા. ઘનશ્યામમહારાજને બિરદાવવા લાગ્યા... ''ધન્ય છે ઘનશ્યામતમારી શક્તિને! તમે સાક્ષાત પુરુષોતમનારાયણ છો... આખી દુનિયામાં તમારું કર્યું સર્વે થાય છે.''

આ જગતની અંદર અચાનક મુશ્કેલી આવે છે, પરંતુ સર્વ કાર્યમાં સર્વદા ભગવાનને સાથે રાખશો અને પ્રભુના વચન પ્રમાણે વર્તશો તો મુશ્કેલીમાં ભગવાન રક્ષા કરશે... દરેક ક્રિયામાં ભગવાનને સંભારવાં. કેવી રીતે સંભારવા? શ્રીજી મહારાજ શ્વેત વસ્ત્રો પહેરીને ગાદી તકીયા પર સોનાના સિંહાસનમાં બિરાજમાન છે. ચારે બાજુ અક્ષરધામના મુક્તો બેઠા છે. મુળજી બ્રહ્મચારી ચમર ઢોળે છે. નિત્યાનંદ સ્વામી કથા વાંચે છે. હું પણ મુક્તની સભામાં છું. આવી રીતે હરહંમેશ સંભારવા. તમે પલંગપર સુવાની તૈયારી કરો... સૂતાં પહેલા ભગવાનને યાદ કરો. શ્રી હરિ સોનાના પલંગમાં ગાદલા ઉપર પોઢ્યા છે. હું શ્રી હરિનાં ચરણ દાબું છું. કોમળ ચરણાવિંદમાં સોળ ચિહ્ન છે તે બરાબર નીરખું છું... આવી રીતે ચિંતવન કરવાથી શું થાય? આવે સુખ અતોલ... બહુ આનંદ થશે. હું વિંઝણો લઈને પવન ઢોળું છું. આવી રીતે અખંડ શ્રી હરિને સંભારવાથી શ્રી હરિ સાથે બ્રહ્મ સંબંધ થાય છે.

## ૫૨. કાલીનાગનો મોક્ષ.

સખા સહિત ઘનશ્યામમહારાજ મીનસરોવરમાં સ્નાન કરવા ગયા. કીનારે એક મોટું મહુડાનું વૃક્ષ હતું... જળક્રીડા કરી, વસ્ત્ર પહેરી રમત રમે છે. રમતા રમતા મહુડાના વૃક્ષ પાસે આવ્યા. ત્યાં અચાનક વૃક્ષના પોલમાંથી મોટો સર્પ નીકળ્યો...

બાલમિત્રો ડરીને વૃક્ષની પાછળ સંતાઇ ગયા. ધ્રુજે છે. ઘનશ્યામબોલ્યા, “મિત્રો, ડરશો નહિ. આ સર્પ કોઇને કરડશે નહિ.” સર્પ ફેણ નમાવી નમસ્કાર કરે છે... હરિ ઇચ્છાથી સર્પ બોલ્યો...

હે હરિ કૃષ્ણ હે ઘનશ્યામ, તમે પ્રગટ્યા છો આણે ઠામ।
છપૈયાપુર કર્યું પાવન, ધર્મ ભક્તિ થકી ધર્યું તન ॥
હે હરિ હવે સંકટ હરો, આંત્યતિક મોક્ષ મારો કરો ।
સખા સર્વે ઉભા છે આ ઠાર, અક્ષર મુક્ત છે અવતાર ॥
ધન્ય છપૈયાપુરની ધરણી, ધન્ય આંહીના પ્રાણીની કરણી ।

“દયા કરી મારો મોક્ષ કરો. તમારી બાજુમાં જે બાળમિત્રો ઊભા છે તે બધા અક્ષરધામના મુક્ત છે. તમારા દર્શનથી હું ભાગ્યશાળી થયો છું. ધન્ય છે છપૈયાની ધરણી ને ધન્ય છે ત્યાંના લોકોની કરણી. કોઇ પણ જીવાત્મા છપૈયાપુરની પવિત્ર ભૂમી પર મૃત્યુ પામશે તેનું પણ કલ્યાણ થશે.” સર્પ કહે છે, “હે પ્રભુ! હું બહુ કાળ કાલિન્દ્રીના ધરામાં રહ્યો... જેવો તમારો મહિમા છે તે હું સમજી શક્યો નહિ. તમારો યોગ મલ્યો. તમે તમારા પવિત્ર પગલાં મારા મસ્તક ઉપર પધરાવ્યાં, છતાં હું પ્રતાપ સમજી શક્યો નહિ પણ તમારા સામે થયો. મારી ભૂલને ક્ષમા કરો. હવે મને પોતાનો કરી સેવામાં રાખો. અભયપદ આપો. મારૂં કલ્યાણ કરો!”

કાલીનાગનું નિર્માનીપણું જોઇને બાલ ઘનશ્યામે સર્પ સામે કૃપા દષ્ટિ કરી કે સર્પના દેહથી મુક્ત થયો અને ચતુર્ભુજ સ્વરૂપે થઇ ગયો. પ્રભુને પગે લાગીને આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયો... સર્પને મોક્ષનું દાન આપી ઘનશ્યામમહારાજ પોતાના ઘેર પધાર્યા... સખા કહે છે, “હે ધર્મપિતા, આજે અમે કાલીનાગ જોયો... તે નાગ ઘનશ્યામને નમસ્કાર કર્યા... ઘનશ્યામમહારાજની દયાથી તેનું કલ્યાણ થઇ ગયું.” વિસ્તારીને વાત કહી સંભળાવી... ધર્મપિતા બોલ્યા, “ઘનશ્યામઆશ્ચર્યકારી મૂર્તિ છે. એના પરાક્રમનો કોઇ પાર નથી.” આવી દિવ્ય લીલાઓ કરીને પ્રભુ સૌને આનંદ આપે છે.

કથા સાર એ છે કે કાલીનાગ પ્રભુને નમ્યો તેથી તેનું કલ્યાણ થયું. નમે એ સૌને ગમે. આપણે બધા સત્સંગરૂપી બગીચામાં બેઠા છીએ. મોહ, માયા, મમતા તેમજ કુટેવો અને જાતિ સ્વભાવ ન ટાળીએ તો સત્સંગના બગીચાની સુગંધ આવે નહિ. પણ જાતિ સ્વભાવ ટળી જાય તો અલૌકિક આનંદમાં ફરતો થઇ જાય. પથ્થર જેવા હૃદયવાળાને સત્સંગનો રંગ લાગતો નથી.

## ૫૩. ગાયની ગમાણમાં ગોવિંદ સંતાણા.

છુપૈયાથી ઈશાનખુણામાં ધર્મદાદાનું ખેતર હતું. તેમાં મકાઇ અને ચીભડી

વાવ્યા હતાં. તેમાં ઘાસ ઘણું થયું. રામપ્રતાપભાઇ અને ઘનશ્યામમહારાજ ઘાસ નિંદવા ગયા. ઘનશ્યામમહારાજ ખડ રહેવા દે ને મકાઇ ચીભડી કાઢી નાખે. મોટાભાઈએ કહ્યું, ''મકાઇ ચીભડી નીંદતાં આવડે છે કે નથી આવડતી? ઘાસ કઢાય... મકાઇ ચીભડી રહેવા દેવાય. સરખી રીતે કામકરો... ઊંધુ કેમકરો છો?''

ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા...

**મકાઈ ચીભડી થોડી છે સાર, ક્ષેત્રમાં ખડનો નથી પાર ।**
**થોડે કાઢે થોડું પાપ થાય, તેમાં જીવ થોડા મરી જાય ॥**
**ખડ ઘણું દેખીને રાખું છું, મકાઇ ચીભડી કાઢી નાખું છું ।**

''ચીભડી ને મકાઇ થોડી છે ને ઘાસ ઘણું છે તેથી મકાઇ ચીભડી કાઢું છું... થોડા જીવની હિંસા થાય તે માટે ઘાસ કાઢતો નથી.'' મોટાભાઇ ગુસ્સે થઇ ગયા. આંખ લાલ કરી બોલ્યા, ''મોલનો બગાડ કરો છો ને હિંસાની વાત કરો છો! ઘાસ કાઢવાથી હિંસા થતી નથી.'' હાથ ઊંચો કરી જ્યાં મારવા જાય છે ત્યારે પ્રભુ જોરથી બોલ્યા, ''ખબરદાર રહેજો મોટાભાઇ... જો મારશો તો તમને ઉડાડી દઇશ. પત્તો નહિ લાગે. ક્યાં જઇને પડશો કાંઇ નક્કી નહિ. નાનો જાણીને ડરાવો છો?'' ભાઇ પાછા હટી ગયા.

ઘનશ્યામમહારાજ દોડતા દોડતા ઘેર આવ્યા. ગૌશાળામાં ગમાણ હતી તેમાં સંતાઇ ગયા. ઉપર ઘાસ ઢાંકી દીધું. બપોર થયા. ભાઇ ઘેર જમવા આવ્યા. ભક્તિમાતાએ કહ્યું, ''ઘનશ્યામક્યાં?'' ''મૈયા, ઘનશ્યામતો વહેલા ઘરે આવ્યા છે.'' ''ઘેર નથી આવ્યા... જાવ, શોધી લાવો... પછી જમવાનું મળશે. તમારો સ્વભાવ બહુ ગરમછે. ઘનશ્યામને કાંઇક કહ્યું હશે...''



ગાયની ગમાણમાં ગોવિંદ સંતાણા.

ભક્તિમાતા રૂદન કરે છે... ભાઇ દિલગીર થઇ ગયા. બધી જગ્યાએ શોધે છે

પણ ઘનશ્યામક્યાંય મળતા નથી. બાલમિત્રોને પુછ્યું. તણે કહ્યું, "આજે અમે ઘનશ્યામને જોયા નથી." ભાઈ ફરી ફરીને થાકી ગયા... રામસાગર તળાવના કાંઠે વડના વૃક્ષ નીચે ઉદાસ થઈ બેઠા છે. ખૂબ ભૂખ તરસ લાગી છે... હવે શું કરવું? પ્રભુના વિયોગથી છાતી ભરાઈ આવી છે... ઉચ્ચે સાદે રડતા રડતા કહે છે, "હે ઘનશ્યામ... હવે તમને કોઈ દિવસ વઢીશ નહિ. કાંઈ નહિ કહું... મને ખૂબ દુઃખ થાય છે. તમે ભૂખ્યા તરસ્યા થયા હશો... મા બાપ તમારી વાટ જુવે છે, ને મને વઢે છે. આપ જલદી આવો. મુખકમળનાં દર્શન કરાવો."

ઘનશ્યામમહારાજની ઈચ્છાથી આકાશવાણી થઈ. "ભાઈ, તમે ચિંતા ન કરો! ઘરે જાવ." ભાઈ ઘરે આવવા માટે ચાલતા થયા. ભક્તિમાતા ઊંચે સ્વરે રૂદન કરે છે. સગાં સંબંધી સૌ ઘેર દોડી આવ્યાં... "હે લાડીલા! તમે મારા જીવનપ્રાણ છો... તમારા વિના હું નહિ જીવી શકું... બેટા... આપ આ સૃષ્ટિમાં જ્યાં હો ત્યાંથી બોલો..."

**હે પ્રભુ તમે છો બહુનામી, સર્વે સૃષ્ટિના અંતરજામી ।**
**આ પૃથ્વીમાં જ્યાં હો ત્યાંથી બોલો, છાના માના રહી નવ ડોલો ॥**

"હે ઘનશ્યામ! તમારી કાલી ઘેલી બોલી સંભળાવો... વાણી સાંભળશું ત્યારે અંતરમાં ઠંડક વળશે." ખૂબ રૂદન કરે છે... માતાજીનું રૂદન સાંભળી ઘનશ્યામતુરંત બોલ્યા. સુપાત્ર દીકરા માનું રૂદન જોઈ શકે નહિ. પ્રભુ બોલ્યા, "હે દીદી... તમે રડો નહિ. ચિંતા ન કરો."

**હે દીદી હવે રડો ન તમે, ગમાણમાં સુતા છીએ અમે.**

"આપણી ગાયો બાંધી છે, તે ગૌશાળાની ગમાણ છે. તેમાં અમે સંતાઈને સુતા છીએ." સુંદરીમામી દોડીને ગમાણ પાસે ગયા. ઝટ ઘનશ્યામમહારાજને તેડી લીધા... ચુંબન કરીને ભક્તિમાતાને આપ્યા. ભક્તિમાતા છાતી સરસા ચાંપી, મીઠો મીઠો હાથ ફેરવીને કહ્યું, "બેટા ઘનશ્યામ, હવે કોઈ દિવસ આવું કરશો નહિ... ચાલો બેટા... દૂધ, ખીચડીને પાપડ તૈયાર છે. જમી લ્યો." સાથે બેસીને સૌ ભોજન જમે છે... ભક્તિમાતા રામપ્રતાપભાઈને મીઠો ઠપકો આપતાં કહે છે, "તમે હવે કોઈ દિવસ ઘનશ્યામઉપર ખીજાશો નહિ... એ નાના બાળક છે. તમે મોટા છો." "ભલે દીદી... તમે જેમકહેશો તેમકરીશ."

ભક્તિમાતા સદ્ગુણનો ભંડાર છે... સદગુણથીજ મનુષ્યનું ગૌરવ વધે છે, પણ ઊંચા આસને બેસવાથી ગૌરવ નથી. મહેલના શિખરે કાગડો બેસે તેનાથી કાંઈ તે મહાન ગણાતો નથી. હંસ ભલે નીચે બેસે. હંસ તો હંસ જ છે. તેથી કાંઈ હંસનું ગૌરવ ઘટી જતું નથી. કાગડો ઊંચો બેસે તેનાથી તેનું ગૌરવ વધી જતું નથી...

ગુણવાનની કિંમત ગુણવાન જાણી શકે છે.

## ૫૪. કડવાં ચીભડાં મીઠાં થયા.

અયોધ્યાપ્રસાદજી કહે છે, ''હે પ્રભુ! મને સદ્‌બુધ્ધિ આપો કે આપની અલૌકિક લીલાનું વર્ણન કરી શકું. આપ મારા હૃદયમાં નિવાસ કરો...''

સદ્‌બુધ્ધિ દો સ્વામી મુને, શ્રી હરિ સહજાનંદ ।
અલ્પમતિ એ ગુણ ગાઉં, સહાય કરો સુખકંદ ॥
એક સમે મીનસાગરે, ત્રીખુણી ખેતર માંય ।
મકાઈ ચીભડી ભેગાં વાવ્યાં, વશરામજીએ ત્યાંય ॥

ઘનશ્યામમહારાજના મામાનું નામવશરામત્રવાડી હતું. તેનું મીનસાગર પાસે એક ખેતર હતું. તેમાં મકાઇને ચીભડાં બે વસ્તુ ભેગી વાવી. ચીભડામાં વેલા સારા થયા, પણ ચીભડાં કડવાં ઝેર જેવાં. એક પણ ચીભડું મીઠું નહિ. વશરામમામા ચિંતા કરે છે. મહેનત બધી નકામી ગઇ. ખાતર અને પાણીનો ખર્ચ માથે પડ્યો... આ જગતમાં ધાર્યું બધું ભગવાનનું થાય છે. મહેનતનું ફળ દેનારા ભગવાન છે. આપણે મહેનત કરીએ... સફળતા ભગવાન આપે.

મામાએ ભક્તિમાતાને વાત કરી, ''બહેન, આપણી વાડીમાં ચીભડાં સારા થયાં છે, પણ જો મીઠાં હોત તો સાથે મળીને બધાં જમીને આનંદ કરત.'' બાજુમાં ઘનશ્યામમહારાજ બેઠા છે. તે બોલ્યા, ''મામા... હું તમારી વાડીમાંથી ચીભડાં લઇ આવ્યો છું... તે તો બહુજ મીઠા છે.'' ઘનશ્યામમહારાજે ચીભડાં સુધારીને બધાને આપ્યું, તો સાકર જેવાં મીઠાં લાગ્યા... પછી ખેતરમાં ગયા... ત્યાં ચીભડાં ચાખીને જોયાં તો મીઠાં મધુરાં... ઘનશ્યામમહારાજ બોલ્યા, ''પ્રભુને જમાડીને જમીએ તો ચીભડા મીઠાં જ થાય.'' સર્વે વસ્તુ પહેલી ભગવાનને અર્પણ કરીએ તો ભગવાન સહાય કરે. સર્વ કાર્યમાં પહેલા ભગવાન રાખો.

લોભી સ્વભાવને લીધે એક દિવસ મામી એના દીકરા મંછારામને કહે છે, ''તું ઘનશ્યામને કહી દેજે આપણી વાડીમાં આવે નહિ... ચીભડા લઇ જાય છે. તે મને ગમતું નથી...''

મંછારામની માતુ બોલ્યાં, સુણો પુત્ર કહું કામા
આપણા ખેતરમાંથી, બગાડે છે ઘનશ્યામા॥
ના કહેજો તે આવે નહિ, ખેતરમાં કોઇ દિન ।
એ વાત અંતર્યામિપણે, જાણી ગયા જીવન ॥
ચીભડીયો સુકાવી દીધી, ખેતરમાંથી તમામા
તે જોઇ સહુ કેવા લાગ્યા, કેમથયું આ કામા॥

અંતરજામી પ્રભુ આ વાત જાણી ગયા, તેથી એક સામટાં ચીભડાના વેલા સુકાવી દીધા... મામા બીજે દિવસે ખેતરે ગયા તો વેલા બધા સૂકાઇ ગયા છે. આશ્ચર્ય પામી ગયા... ઓંચિતું શું થયું? ચોક્કસ આ ઘનશ્યામનું કામલાગે છે. તુરંત મામા ઘનશ્યામપાસે આવ્યા... "ઘનશ્યામ, તમને જેટલાં ચીભડાં જોઇએ તેટલાં ખુશીથી લઇ જજો. માતા પિતા સગા સંબધી સર્વેને જમાડજો." બીજે દિવસે ચીભડાના વેલા લીલાછમથઇ ગયા. ખેતરમાં ઘનશ્યામમહારાજના પવિત્ર પગલાના પ્રતાપથી બીજા માણસો કરતાં મકાઇ ઘણી થઇ... મામા રાજી રાજી થઇ ગયા... ભગવાનને અર્થે વાપરે છે તેના ભંડાર કોઇ દિવસ ખાલી થતા નથી. સદાય ભરપૂર રહે છે. પહેલાં ઉદાર થવું જોઇએ.

## ૫૫. ગોમતી ગાયનો પ્રેમ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી... ધર્મદેવના આંગણામાં એક ગોમતી ગાય હતી. ગોમતી ગાય કામધેનુ ગાય જેવી હતી. જ્યારે દોહવા બેસે ત્યારે દોહવા દે. ઘનશ્યામમહારાજને ગાય ઉપર પ્રેમઅને ગાયને ઘનશ્યામમહારાજ ઉપર પ્રેમ. ઘનશ્યામમહારાજ ગાયને પાણી પાય, ઘાસ ચારો નીરે, કોઇ વાર ગાયને લઇને ગૌઘાટ સુધી ચારવા જાય. ગાયને પંપાળે ત્યારે ગાય હેતથી પ્રભુના ચરણ ચાટે.

**વાલો ગૌઘાટે જાય ગાયુ ચારવા રે,**
**કંઇક પાપી પતિતને ઉધ્ધારવા રે... વાલો...**
**વાલો ગાયું ચારે ને ગાય ગીતને રે,**
**સુણે બ્રહ્માદિક દેવ દઇ ચિતને રે... વાલો...**



પ્રભુની બાળ લીલા

ગોમતી ગાયનો ચમત્કાર કેવો?! જ્યારે દોહવા બેસે ત્યારે ચાર શેર દૂધ આપે. દિવસમાં ચાર-પાંચ વખત દોહવા જાય તો પણ ટંકે ચાર શેર દૂધ આપે.

સુવાસનીભાભીને વિચાર થયો, આજે ગાયની પરીક્ષા કરી જોંઉ, ઘનશ્યામભાઇ ઉપર કેટલો ભાવ અને પ્રેમછે. ધર્મદાદા, રામપ્રતાપભાઇ, ઘનશ્યામભાઇ, અને ઇચ્છારામભાઇ જમવા બેઠા ત્યારે સુવાસનીભાભીએ ધર્મદાદા અને રામપ્રતાપભાઇને એક શેર શેર દૂધ પીરસ્યું ને ઘનશ્યામમહારાજને અને ઇચ્છારામને નાના જાણીને ઓછું પીરસ્યું... ત્યાં શું બન્યું? બધા જમીને આરામકરે છે... સુવાસનીભાભી ગાય દોહવા ગયાં તો ચાર શેર દૂધને બદલે બે શેર દૂધ દીધું... વિચાર કરતાં થઇ ગયા... ઓછું દૂધ કેમથઇ ગયું?

સાંજ પડી... ધર્મદાદા ત્રણ પુત્રોની સાથે જમવા બેઠા... ત્યારે પણ ઘનશ્યામમહારાજ અને ઇચ્છારામભાઇને ઓછું દૂધ આપ્યું. પછી ગાય દોહવા ગયાં તો ફક્ત એક શેર દૂધ આપ્યું. સુવાસનીભાભી ભક્તિમાતાને કહે છે, “બાઇજી... આજે ગાય એક શેર દૂધ દીધું છે. હવે શું કરશું?” ભક્તિમાતા બોલ્યાં, “તમે દૂધ પીરસવામાં ફેરફાર કર્યો હશે. બધાને સરખું નહિ પીરસ્યું હોય... હવે એમકરો, ત્રણ ભાઇ અને તમારા સસરા જમવા બેસે ત્યારે બધાને સરખું દૂધ આપજો. ઓછુ અધિક કરજો નહિ.” પછી તે પ્રમાણે દૂધ પીરસ્યું... બધા જમ્યા... ત્યાર પછી સુવાસનીબાઇ ગાય દોહવા ગયા ત્યારે ગાય ચાર શેર દૂધ આપ્યું... આવી અલૌકિક લીલા જોઇ ભાભી આશ્ચર્ય પામી ગયાં... બે હાથ જોડી માફી માગતાં કહે છે...

**સુવાસની હરિ આગળ, સ્તુતિ કરે જોડી કર ।**
**હે દયાળુ હરિ કૃષ્ણજી, ક્ષમા કરો મુજપર ॥**
**સુરભીનો સ્નેહ જોવા સારૂં, મેં કર્યું આ કામ।**
**દોષ ન જોશો મમવિષે, દીન બંધુ ઘનશ્યામ॥**
**સુરભીનો જે સ્નેહ છે, તેવો મારે થાજો મહારાજ ।**
**તવ મૂરતિમાં નિશદિન, ભક્તિ આપો મુને આજ ॥**
**તવ રૂપનું દિવ્ય ભાવથી, હું ધરૂં નિત્ય ધ્યાન ।**
**મનુષ્ય બુધ્ધિ ન આવે મને, એ આપો વરદાન ॥**

“હે ઘનશ્યામભાઇ, ગોમતી ગાયને તમારે વિષે જેવો પ્રેમભાવ છે, તેવો મને તમારા પ્રત્યે પ્રેમભાવ થાય, દિવ્યભાવ રાખીને અખંડ તમારૂં ધ્યાન ધરૂં, અને સેવા કરી તમને રાજી કરૂં... તમે ગમે તેવી લીલા કરો છતા મને ક્યારેય મનુષ્યભાવ આવે નહિ, સદા દિવ્યભાવ રહે તેવું મને વરદાન આપો.” દયાના સાગર ઘનશ્યામમહારાજ બોલ્યા, “તમારા વચન માગ્યા મુજબ અખંડ દિવ્યતા રહેશે... ક્યારેય પ્રાકૃતભાવ નહિ આવે.” આવું સાંભળી ભાભી બહુ રાજી થયાં.

આત્માનો મોક્ષ કરવો હોય તો પ્રભુનો મહિમા સમજીને અખંડ પ્રભુને યાદ કરવા. સમજવા જેવી કથા છે. માણસ ગમે તે સ્થિતિમાં હોય, સૂતો હોય કે બેઠો હોય, પણ હૃદયનો તાલ ચૂકાતો નથી. હૃદયના ધબકારા ચાલુજ છે, તેમતમે ભલે નોકરી કે ધંધો કરતા હો પણ ભજન ભક્તિનો તાલ ચૂકી જાવ તો એની કોઇ કિંમત નહિ. હૃદયના તાલ બંધ થઇ જાય તો એનું શું થાય? મૃત્યુ થઇ જાય... તેમજે ભજન ભક્તિના તાલ ચૂકી જાય છે તેને કેવો કહેવાય? દેવાનંદ સ્વામી ગાય છે...

**જીવતો મર્યો રે મુરખ જીવતો મર્યો,**
**ભજ્યો નહિ ભગવાન મુરખ જીવતો મર્યો...**

પ્રભુને યાદ કરતા નથી તે જીવતા છતાં મરેલા છે.

## ૫૬. જાંબુફળમાંથી સોનામહોર બની ગઇ.

**એક સમે સુવાસિનીને, થયો વિચાર નવીન ।**
**મારા દિયરના ચરણમાં, આ રહ્યા છે સોળ ચિન્હ ॥**
**ઉર્ધ્વરખા સહિત ઓપે, સુંદર કોમળ ચરણ ।**
**પુર્ણ પુરુષોતમપોતે, એ છે અશરણ શરણ ॥**

સુવાસનીભાભી એક વખત મંગળ પ્રભાતમાં પ્રભુનું ધ્યાન કરે છે. સુવાસનીભાભીને ધ્યાન કરવું બહુ ગમે. જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. હરિધ્યાન કરવાથી જલદી માયામાંથી છૂટાય છે અને પ્રભુની પ્રાપ્તિ થાય છે. મહા અલૌકિક ભગવાનના મૂર્તિના સુખનો ખજાનો એને હાથ આવે છે. જેમનીરોગી માણસને ભૂખ બહુ લાગે છે તેમપવિત્ર ભક્તજનોને પ્રભુનું ધ્યાન ધરવાની બહુ ઇચ્છા થાય છે... જેમઇયળ ભમરીનું ધ્યાન કરે છે, તો તે ઇયળ ભમરી બની જાય છે, તેમજે કોઇ ભક્તજન પરમાત્માનું ધ્યાન કરે છે તો તે બ્રહ્મરૂપ બની જાય છે.

ભાભી ધ્યાન કરતાં પ્રભુનું ચિંતવન કરે છે. મારા દિયરના ચરણમાં સોળ ચિહ્ન છે. છાતીમાં વીનગુણ હાર પહેર્યો છે. કંઠના ખાડામાં તિલ છે. નાસિકા દીપની શિખા જેવી છે. જમણા ગાલમાં એક સુંદર તિલ છે. કમળની પાંખડી જેવાં કોમળ નેત્રો છે. કમાન જેવી ભ્રકુટી છે. સુંદર મનોહર મુખારવિંદ છે. સર્વ અંગ અતિ કોમળ છે.

આવું શરીર કોઇ દેવ કે મનુષ્યનું હોય નહિ. કોટિકંદર્પ લજ્જા પામી જાય તેવા રૂપાળા છે. બોલે છે તો મુખમાંથી અમૃત ઝરે છે. આવી મંગળકારી વાણી કોઇની હોય નહિ. હું કેવી ભાગ્યશાળી કે મને ઘનશ્યામમહારાજ જેવા દિયર મળ્યા... ઘનશ્યામભાઇને જોઉં છું ને મારૂં મન તેના સ્વરૂપમાં ખેંચાય છે... કદાચ ભગવાન હોવા જોઇએ. મારો સંકલ્પ પૂરા કરે તો હું એને ભગવાન માનું...

આ જાંબુડાનાં ફળ છે પાંચ, મુકું છું ટોપલીમાં તે સાચ ।
ટોપલી શીકાપર ધરૂં છું, એવો વિચાર મન કરૂં છું ॥
પાંચ જાંબુની જો કરે મહોર, તો પ્રભુ સાચા ધર્મકિશોર ।
વળી મને કહે રૂડી રીત, તમારો સંકલ્પ થયો સત્ય ॥
એવું કહે પ્રભુ જો આ પલે, ત્યારે સંશય મારો તે ટળે ।

શીકાપર ઊંચા પાંચ જાંબુફળ રાખ્યાં છે, તે જો સોનામહોર થઇ જાય તો હું ઘનશ્યામભાઇને ભગવાન માનું. મારું નિયમછે... દરરોજ હું ઘનશ્યામભાઇને જમાડીને જમું છું, પાણી પાઇને પીવું છું, એમને પોઢાડીને હું પોઢું છું... પણ જો મારા સંકલ્પ પૂરા કરે તો હું ભગવાન માનું... અંતરજામી પ્રભુ બોલ્યા, ‘‘ભાભી... શીકામાં નજર કરો.’’ જ્યાં ભાભીએ જોયું તો જાંબુફળની સોનામહોર થઇ ગઇ છે. સંકલ્પ સત્ય થયો... ભાભી ઘનશ્યામમહારાજના ચરણમાં નમસ્કાર કરીને બોલ્યાં, ‘‘હે વિશ્વાધાર, વિશ્વંભર, તમે સાક્ષાત પરમેશ્વર છો. સમર્થ મૂર્તિ છો. જે ધારો તે કરી શકો છો... તમારા સ્વરૂપમાં અખંડ વૃતિ રહે તેવું વરદાન આપો! ક્યારેય પણ મનુષ્યભાવ આવે નહિ. સદાય દિવ્યભાવ રહે.’’

ઘનશ્યામમહારાજે કહ્યું, ‘‘તથાસ્તુ... માગ્યા પ્રમાણે થશે... ત્રણ અવસ્થામાં, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં અમારા સ્વરૂપમાં અખંડ વૃતિ રહેશે.’’ અખંડ વૃતિ ભગવાનમાં રાખવી હોય તોશું કરવું? મનને નવધા ભક્તિમાં જોડી દેવું... મન કેવું છે? મન ચંચળ છે... બેચેન બનાવીને મુઝવણમાં મૂકી દે એવું છે. છોકરાં જેવું હઠીલું છે. હઠ પકડે તો સમજાવી શકાતું નથી. પરાણે જીવને માયામાં ખેંચે છે. મનને અભ્યાસથી વશ કરી શકાય છે. ભગવાનનાં લીલા ચરિત્રોને વારંવાર યાદ કરવાં. ભગવાનમાં વૃત્તિ રાખીને કીર્તન ગાવાં, શીખવાં, વિગેરે નવધા ભક્તિમાં મનને જોડી દેવું. આનું નામઅભ્યાસ... અભ્યાસ રાખે તો પ્રભુમાં અખંડ વૃત્તિ રહે છે... આત્માને પરમાત્મા સિવાય બીજે સુખ મનાય છે, તે અજ્ઞાન છે. સમજણ સુધારો ને ભક્તિ વધારો.

## ૫૭. ગોવર્ધનનાથ કી જય!

લોહગંજરીવાળા સંધ્યાગિરીબાવાજી ધર્મદાદાના મિત્ર થાય. બાવાજીનો મોટો આશ્રમહતો. બાવાજી ધર્મદેવને ઘેર અવાર નવાર આવે અને ધર્મદેવ પણ બાવાજીના આશ્રમમાં અવાર નવાર જાય. અક વખત ધર્મદેવ અને રામપ્રતાપજીભાઇ લોહગંજરી ગયા. બાવાજીએ મીઠો આદર આપ્યો. થોડીવાર બેસી, સત્સંગની વાત કરી, આશ્રમની પાછળ કોળાં (કાળીંગા) વાવ્યાં હતાં. બાવાજીએ એક મોટું કોળુ આપ્યું... ‘‘ધર્મદેવ, તમે આ કોળું ઘરે લઇ જાજો અને સુધારીને ઘનશ્યામતથા સગા સંબધીને જમવા આપજો.’’ મોટાભાઇએ કોળું

ઉપાડ્યું પણ ઉપડ્યું નહિ... નોકર પાસે ઉપડાવી છપૈયા પહોંચતું કર્યું. ઓશરીમાં રાખ્યું... ત્યાં રમતા રમતા ઘનશ્યામમહારાજ આવ્યા. કોળાને આમતેમફેરવવા મંડ્યા... ભક્તિમાતાએ કહ્યું, "રહેવા દો... એમન કરાય... વજનદાર કોળું ક્યાંક હાથમાં વાગી જશે... તોફાન બંધ કરો... છાના માના રમકડાં રમો... કોળું રમાય નહિ."

ઘનશ્યામમહારાજે ફુલ ઉપાડે તેમહાથમાં કોળું ઊંચું ઉપાડ્યું. જમણા હાથની ટચલી આંગળી ઉપર રાખીને ફેરવે છે. "દીદી... જુઓ. અમે કૃષ્ણાવતાર ધારણ કર્યો હતો ત્યારે ગોવર્ધન પર્વત આવી રીતે એક આંગળી ઉપર સાત દિવસ સુધી ધારણ કર્યો હતો." પગની આંટી વાળી ઊભા રહ્યા. ગામના બધા માણસોને ખબર પડી તેથી દોડતાં ધર્મદાદાના ઘેર આવ્યાં તો કોળાને બદલે મોટો પર્વત દેખાય છે... પર્વતની કેવી શોભા છે, સાંભળો...

**વનસ્પતિ જો અઢાર ભાર, દેખાડી છે તે ગિરી મોઝાર ।**
**પશુ પંખી મનુષ્યને જક્ત, દેવ દાનવ સર્વે સહિત ॥**
**હજારો દેવનાં જે મંદિર, બતાવ્યા છે શ્યામસુંદર ।**
**હેઠે જુવે તો હજારો સુરભિ, ઊંચા મુખ કરી કરી ઉભી ॥**
**થઇ છે આતુર પ્રેમને માટે, જીહ્વાયેથી શ્રી હરિને ચાટે ।**
**મહા અદ્ભૂત ચરિત્ર નિરખી, નરનારી પ્રણામે છે હરખી ॥**

આખો પર્વત વનસ્પતિથી લીલો છમદેખાય છે. અનેક પ્રકારના પ્રાણીઓ તેમાં ફરે છે. વૃક્ષ ઉપર પક્ષીઓ મધુર કલરવ કરે છે. ઠેક ઠેકાણે દેવનાં મંદિરો છે. તેના ઉપર ધજા ફરકી રહી છે. હજારો ગાયો રૃષ્ટ પુષ્ટ ઘાસ ખાય છે. કોયલ અને મયુર ટહુંકા કરે છે. ગાયો લાંબી જીભ કરીને ઘનશ્યામમહારાજના ચરણ ચાટે છે. આખું જગત તે પર્વત પર દેખાય છે... અલૌકિક દર્શન થયાં... નવાઇ પામી ગયાં... આ શું દેખાય છે? આખો પર્વત કેમઉપાડ્યો હશે? નટનાગરની લીલાનો કોઇ પાર નથી. ઘનશ્યામકોઇ સાધારણ બાળક નથી પણ સાક્ષાત પરમેશ્વર છે. તમામલોકો ઘનશ્યામમહારાજને પગે લાગી નમસ્કાર કરે છે. ધન્ય હો ઘનશ્યામતમને ધન્ય હો.

છપૈયાવાસીને પ્રભુ પ્રત્યે દિન પ્રતિદિન ભાવ વધતો જાય છે... એક બે ઘડી આવા દર્શન થયાં... પછી પ્રભુએ દિવ્ય લીલા સંકેલી લીધી... હવે ઘનશ્યામમહારાજના હાથમાં કોળું દેખાય છે... ઘનશ્યામકહે છે, "મોટાભાઇ, આ કોળુ લઇ જાવ, સુધારીને સર્વે ભકતજનોને પ્રસાદ આપો." પ્રસાદ જમતાં જમતાં માણસો પોતાના ઘેર જાય છે. આનંદનો કોઇ પાર નથી. ઉંચે અવાજે બોલતાં જાય છે.

**ગોવર્ધનનાથકી જય ! ઘનશ્યામ મહારાજની જય!**

છપૈયામાં જય જયકાર થયો છે.

સર્વે ભક્તજનોનાં ચિત્ત ઘનશ્યામમહારાજમાં ખેંચાઇ ગયા, તેથી સૌના આધ્યાત્મિક પ્રગતિ વધતી ગઇ. માણસો મંદિરમાં જેમદર્શન કરવા આવે, અવર જવર ચાલુ હોય, તેમઅનેક માણસો ધર્મદેવના ઘેર ઘનશ્યામમહારાજનાં દર્શન કરવા આવે છે. છપૈયાગામઅક્ષરધામતુલ્ય બની ગયું... ઘનશ્યામમહારાજનાં દર્શન થાય નહિ તો ભક્તજનોને ચેન પડતું નથી. અનેક ૠષિમુનિઓ મનુષ્યના દેહ ધરીને દિવ્યરૂપે ઘનશ્યામમહારાજનાં દર્શન કરવા આવે છે... ભક્તિમાતા વિચાર કરે છે... આખી દુનિયામાં મારા જેવું કોઇ ભાગ્યશાળી નહિ હોય...

ભગવાને આપણને મોક્ષ પ્રાપ્તિ માટે આવો સત્સંગનો સુયોગ આપ્યો છે. હવે અંતિમધ્યેય ચૂકશો નહિ... ઉત્તમસત્સંગમાં જન્મઆપ્યો છે... સર્વોપરી ઉપાસના છે. શ્રી નરનારાયણદેવના ખોળે બેસારી દીધા છે... આપણને પોતાના રાજકુંવર બનાવ્યા છે... હવે શ્રી નરનારાયણદેવને મૂકીને ક્યાંય આડા અવળા જવાય નહિ. તેનો ખટકો રાખવો.

## ૫૮. શ્રાવણ મહિનો આવ્યો.

છપૈયાથી ધર્મદેવ કુટુંબ સહિત અયોધ્યા પધાર્યા. શ્રાવણ મહિનો આવ્યો. એટલે વિશેષ ભક્તિ કરવાનો મહિનો. કોઇ એકટાંણા કરે, કોઇ ફળાહાર કરે, કોઇ નદીમાં સ્નાન કરે. મંદિરોમાં ભીડ થાય. દેવ દર્શન કરે, કથા કીર્તન કરે અને યથાશક્તિ દાન દક્ષિણા આપે. ઝરમર ઝરમર વરસાદ વરસે છે. ભક્તિમાતા દરરોજ મંદિરે દર્શન કરવા જાય. સાથે ઘનશ્યામમહારાજ પણ હોય. બાલ ઘનશ્યામને સુંદર શણગાર પહેરાવ્યા. સુંદર લાલ અતલસનો સુરવાલ અને અતલસની ડગલી પહેરાવી. મસ્તક પર કીનખાબની ટોપી પહેરાવી. કાનમાં કુંડળ, કંઠમાં પુષ્પના હાર, હસ્તમાં સુર્વણમય કડાં, ચરણમાં ઝાંઝર. બરાબર શણગાર સજાવ્યા છે.

ભક્તિમાતા ઘનશ્યામમહારાજની આંગળી પકડીને મંદિરે દર્શન કરવા લઇ જાય છે. રસ્તામાં બાલ ઘનશ્યામચાલ્યા જાય છે. સુંદર મનોહર સ્વરૂપ જોઇને માણસોનાં મન પ્રભુમાં ખેંચાઇ જાય છે. એક નજરે નીરખી નીરખીને દર્શન કરે છે... દૃષ્ટિ સ્થિર થઇ જાય છે... ઘનશ્યામમહારાજ જેવું રૂપાળું આ દુનિયામાં કોઇ નથી... રૂપના ભંડાર છે.

મંદિરોમાં દર્શન કરતાં કરતાં ચાલ્યાં જાય છે. ત્યાં અચાનક એક વાંદરૂં આવ્યું... ઘનશ્યામમહારાજના ખીસ્સામાં ચણા હતા, તેની મુઠી ભરીને ભાગ્યું. ઘનશ્યામે ઝડપ દઇને વાંદરાનો હાથ પકડી લીધો. વાંદરૂં મંડયું ચીસ પાડવા. તે સાંભળી અનેક

વાંદરાં ભેગાં થઇ ગયા... જેટલાં વાંદરાં હતાં તેટલા રૂપે ઘનશ્યામથઇ ગયા... વાંદરાને પકડવા દોડ્યા કે વાંદરાં હુપ હુપ કરતાં વૃક્ષ ઉપર ચડી ગયાં... ભક્તિમાતા ઘનશ્યામની આંગળી પકડીને હનુમાનગઢીએ આવ્યા... માતાજીએ સુંદર મજાનાં જામફળ લઇને ઘનશ્યામમહારાજના ખીસ્સામાં ભર્યાં... બીજા જામફળ ઘરે ઠાકોરજીને જમાડવા માટે પોતા પાસે થેલીમાં રાખ્યાં.



**વાંદરાને ચમત્કાર બતાવ્યો.**

ઘનશ્યામમોટાભાઇને કહે છે, "તમારી પાસે જામફળ છે તે આપો. મારે જમવાં છે!" મોટાભાઇ બોલ્યા, "એ જામફળ તમને નહિ મળે... તમારી પાસે ખીસ્સામાં જે છે તે જમો ને રાજીપેથી રમો..."

ઘુંજામાં ભર્યાં છે ઘણા જામ, તોય ભાઇ પાસે માગે શ્યામ।
ભાઇ કહે ઘડી તમે ખમો, આ ઘુંજામાં છે તેમાંથી જમો ॥
લાલજીને જમાડવા રાખ્યા, તેમાંથી તો અમે નથી રાખ્યા।
જ્યારે વિષ્ણુ તે ધરાવીશું, ત્યારે સર્વ મળીને જમીશું ॥

"ઘેર જઇશું ને વિષ્ણુ ભગવાનની મૂર્તિ આપણા ઘેર છે, તેને જમાડશું. પછી પ્રસાદી બધા ભેગા બેસીને જમશું. તમારા ખીસ્સામાં છે તે જોઇએ તો જમો." ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા...

આંહી ઠાકોરજી છે પ્રત્યક્ષ, બોલે ચાલે ફરે છે સમક્ષ।
બોલતાને જમાડો જો માજી, લાલજી થાશે તમારા રાજી ॥

"બોલતા, ચાલતા, ફરતા, પ્રત્યક્ષ ઠાકોરજી તમારી સામે ઊભા છે. તેને જમાડો તો લાલજી રાજી થાશે." મર્મમાં વાત કરી પણ સમજ્યા નહિ... આવી રીતે લીલા કરી સૌને આશ્ચર્ય મુગ્ધ બનાવી દે છે. સૌનાં નિર્મળ અંતઃકરણ થઇ ગયાં... સિંહનું

દૂધ રાખવા માટે સોનાનું પાત્ર જોઈએ. લોઢાનું (સ્ટીલ) પાત્ર ચાલે નહિ. તે પ્રમાણે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને રાખવા માટે પવિત્ર અંતઃકરણ જોઈએ. હંમેશા ભગવાન ભજવાનો ખટકો રાખવો... બહેરા આગળ સંગીત નકામું. આંધળા આગળ અજવાળું નકામું. તેમ સત્સંગ વિના જીવન નકામું.

### ૫૯. પિતાજી પાસે વિધ્યા અભ્યાસ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી, સાંભળો... પ્રભુ દિન પ્રતિદિન મોટા થતા જાય છે...

એક દિવસ શ્રી અવિનાશ, કરવા બેઠા છે વિધ્યા અભ્યાસ ।
પિતાજીની પાસે તે ભણે છે, દિન ઉપર દિન ગણે છે ॥
વેદ શાસ્ત્ર પુરાણ જ્યોતિષ, ઈતિહાસ ભણ્યા જગદીશ ।
ચૌદ વિધ્યા ને ચોસઠ કળા, બીજા ગ્રંથ જોયા છે સઘળા ॥
થોડા દિવસમાં ભણી રહ્યા, પ્રભુના ગુણ જાયે ન કહ્યા ।

ધર્મદાદા કહે છે, "બેટા ઘનશ્યામ, ચાલો વિધ્યાભ્યાસ કરવા." ઘનશ્યામમહારાજ પાટી, પેન અને ચોપડી લઈ પિતાજી પાસે આવ્યા. પિતાજીને પગે લાગીને બેઠા... પિતાજી ભણાવે છે... વેદ, પુરાણ, જ્યોતિષ આદિક ચૌદ પ્રકારની વિધ્યા અને ચોસઠ કલા થોડા દિવસમાં ભણી લીધું... જેના શ્વાસમાંથી વેદ પ્રગટ થયા હોય તેને શું ભણવું પડે... ઘનશ્યામમહારાજ અનંત કોટી બ્રહ્માંડના માસ્તર છે... એના રોમરોમમાં બ્રહ્મવિધ્યા ઝળકે છે... ઘનશ્યામમહારાજ બ્રહ્મવિધ્યાનો ધોધ વહેતો રાખવા માટે પાઠશાળાઓ બંધાવી અને મંદિરો બંધાવ્યાં.



પિતાજી ભણાવે છે.

મંદિરો છે તે બ્રહ્મવિધ્યાની પાઠશાળા છે. બ્રહ્મવિધ્યા એટલે ભગવાન સંબધી વિધ્યા. ભગવાનની જ્ઞાનકથા છે તે બ્રહ્મવિધ્યા છે. અલૌકિક વિધ્યા સંતોના મુખ થકી સાંભળવા મળે છે. લૌકિક વિધ્યા આખી દુનિયામાં મળે પણ અલૌકિક વિધ્યા

સત્સંગમાંથી જ મળે છે. બ્રહ્મવિધ્યા છે તે આત્માનું સાચું ધન છે... ઘનશ્યામમહારાજે જ્ઞાન ગંગાનો પ્રવાહ સદાય ચાલુ રાખ્યો... આજે માણસો ઘણું ભણે છે, પણ ભગવાનને ભૂલી જાય છે. વિધ્યાનો ઉપયોગ કેવળ વ્યવહારમાં જ કરે, પણ ભગવાનને અર્થે કરે નહિ. તમારી વિધ્યા ભગવાનને અર્થે, જીવના કલ્યાણને અર્થે વપરાતી ન હોય તો એ વિધ્યાનો કોઇ અર્થ નથી... ભણ્યા તોય શું કામના...?!

ઘનશ્યામમહારાજ થોડા દિવસમાં તમામવિધ્યાભ્યાસ કરી લીધો, તેથી અયોધ્યાનાં પંડિત, પુરાણીઓ, શાસ્ત્રવેતાઓ નવાઇ પામી ગયા, કે આ સાધારણ મનુષ્યની બુધ્ધિ નથી... પણ અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ છે. તેને શું ભણવું પડે?! વેદ વિધ્યાને જેને આધાર, તેને ભણતાં શું લાગે વાર... જ્ઞાનના દાતા, આખા જગતના માસ્તર, પરમાત્મા છે.

## ૬૦. ચાર વેદ દર્શન કરવા આવ્યા.

ચાર વેદ, ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદ... બ્રાહ્મણનાં રૂપ ધારણ કરીને ધર્મદેવને ઘેર આવ્યા. ધર્મદાદાએ મીઠો આવકાર આપ્યો... "પધારો ભૂદેવ, પધારો." આસન પર બેઠા. કુશળતા પુછી. ભોજન જમાડી તૃપ્ત કર્યા. પછી બ્રાહ્મણના રૂપમાં આવેલા ચાર વેદોએ ઘનશ્યામમહારાજની ચંદન પુષ્પ વડે ષોડશોપચારથી પૂજા કરી... ષોડશોપચાર એટલે સોળ વસ્તુથી પૂજા કરી. આવાહન, આસન, પાધ્ય, આચમન, અભિષેક, વસ્ત્રોપવિત, ગંધ, પુષ્પ, ધૂપ દીપ, નૈવેધ્ય, તાંબુલ, દક્ષિણા, ફળ, આરતિ અને પુષ્પાંજલિ... દર્શન કરી ખૂબ રાજી થયા.

રાત્રે સાથે બેસીને સત્સંગ કર્યો. પછી લીંબવૃક્ષ નીચે ચોતરાપર પ્રભુ સ્મરણ કરતા કરતા પોઢી ગયા. પ્રભાતમાં સૌ સર્જુગંગામાં સ્નાન કરવા ગયા. પછી પૂજા કરી હનુમાનગઢીએ દર્શન કરવા ગયા. ત્યાં એક પંડિત વાલ્મીકી રામાયણની કથા વાંચે છે... પણ સ્પષ્ટ ઉચ્ચાર કરતા નથી. અસ્પષ્ટ બોલે છે. વક્તાને સ્પષ્ટ ઉચ્ચાર કરવો જોઇએ, નહિંતર દોષ લાગે.

**ત્યારે બોલ્યા છે ધર્મકુમાર, કેમકરો છો અસ્પષ્ટ ઉચ્ચાર.**

ઘનશ્યામમહારાજ કહે છે, "પંડિતજી, તમે ભૂલ બોલો છો. તેમાં અર્થનો અનર્થ થઇ જાય છે. માટે સ્પષ્ટ ઉચ્ચાર કરો." ઘનશ્યામમહારાજે ભૂલ સમજાવી તેથી બ્રાહ્મણ ખીજાણો... લાલ આંખ કરી બોલ્યો, "શાસ્ત્રમાં તને નાના બાળકને શું ખબર પડે?! માટે ખોટું બળ ન કર. છાનો માનો ચાલ્યો જા." સાચી હકીકતમાં કોઇ ભૂલ બતાવે તો ગુણ લેવો જોઇએ, પણ મોટે ભાગે કોઇ ભૂલ બતાવે ત્યારે માણસ

ખીજાઇ જાય છે... વચનામૃતમાં શ્રી હરિ કહે છે, સંતો વઢીને કહે ત્યારે ગુણ લેવો, કે મારામાં ભૂલ હશે તે જશે... ગુણ લે તો દિવસ દિવસ પ્રત્યે તે સત્સંગમાં વધતો જાય છે, ને અવગુણ લે તો ઘટતો જાય છે.

કથા વાંચનાર પંડિત કહે છે, "અમારા જેવા વિદ્વાનમાં તું ખોટ કાઢે છે?" ગર્વથી બોલ્યો, "હું જેમકરતો હોઈશ તેમકરીશ." જેમફાવે તેમબોલે છે... ઘનશ્યામમહારાજ સામે કરડી દષ્ટિ કરી, તેથી તે પંડિત ઓંચીતો આંધળો થઇ ગયો. કાંઇ દેખાતું નથી... કર્યા કર્મનું ફળ તરત મળી ગયું... હવે શું કરવું?! પસ્તાવાનો પાર નથી... અભિમાની માણસ દેખતો હોવા છતાં આંધળો છે.

પંડિતજી ઘનશ્યામમહારાજને શરણે આવ્યા... કરગરી બે હાથ જોડી માફી માગે છે. "મારા ગુન્હા સામે નહિ જોતાં... મને દેખતો કરો... બીજી વખત આવી ભૂલ નહિ કરૂં... તમે દયાળુ દીનદયાળ છો... તમે સાધારણ બાળક નથી પણ સાક્ષાત પરમેશ્વર છો." ઘનશ્યામમહારાજે કહ્યું, "વિધ્યાનો ગર્વ તજો ને હરિને ભજો." ખોટો વટ કોઇને ભગવાન પાસે રહેતો નથી. પ્રભુ ગર્વગંજન છે. ઘનશ્યામમહારાજે કૃપા દષ્ટિ કરી તેથી પંડિતજી દેખતા થઇ ગયા... આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ.

ચારવેદ ઘનશ્યામમહારાજને કહે છે, "હે પ્રભુ! તમારા લીલા ચરિત્રોનાં દર્શન કરવાની અમને ખૂબ ઇચ્છા છે... અખંડ તમારી સેવામાં રાખો." પ્રભુ કહે છે...

**આવજો સત્સંગ મોઝાર, કરીશું તમમાટે વિચાર ।**
**સચ્ચિદાનંદ ઉતમાનંદ, એવાં નામઆપીશું આનંદ ॥**
**ત્યાં રાખશું સમીપ અમારે, નથી આવરણ કોઈ તમારે ।**
**એમઆજ્ઞા પામીને તે ગયા, ચાર વેદ તે અદ્રશ્ય થયા ॥**

"તમે ચિંતા ન કરો... તમને કોઇ આવરણ નડશે નહિ. સત્સંગમાં આવજો. ત્યાં તમોને ભાગવતી દિક્ષા આપશું... એને સચ્ચિદાનંદ અને ઉત્તમાનંદ નામધારણ કરાવશું. અમારાં અલૌકિક લીલાનાં તમને દર્શન થશે." આશીર્વાવાદ આપી રાજીપો વ્યક્ત કર્યો. પછી ચાર વેદ જે બ્રાહ્મણનાં રૂપ લઇને આવ્યા હતા તે પ્રભુને પગે લાગીને અદ્રશ્ય થઇ ગયા.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી, બાલ ઘનશ્યામસર્જુગંગામાં સ્નાન કરવા પધાર્યા છે. ત્યાં ગંગાજી મૂર્તિમાન સ્ત્રીનું રૂપ લઇને આવ્યાં. ઘનશ્યામમહારાજની પૂજા કરી, પુષ્પનો હાર પહેરાવી, નમસ્કાર કરી, જળમાં પ્રવેશ કરી ગયાં.

કથા સાર... અભિમાન રૂપી માયા મોટા મોટાને મુંઝાવ્યા છે. કવિ હોય એને એમઅભિમાન આવે કે હું કેવો બુધ્ધિશાળી છું. મને કવિતા બનાવતાં આવડે છે.

ગાયકને સ્વરનું અભિમાન કે મારા જેવું કોઇને ગાતાં આવડે નહિ. પંડિતને અભિમાન આવે કે મને કોઇ પ્રશ્ન ઉત્તરમાં જીતી શકે નહિ... મારા જેવો કોઇ ચતુર નહિ. દીનતાવાળાને એમથાય કે હું કેવો નિર્માની છું. બધાને નમતો રહું છું. બીજા અક્કડતામાં ફરે છે. મને કોઇ જાતનું અભિમાન નથી... તું બોલે છે તે અભિમાન છે.

## ૬૧. ઘનશ્યામમહારાજ દરરોજ પૂજા કરે છે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે છે, હે રામશરણજી, પરમાત્માએ મનુષ્ય શરીર ધારણ કર્યું છે, તેથી મનુષ્યને દરરોજ કેવી રીતે વર્તવું. તેવો સદાચાર પ્રભુ શીખવે છે... ઘનશ્યામમહારાજનું નિયમહતું... સ્નાન કર્યા પછી નિત્યવિધિ કરે, પૂજી પાઠ કરે, માતાપિતાને પગે લાગે પછી ભોજન જમે.


**નિત્યવિધિ કરીને અનૂપ, પુજ્યું પોતે પોતાનું સ્વરૂપ ।**
**નિજ ઘર ઓશરીને સ્થાન, બેઠા ધરે વાલાજીનું ધ્યાન ॥**

ઓસરીમાં બેસીને ઘનશ્યામમહારાજ લાલજી મહારાજની મૂર્તિની એટલે બાલમુકુંદની પૂજા કરે છે. મૂર્તિને સ્નાન કરાવી, વસ્ત્ર પહેરાવી પછી નૈવેધ્ય અર્પણ કર્યું. આરતી ઉતારી પુષ્પાંજલી આપી પછી હાથમાં ગૌમુખી રાખી ધ્યાનથી માળા ફેરવે છે... ભગવાનનું ધ્યાન કરવું તે બહુ અગત્યની આરાધના છે. ધ્યાનની ઉત્તમસ્થિતિ કઇ છે? સવાર સાંજ નિયમિત રીતે એકાંતમાં બેસીને જગતના તમામભાવ તદ્દ્ન ભૂલી જઇને એકાગ્રચિત્તથી ભગવત્ સ્વરૂપમાં તલ્લીન બની જવું... એકાંત એટલે રૂમમાં તમે એકલા પણ મનમાં કેટલા? સર્વ ક્રિયામાં અખંડ હરિસ્મરણ રહે તે ધ્યાનની ઉત્તમસ્થિતિ છે.

કથા વાંચવામાં અને સાંભળવામાં ધ્યાન રાખવું પડે, તો જ બરાબર સમજાય. નહિંતર કાંઇ સમજાય નહિ. માળા ફેરવવા બેસીએ ત્યારે પણ ધ્યાન રાખવું પડે. રસોઇ બનાવવી હોય ત્યારે પણ ધ્યાન રાખવું પડે... જો ધ્યાન ન રાખો તો રસોઇ કાચી રહી જાય અને કાં તો દાઝી જાય... વેપાર કરો ત્યારે પણ ધ્યાન રાખવું પડે, નહિંતર નુકશાન થાય. પ્રત્યેક બાબતમાં એકાગ્રતા કેળવવી પડે છે... ભગવાનનું ધ્યાન કરવામાં ઉતાવળ ચાલે નહિ. ધીરજ જોઇએ.

નાના બાલ ઘનશ્યામને પૂજા પાઠ કરતા જોઇને માતા પિતા ખૂબ રાજી થાય છે. તે વખતે ઘનશ્યામમહારાજનાં દર્શન કરવા કુબેરભંડારી અને વરૂણદેવ આવ્યા. પ્રભુને પગે લાગી ચંદન પુષ્પથી પૂજા કરી આરતી ઉતારી... પછી નમસ્કાર કરી અદ્રશ્ય થઇ ગયા... ભક્તિમાતા ધર્મદેવને કહે છે, "પતિદેવ, જ્યારથી ઘનશ્યામછપૈયામાં પ્રગટ થયા છે ત્યારથી ઘર ધનધાન્યથી ભરપુર રહે છે અને અનેક દેવતાઓ દર્શન કરવા આવે છે. કાયમઘર ભર્યું ને ભર્યું રહે છે."

એક મહાત્માજી હનુમાનગઢીના ચોકમાં અધ્યાત્મરામાયણની કથા વાંચતા હતા. દિવ્ય જીવાત્માઓ કથા સાંભળવા જાય અને આસુરી જીવાત્માઓ ગામમાં આંટા મારે પણ કથા સાંભળવા જાય નહિ. એક દિવસ મોટાભાઈ સાથે ઘનશ્યામમહારાજ હનુમાનગઢી કથા સાંભળવા ગયા. ઘનશ્યામમહારાજ એકાગ્રતાથી કથા સાંભળે છે. પ્રભુને કથા સાંભળવી બહુ ગમે.



ઘનશ્યામ મહારાજ એકાગ્રતાથી કથા સાંભળે છે.

કથા સાંભળવાથી હૃદયભુવનમાં જ્ઞાન દીપક પ્રગટ થાય છે. જેમસાબુથી વસ્ત્રનો મેલ તથા શરીરનો મેલ જાય છે, તેમભગવદ કથા સાંભળવાથી મન અને ઈંદ્રિયોના મેલ ધોવાય છે. નવધા ભક્તિમાં શ્રવણ ભક્તિ મુખ્ય ગણી છે. ભાઈ કહે છે, ‘‘ચાલો ઘનશ્યામ, હવે આપણે ઘેર જઈએ. દીદી વાટ જોતાં હશે. જમવાનો સમય થઈ ગયો છે.’’ ત્યારે ઘનશ્યામમહારાજે સરસ જવાબ આપ્યો...

**ત્યારે બોલ્યા છે ભૂધરભ્રાતા, સુણો ભાઈ તમે સુખદાતા ।**
**ઉતાવળ હોય તો જોખન, ઘેર જઈને કરી લ્યો ભોજન ॥**
**કથા ચાલે છે નિર્ગુણ સારી, વાત વૈરાગ્યની અવિકારી ।**
**કથા સુણી દર્શન કરીશું, ત્યારે ઘેર પગલાં ભરીશું ॥**

‘‘ભાઈ, તમને ભૂખ લાગી હોય તો તમે ઘેર જાવ. અમે અત્યારે ઘેર નહિ ચાલીએ. કથામાં વૈરાગ્યની વાત બહુ સારી આવે છે, તેથી બહુ આનંદ થાય છે. કથા પૂર્ણ થશે ત્યાર પછી ઘેર આવશું.’’ ભાઈ ત્યાંથી ચાલતા થયા. રામજન્મસ્થાનમાં મંદિર છે ત્યાં ગયા તો રામલક્ષ્મણની મૂર્તિ સામે એક પગભર ઊભા રહીને માળા ફેરવે છે. ભાઈ આશ્ચર્ય પામી ગયા... દોડતા દોડતા કનકભુવન મંદિરે ગયા ત્યાં શ્રી રામચંદ્રજી ભગવાનનાં દર્શન કરે છે... આ શું દેખાય છે?! જે મંદિરે જાવું છું ત્યાં ઘનશ્યામદેખાય છે.

ફરીથી હનુમાનગઢીએ આવ્યા તો ત્યાં ઘનશ્યામમહારાજ કથા સાંભળે છે. દોડતા દોડતા ઘરે આવ્યા તો ત્યાં ઘનશ્યામમહારાજ પિતાજીની પાસે બેસીને કથામાં જે સાંભળ્યું છે તેની વાત પિતાજીને સંભળાવે છે. ભાઇ આશ્ચર્ય પામી ગયા. ઘનશ્યામમહારાજ કહે છે, "મોટાભાઇ, તમે કથામાંથી મારાથી વહેલા ઊઠી ગયા હતા ને મોડા કેમઆવ્યા?" ભાઇ બોલ્યા, "ઘનશ્યામભાઇ, તમારી લીલાનો કોઇ પાર નથી. દરેક મંદિરમાં તમારા દર્શન થયા... હું તમારી લીલા પર વારી જાઉં છું."

## ૬૨. લોભી કંદોઇને પરચો આપ્યો.

ધર્મ ભક્તિ અવધપુરે, વર્તે નિર્મળ મન ।
આનંદમાં દિન જાય છે, પાળે આજ્ઞા ત્રૈણે તન ॥
અવધપ્રસાદ બોલિયા, સુણો ભાઇ એક વાત ।
રસોઇ કરવા બેઠા છે, સુવાસની મુજ માત ॥
અંગુઠી કાઢી આંગળીથી, મૂકી બાજોઠે એહ ।
ઘનશ્યામજીયે છાની માની, ઉપાડી લીધી તેહ ॥

અયોધ્યામાં ઘનશ્યામમહારાજે ઘણી લીલા કરેલી છે. તેમાં અંગુઠીની કથા અતિ અલૌકિક છે... અવધપ્રસાદજી કહે છે, મારા માતુશ્રી સુવાસનીબાઇ જ્યારે રસોઇ કરે ત્યારે આંગળામાંથી વીંટી ઊતારીને બાજોઠ ઉપર મૂકી દે... ને પછી રસોઇ કરે. એક દિવસ બાલ ઘનશ્યામભાભી પાસે આવ્યા... "ભાભી... ભૂખ બહુ લાગી છે. કાંઇક જમવા આપો તો સારું થાય." ભાભી બોલ્યાં, "હમણાંજ ગરમા ગરમરસોઇ બનાવી દઉં... તમે થોડી વાર બેસો." ભાભીએ રસોડામાં પ્રવેશ કર્યો ને ઘનશ્યામમહારાજ વીંટી લઇને ચાલતા થઇ ગયા... કંદોઈની દુકાને આવ્યા...

કંદોઈને દુકાને ગયા, ઉમરાવ જેનું નામ।
અંગુઠી આપી એહને, બોલ્યા સુંદર શ્યામ।।
કંદોઈને કહે બર્ફી આપો, રાખો અંગુઠી ઘેર ।
ત્યારે અંગુઠી રાખી તેણે, મીઠાઇ આપી શેર ॥

કંદોઇનું નામહતું ઉમરાવ. ઘનશ્યામમહારાજે કંદોઇને કહ્યું, "હું જમું તેટલી મને મીઠાઇ આપો અને એના બદલામાં આ વીંટી લ્યો." કંદોઇને થયું, બાળક એક શેર માંડ મીઠાઇ જમશે, અને તેના બદલામાં મને સોનાની વીંટી મળી જશે. ખૂબ ફાયદો છે... "બેસી જાવ ઘનશ્યામ... ભરપેટ મીઠાઇ આપીશ." ઘનશ્યામમહારાજ જમવા બેઠા... પેંડા બરફી વિગેરે મીઠાઇ પીરસી... પ્રભુ તુરંત મીઠાઈ જમી ગયા. બીજી પીરસી તો તે પણ જમી ગયા... દોડી દોડીને કંદોઇ પીરસે છે, ને પ્રભુ તુરંત જમી જાય છે... ઘનશ્યામમહારાજ બોલ્યા, "ઉમરાવ! કહેતો હતો ભરપેટ મીઠાઇ આપીશ ને આપતો કેમનથી?! જલદી કર... ભૂખ લાગી છે."

**દોડી દોડી લેવા સારૂ જાય, ખાલીનું ખાલી પાત્ર દેખાય ।**
**જેટલી દુકાને ભરી હતી, બધી જમી ગયા પ્રાણપતિ ॥**

આખી દુકાન ખાલી થઇ ગઇ. હવે શું કરવું? ઘનશ્યામમહારાજ જોરથી બોલ્યા, ‘‘ઉમરાવ! શરત પ્રમાણે કેમજમવા આપતો નથી?’’ કંદોઇ મુંઝાઇ ગયો. બાજુમાં પોતાના ભાઇની દુકાન હતી. ત્યાંથી મીઠાઇ લઇને પીરસી. તે પણ દુકાન આખી ખાલી થઇ ગઇ. પણ ઘનશ્યામહજુ ધરાતા નથી. ઘનશ્યામમહારાજે વિચાર કર્યો કે આજે લોભી કંદોઇની સાન ઠેકાણે કરવી છે. બાળકને છેતરવાનો ઇરાદો છે, તો મને કેમછેતરી શકે છે... જોઇ લઉં...

ઘનશ્યામમહારાજ પેટ ઉફર હાથ ફેરવતા બોલ્યા, ‘‘ઉમરાવ... જલદી જમવાનું આપો! નહિંતર અંગુઠી પાછી આપી દો.’’ કંદોઇ વિચાર કરતો થઇ ગયો... દુકાન ખાલી થઇ ગઇ અને આ છોકરો ધરાતો નથી. જેટલું પીરસું છું તે બધું એક સેકન્ડમાં જમી જાય છે... પેટમાં કેમસમાતું હશે? કાંઇ ખબર પડતી નથી... આ નાનો બાળક છે કે કાંઇ બીજું હશે? કંદોઇને ખબર નથી કે પ્રભુ વિશ્વંભર છે... લાખો મણ જમીને પચાવે એવા સમર્થ છે.

**લાખો મણ જમીને પચાવે, કોટી બ્રહ્માંડને તે છુંપાવે ।**
**વાલીડો બેઠા આસન વાળી, પાળી કંદોઇને શીર તાળી ॥**
**દોડી દોડી લેવા સારૂં જાય, પાત્ર ખાલીનું ખાલી દેખાય ।**

જેના એક રોમમાં અનંત કોટી બ્રહ્માંડ ઉડતા ફરે છે તેને દુકાનની મીઠાઇ જમવી શું લેખામાં? કંદોઇ મુંઝાઇ ગયો... તેથી પોતાની પત્નીને વાત કરી... ‘‘હવે શું કરશું? કાંઇક ઉપાય બતાવ!’’ તેની પત્નીએ કહ્યું, ‘‘ચિંતા શું કામકરો છો? ઘરમાં એક મણ ઘીનું કૂંડલું ભર્યું છે. તે ઘનશ્યામને આપો... ઘી પીવાશે નહિ... તેથી ઊઠીને ઘેર ભાગી જશે.’’ ઘીનું મોટું કૂંડલું ઘનશ્યામમહારાજ પાસે રાખ્યું... ‘‘લ્યો... પીઓ.’’ પ્રભુએ શું કર્યુ?

**શ્રી હરિએ દેવને બોલાવ્યા, મર્કટરૂપ ધરીને આવ્યા ।**
**કુંડલામાં હતું એકાક્ષર, ખાઈ ખાલી કર્યું સત્વર ॥**
**થયા અદ્રશ્ય આવેલા દેવ, સર્વ લોકે જોયું તતખેવ ।**
**હલવાઇ તો વિચાર કરતો, આવ્યો દયાળુ પાસે તે ડરતો ॥**

ઘનશ્યામમહારાજે મનોમન દેવોને બોલાવ્યા... ‘‘તમે આંહી આવો ને ઘી પી જાવ.’’ દેવતાઓ મર્કટ રૂપ ધરીને આવ્યા અને ઘી પી ને આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા. કંદોઇ જોતો જ રહી ગયો... કમાલ છે... બધું ખાલી થઇ ગયું... ઓ... હો... હો... આ કોઇ સાધારણ બાળક નથી, પણ જગતના નાથ છે... સાક્ષાત્

પરમેશ્વર... સાચી ઓળખાણ થઇ ગઇ, તેથી ડરતો ડરતો કંદોઇ ઘનશ્યામ મહારાજ પાસે આવ્યો...




છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજ લોભી કંદોઈને પરચો આપે છે.

પગે લાગીને કર્યા પ્રણામ, હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ।
તમે તો છો પોતે રઘુવીર, મારી સહાય કરો રણધીર ॥
મારે શરણું છે એક તમારૂં, હવે કરો જેમથાય સારૂં ।
એવું સુણી દયા આવી મન, ત્યારે બોલ્યા છે શ્રી ભગવાન ॥
હવે ન જોયે કાંઇ અમારે, ચિંતા નવ કરવી તમારે ।

પગે લાગીને કહ્યું, “હે હરિકૃષ્ણ, હે ઘનશ્યામ... હું તમારે ચરણે ને શરણે આવ્યો છું. તમે સાક્ષાત્ રઘુવીર છો. મારી ભૂલને ક્ષમા કરો.” કંદોઇને આશ્વાસન આપી ઘનશ્યામમહારાજ ઘેર પધાર્યા. ભાભીએ પૂછ્યું, “ઘનશ્યામ, મારી અંગુઠી ખોવાઇ ગઇ છે. તમે દીઠી હોય તો બતાવો.” ઘનશ્યામમહારાજ બોલ્યા, “તમે ક્યાંક ભૂલી ગયા હશો... શોધી જુઓ.” ત્યારે ઇચ્છારામબોલ્યાં, “અંગુઠી ખોવાઇ ગઇ નથી. ઘનશ્યામભાઇએ લઇ લીધી છે.” ચોરી પકડાઇ ગઇ... હવે શું કરવું? ધર્મદાદા, મોટાભાઇ અને ઘનશ્યામમહારાજ કંદોઇ પાસે આવ્યા. પ્રભુ કંદોઇને કહે છે...

મારી અંગુઠડી પાછી આપો, મને તો વઢે છે મારો બાપો ।
બોલ્યો ઉમરાવ કરી ક્રોધ, વેદ મુખથી વાણી વિરોધ ॥
મારો ઘણોક કર્યો બગાડ, બહુ ભારે કર્યો ભંજવાડ ।
અંગુઠી પાછી લેવા શું આવ્યા, કહો તમને કોણ ભણાવ્યા ॥

“મારી અંગુઠડી પાછી આપો! મને મારા બાપુજી વઢે છે.” કંદોઇ રોફથી બોલ્યો, “મારી દુકાનમાં એક શેર જેટલી પણ મીઠાઇ રહેવા દીધી નથી. બધું જમી ગયા છો, ને પાછી અંગુઠી માગો છો?! નહિ મળે! ચાલ્યા જાવ!”

ઘનશ્યામમહારાજે કહ્યું, "જુઠું શું કામબોલો છો? દુકાન મીઠાઇથી ભરચક ભરી છે, અને ખોટું બોલો છો કે દુકાન ખાલી કરી નાખી? દુકાનમાં જુઓ તો ખરા. પછી બોલજો." જ્યાં પાછું વળીને જોયું તો દુકાન મીઠાઇથી ભરપુર ભરી છે. ઘીનું કુંડલું પણ ભર્યું છે. કંદોઇ નવાઇ પામી ગયો.

ઓ... હો... હો... આવું કામમાણસથી થાય નહિ. ઘનશ્યામસાક્ષાત્ પરમાત્મા છે. પગે લાગીને અંગુઠી પાછી આપી દીધી... અંગુઠી લઇ પ્રભુ ઘેર આવ્યા. ભાભીને અંગુઠી પાછી આપી દીધી. ભાભી રાજી થઇને પ્રભુને બાથમાં લઇને મળ્યાં. આવી અલૌકિક લીલાનું વર્ણન બ્રહ્માનંદ સ્વામી મુક્ત કંઠે ગાય છે...

**સુન માત જશોમતી ગોરી, તેરે લાલ અંગુઠી ચોરી...**

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી... પ્રગટ પુરુષોત્તમના ચરિત્રનો કોઇ પાર નથી... અયોધ્યાપ્રસાદજી મહારાજ આશીર્વાદ આપે છે...

**આ છે પ્રગટ તણાં ચરિત્ર, મહા નિર્મળ પુન્ય પવિત્ર ।**
**સાચા સ્નેહથી જે જન સુણે, કાળ કર્મ માયા નવ પુણે ॥**
**સત્ય માનીને જે કોઇ ગાશે, મુક્ત થઇ બ્રહ્મમહોલમાં જાશે ।**
**કોટી અશ્વમેઘ યજ્ઞ કરે, સર્વ તીરથમાં પોતે ફરે ॥**
**વળી જપ તપ અનુષ્ઠાન, તે ન આવે આ ચરિત્ર સમાન ।**
**માટે મૂકી દેવો મતવાદ, સુણો લીલા તજીને પ્રમાદ ॥**

આ લીલાનું જે શ્રવણ, મનન અને વાંચન કરશે તે મુક્ત થઇને બ્રહ્મમહોલમાં જશે... ઉત્તમગતિને પામશે... અશ્વમેઘ યજ્ઞ કરે, જપ, તપ, તીર્થ અને અનુષ્ઠાન કરે ને જેટલું પુણ્ય મળે, તેનાથી પણ પ્રગટ પુરુષોત્તમનારાયણનાં લીલા ચરિત્રો સાંભળવાથી અનંત ઘણું પુણ્ય મળે છે.

## ૬૩. ઘનશ્યામમહારાજ માસ્તર બન્યા.

ઘનશ્યામમહારાજે અઢાર પુરાણ, ચાર વેદ, ષટશાસ્ત્ર, ભગવદગીતા, વિદુરનીતિ, સ્કંદપુરાણ, વાસુદેવમહાત્મ્ય અને યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ વિગેરે સત્શાસ્ત્રોમાંથી સાર કાઢીને પોતાના હાથે લખીને એક ગુટકો (પુસ્તક) બનાવ્યો. પછી પિતા ધર્મદેવને બતાવ્યો... પિતાજી, આ શાસ્ત્ર જુઓ... પિતાજીએ વાંચીને વિચાર કર્યો કે આવી બુધ્ધિ મનુષ્યની હોય નહિ... વિશાળ બુધ્ધિ છે.

મોટા મોટા વિદ્વાનો, બ્રાહ્મણો, પંડિતો ધર્મદેવની પાસે સત્સંગ કરવા આવે. ધર્મદેવે ચાર સારનો ગુટકો વિદ્વાનોને બતાવ્યો. વિદ્વાનો કહે છે, "હે ધર્મદેવ, ઘનશ્યામમહારાજ તમામશાસ્ત્રોના નિષ્ણાંત છે, તો આપણે નિશાળ ચાલુ કરીએ ને આપણા બાળકોને ભણાવીએ." અયોધ્યાપુરીમાં નિશાળ ચાલુ કરી.

ઘનશ્યામમહારાજ બધા બાળકોને ભણાવે છે. ઘનશ્યામમહારાજ માસ્તર બન્યા. અનેક બાળકો ભણવા આવે છે.

**નિત્ય આવે છે પ્રભુની પાસ, આવે વિધ્યાનો કરવા અભ્યાસ ।**
**તેને ભણાવે પૂરણબ્રહ્મ, શાસ્ત્રવેદના કહે છે મર્મ ॥**

શાળા કેવી છે? ફળીયામાં ચારે બાજુ આંબો, જાંબુ, ફનસ અને આંબલીના વૃક્ષની શીતળ છાયામાં વિદ્યાર્થી બેસે અને ઘનશ્યામમહારાજ ચોતરા ઉપર બેસે... ઘનશ્યામમહારાજની નિશાળના કાયદા બહુ કડક... જે ભણવા આવે તેને ચૂસ્તપણે નિયમધર્મનું ફરજિયાત પાલન કરવાનું... વહેલી સવારે ઊઠી, નાહી ધોઈ, પવિત્રપણે પૂજા પાઠ કરવાની. ભાલમાં ઉર્ધ્વપૃંડ તિલક કરવાનું અને કંઠમાં તુલસીની કંઠી પહેરવાની... અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાનો... તોફાન કરવાનું નહિ. ચોરી કરવી નહિ. જૂઠું બોલવું નહિ. શાંતિથી વિદ્યાભ્યાસ કરવો... વિદ્યા સાથે બ્રહ્મજ્ઞાનનું શિક્ષણ પણ ઘનશ્યામમહારાજ સરખી રીતે આપે છે.



બાલ ઘનશ્યામ માસ્તર બન્યા.

બાળકો સુધરવા લાગ્યા, તેથી અનેક વિદ્યાર્થીઓ ઘનશ્યામમહારાજની સ્કુલમાં દાખલ થયા... અયોધ્યા શહેરમાં વાહ વાહ થવા લાગી... ઘનશ્યામમહારાજના વિદ્યાર્થીને બધા ઓળખી જાય... જેના કપાળમાં તિલક ચાંદલો હોય તે બધા ઘનશ્યામમહારાજના સ્કૂલના વિદ્યાર્થીઓ... ઘનશ્યામમહારાજે અયોધ્યામાં સ્કૂલ ચાલુ કરી તે હજુ સુધી ચાલુ જ છે... હજારો શાખાઓ, હજારો મંદિરોમાં બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે.

**ખુલ્લી છે સત્સંગ શાળા રે, તેમાં ભણવાને આવજો...**
**આધિ ઉપાધિ વાળા રે, તેમાં ભણવાને આવજો...**

ઘનશ્યામમહારાજની શાળામાં ભણવા જવાથી શું થાય છે? આધિ, ઉપાધિ ને વ્યાધિ દૂર થાય છે. મંદિર છે તે અધ્યાત્મિક શાળા છે. ધ્યાન રાખજો...

ઘનશ્યામમહારાજ સર્વોપરી છે. બહુ મોટા સાહેબ છે, અને બહુ કડક છે. દયાળુ છે અને જ્ઞાનના દાતા છે. આત્માને જો સત્સંગ દ્વારા જ્ઞાન મળે તો જીવને અવિનાશી પદની પ્રાપ્તિ થાય છે. તમારો તો બેડો પાર થાય પણ તમે જે કુળમાં જનમ્યા હો તે કુળનો પણ ઉધ્ધાર થાય છે. જેની પાસે દુનિયાભરની સત્તા હોય, સંપતિ હોય, પણ જો પરમાત્મા સંબંધી જ્ઞાન નથી તો તેને હૃદયમાં શાંતિ નથી... શાંતિ નથી તો સુખ ક્યાંથી?! જ્ઞાનના સાગર ઘનશ્યામમહારાજ છે.

## ૬૪. રાજાના દૂતને બચાવ્યા.

તરગામમાં બળદેવપ્રસાદજી રહેતા હતા. તેના પુત્ર લક્ષ્મીપ્રસાદને યજ્ઞોપવિત આપવાનો વિચાર કર્યો... તરગામમાં કાંઇ રસકસ મળે નહિ... તેથી ઘી, ગોળ, તેલ, અનાજ વિગેરે રસકસ લેવા ગોંડાશહેરમાં ગાડાં જોડાવીને ખરીદી કરવા જાય છે. રસ્તામાં રામદાસની જગ્યાએ વિશ્રાંતિ લીધી. બાજુમાં તળાવ હતું. ઘનશ્યામમહારાજે તળાવમાં સ્નાન કર્યું... પછી પાળ ઉપર ઊભા ઊભા કુદરતની શોભા જુવે છે. સામેની પાળ ઉપર એક આંબાનું મોટું વૃક્ષ સૂકાઇ ગયું હતું. તેને રાજાના માણસો ખોદીને નીચે પાડતા હતા...

એક આંબો છે ત્યાં મજબૂત, તેને પાડે છે રાજાનાદૂત ।
પાડતા આંબાને આવી આંચ, નીચે દબાવ્યા છે દૂત પાંચ ॥
તેને દેખી દયા આવી મન, હાથ લાંબો કર્યો ભગવાન ।
વૃક્ષ ઊંચો ઉપાડ્યો તે વાર, પાંચ દૂતને કાઢ્યા છે બહાર ॥
એમઉગારીયા પાંચ દૂત, તેણે દેખી લીલા અદ્‌ભૂત ।

ત્યાં કડડડભૂસ કરતું આંબાનું વૃક્ષ પડ્યું. તેના થડ નીચે રાજાનાં પાંચ માણસો (દૂત) દબાઇ ગયા... દૂત રડતાં રડતાં ચીસ પાડે છે... "બચાવો, અમને બચાવો!" અડખે પડખે માણસો હતા તે મંડ્યા બૂમાબૂમકરવા. "દોડો! દોડો! માણસો દબાઇ ગયા છે!" કરૂણરૂદન સાંભળી ઘનશ્યામમહારાજને દયા આવી... જ્યાં ઊભા છે ત્યાંથી હાથ લાંબો કર્યો... ફુલને ઉપાડે તેમઘેઘુર વજનદાર આંબાના વૃક્ષને ઉપાડીને એક બાજુ મૂકી દીધું... સાથે આવેલા માણસો વિચાર કરતા આશ્ચર્ય મુગ્ધ બની ગયા... આવડા લાંબા હાથ કોઇ માણસના હોય નહિ... સાચી વાત છે... ભગવાનના ભક્તો વારંવાર કહેતા હોય છે ભગવાનના હાથ લાંબા છે... એ વાત આપણે નજરો નજર જોઈ.

દબાઇ ગયા હતા તે માણસો દોડીને ઘનશ્યામમહારાજ પાસે આવ્યા. પગે લાગીને કહ્યું, "તમે અમને જીવતદાન આપ્યું છે... નહિંતર અમે મરી જાત... જ્યાં સુધી જીવશું ત્યાં સુધી તમને હંમેશાં યાદ કરશું. તમારો ઉપકાર ક્યારેય પણ ભૂલશું નહિ. હે પ્રભુ! તમારા ઉપકારનો કોઇ પાર નથી." સમજવા જેવી કથા છે.

ભગવાને આપણા માટે ધરતી બનાવી, વૃક્ષો બનાવ્યાં, બોલવા માટે વાણી આપી. વાણી ન હોત તો શું કરત? જોવા માટે આંખ આપી... ન આપી હોત તો શું કરત? કાન ન હોત તો શું કરત?

જન્મતાં પહેલાં માતાની છાતી દૂધથી ભરી દીધી... ચાવવા માટે દાંત આપ્યા. જમવા અન્ન આપ્યું, પીવા પાણી આપ્યું. મફત પવન આપ્યો. સરસ મજાની બુધ્ધિ આપી...

અનેક પ્રકારની ભેટ ભગવાને આપણને આપેલી છે. ગર્ભવાસની જેલમાંથી ભગવાને આપણને બચાવ્યા છે. જ્યાં નજર કરો ત્યાં ભગવાનના ઉપકારને યાદ કરો... રાજાના દૂત બચી ગયા. તેની વાત દૂતે રાજા ગુમાનસિંહને કરી, કે અમને ધર્મદેવના પુત્ર ઘનશ્યામમહારાજે બચાવ્યા છે, નહિંતર મરી જાત. રાજા રાજી થયા. ધર્મદેવને રાજ્ય દરબારમાં બોલાવી ખૂબ સ્વાગત કર્યું.

રાજા કહે છે, ''હે ધર્મદેવ! આ તમારા બાળક સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન છે. આવું કાર્ય બીજું કોઇ કરી શકે નહિ. જો ભગવાન હશો તો તેના ચરણમાં સોળ ચિહ્ન હોય.'' ઘનશ્યામમહારાજે ચરણ લાંબા કર્યા... તેમાં સોળ ચિહ્નનાં દર્શન થયાં... રાજાને ખૂબ આનંદ થયો. ''મારી ઇચ્છા પૂરી થઇ.'' પાકો નિશ્ચય થઇ ગયો... કુટુંબ સહિત ઘનશ્યામમહારાજના આશ્રિત થયા. જીવન સાર્થક થયું. રાજાના આનંદનો પાર નથી... ઘનશ્યામમહારાજની ચંદન પુષ્પાદિકથી પૂજા કરી આરતી ઉતારી ભેટ અર્પણ કરી રાજીપો વ્યક્ત કર્યો.

આવી આશ્ચર્યકારી લીલાની વાત અયોધ્યા, લખનૌ, તરગામવિગેરે ગામમાં પ્રસરી ગઇ. તેથી ગામના માણસો ઘનશ્યામમહારાજનાં દર્શન કરવા આવે. ધર્મદેવના આંગણામાં દર્શનની ભીડ જામી જાય. અંતરમાં ઘનશ્યામનું સ્વરૂપ ચોંટી જાય... જીવન ધન્ય બની જાય છે... અદ્ભુત લીલા છે. શ્રી હરિની સદાય ગાતા રહો.

બીજા દિવસે ગાડામાં રસકસ ભરીને તરગામમાં આવ્યા. શાસ્ત્રોક્ત વિધિ કરી લક્ષ્મીપ્રસાદને યજ્ઞોપવિત આપી છે. સૌ સગાસંબધીને જમાડ્યા અને રસોઇ વધી તે સરોવરમાં જીવજંતુંને નાખી.. તેને રાજી કર્યા. એક વખત તરગામથી બળદેવપ્રસાદ, ધર્મદેવ, ઘેલા ત્રવાડી, વસંતાબાઇ, ચંદનબાઇ, ભક્તિમાતા, રામપ્રતાપભાઇ, ઘનશ્યામમહારાજ આદિ સગાસંબંધી સૌ કાનપુર ગંગાજીના મેળામાં ગયા. રસ્તામાં ગામઆવે ત્યાં રાત વાસો રહે. એમકરતાં ગંગાજીએ પહોંચી ગયા. ત્યાં સ્નાન કર્યું... પછી આજુ બાજુ તીર્થનાં દર્શન કર્યા. ભોજન જમી, ત્યાંથી ચાલતાં થયાં... ઘેર આવે છે...

**નાના ભાઈ જે ઈચ્છારામ, વસંતાબાઈ તેડ્યા તે ઠામ।**
**તે જોઈ બોલ્યા ભૂધરભ્રાત, ચંદામાસી સુણો એક વાત ॥**
**વસંતામાસી તેડ્યા ઈચ્છારામ, તમે મને તેડો ગુણ ગ્રામ।**
**પ્રેમવતીજી બોલ્યાં છે ત્યારે, સુણો સુંદર શ્યામઆ વારે ॥**
**તમારે વિષે છે બહુ ભાર, તેડી ન ચલાય લગાર ।**
**ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, ઈચ્છારામતેડ્યા કેમજાય ॥**

ઈચ્છારામચાલીને થાકી ગયા તેથી વસંતામાસીએ ઈચ્છારામને તેડ્યા. ત્યારે ઘનશ્યામમહારાજ કહે છે, "વસંતામાસી ઈચ્છારામને તેડ્યા તો ચંદનમાસી, તમે મને તેડો." ભક્તિમાતાએ કહ્યું, "ઈચ્છારામનાના છે. તેમાં ભાર ન હોય. તમે મોટા છો તેથી ભાર ઘણો હોય. તેડીને ચાલી શકાય નહિ. માટે પગે ચાલતા આવો." ત્યારે પ્રભુએ લીલા શરૂ કરી... ઈચ્છારામમાં ઘણો ભાર મૂકી દીધો. માસીએ તુરંત ઈચ્છારામને પૃથ્વી ઉપર બેસાડી દીધા. ભક્તિમાતા બોલ્યા, "આ બધું ઘનશ્યામનું કામછે... ઘનશ્યામને તેડશો ત્યારે મેળ થાશે." ઘનશ્યામમહારાજને ચંદનમાસીએ તેડ્યા, તેથી ઘનશ્યામરાજી રાજી થઈ ગયા... પછી ઈચ્છારામને તેડ્યા તો કાંઈ ભાર નહિ... આવી અલૌકિક લીલા કરી ઘનશ્યામપોતાના સ્વરૂપનો આનંદ આપે છે ને લીલાનો વિસ્તાર કરે છે.

## ૬૫. પ્રભુએ હિંસા બંધ કરાવી.

ધર્મદેવના સાઢુભાઈ બલદીધર હતા. બલદીધર તથા તેમના ભાઈ મોરલીગંગાધર બે ભાઈ રાજાના લશ્કરમાં સિપાઈ તરીકે નોકરી કરતા હતા. તે રાજાનું સૈન્ય બલ્લમપઢરી ગામે આવ્યું, તેથી ધર્મદાદા, રામપ્રતાપભાઈ અને ઘનશ્યામબલદીધરને મળવા માટે આવ્યા. અરસ પરસ મળીને ક્ષેમકુશળતા પૂછી. ત્યાં પીપળાના વૃક્ષ પાછળ એક મોટો તંબુ બાંધેલો હતો. તેમાં રાજા ઊંચા આસન ઉપર બેઠો છે. અડખે પડખે સિપાઈઓ બેઠા છે. ધર્મદેવે તંબુમાં નજર કરી તો અનેક જનાવરો બરાડા પાડે છે... ધર્મદેવે પૂછ્યું, "કેમઆ જનાવરો બૂમરાડ પાડે છે? ભૂખ્યા છે કે તરસ્યા છે?" સિપાઈએ કહ્યું, "ભૂખ્યા નથી. બરાબર ખવડાવેલા પશુ છે... આ ઘડી મરવાના છે... બીજાને મારતાં દેખે છે તેથી બરાડા પાડે છે."

ધર્મદાદાએ પડખે નજર કરી તો કસાઈ તલવાર ને છરીથી પશુને મારે છે. રાજા બેઠો બેઠો જુવે છે... ધર્મદાદા કંપી ગયા... અરરર... નિર્દોષ પશુને મારીને રાજી થાય છે... પાપ કરીને રાજી થાય તે આસુરી જીવ. અજાણતાં પાપ થઈ જાય ને પસ્તાવો થાય તે દૈવી જીવાત્મા કહેવાય. બિચારા ભોળાભટ્ટ જેવા બકરાને મારે છે... દાદાએ ઘનશ્યામમહારાજ સામે દૃષ્ટિ કરી. "પ્રભુ, તમે આ પાપીને કાંઈક સજા કરો ને પાપથી અટકાવો." અંતર્યામી પ્રભુએ સંકલ્પ કર્યો. આવું દુષ્ટ કર્મ

કરનારાના કાર્યમાં વિઘ્ન પડો... તુરંત સંકલ્પ સિધ્ધ થયો.

લશ્કરનાં હજારો હાથી, ઘોડા અને બળદ વિગેરે જનાવર લોઢાની સાંકળથી બાંધેલા હતા. તે સાંકળ તોડીને ભાગ્યા. ચારે બાજુ મંડ્યા દોડધામકરવા. પશુને કસાઈ મારતા હતા તેનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. જનાવરોએ લાતો મારી શિંગડાં ભરાવી ઊંધા ફગાવી નાખ્યા. જનાવરોએ ભારે તોફાન મચાવ્યો. કોલાહલ મચી ગયો. રાડા રાડ કરતા માણસો ડરના માર્યા મુઠ્ઠી વાળીને જાય ભાગ્યા. "ભાગો નહિંતર મર્યા!" સૈન્ય છિન્ન ભિન્ન થઇ ગયું. રાજા પાસે હાથી આવ્યા. બે ચાર લાત મારી રાજાને ઉથલાવી નાખ્યો... પગથી લાતો મારે છે... રાજા મંડ્યો થરથર ધ્રૂજવા. કપડાં ફાટી ગયા... બેહાલ થઇ ગયો... હવે શું કરવું? ધ્રૂજતો ધ્રૂજતો પીપળાના વૃક્ષ ઉપર ચડી ગયો... ચારે બાજુ ચક્કર વક્કર જુએ છે... અહીં કોઇ માણસ નથી દેખાતું... હવે મારું શું થશે... પ્રભુએ સજા ફટકારી દીધી.

**બીજુ રૂપ ધર્યું છે દેવેશ, કર્યો પીપળામાં પ્રવેશ ।**
**પૃથ્વી સહિત વૃક્ષ ધ્રુજાવ્યો, બહુ નવાબને બીવરાવ્યો ॥**
**જાણ્યું રાજાએ આયુષ્ય ખૂટ્યો, મારા પુણ્ય તણો પાયો તૂટ્યો ।**
**ત્રાહે ત્રાહે પાડે છે પોકાર, અલ્લા અલ્લા કરે છે ઉચ્ચાર ॥**

ભગવાને પીપળામાં પ્રવેશ કર્યો... જે પીપળા ઉપર રાજા બેઠો છે તે વૃક્ષ જોરદાર મંડ્યું ધ્રૂજવા. ચક્કર ચક્કર પીપળો ફરે છે. સાથે રાજાનું મગજ પણ ફરે છે. રાડો પાડે છે... આજે ચોક્કસ મરી જઇશ... રડતાં રડતાં બૂમપાડે છે... "હે અલ્લા! બચાવો અલ્લા બચાવો!" ભગવાને કહ્યું, "સબૂર... સાવધાન થઇ જા! નિર્દોષ પશુને મારો છો ને હિંસા કરો છો... રાજા તો સર્વેનો પિતા ગણાય. દયા રાખવી જોઇએ. તેના બદલે પાપ કરો છો... તારા કર્યા કર્મ ભોગવ... બીજાને રડાવીને જે રાજી થાય છે તેને રડવાનો વારો આવે છે... ચેતીજા... નહિંતર વગર મોતે મરી જઇશ."

પાપી માણસ પોતાનું પુરું આયુષ્ય ભોગવી શક્તો નથી. ઘનશ્યામે કહ્યું, "આજથી પ્રતિજ્ઞા લ્યો, હવે કોઇ દિવસ હિંસા નહિ કરું... તો ચક્કર ચક્કર ફરતો પીપળો બંધ થશે... નહિંતર નહિ થાય... બોલ... શું કરવું છે?" રડતો રડતો રાજા બોલ્યો...

**કરૂં છું આજથી પ્રતિજ્ઞા, હવે લોપું નહિ તવ આજ્ઞા ।**
**કદી હિંસા થાવા નહિ દઉ, વાત સોગન ઉપર લઉ ॥**
**દયાળુને દયા દિલ આવી, લીધું વૃક્ષથી રૂપ સમાવી ।**
**થયો પીપળો કંપતો બંધ, પામ્યો નવાબ રૂડો સંબધ ॥**

"આજથી પ્રતિજ્ઞા લઉં છું કે હિંસા નહિ કરું. તમે જેમકહેશો તેમકરીશ ને તમારા શરણે રહીશ." રાજાનો નમ્રતા પૂર્વક વચન સાંભળીને પ્રભુને દયા આવી...

ઘનશ્યામમહારાજે પીપળા સામે દષ્ટિ કરી. વરદ હસ્ત ઊંચો કર્યો... "હે પીપળા! તું સ્થંભી જા." તુરંત પીપળો સ્થિર થઇ ગયો... રાજા પીપળા ઉપરથી ધીરે ધીરે નીચે આવ્યો. પ્રભુને બે હાથ જોડી નમસ્કાર કરે છે...

**કર જોડીને કરે છે સ્તુતિ, અલ્લા આપો મને સદમતિ ।**
**તુમખુદા હો મેં હું ગુલામ, તેરે ચરણે રહું આઠો જામ॥**

"હમકો સદમતિ દિયો. હે ખુદા... મૈં તુમ્હારા ગુલામહૂઁ... આપતો સાક્ષાત્ અલ્લા હો... મુઝે ક્ષમા દિજિયે." ઘનશ્યામમહારાજે કહ્યું, "ચિંતા ન કરો... હમણાંજ શાંતિ થઇ જશે." તુરંત તમામજનાવરો પોતાના સ્થાનકે શાંતિથી ઉભા રહી ગયા... તોફાન શાંત થઇ ગયું... આવો અદ્‌ભૂત પ્રતાપ જોઇ તમામસિપાઇઓ અને માણસો ઘનશ્યામમહારાજને પગે લાગીને ભગવાનપણાનો નિશ્ચય કર્યો. ઘનશ્યામમહારાજે બલ્લામપઢરીમાં બાદશાહને ચમત્કાર દેખાડી હિંસા થતી અટકાવી. અનેક પાપી જીવાત્માને પુનિત કર્યા... સત્યનો માર્ગ બતાવ્યો.

## ૬૬. પ્રભુએ માવતની રક્ષા કરી.

**તર ગામની કહું વારતા, સુણો થઇ સાવધાન ।**
**બળદેવજીને ઘેર છે, એક હાથી બળવાન ॥**
**ખોરાક આપે છે ખાંતથી, નિત્ય નિત્ય બળદેવ ।**
**માવત ચોરી રાખે તેમાં, કુડી પડી છે એક ટેવ ॥**

અયોધ્યામાં એક બળદેવજી નામના ધનાઢય શ્રી મંત શેઠ રહેતા હતા. તેમણે એક બળવાન હાથી રાખ્યો હતો. હાથીને સાચવવા માટે એક માણસ રાખ્યો. હાથીની સંભાળ રાખે તેને મહાવત કહેવાય. મહાવત લોભી હતો. લોભ એટલે શું? મળ્યું છતાં સંતોષ ન થાય ને ઇચ્છા વધતી જાય, ભેગું જ કરે. કોઇને કાંઇ આપે નહિ. રાત દિવસ પૈસાના જ વિચાર કરે.

શેઠ દરરોજ હાથીને ખાવા માટે અનાજ આપે (ધાન્ય). તે હાથીને થોડુંક દે, ને બીજું અનાજ પોતાના ઘરે લઇ જાય. હાથી આ બધું દરરોજ જોયા કરે... મને ભૂખ્યો રાખે છે ને મારા ભાગનું પોતે ખાઇને લહેર કરે છે. એક દિવસ એની સાન ઠેકાણે કરવી પડશે.

બપોરનો સમય છે. મહાવત હાથીને સરોવરમાં નવરાવવા લઇ ગયો. પાણીમાં ઉતારીને શરીર ઘસીને નવરાવે છે... હાથીને લાગ આવ્યો. મહાવતને સુંઢથી અધ્ધર ઉપાડ્યો. ઊંચો કર્યો. હમણાં પછાડીને મારી નાખું... મૂંગા પ્રાણીનો ભાગ પચાવી જાય છે.



હાથી થકી મહાવતની શ્રી ઘનશ્યામ મહારાજ રક્ષા કરે છે.

કિનારે માણસો ઊભા હતા. તે જોતા જ રહી ગયા. તે વખતે ધર્મદેવ અને ઘનશ્યામમહારાજ સરોવરના કિનારે આવ્યા. આ દૃશ્ય જોયું... પ્રભુને દયા આવી. હાથી મહાવતને મારી નાખશે... બીજાું રૂપ ધરીને મહાવતને હાથીની સૂંઢથી છોડાવ્યો. હાથી શાંત થઇ ગયો...

પછી પ્રભુ હાથી ઉપર બેસી ગયા. પાણીથી બહાર આવ્યા. માણસો હાથીની પાછળ ચાલતા આવે છે... હાથી ધર્મદેવના ઘર સુધી પ્રભુને મૂકવા આવ્યો... મહાવત પ્રભુને કહે છે, ''તમે મને મૃત્યુથી બચાવ્યો છે નહિંતર હાથી મને મારી નાખત.''

ઘનશ્યામમહારાજ કહે છે, ''બીજાના ભાગનું પચાવી જવું તે મહાપાપ છે. ગરીબને રીબાવી, ધમકાવી, હેરાન કરી પૈસા પડાવી લેવા એ મોટો અધર્મ છે. કોઇને રડાવીને ભૂખ્યા રાખીને ઘરમાં સંપત્તિ લાવશો એ સંપત્તિથી તમે સુખી નહિ થાવ... બીજાને રડાવશો તો એક દિવસ એવો આવશે કે તમારા આંસુ લૂછનારા કોઇ નહિ મળે.'' મહાવતને ખૂબ સમજાવ્યો છે.

મહાવતે કહ્યું, ''મને માફ કરો પ્રભુ... હવે કોઇ દિવસ લોભ નહિ રાખું... તમે મને બચાવ્યો છે... હું તમને જિંદગીભર યાદ કરીશ.'' ઘનશ્યામમહારાજે મહાવતને આશીર્વાદ આપી વિદાય કર્યો, અને ઘનશ્યામમહારાજ પોતાના ઘેર પધાર્યા... કથા સાર... નીતિથી કમાવું, રીતિથી વાપરવું અને પ્રીતિથી દાન કરવું.

## ૬૭. ચકલાંને સમાધિ.

છપૈયાની બાજુમાં તરગામની પાદરમાં ધર્મદેવનું ખેતર હતું. ધર્મદાદા કહે છે, ''બેટા ઘનશ્યામ... આપણા ખેતરમાં શાલ (ડાંગર) વાવી છે. ખેતર સાંચવવા જાવ ને પક્ષીને ઉડાડજો...''

આપણું ક્ષેત્ર ગામનજીક, પંખીડાની લાગે ઘણી બીક ।
ત્યાં હું આવીશ બપોર વીતે, તમે જાળવજો એક ચિતે ॥
જમાડ્યા છે શીર કર થાપી, હાથમાં એક જેષ્ટિકા આપી ।
પહેરાવી છે મોજડીયો પાવ, થયા તૈયાર સુંદર માવ ॥
પિતાની આજ્ઞા માની મન, ગયા ખેતરમાં ભગવાન ।

ભક્તિમાતાએ સુંદર મજાની ઝુલડી પહેરાવી. માથે ટોપી, અને ચરણમાં મખમલની મોજડી પહેરાવી. હાથમાં એક સોટી આપી. ખેતર સાંચવવા મોકલ્યા. ધર્મદાદા કહે છે, “હું પછી આવીશ. અત્યારે તમે જાવ.” ઘનશ્યામમહારાજ ખેતરમાં આવ્યા.

જોયું તો હજારો ચકલાં ડાંગર ખાય છે. વિચાર થયો... ખાવા દઈશ તો પિતાજી અને ભાઈ ખીજાશે... અને ઉડાડીશ તો ચકલાં ભૂખ્યા રહેશે... હવે શું કરું? પ્રભુ તો વિશ્વંભર છે.

ઘેરે સાદે કર્યો છે હોકાર, વાપ્યો છે શબ્દ ક્ષેત્ર મોઝાર ।
પંખીડા બેઠા જેહ સ્થાન, થઈ પડ્યાં છે સમાધીવાન ॥
એમઓછી કરી છે ઉપાધી, કરાવી ચકલાંને સમાધી ।

તાલી પાડીને જોરથી સાદ પાડ્યો... ત્યાં તુરંત ચકલાંને સમાધિ થઈ ગઈ. જ્યાં છે ત્યાં સ્થિર થઈ ગયા. ખેતર સાંચવવાની ઉપાધિ મટી.



ચકલાને સમાધિ.

ઘનશ્યામમહારાજ માધવરામના ખેતરમાં ગયા... ત્યાં સખા સાથે રમે છે. રમતાં રમતાં સાંજ પડી ગઈ, પણ ઘરે આવ્યા નહિ. તેથી પિતાજી અને ભાઈ બોલાવા ગયા... ખેતરમાં જોયું તો ઘનશ્યામનથી... ખેતર સાંચવવા માટે મૂક્યા હતા ને ક્યાં ગયા? શોધે છે તો માધવરામના ખેતરમાં રમે છે... “ઘનશ્યામ,

ખેતરમાં પંખી ડાંગર ખાઇ જશે... અહીં શું કરો છો?''

ખેતરમાં જોયું તો કેટલાંક ચકલાં ઝાડપર ને ડાળખી પર ને જમીન ઉપર બેઠા છે... મોઢામાં દાણા છે ને સ્થિર થઇ ગયા છે... અરરર... આટલાં બધાં ચકલાં મરી ગયાં? બહુ ખોટું થયું... હવે શું કરશું? એક પણ પક્ષી બોલતું નથી. પિતાજી કહે છે, ''બેટા ઘનશ્યામ... તમે આ શું કર્યું? ચકલાં મરી ગયા છે તો પાપ લાગશે.'' ત્યાં તો ઘનશ્યામમહારાજે જોરથી સાદ કરીને તાલી પાડી... ''બધાં ચકલાં ઊડી જાવ!'' ત્યાં ફરરરર કરતાં બધાં ચકલાં ઊડી ગયા. બધા આશ્ચર્ય પામી ગયા... મોટાભાઇને કહે છે, ''હે જનકરામ... મારા ઘનશ્યામભાઇ ભારે પ્રતાપી છે.. સાક્ષાત્ પરમેશ્વર છે..''

**મારા નાના ભાઇ ઘનશ્યામ, જરૂર છે આ એમનું કામ।**
**પુર્ણ બ્રહ્મ સનાતન જે છે, ક્ષર અક્ષરથી પર એ છે ॥**
**જાણે તન મનની એ ચોરી, એની હાથમાં સર્વેની દોરી ।**
**સદા સર્વદા છે સુખકારી, અવતાર તણા અવતારી ॥**
**કોટી થયા હશે અવતાર, સૌને આ મૂર્તિનો આધાર ।**

''મારા નાના ભાઇ પૂર્ણ બ્રહ્મ સનાતન છે અને ક્ષર અક્ષરથી પર છે અને તમામજીવપ્રાણી માત્રની દોરી એમના હાથમાં છે... કોટી થયા હશે અવતાર, સૌને આ મૂર્તિનો આધાર.'' આખી દુનિયા ભગવાનના આધાર પર જીવે છે... પ્રભુ જે ધારે તે કરી શકે... વચનામૃતમાં શ્રી હરિ કહે છે, અમે જે ધારીએ તેમથાય છે ખરું... અમે ધારીએ અહીં વરસાદ થાઓ તો થાય છે. અને ધારીએ અહીં ન થાવ તો નથી થતો. અમે ધારીએ આને દીકરો આવે તો આવે છે, અને આને ઘેર ન આવો તો આવતો નથી. અમે ધારીએ આને રોગ થાઓ તો થાય છે અને આને રોગ ન થાઓ તો થતો નથી. ભગવાનની મરજી પ્રમાણે થાય છે. અને સદાકાળ થતું રહેશે.

ઘનશ્યામમહારાજ કહે છે, ''અમારો યથાર્થ મહિમા જાણો છો તો વારંવાર મારા ઉપર રીસ કરીને શા માટે મારવા આવો છો?'' ભાઇ બોલ્યા, ''મારા અપરાધને ક્ષમા કરો... તમારી માયા વડે કરીને તમારો મહિમા ભૂલી જાઉં છું.'' ઘનશ્યામમહારાજ કહે છે, ''હે પિતાજી... ખેતરમાં ડાંગર તૈયાર થશે ત્યાં સુધી કોઇને સાંચવવા જાવું નહિ પડે.'' પછી ધર્મદાદાની સાથે બે ભાઇ ઘરે આવ્યા છે... ભક્તિમાતા ઘનશ્યામને મીઠો ઠપકો આપે છે, ''દીકરા... આખો દિવસ ભૂખ્યા તરસ્યા ખેતરમાં રહેવું નહિ... સમય થાય ત્યારે જમવા પધારજો... હું તમારી વાટ જોઉં છું... ચાલો, સૌની સાથે ભોજન જમી લ્યો.'' સુવાસનીભાભી બધાને પ્રેમથી ભોજન જમાડ્યાં.

## ૬૮. ઝઘડા બંધ કરો.

એક દિવસ ભક્તિમાતા રસોઇ કરતા હતા. દાળ ભાત બનાવે છે. ઘનશ્યામમહારાજને કહે છે, "બેટા ઘનશ્યામ... દાળમાં નાખવા માટે ખટાઇ (આંબલી) થઇ રહી છે." "સારું માતાજી... હું આજને આજ ખટાઇ લાવી આપીશ." જમીને પ્રભુ ખટાઇ લેવા ગયા. ત્યાં એક આંબલીનું ઘેઘુર મોટું વૃક્ષ હતું... વૃક્ષ એક હતું ને ભાગ લેનારા ચાર જણા... રામપ્રતાપભાઇના સસરા બળદેવ પ્રસાદ, બીજા ભગીરથ, ત્રીજા ભેલઇરામને ચોથા રૂપધર. આ ચાર ભાઇની આંબલી સહિયારી હતી. તેથી વારંવાર ઝઘડા થાય... મારા મારી થાય... ઘનશ્યામમહારાજ તે આંબલીના વૃક્ષ પાસે ગયા તો ચાર જણા જોરદાર ઝઘડો કરે છે.

પહેલા વાણીથી બાઝ્યા. જોર શોરથી બોલે છે. પછી હાથ ઉપાડ્યા. હાથ પુરા ન થયા. પછી હથિયાર ઉપાડ્યાં. એક બીજાને ધોકા મારે છે... ઘનશ્યામમહારાજને થયું, આને છૂટા કરવા પડશે, નહિંતર કોઇનું મૃત્યુ થઇ જશે... સહેજ વાત વિષે કલેશ કરે છે. પ્રભુ કહે છે, "જીવન પૂરાં થશે પણ ઝઘડા પૂરા નહિ થાય... માટે પાપથી અટકી જાવ ને સત્સંગને માર્ગે ચડી જાવ..." ઘનશ્યામમહારાજે ચાર સ્વરૂપ ધારણ કર્યાં. ચારે જણાને પકડીને જુદા કર્યા. "તમે બધા સગા સંબધી છો. ઝઘડા કરો છો... ઝઘડા બંધ કરો. સત્સંગીને આ શોભે નહિ. જ્યાં સંપ હોય, સ્નેહ હોય ત્યાં મતભેદ હોય નહિ.

સુખ શાંતિ જોઇતી હોય તો અરસ પરસ વૈરવૃત્તિનો ત્યાગ કરો ને સત્યનો માર્ગ સ્વીકાર કરો. કંઠમાં કંઠી છે, લલાટમાં તિલક ચાંદલો છે, ઘરમાં ભગવાનની પૂજા છે, મુખમાં હરિનું નામછે, સવાર સાંજ મંદિરે દર્શન કરવા જાઓ છો, ભેટ ધર્માદા અર્પણ કરો છો, છતાં આવા ઝઘડા કરો તે સત્સંગીને શોભે નહિ." ખૂબ ઉપદેશ આપ્યો. ઘનશ્યામમહારાજનો ઉપદેશ અસર કરી ગયો. બરાબર સમજી ગયા. મગજમાં શાંતિ થઇ. ચાર સ્વરૂપ ઘનશ્યામમહારાજનાં જોઇ ધર્મદાદા વિસ્મય પામી ગયા. ચાર જણા બોલ્યા, "હવે આંબલીનું વૃક્ષ અમારે જોઇતું નથી. તમે ઘરે લઈ જાવ." વૃક્ષને ગાડામાં નાખીને ધર્મદેવના ઘેર લઇ આવ્યા... ચાર સ્વરૂપમાંથી પ્રભુ એક સ્વરૂપે થઇ ગયા.

**બળદેવે ગાડામાં ભરાવી, ધર્મદેવને ત્યાં પોકડાવી ।**
**કૃપાનિધિ કલેશ મટાડ્યો, પિતાજીને ત્યાં પરચો દેખાડ્યો ॥**

ભક્તિમાતા ખૂબ રાજી થયાં... મારા ઘનશ્યામઐશ્વર્યવાન છે... પછી સાથે બેસીને સૌ ભોજન જમ્યાં... આનંદમાં દિવસો પસાર થાય છે ને નિત્ય સત્સંગ કરે છે.

## ૬૯. હરિ સંભારે તો હરિ કષ્ટ મટાડે.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી... ધર્મદાદા છપૈયામાં કુટુંબ સહિત આનંદથી રહે છે. સગા સંબંધી વારંવાર મળવા આવે. વશરામમામા મળવા આવ્યા.ધર્મદાદાએ મીઠો આવકાર આપ્યો. અરસ પરસ કુશળતા પૂછી. ભાવથી જમાડ્યા. પછી ઘનશ્યામમહારાજ કહે છે, "મામા... તમે આવ્યા અને વેણીરામને સાથે કેમન લાવ્યા?" મામાએ કહ્યું, "વેણીરામને શરીરે સારું નથી... બીમાર થઇ ગયા છે." આવું સાંભળી ઘનશ્યામમહારાજ તુરંત ઊભા થઇ ગયા... મારો મિત્ર બીમાર છે?! દોડતા આવ્યા વેણીરામને ઘેર...

**વેણીરામને તે જોવા જાય, નિજ સખાની કરવા સહાય ।**
**વેણીરામજી સુતા છે જ્યાંય, આવ્યા છેલ છબીલોજી ત્યાંય ॥**

વેણીરામના માથા ઉપર હેતાળ હાથ મૂકી ઘનશ્યામમહારાજ બોલ્યા, "મિત્ર, ઓચિંતાનું શું થયું?" વેણીરામના મા બોલ્યા, "તાવ આવે છે. જમવાનું કાંઇ ભાવતું નથી. રાત્રે નિંદ્રા આવતી નથી. શરીર સૂકાઇ ગયું છે. ઘણી દવા કરી પણ કાંઇ ફેર પડતો નથી. હવે તમે દયા કરો તો સારું થાય." વેણીરામરાજી થયા. મારા મિત્ર ઘનશ્યામમહારાજ મારી સંભાળ લેવા આવ્યા છે... મિત્ર ઢાલ જેવો હોવો જોઇએ. દુઃખમાં આપણી પાસે દોડતો આવે અને જોઇતી કરતી મદદ કરે. સાચો મિત્ર લાલચુ અને સ્વાર્થી ન હોય...

**પથારીમાં સુતા વેણીરામ, તેને પુછે છે પૂરણકામા**
**ઘણી પીડા થઇ શું તમને, જાણી ને ચિંતા થઇ અમને ॥**

ઘનશ્યામબોલ્યા, "મિત્ર વેણીરામ... ચિંતા ન કરો... ભગવાન બધું સારું કરશે... તમારી સાથે રહીને અમે જ્યાં જ્યાં લીલા કરી છે તે લીલાને યાદ કરો. આંખ બંધ કરી સ્મરણ કરો. હરિ સંભારે તો હરિ કષ્ટ મટાડે. પ્રભુના મંત્રનો જાપ કરો... આ ઉત્તમદવા છે... એ દવાથી અનેકના રોગ મટી જાય છે. પ્રારબ્ધમાં છ મહિનાનો ખાટલો લખેલો હોય તો જો શ્વાસોશ્વાસ હરિસ્મરણ કરે, હરિમાં હેત રાખે તો છ દિવસમાં સારું થઇ જાય છે... હરિસ્મરણથી આટલો ફેર થાય છે... દેહનાં દુઃખ મનનાં દુઃખ અને જન્મમરણ ગર્ભવાસનાં દુઃખ હરાઇ જાય છે... હરિકૃષ્ણ ઘનશ્યામ, હરિકૃષ્ણ ઘનશ્યામમંત્રનો જપ કરો. એથી આરામથઇ જશે. દુઃખ હરાઇ જશે...

**જપો હરિકૃષ્ણ ઘનશ્યામ, એથી પામશો અંગે આરામ**

કોઇના દુઃખ હર્યા ખરાં? હા... અનેકનાં દુઃખ હર્યાં છે. જામનગરનાં ઝવેરબાઇની આંખમાં દુઃખાવો ઉપડ્યો. ખમાય નહિ... હરિ સ્મરણ કર્યું સાચા ભાવથી, તો સ્વયં પરમાત્મા પધાર્યા.

પોતાના હાથે ટીપું નાખ્યું ને દુઃખાવો મટી ગયો... દુઃખ હરાઇ ગયાં... આ છે હરિનામનો પ્રતાપ... પ્રભુ બોલ્યા, "મામી, એક ઘડી પછી વેણીરામજમવાનું માગશે... જે માગે તે જમવાનું બનાવી આપજો." સખાને આપી છે ઘણી ધીર, પછી ઘેર આવ્યા છે નરવીર.

વેણીરામસતત હરિસ્મરણ કરે છે... ધીરે ધીરે શાંતિ થવા લાગી. તાવની પીડા મટી ગઇ... જમવાનું માગ્યું... "મા, મને શીરો કરી આપો. ભૂખ લાગી છે" શીરો જમી વેણીરામસગા સંબધી સાથે બાળ લીલાની બધી વાત સંભળાવે છે. આ જગ્યાએ ઘનશ્યામમહારાજે આવી લીલા કરી છે... લીલા ચરિત્રનું સ્મરણ કરવાથી વેણીરામસાવ સાજા થઇ ગયા. સગા સંબધી ખૂબ રાજી થયાં... ઘનશ્યામભાઇ આખા જગતના ડોક્ટર છે, વૈદના પણ વૈદ છે... એના હાથમાં તમામજીવ પ્રાણી માત્રની લગામછે.

ભગવાન બાલ ઘનશ્યામસાથે મિત્રતા રાખજો. અખંડ એને યાદ કરશો, ધર્મ નિયમનું પાલન કરશો, પૂજા પાઠ કરશો, પ્રભુને તમામજીવન સમર્પણ કરી દેશો તો પ્રભુ ચોક્કસ આપણી સહાય કરશે... પણ એક શરત... આજ્ઞા અને ઉપાસના ચોખ્ખી જોઇશે... અન્યાશ્રય નહિ પણ ભગવદાશ્રય બનો... ખજાનાઓમાં સૌથી મોટો ખજાનો ભગવાનનું નામછે.

## ૭૦. મારી આંખમાં અંજન આંજો.

ઘનશ્યામમહારાજીની જમણી આંખ થોડીક રાતી થયેલી જોઇને ભાભી સુવાસનીબાઇ બોલ્યાં, "ઘનશ્યામભાઇ... તમારી આંખ કેમલાલ થઇ ગઇ છે? દુઃખે છે કે કેમ?" ઘનશ્યામમહારાજ બોલ્યા...

શ્રી હરિ કહે છે એમજણાય, થોડો થોડોક ખટકો થાય ।
સુવાસિની કહે છે ભગવાન, મારી પાસે છે એક અંજન ॥
લાવો આંજુ તો શીતળ થાશે, વળી તતકાળ મટી જાશે ।
પછી ઓશરી મધ્યે ઉમંગ, એક ઢાળ્યો છે સારો પલંગ ॥
પ્રભુ પોઢ્યા પલંગમાં સાંજે, ભાભી આંખમાં અંજન આંજે ।

"થોડોક ખટકો થાય છે." ભાભીએ સરસ મજાનું ઠંડુ અંજન આંજી દીધું. પ્રભુ બોલ્યા, "ભાભી, અંજન બહુજ ઠંડુ છે... બીજી આંખમાં આંજી દો તો સારું થાય." એમકહી આંખ ઉઘાડી, તો આંખમાં અનેક બ્રહ્માંડ દેખાય છે. નદી, પર્વત, સમુદ્ર, આકાશ, તારા મંડળ, ચૌદલાકની રચના દેખાય છે. અનેક સ્થાનકો દેખાય છે. ભાભી જોતાંજ રહી ગયાં... આશ્ચર્ય પામી ગયાં... આ બધું શું હશે? ઘનશ્યામમહારાજ બોલ્યા, "ભાભી, શું કરો છો? અંજન આંજી દો ને." "દિયર,

અંજન કઇ રીતે આંજુ... આંખ દેખાતી નથી, પણ ચૌદલોકની રચના દેખાય છે."

ઘનશ્યામમહારાજે પોતાનું ઐશ્વર્ય છુપાવી દીધું... "ભાભી, હવે મારી આંખમાં અંજન આંજો." પછી ભાભીએ સરખી રીતે અંજન આંજી દીધું... આંખમાં ઠંડક વળી... પ્રભુ રાજી થયા... ભાભી કહે છે, "હે ઘનશ્યામભાઇ... તમે સમર્થમૂર્તિ છો."

**મહા સમર્થ છો સુખધામ, એવા થકા થયા ઘનશ્યામ।**
**ધર્મઘેર પ્રગટ થયા છો, છુપૈયાપુર વિષે રહ્યા છો ॥**
**તે તો કરવા અમારું શ્રેય, મને તો નિશ્ચે થયો છે તેય।**
**મૂર્તિ તમારી ઉરમાં ધારી, લાખો ફેરા જાઉં વારી વારી ॥**
**માયા પર તમારો મુકામ, બ્રહ્મમહોલના વાસી છો શ્યામ।**

"અવતારના અવતારી ને સુખના ધામછો... ધર્મઘેર પ્રગટ થઇને અનેક લીલા કરી અનેક જીવાત્માનું શ્રેય કરો છો. મૂર્તિ તમારી ઉરમાં ધારી, લાખો ફેરા જાંઉ વારી વારી. તમારી મૂર્તિ સિવાય અમારે કાંઇ જોઇતું નથી." આપણને જન્મો જન્મની વાસનાનાં પડ તોડીને, પાપ માત્રનો ત્યાગ કરીને, બ્રહ્મરૂપ થઇને, ભગવાનમય બનીને, ભગવાનનાં અક્ષરધામમાં વાસ કરવો છે... આ કાંઇ નાની સુની વાત નથી... બહુ મોટી વાત છે... કરોડો જન્મસુધી કામકરે એવું કામછે... મહાન ભક્તિનું કામલઇને આપણે બેઠા છીએ. એમાં ગાફલાઇ અને આળસ રાખીએ તો કેમમેળ થાય? હરિ ચરણમાં સ્નેહ છે તે જ સાચો મોક્ષ છે.



**નેત્રમાં આંજણ આંજતા બ્રહ્માંડના દર્શન થાય છે.**

મોક્ષની બાબતમાં બહુ ધ્યાન રાખવું.મોટો બિઝનેશ કરવો હોય તો ખૂબ ધ્યાન રાખવું પડે, નહિંતર નુકશાની આવતાં વાર ન લાગે... આ તો કલ્યાણ કરવું છે. પ્રભુના અક્ષરધામમાં જાવું છે. તે શું એમને એમમળી જશે? આળસ ને અજ્ઞાન તજીને ખટકો રાખવો જોઇશે.

### ૭૧. દીદી, મને માખણ આપો.

એક વખત ધર્મદેવ, રામપ્રતાપભાઇ, ઘનશ્યામમહારાજ અને ઇચ્છારામસાથે

બેસીને ભોજન કરવા બેઠા છે. સુવાસનીભાભી ભોજન પીરસે છે. ઇચ્છારામબોલ્યા, ''દીદી, મને માખણ આપો!'' ભાભીએ કહ્યું, ''આજે માખણ નથી. તાવીને ઘી કરી દીધું છે.'' આવું સાંભળી ઇચ્છારામમંડ્યા રડવા. જમવાનું વાસણ ઠેલી દીધું... ''મારે જમવું નથી. માખણ આપશો તો જમીશ નહિંતર નહિ જમું.'' પગ ઘસતા ઘસતા રડે છે. હવે શું કરવું? ઘરમાં માખણ નથી. ઘનશ્યામમહારાજ ઇચ્છારામને સમજાવે છે. ''ચિંતા ન કરો... રડો નહિ... હું તમને હમણાંજ માખણ આપીશ... સુંદરીમામીના ઘરે શીક્કા ઉપર ઘણું બધું માખણ છે...''

**તાંસળીમાં ભરેલું છે, મૂક્યું તે શીકામાંય ।**
**શ્રી હરિ માખણ લેવા, હાથ લાંબો કર્યો ત્યાંય ॥**
**પોતાને ઘેર બેઠે થકે, લીધું માખણનું ઠામ।**
**દેખ્યું તે સુંદરીમામીયે, જોઈ રહ્યા વશરામ॥**
**હાથ ઝાલવા ઉભા થયા, સુંદરી રાખીને શરત ।**
**ઘનશ્યામની ઈચ્છાયેથી, થઈ સમાધિ તરત ॥**

ઘનશ્યામમહારાજે પોતાના ઘરમાં બેઠા બેઠા હાથ લાંબો કર્યો. સુંદરીમામીના ઘર સુધી પહોંચી ગયો. શીકામાં માખણ હતું, તે ઉપાડવા જાય, ત્યાં મામીએ હાથ જોયો... આવડો લાંબો હાથ કોનો હશે? માણસ કોઇ દેખાતું નથી ને હાથ ક્યાંથી આવ્યો? ઊભા થઇને હાથ પકડી લીધો... ત્યાં મામીને તુરંત સમાધિ થઇ ગઇ. પ્રકાશ પ્રકાશ છવાઇ ગયો. તે પ્રકાશ મધ્યે અનેક રચનામાં આઠ પુરી દેખાય છે... ઇંદ્રપુરી, શિવપુરી, કુબેરપુરી, વાયુપુરી, વરૂણપુરી, નૈઋત્યપુરી, યમપુરી અને અગ્નિપુરી... આઠ પુરી દેખાણી.

આઠે પુરીમાં ઘનશ્યામમહારાજનાં દર્શન થયાં. ઇંદ્રપુરીમાં ઇંદ્રરાજા ઘનશ્યામમહારાજની પૂજા કરી આરતી ઉતારે છે. શિવપુરીમાં શિવજી ઘનશ્યામમહારાજની પૂજા કરી આરતી ઉતારે છે. કુબેરભંડારી, વાયુદેવ, વરૂણદેવ, અગ્નિદેવ વિગેરે ત્યાંના અધિપતિઓ ઘનશ્યામમહારાજની પૂજા કરે છે અને અનેક દેવતાઓ પ્રભુની સેવામાં હાજર છે. આવું જોઇ મામી આશ્ચર્ય પામી ગયાં...

આ બધું શું દેખાય છે? ઓ... હો... હો... આ બધો ઘનશ્યામમહારાજનો પ્રતાપ છે. મામી સમાધિમાંથી જાગૃત થયાં... ઉત્સાહ ભેર દોડતાં દોડતાં ધર્મદેવને ઘેર આવ્યાં...

ત્યાં ઘનશ્યામમહારાજ અને ઇચ્છારામમાખણ જમે છે. જમતાં જમતાં બોલ્યા, ''મામી, અમને માખણ બહુ ભાવે. બીજી વસ્તુ ન હોય તો ચાલે પણ માખણ તો જોઇએજ.'' માવાને માખણ ભાવે રે, બીજાું કાંઇ નજરે ન આવે રે... ઘનશ્યામકહે છે, ''મામી, તમારા ઘરેથી હું માખણ લઇ આવ્યો છું... હવે આ માખણની તાંસળી

ઠાલી પડી છે તે લઇ જાવ.'' મામી નવાઇ પામી ગયાં... જે પોતે સમાધિમાં જોયું હતું તે કહી સંભળાવ્યું. છપૈયામાં ઘેર ઘેર આનંદ છવાઇ ગયો. બાલ ઘનશ્યામસખાઓની સાથે ગૌઘાટે ગાયો ચારવા લઇ જાય છે.



ગૌઘાટ પર શ્રી હરિ ગાયો ચરાવે છે.

## ૭૨. વિજ્યાદશમીની શોભા યાત્રા.

આસો વદ દશમનો દિવસ આવ્યો. જેને આપણે વિજ્યાદશમી કહીએ છીએ. ધર્મદાદા આંબલીના વૃક્ષ નીચે ચોતરા ઉપર જાજમપાથરીને બેઠા છે. સગા સંબધી સૌ મળવા આવ્યાં. ધર્મદાદાએ મીઠો આવકાર આપ્યો. સૌ શાંતિથી બેઠા છે. સૌને જલેબીનો પ્રસાદ આપ્યો. સગાં સંબધી કહે છે, ''હે ધર્મદેવ, આજે દશેરાનો દિવસ છે. દશેરાના દિવસે રાજાઓ ખીજડાનું પૂજન કરવા જાય છે. તેનું શું કારણ હશે?''

ધર્મદાદા કહે છે, ''પાંચ પાંડવો બાર વરસ સુધી વનમાં ફર્યા... પછી એક વરસ ગુપ્ત રહેવાનો વિચાર કર્યો. ત્યારે પોતાના જે શસ્ત્ર (હથિયાર) હતાં તે ખીજડાના વૃક્ષ ઉપર મૂકી આવ્યા... જ્યારે વર્ષ પુરું થયું ત્યારે ખીજડાના વૃક્ષની પૂજા કરી... પછી હથિયાર પોત પોતાના લઇ ગયા. પાંડવોએ ખીજડાનું પૂજન કર્યું ત્યારથી લોકમાં આ પ્રણાલિકા ચાલી આવે છે. શસ્ત્ર ધારણ કરનારા ખીજડાનું પૂજન કરે.''

વશરામત્રવાડીએ કહ્યું, ''આજે આપણે સાથે મળીને જઇએ ને ખીજડાનું પૂજન કરીએ.'' બાલ ઘનશ્યામબોલ્યા, ''ખીજડાનું પૂજન કરે તેને પાંડવો દર્શન આપે છે.'' શોભાયાત્રાની તૈયારી થઇ...

ત્રણૈ પુત્રને સાથે લઇ, ધર્મ થયા તૈયાર ।
શ્રી હરિને ઘોડે બેસાડ્યા, શોભા તણો નહિ પાર ॥
હસ્તિપર નાના ભાઇને, બેસાડ્યા તેણી વાર ।
આનંદ ઉચ્છવ થાય છે, વાજે વાજીંત્ર અપાર ॥

અશ્વના ચારે પગે ઘુઘરા બાંધ્યા, મોઢાપર હીરનો મોરડો બાંધ્યો, ડોકે ઝુમણા, પીઠપર મખમલનું પલાણ પાથર્યું, તેના ઉપર ઘનશ્યામમહારાજ બિરાજમાન થયા. હીરની સરક લીધી હાથમાં. છપૈયાવાસી લહેરમાં આવી ગયા. ઇચ્છારામભાઇને હાથી પર બેસાડ્યા. ઢોલ ઢબુકવા લાગ્યા, શરણાઇના સૂર નીકળ્યા, નોબત ગાજી ઊઠી, ભૂંગળના ભડાકા થયા, ઘુઘરીનો રણકાર થાય છે. વેદમંત્રો બોલતા બોલતા ભૂદેવો શોભા યાત્રામાં ચાલ્યા જાય છે.

વાજતે ગાજતે મીનસાગરના ઉતર કાંઠે ત્રિખૂણ ખેતર છે ત્યાં ગયા. ચંદન પુષ્પથી શમીપૂજન કર્યું... આકાશમાં દેવતાઓના વિમાનની ઠઠ લાગી ગઇ. જય જય કાર કરી ઘનશ્યામમહારાજ ઉપર પુષ્પનો વરસાદ કર્યો.

**બોલો ઘનશ્યામમહારાજની જય!**

ધર્મદાદાએ ભૂદેવને ખૂબ દક્ષિણા આપી રાજી કર્યા. તે વખત પાંચ પાંડવો અને દ્રૌપદીજી દિવ્ય શરીર ધારણ કરીને આવ્યાં. ઘનશ્યામમહારાજને પગે લાગી, બે હાથ જોડી પ્રાર્થના કરે છે...

**પાંડવો પાંચે પ્રેમવડે, ઉભા જોડીને હાથ ।**
**હે પ્રભુ પુરુષોતમજી, શું આજ્ઞા છે કહો નાથ ॥**
**હરિ હરખીને બોલીયા, આવજો સત્સંગમાંય ।**
**પરમહંસ કરી અમારા, સમીપે રાખશું ત્યાંય ॥**
**અમૃતાનંદ સુવ્રતાનંદ, હરિયાનંદજી નામ।**
**એ સંજ્ઞા આપીશું તમને, કરશો રૂડે ઠામ॥**

"હે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ, અમોને સદાય તમારી સેવામાં રાખો." ઘનશ્યામમહારાજે પ્રસન્ન થઇને કહ્યું, "તમે સત્સંગમાં આવજો... તમને અમારી સમીપે રાખશું. અમૃતાનંદ, સુવ્રતાનંદ અને હરિયાનંદજી એવું નામધારણ કરાવશું... ભાગવતી દીક્ષા આપી પરમહંસ કરશું." આશીર્વાદ આપી રાજીપો વ્યક્ત કર્યો... પછી પાંડવો અદ્રશ્ય થઇ ગયા. એક વખત ઘનશ્યામમહારાજ આંબા નીચે ઓરકોરમણિની રમત છે. આંબા નીચે રેતીનો મોટો ઢગલો કર્યો. તે ઢગલા ઉપર ઘનશ્યામમહારાજ બેઠા અને અડખે પડખે બાલ મિત્રો બેઠા. તે વખતે શ્વેતદ્વિપ તથા બદ્રિકાશ્રમધામના મુક્તો દર્શન કરવા આવ્યા. કેશર ચંદનથી ઘનશ્યામમહારાજની પૂજા કરી, પુષ્પનો હાર પહેરાવી, આરતી ઉતારી પગે લાગ્યા. ત્યારે પ્રભુ કહે છે, "તમે કાઠીયાવાડ દેશમાં આવજો... ત્યાં અમારો મેળાપ થશે. તમને ભાગવતી દીક્ષા આપી પરમહંસ કરીશું અને ચિન્મયાનંદ અને તત્ત્વાનંદ નામધારણ કરાવશું." પ્રભુએ આશીર્વાદ આપ્યા. પછી મુક્તો પ્રભુને વંદન કરી આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા.

સર્વ શાસ્ત્રનો સાર માત્ર એટલો જ છે, ભગવાનના સ્વરૂપમાં જોડાવું. સુખ જોઇએ છે. કોઇને દુઃખ જોઇતું નથી, પણ સુખનું સાધન શું છે? તે વિચારવું જોઇએ ને! ગમે તેટલા સંસારના ભોગ ભોગવશો તો પણ ભૂખ જશે નહિ. ભોગનો ત્યાગ કરવાથી સુખી થવાય છે. કેવળ વૈરાગ્યથી સુખી નહિ થઇ શકાય. વૈરાગ્યની સાથે ભક્તિનો સહારો જોઇશે. વૈરાગ્ય માયાથી છૂટા પાડે છે અને ભક્તિ છે તે ભગવાનમાં જોડે છે.

## ૭૩. મારો ચરણ બરાબર પકડો.

એક વખત ઘનશ્યામમહારાજ બાલમિત્રોની સાથે ખાંપા તલાવડી ગયા. ત્યાં મહુડાનું મોટું ને ઊંચું એક વૃક્ષ હતું. તેના ઉપર ઘનશ્યામતથા બાળમિત્રો ફટાફટ ચડી ગયા. સારા સારા ફળ જમે ને કિલકિલાટ કરે... તેમાં સર્જુપ્રસાદ નાનો હતો... વૃક્ષ ઉપર ચડાતું નથી... નીચે ઊભો ઊભો રડે છે. “ઘનશ્યામભાઇ, મારાથી ચડાતું નથી. મને જમવા માટે ફળ આપોને...” ઘનશ્યામમહારાજ બોલ્યા, “તેમાં રડવાનું ન હોય... મારા મિત્ર કાંઇ ઢીલા પોચા ન હોય. શૂરવીર હોય ને તું શા માટે રડે છે? હમણાંજ તને વૃક્ષ ઉપર ચડાવી દઉં છું.”

**એમ કહી સર્વેને જોતે, પગ લાંબો કર્યો પ્રભુ પોતે ।**
**બળવડેથી ચરણ ઝલાવ્યો, સર્જુને મધુ વૃક્ષ ચડાવ્યો ॥**
**મળીને મધુ પુષ્પ જમે છે, રંગ રમુજ કરી રમે છે ।**
**મધુ પુષ્પ જમ્યા ઘણી વાર, કરે છે લીલા ધર્મકુમાર ॥**

ઘનશ્યામમહારાજે મધુવૃક્ષની ડાળખી પર બેઠા બેઠા ચરણ લાંબો કર્યો. “સર્જુપ્રસાદ... મારો ચરણ બરાબર પકડજે.” સર્જુપ્રસાદે બરાબર પ્રભુનો ચરણ પકડ્યો.



પ્રભુ લાંબો ચરણ કરી સખાને વૃક્ષ ઉપર ચડાવે છે.

ઘનશ્યામમહારાજે જેમફૂલ ઊંચું કરે તેમઅધ્ધર ઝાડ ઉપર સર્જુપ્રસાદને ચડાવી દીધો. સર્જુપ્રસાદ રાજી રાજી થઇ ગયો. ઝાડ ઉપર બેસવાની મજા આવે છે. સર્જુપ્રસાદ કહે છે, "ઘનશ્યામભાઇ, મિત્ર તારા જેવા જોઇએ." પ્રભુ બોલ્યા, "મારા ચરણ બરાબર રીતે પકડે છે તેને હું અક્ષરધામસુધી પહોંચાડી દઉં છું... એટલે સમગ્ર જીવન મારા ચરણે સમર્પિત કરે છે... મને જે ભક્ત ભૂલતો નથી તેને હું ક્યારેય ભૂલવાનો નથી."

પછી એક પછી એક બાલમિત્રો ઝાડ પરથી ઉતરીને ઘેર ચાલ્યા ગયા. બાલ ઘનશ્યામધીરેથી હેઠે ઉતર્યા, પરંતુ સર્જુપ્રસાદથી નીચે ઉતરાતું નથી. ડાળ પકડીને બેઠો બેઠો રડે છે... "ઘનશ્યામભાઇ, મને નીચે ઉતારો." તે વખતે મોતીત્રવાડી આવ્યા... બોલ્યા, "ઘનશ્યામ! સર્જુપ્રસાદને કોણે ઝાડ ઉપર ચડાવ્યો છે?! પડશે તો વાગી જશે." વેણીરામે કહ્યું, "ઘનશ્યામભાઇએ પોતાનો પગ લાંબો કરીને ઉપર લઇ લીધો છે ને હવે ઉતારતા નથી." મોતીરામઆંખ લાલ કરી બોલ્યા, "જલદી નીચે ઉતારો... નહિંતર પડી જશે. તમારા ઉપર બાનુ આવશે..."

**સુણી હરિએ હાથ વધાર્યો, સર્જુને ઝટ હેઠે ઉતાર્યો ।**
**આવું અદ્‌ભૂત દેખ્યું છે કામ, ઘણા નમ્ર થયા મોતીરામ।।**
**મારો ક્ષમા કરો અપરાધ, પ્રભુ તમે છો અનાદિ સાધ ।**

હાથ લાંબો કરી ફૂલ ઉતારે તેમઘનશ્યામમહારાજે સર્જુપ્રસાદને વૃક્ષથી નીચે ઉતારી લીધો. આવું ઐશ્વર્ય જોઇ મોતીરામબે હાથ જોડી માફી માગે છે. "મારા અપરાધને ક્ષમા કરો. આપ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો. તમારા હાથ લાંબા છે... " ધ્યાન રાખજો... આપણે આ લોકમાં ભજન ભક્તિ, પૂજા પાઠ, સત્સંગ સમૈયા, કથા કીર્તન, દાન પુણ્ય વિગેરે સત્કર્મરૂપી કમાણી કરવા આવ્યા છીએ.

આપણે આ જગતમાં કે વ્યવહારમાં લાંબા થાવા નથી આવ્યા, પણ આપણે જગતમાંથી ટૂંકા થઇ ભગવાનમાં જોડાવા આવ્યા છીએ. બહારવૃત્તિ વાળાને જગતમાં જોડાવું ગમે છે. અંતરવૃત્તિ વાળાને ભગવાનમાં જોડાવું ગમે છે. મોટર ગાડી, બાગ બગીચા, વસ્ત્ર આભૂષણ, ધન-સંપતિ વિગેરે જેની પાસે હોય તે ભાગ્યશાળી નથી. એ તો આ લોકની નાશવંત સંપતિ છે. ખરો ભાગ્યશાળી તો તે છે જેને ઘનશ્યામમહારાજમાં પ્રેમછે તે... માટે ગાફલતા મેલીને હરિ સ્મરણ કરવું. આ વાત આજ સમજો કે હજાર જન્મબાદ સમજો પણ હરિભજન તો કરવું જ પડશે. એજ આ કથાનો સાર છે.

## ૭૪. નવી બત્રીસી.

એક વખત ઘનશ્યામમહારાજ સુવાસનીભાભીને કહે છે, "ભાભી, મારા

મુખમાં દાઢ હલે છે, તેથી ઘણી પીડા થાય છે... રોટલી ચવાતી નથી..."

**રોટલી દાંતે ચવાતી નથી, શીરો કરી આપોને હેતથી ।**
**હર્ષે વડે સુવાસની બાઇ, તરત શીરો કરી દીધો ત્યાંઇ ॥**

ભાભીએ મજાનો શીરો બનાવ્યો... પછી બે ભાઇ જમવા બેઠા. રોટલી, શાક ને શીરો પીરસ્યો... ઘનશ્યામમહારાજને જમવાની મઝા આવી નહિ. દાઢ બહુ દુઃખે છે. તેથી જમવાનું અધૂરું મૂકીને હાથ ધોઇને ઉઠી ગયા. સુવાસની ભાભી કહે છે, "દિયરજી... આજે ભોજન કેમજમ્યા નહિ? દાઢ ઘણી દુઃખે છે?" "હા ભાભી... દાઢ બહુ દુઃખે છે. દુઃખતી દાઢને કાઢી નાખો તો શાંતિ થાય." એમકહી ઘનશ્યામમહારાજે મુખારવિંદ પહોળું કર્યું. ભાભી દુઃખતી દાઢને હાથ અડાડ્યો ત્યાં આખી બત્રીસી બહાર નીકળી આવી.

ભાભી વિચાર કરતાં થઇ ગયા. હવે શું કરું? ઘનશ્યામભાઇ દાંત વિના કેમજમશે? ઉદાસ થઇ ગયા... ત્યાં ભક્તિમાતાએ સાદ કર્યો... "વહુ બેટા! બહાર શું કરો છો? તમારા સસરા જમવા બેઠા છે. તેને જોઇતું ભોજન આપો." ભાભી બોલ્યા, "બાઇજી, તમે જોઇતું ભોજન આપીને જલદી બહાર આવો." ત્યારે ભક્તિમાતા તુરંત બહાર આવ્યાં. ત્યારે સુવાસનીબાઇ કહે છે...

**બત્રીસી બધી જીભે હલાવી, મારા હાથેથી ખેંચી નખાવી.**

"માતાજી, મને ઘનશ્યામભાઇએ કહ્યું, ભાભી, જે દાઢ દુઃખે છે તે કાઢી નાખો. મેં ધીરેથી દાઢને હાથ અડાડ્યો ત્યાં તો આખી બત્રીસી બહાર નીકળી આવી... હવે હું શું કરું?" એમકહી દિલગીર થઇ ગયા... ભક્તિમાતાએ ઘનશ્યામમહારાજના મસ્તક ઉપર હાથ પધરાવીને મુખારવિંદ પહોળું કર્યું... અંદર જોયું તો એક પણ દાંત પડેલો દીઠો નહિ... જેવી હતી તેવી જ દાડમના બીજ જેવી ચમકતી બત્રીસી જોઇ... બહાર જુવે છે તો બત્રીસીની ઢગલી પડી છે. મુખમાં જુએ છે તો બધાય દાંત મુખમાં ગોઠવેલા છે. ભક્તિમાતા કહે છે, "વહુ બેટા, ઘનશ્યામના મુખમાં બત્રીસી તો બરાબર છે, ને તમે ચિંતા શું કામકરો છો?" ભાભી વિચાર કરે છે, આ શું થાય છે? કાંઇ ખબર પડતી નથી... ભાભી, ઘનશ્યામભાઇના મસ્તક ઉપર હાથ ફેરવતાં કહે છે...

**મને મોહને માયા દેખાડી, બત્રીસી બધી નવી દેખાડી ।**
**ઘનશ્યામભાઇ મારો હીરો, તમે ભલો કરાવીયો શીરો ॥**

ભાભી કહે છે, "ઘનશ્યામભાઇ તો મારા હૈયાનો હીરો છે." એમકહી નમસ્કાર કર્યા... પછી બત્રીસીની ઢગલી લઇને ઉકરડે નાખવા જાય છે, તો ત્યાં અદ્‌ભૂત ચમત્કાર સર્જાયો... બત્રીસીમાંથી સાચા મોતી બની ગયા. ઓ... હો... હો... શું



માન સરોવરના હંસો ઘનશ્યામ મહારાજની બત્રીસી લે છે.

અદ્‌ભૂત ચમત્કાર છે. મોતી લઇ જાઉં ને સાસુજીને બતાવું. હથેળીમાં મોતી લઇને ઘર તરફ આવે છે... ત્યાં તો આકાશમાંથી હંસ આવ્યા. પ્રસાદી જાણીને ચાંચમાં મોતી લઇને ઉડી ગયા. આગળ જતાં અદ્રશ્ય થઇ ગયા.

ભાભીને આશ્ચર્યનો પાર ન રહ્યો. તમામબાબત ભક્તિમાતાને કહી સંભળાવી. ભક્તિમાતા ખૂબ રાજી થયાં. ઘનશ્યામમહારાજને બાથમાં લઇ ભેટીને ચૂંબન કર્યું. "લાડીલા કુંવર... તમારી લીલા પર વારી જાંઉ છું... ધન્ય ઘડી ધન્ય અવસર. અમને તમારા જેવા પુત્ર પ્રાપ્ત થયા... ભાગ્યશાળી થઇ ગયા." સુવાસનીભાભી કહે છે, "દિયર ઘનશ્યામભાઇ! આવી લીલા કરવાનો શું હેતુ છે?"

ઘનશ્યામમહારાજ બોલ્યા, "મારી દાઢ દુ:ખતી જોઇને તમને મનુષ્યભાવ આવ્યો, કે આ તો મારા દિયર છે...

પણ પરમેશ્વરનો ભાવ ન આવ્યો... તેથી આવી લીલા કરી. તમને દિવ્યતા બતાવી." ભાભી બોલ્યા, "મને વરદાન આપો..."

**તમારે વિષે મનુષ્ય ભાવે, કોઇ દિન મને નવ આવે ।**
**એવું માગું છું હું વરદાન, કૃપા કરી આપો ભગવાન ॥**

"હે પ્રભુ! મને તમારે વિષે સદાય દિવ્ય ભાવ રહે એવું વરદાન મને આપો." ઘનશ્યામમહારાજ કહે છે, "ભાભી... તથાસ્તુ. તમને સદાય દિવ્ય ભાવ રહેશે. પ્રાકૃત ભાવ નહિ આવે."

**ભાભી વચન આપું છું એશ, દિવ્ય ભાવ રહેશે હંમેશ ।**
**સદાય ધરજો અમારૂં ધ્યાન, નીશદીન કરજો સ્મરણ ॥**

સુવાસની ભાભીએ ભોજન પીરસ્યું... સૌ સાથે બેસીને જમ્યા... આવી અલૌકિક લીલા કરીને ઘનશ્યામમહારાજે છપૈયાને ઘેલું ઘેલું બનાવી દીધું છે. દરરોજ છપૈયાના ભક્તજનો પ્રભુનાં દર્શન કરવા આવે ને આનંદ અનુભવે.

### ૭૫. ધર્મદેવનું મુળ સ્વરૂપે દર્શન.

કર્તા અકર્તા અન્યથાકર્તા, સમર્થ શ્રી ઘનશ્યામ।
વિષ્ણુંવિધિ વૈરાજ સરખા, જપે નિત્ય જેનું નામ॥
બાળ લીલા સાગરનું, કોણ કરી શકે વર્ણન ।
લાલ તણી અદ્‌ભૂત લીલા, ન જાણે પંચવદન ॥
શંકા ન કરવી કોઈને, પ્રભુ લીલામાં આજ ।
કર જોડી કરું કાલાવાલા, સ્વીકારજો શુભ કાજ ॥

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી, પ્રભુ કેવા છે? કર્તા છતાં અકર્તા છે. તેત્રીસ કરોડ દેવ, હે પ્રભુ, તમારું ભજન કરે છે. નામજપ કરે છે. બાળલીલા અગાધ છે. સાગરના પાણીનો કોઈ તાગ લઈ શકે નહિ. માપી શકાય નહિ... તેમપ્રભુની લીલાનો કોઈ પાર નથી... છતાં પણ મારી મતિ અનુસાર કાલાવાલા કરું છું. કાલાવાલા પ્રભુને વહાલા લાગે છે.

પિતા ધર્મદેવ જન્મસ્થાનકના કૂવાની બાજુ સ્નાન કરે છે. સુવાસનીબાઈને મનમાં વિચાર થયો... મારા સસરાને સર્વે મનુષ્યો ધર્મદેવ કહે છે. ધર્મનો અવતાર હોય તો ધર્મના તો ચાર મુખ, ચાર હાથ, ચાર પગ ને આઠ નેત્ર હોય પણ મેં કોઈ દિવસ મૂળ સ્વરૂપે જોયા નથી. આવો વિચાર કરે છે, ત્યાં તુરંત ધર્મરાજા સ્વરૂપે દર્શન થયાં...

સત્ય સંકલ્પ કરવા સારૂં, ધર્મે મૂળ સ્વરૂપ ત્યાં ધાર્યું ।
ધર્મ શાસ્ત્ર ગ્રહ્યું એક હાથ, બીજે કનક ઝારી છે સાથ ॥
કર્યો સંપુટ બે કર સાર, કરે હરિની સ્તુતિ અપાર ।
પોતાના પુત્ર જે ઘનશ્યામ, તેની સ્તુતિ કરે તેહ ઠામ॥
દીધાં અદ્‌ભુત એવાં દર્શન, સુવાસની થયાં છે પ્રસન્ન ।

એક હાથમાં ધર્મશાસ્ત્ર છે. બીજા હાથમાં કનક ઝારી છે. બે હાથ જોડી ઘનશ્યામમહારાજની સ્તુતિ કરે છે. સુવાસનીબાઈ આશ્ચર્ય પામી ગયાં... મારો સંકલ્પ સત્ય થયો. ધર્મદેવ કહે છે, "વહુ બેટા... ધર્મ ભક્તિ અમારું નામછે. અને આ અમારા પુત્ર ઘનશ્યામછે. તે પુરુષોત્તમનારાયણ છે." આટલું કહેતા ધર્મદેવ બે ભુજાવાળા પૂર્વ હતા તેવા થઈ ગયા... સુવાસનીબાઈને ખાત્રી થઈ કે અમારા સસરા ધર્મનો અવતાર છે... ધર્મને ધારણ કરનારા છે.

### ૭૬. અમારે મીઠાઇ જમવી છે.

ધર્મદેવ સહકુટુંબ છપૈયામાં નિવાસ કરીને રહ્યા છે. અધિક માસ આવ્યો (પુરુષોત્તમમાસ). અધિક મહિનો એટલે ધર્મદાન કરવાનો માસ. ધર્મદેવ,

ભક્તિમાતા, ઘનશ્યામમહારાજ અને છપૈયાવાસી ભક્તજનો વિગેરે માણસો નારાયણ સરોવરમાં સ્નાન કરવા જાય. પૂજા પાઠ કરે. દાન દક્ષિણા આપે ને સત્સંગ કરે. ઘનશ્યામમહારાજ સ્નાન કરીને ઘરે આવ્યા... ભાભીને કહ્યું, ''ભાભી, ભૂખ બહુ લાગી છે... તૈયાર ભોજન હોય તો આપો!'' ભાભીએ કહ્યું, ''દાળભાત તૈયાર છે. થોડી વાર બેસો તો ગરમાગરમરોટલી બનાવી દઉં.'' ''ભાભી, એક ક્ષણ પણ ખમાય તેમનથી.'' એમકહી પૃથ્વી ઉપર લાંબા ચરણ કરીને ઘસે છે ને રડે છે.

''ભાભી, જમવાનું જલદી આપો નહિંતર તમારા નાકમાં પહેરવાની સોનાની વાળી, ગોખલામાં પડી છે તે લઇ જઇશ.. આજે અમારે મીઠાઇ જમવી છે.'' વાળી લઇને દોડી ગયા... ભાભી પાછળ દોડ્યાં, પણ પકડી શક્યાં નહિ.સીધા ગયા શુકલ હલવાઇની દુકાને. વાળી દીધી ને મીઠાઇ લીધી. મીઠાઇ લઇને મીનસાગરના કાંઠે આવ્યા. સર્વે સખાને જમાડ્યા ને પોતે પણ જમ્યા. સખા રાજી થઇ ગયા. ''ઘનશ્યામ, દરરોજ મીઠાઇ જમાડો તો ખૂબ મજા આવે.'' મીઠાઇ જમ્યા બાદ થોડી વાર રમત રમ્યા... પછી સૌ સૌને ઘેર ગયા.

ઘનશ્યામમહારાજ ઘેર આવ્યા. જમવા બેઠા. ભક્તિમાતા કહે છે, ''વહુ બેટા... તમારા નાકમાં વાળી દેખાતી નથી... ક્યાં ગઇ છે?'' ''બાઇજી, ઘનશ્યામભાઇ બહુ તોફાની થઇ ગયા છે. વાળી કંદોઇને આપીને મીઠાઇ જમી આવ્યા છે. મેં ઘણું સમજાવ્યા પણ સમજ્યા નહિ. હવે તમે સમજાવો તો સારું.'' ભક્તિમાતા ઘનશ્યામને સમજાવે છે... ''ભાભીની વાળી તમે લીધી છે?'' ''હા, અમે લીધી છે.'' ''શા માટે લીધી?'' ''સમયસર જમવાનું આપતાં નથી તેથી લીધી છે... અમારો જરાય વાંક નથી... ભૂખ લાગે તો અમે શું કરીએ?'' ભક્તિમાતા બોલ્યાં...

**માતા કહે લાગે ભૂખ તમને, પહેલેથી કહેજો આવી અમને ।**
**જમ્યાનું કરી આપીશું હાલ, વસ્તુ લેવી નહિ કોઇ કાળ ॥**
**આમકરવાથી ઈજ્જત જાય, કરે લોક તમારી નિંદાય ।**
**માતા એવી શીખામણ દે છે, શ્યામસુણીને ધ્યાનમાં લે છે ॥**

''ભૂખ લાગે ત્યારે પહેલાથી રસોઇ બનાવવાનું કહી દેજો. અમે તરત રસોઇ કરી આપશું... પણ વસ્તુ લઇ જવાની નથી. બહુ તોફાન કરીએ તો ગામમાં ઈજ્જત જાય. સૌ કહેશે કે ધર્મદેવના ઘનશ્યામચોરી કરે છે... સારું ન લાગે.'' આવી રીતે ભક્તિમાતા શિખામણ દે છે. શ્યામસુણીને ધ્યાનમાં લે છે. ઘનશ્યામમહારાજે બે સ્વરૂપે ધારણ કર્યા, એક રૂપે પિતા પાસે બેઠા છે. બીજે રૂપે રામપ્રતાપભાઇ સાથે કંદોઇની દુકાને વાળી લેવા ગયા... વાળી ભાભીને આપી...

આવી લીલા જોઇ સૌ આશ્ચર્ય પામી ગયા... નિત્ય નવી લીલા કરી ભક્તજનના ચિત્ત પ્રભુ પોતાના સ્વરૂપમાં ખેંચી લે છે... લીલાનો વિસ્તાર કરવા પ્રભુ લીલા કરતા હોય છે... પ્રભુની લીલામાં ક્યારેય શંકા કરાય નહિ એ વાત સમજી રાખવી.

## ૭૭. સુવાસની ભાભીને કોલ આપ્યો.

ચોમાસાના દિવસો આવ્યા. બાળ ઘનશ્યામસખા સાથે રમવા ગયા. રમતા રમતા ઘરે આવ્યા. ભાભી કહે છે, “દિયર ઘનશ્યામજી, તમારી વાટ જોઉં છું. રસોઇ તૈયાર છે. ગરમા ગરમભોજન જમી લ્યો.” ઘનશ્યામભાઇએ કહ્યું, “ભાભી, મારા ચરણ ગારા વાળા થઇ ગયા છે... ધોઇ આપો... પછી જમવા આવીશ.” ભાભી જળના લોટાથી ધાર કરીને પ્રભુના ચરણ ધૂએ છે. ત્યાં ચરણમાં સોળ ચિન્હ જોયા... ઓ... હો... હો... આ તો સાક્ષાત્ પરમેશ્વર છે...

ઘનશ્યામમહારાજના હસ્તકમળ જોયા તો હથેળીમાં પદ્મનું ચિન્હ દીઠું. ભાભી કહે છે, “હે ઘનશ્યામ, તમારી ભવિષ્ય રેખા બહુ ઉત્તમઅને ઊંચી છે. તમે લક્ષાવધિના નિયંતા થશો. ખૂબ ધર્મવાન, ધનવાન અને ઐશ્ચર્યવાન થશો. ખૂબ ભાગ્યશાળી છો.”

**ભાભી કહે છે સુણો ભગવાન, તમે ભારે છે ભાગ્યવાન ।**
**તમે થાશો રાજાધિરાજ, યાદ નહિ કરો મહારાજ ॥**

ભાભી કહે છે, “હે ઘનશ્યામ, તમે રાજાધિરાજ થાશો. અનેક જીવાત્મા તમારા આશ્રિત થશે. તમારા અનેક મંદિરો થશે. લાખો માણસો તમારી પૂજા કરશે. આરતી ઉતારશે. ચરણની શરણાગતિ લેશે. ત્યારે તમે અમને યાદ નહિ કરો... ભૂલી જશો.” આટલું બોલતાં ભાભી દિલગીર થઇ ગયાં... ત્યારે ઘનશ્યામમહારાજ કહે છે...

**ત્યારે બોલ્યા ત્રિભુવનરાય, ભાભી એ શું બોલ્યાં સુખદાય ।**
**તમે કહો છો તે માન મોટાઇ, મળે રાજ્ય સમૃધ્ધિ સવાઇ ॥**
**તરત ઘડી તમને તેડાવું, મારા સમીપમાં જ બોલાવું ।**
**ઘણો કરીશ હું સત્કાર, એમાં ફેર ન જાણો લગાર ॥**
**સદાકાળ હું રાખીશ પાસ, એ વચન આપ્યું અવિનાશ ।**
**કોલ આપ્યો ભાભીના કરમાં, જમવા પધાર્યા છે ઘરમાં ॥**

“ભાભી, તમને ક્યારેય ભૂલાય નહિ. તમારો ભાવ સ્વભાવિક યાદ આવે એવોજ છે. અમારી ખૂબ સંભાળ રાખો છો. અમે ગમે તેટલા મોટા થઇશું તો તમને ભૂલશું નહિ. અમારી પાસે બોલાવીને અમારી સમીપે રાખશું.” એમકહી ભાભીના હાથમાં કોલ આપ્યો... તે વાણીને પ્રભુએ સિધ્ધ કરી. ધર્મકુળને વડતાલમાં

બોલાવીને ખૂબ માન પૂર્વક સાથે રાખ્યા અને છેવટે સત્સંગના વડાપ્રધાન તરીકે આચાર્ય પદવી આપી... જેને જેને વચન દીધાં છે તેને સત્ય સિધ્ધ કર્યાં છે... પ્રભુ સત્ય-પ્રતિજ્ઞાવાન છે. બોલેલું વચન યથાર્થ પાલન કરે છે. કદી ફરી જતા નથી.

આ જગતમાં લગભગ એવું બનતું હોય છે, દિયર મોટા થાય ત્યારે ભાભીને ભૂલી જાય. દીકરા મોટા થાય ત્યારે મા-બાપને ભૂલી જાય... ખૂબ પૈસાદાર થાય ત્યારે સગા સંબધીને ભૂલી જાય.

અરે શ્વાસોશ્વાસ રીધમચલાવનાર પરમેશ્વરને પણ ભૂલી જાય... પણ વિચાર કરજો... પગમાં ચાલવાની હિંમત કોણ આપે છે? ભગવાન આપે છે... આંખમાં જોવાની શક્તિ કોણ આપે છે? ભગવાન આપે છે. ખાધેલા અનાજને કોણ પચાવે છે? ભગવાન પચાવે છે. બોલવાની શક્તિ કોણ આપે છે? ભગવાન આપે છે... પ્રભુના નામવિનાની કવિતા નકામી. ફળમાં મીઠાશ ન હોય તો ફળ નકામું. તેમસત્સંગ વિના જીવન નકામુ છે. નિત્ય સત્સંગ કરો ને જીવનને સાર્થક બનાવો.

## ૭૮. અષ્ટસિધ્ધીઓ થાળ લાવ્યાં.

છપૈયામાં એક દિવસ ઘનશ્યામમહારાજ બાળ મિત્રો સાથે મીનસરોવરને કાંઠે રમવા ગયા. રમતાં રમતાં ચાર વાગી ગયી.. બધાને ભૂખ લાગી છે. મિત્રો બોલ્યા, ‘‘ઘનશ્યામભાઈ, ભૂખ બહુ લાગી છે. ભોજન મળે તો બહુ મઝા આવે.’’ ઘનશ્યામમહારાજ પાસે રૂમાલ હતો. તેના ચાર છેડા મહુડાના વૃક્ષના ડાળે બાંધ્યા. ‘‘આ રૂમાલમાં થોડી વાર પછી ભોજન આવી જશે. ત્યાં સુધી સ્નાન કરી આવીએ.’’ સખા સાથે ખૂબ જળ ક્રીડા કરી... પછી આવ્યા મહુડાના વૃક્ષ પાસે. વૃક્ષ ઉપર ચડીને જોયું તો રૂમાલમાં મીઠાઇ ભરી છે. આ મીઠાઇ કોણ રાખી ગયું હશે? નવાઇ પામી ગયા...

હશે, જે હશે તે... આપણને જમવાથી કામ... ફટાફટ મિત્રો પૃથ્વીપર ચંદ્રાકાર થઇને જમવા માટે બેસી ગયા... ઘનશ્યામમહારાજે મનોમન અષ્ટસિધ્ધિઓને બોલાવ્યાં... પધારો અષ્ટસિધ્ધિઓ, અમને ખૂબ ભૂખ લાગી છે.

**ત્યારે સિધ્ધિયો થઈ પ્રકાશ, પીરસે સર્વેને ભોજન તાસ ।**
**સોના રુપાની સુંદર ઝારી, તે વડે પાય નિર્મળ વારી ॥**

અષ્ટસિધ્ધિઓ હાથમાં થાળ લઈને આકાશમાંથી ઉતરી આવ્યા. રૂપરૂપના અંબાર, ઝગમગતી સોનાના તાર વાળી સાડી, હાથમાં સોનાના થાળ, તેમાં બત્રીસ પકવાન, બીજા હાથમાં સોનાની ઝારી, તેમાં પીવા માટે ઠંડુ પાણી લાવ્યાં છે. બાલમિત્રોની સાથે પ્રભુ ભોજન જમે છે.



અષ્ટિસિદ્ધિ બાળપ્રભુને જમાડે છે.

તે વખતે જગતસૃષ્ટા બ્રહ્માજી પ્રસાદ જમવાની ઇચ્છાથી જ્યાં પ્રભુ જમે છે ત્યાં આવ્યા. માછલાનું રૂપ લઇને જળમાં પ્રવેશ કર્યો... પ્રભુ જમ્યા પછી મીનસાગરમાં જળમાં હાથ ધોવા આવશે. ત્યારે પ્રસાદી મળશે... અંતર્યામી પ્રભુ બોલ્યા, "વહાલા મિત્રો, આજે કોઇ સરોવરમાં હાથ ધોવા જાશો નહિ... પાણીમાં મોટો મગર છે... હાથ ધોવા જાશો તો મગર પકડશે... " મિત્રો ડરી ગયા... "રેતીમાં હાથ ઘસી લ્યો." કોઇ હાથ ધોવા ગયા નહિ... હવે શું કરવું?

પછી બ્રહ્માજીએ સાધુના વેશે આવીને ભિક્ષા માગી. "ભિક્ષાન દેહી!" બાળ ઘનશ્યામે કહ્યું, "સાધુરામ, શરમાતા નથી? બુધ્ધિ છે કે નથી? નાના બાળકો પાસે ભીખ કદી મગાતી હશે?! ગામમાં જાવ... ત્યાં ભિક્ષા મળશે." બ્રહ્માજી ભોઠાં પડી ગયા... કઇ રીતે પ્રસાદ મળશે? પોતાનું મૂળરૂપ છૂપાવીને બ્રહ્માજી આવ્યા છે તે ભગવાનને ગમ્યું નહિ. સીધી રીતે આવ્યા હોત તો પ્રસાદ મળત, પણ યુક્તિ કરવા ગયા તેથી નિષ્ફળતા મળી... બ્રહ્માજી વિચાર કરે છે. હવે શું કરવું? ભગવાન પાસે કપટ નહિ ચાલે. "જેવા છો તેવા થઇને આવો." તેથી મૂળરૂપ પ્રગટ કર્યું... ચારમુખ છે અને હંસ ઉપર બેઠા છે... પ્રભુને પગે લાગીને કહ્યું, "હે મહારાજ, મને માફ કરો..."

**કર જોડી કરે છે સ્તવન, હવે ક્ષમા કરો ભગવાન ।**
**પ્રભુજી તમે અંતરજામી, બલવંતજી છો બહુનામી ॥**
**નથી અજાણ્યું કાંઇ તમારૂં, તમઆગે શું જોર અમારૂં ।**
**દયા કરીને પ્રાસાદી આપો, કરૂણાથી કર શીર થાપો ॥**

"હે પ્રભુ! તમારી પ્રસાદી જમવા માટે હું સત્યલોકમાંથી આવ્યો છું. મારી ભૂલને ક્ષમા કરો ને દયા કરીને પ્રસાદી આપો." ત્યારે ઘનશ્યામમહારાજે પોતાના હાથનું ધોયેલું જળ બ્રહ્માજીને આપ્યું. બ્રહ્માજીની ઇચ્છા પુરી થઇ. રાજી રાજી થઇ ગયા...

મને પ્રગટ પુરુષોત્તમનારાયણનો પ્રસાદ મળ્યો... ધન્ય ઘડી, ધન્ય અવસર... હું કૃતાર્થ થઈ ગયો... પ્રભુને પગે લાગી બ્રહ્માજી અદ્રશ્ય થઈ ગયા... અષ્ટસિધ્ધિઓ પણ અદશ્ય થઈ ગયાં... પ્રભુનાં આવા દિવ્ય ચરિત્રો વારંવાર સંભાળવાં.

અયોધ્યાપ્રસાદજી કહે છે, "હે રામશરણજી!..."

ધન્ય મીનસાગરની ધરણી, ધન્ય છુપૈયાવાસીની કરણી ।
સ્થિર મનથી ધરે જો ધ્યાન, કોઈ જન બેસી તેહ સ્થાન ॥
તેનું ફળ અપાર મળશે, તાપ ત્રિવિધી કેરા ટળશે ।
વળી પામશે અક્ષરધામ, તેના સિધ્ધ થાશે સહુ કામ॥

ધન્ય મીનસાગરની ધરણી, ધન્ય છે છુપૈયાવાસી જનની કરણી. જે પ્રગટ પુરુષોત્તમનો યોગ મળ્યો છે. નિત્ય દર્શન થાય છે... મીનસાગરના કીનારે કોઈ ભક્તજન સ્થિર વૃત્તિ રાખીને હરિ ધ્યાન કરશે તેના ત્રિવિધી તાપ ટળી જશે. અંતરમાં શાંતિ થશે અને દેહના અંતે અક્ષરધામને પામશે.

## ૭૯. ખાતા પીતા બગાડે છે શરીર.

છપૈયાનો મહિમા બડો, પાવન પુણ્ય પવિત્ર ।
અક્ષરપતિ અનુપ જ્યાં, કરે છે નિત્ય ચરિત્ર ॥

એયોધ્યાપ્રસાદજી કહે છે, છપૈયાની ભૂમીને ધન્યવાદ છે... એક રજકણ ચરણની, પામે કોઈ નરનાર, જન્મમરણ સંકટ ટળે, મટે જમનો માર... આ સંસારમાં અનેક પ્રસંગો કેફી હોય છે. પણ લગ્ન પ્રસંગમાં વિશેષ કેફ ચડતો દેખાય છે... તે વિષે એક વાત છે. મોતી ત્રવાડીના પુત્રનું નામપ્રયાગ હતું. તેનું સગપણ કર્યું... ધામધુમથી સૌ લગ્નમાં જાય છે... લક્ષાવિધિ શરૂ થયો. મંગળ ફેરા ફરાયા. પછી સંબધી સૌ જમવા બેઠાં... લાલબિહારી બોલ્યા, "આપણે આજે શરત રાખીએ. એક મણની પુરી અને ચાર શેર ખાંડ જે જમી જાય તેને એકાવન રૂપિયા ઈનામઆપીએ... છે કોઈ તૈયાર?" ત્યારે ઉન્મત ત્રવાડી બોલ્યાં, "હા હા, હું તૈયાર છું..."

શરત પ્રમાણે જમી ગયા... બધા માણસોએ તાળી પાડી... "વાહ ઉન્મત ત્રવાડી, વાહ." સીમેન્ટ કોથળીની જેમપેટ ફુલ ભરાઈ ગયું. શ્વાસ લેવાતો નથી.બરાબર બોલાતું નથી. સરખી રીતે ચલાતું નથી. માંડ માંડ ઉતારે આવ્યા. ઉન્મત ત્રવાડી રાજી થાય છે, હું કેવો મરદ કે શરત પ્રમાણે જમી ગયો... મારી જીત થઈ ને ૫૧ રૂપિયા મળ્યા. ઉતારે આવીને સૂઈ ગયા... ઊંઘ આવતી નથી... સખત પીડા ઉપડી... ઊંડા ઊંડા મરોડ આવે છે. હવે શું કરવું? રાડો પાડે છે... મારું કાંઈક કરો...

ઘનશ્યામમહારાજ બોલ્યા, "જમવાની કાંઈક હદ રાખવી જોઈએ ને... કોણે

કહ્યું હતું કે એટલું બધું અકેતું ખાવ... ભોજન બીજાનું હતું, પણ પેટ તો તમારું હતું ને. હવે રાડો પાડો છો... મને એમલાગે છે તમે વગર મોતે મરી જાશો..." ત્યારે મામા બોલ્યા, "મરીએ તો તમે જીવતા કરજો..."

**શ્રી હરિ કહે છે તમે મામા, ઉડતા વળગો છો શું સામા ।**
**જીવતું કરવું જે મનુષ્ય, ન્યનાધિક કરવું આયુષ્ય ॥**
**એ તો પ્રભુના હાથનું કામ, તેમાં શું કરે કો ભગવાન ।**
**નથી આવડતું તે અમને, મરેલા જીવાડીયે તમને ॥**
**દોરી છે સર્વે પ્રભુને હાથ, તોય અજાણ્યા થઇ બોલે નાથ ।**

"અમને જીવતાં કરતાં આવડતું નથી... એ તો પ્રભુના હાથની વાત છે... એમાં અમે શું કરીએ?" મધરાત્રી થઇને ઉન્મત ત્રવાડીનું મૃત્યુ થઇ ગયું... સગાં સંબધી સૌ ઉદાસ થઇ રડે છે. મંગળ કાર્યમાં અમંગળ થયું... સ્મશાનમાં લઇ ગયા... ગામનાગપુરમાં વાત પ્રસરી ગઇ. સૌ નિંદા કરે છે. "છપૈયાના લોકોમાં અક્કલ નથી. સાવ મૂર્ખ છે. જિંદગીમાં ખાવાનું જોયું ન હોય તેમજમે છે ને વગર મોતે મરે છે. ખાવાનો કાંઇ ઢંગ રાખતા નથી. તેથી કાલે એક મર્યો ને બીજો આજે મરશે... ૫૧ રૂપિયાના લોભથી જિંદગી પૂરી કરી નાખી."

ધર્મદેવે આ વાત સાંભળી ખૂબ દુઃખ થયું. ઉન્મત ત્રવાડીના શરીરમાં અગ્નિ મૂકવા જાય છે. તે વખતે ધર્મદેવે ઘનશ્યામમહારાજ સામે નજર કરી... અંતર્યામી પ્રભુ પિતાજીના હાર્દને સમજી ગયા... પ્રભુ ચિતા પાસે આવ્યા... અને જોરથી બોલ્યા, "મામા! ઓ મામા! જાગૃત થાઓ..." ત્યાં તો મામા ચડપ દઇને બેઠા થઇ ગયા. સૌ આશ્ચર્ય પામી ગયા... જોતાજ રહી ગયા... મરેલા માણસ જીવતા થાય તે ગજબની વાત છે.

ઘનશ્યામમહારાજ સાક્ષાત્ પરમેશ્વર છે... બધા માણસો પૂછે છે, " ઉન્મત ત્રવાડી, તમે ક્યાં ગયા હતા?" "હું અક્ષરધામમાં ગયો હતો. ત્યાં મને પ્રભુનાં દિવ્ય દર્શન થયાં... અનેક મુક્તો ઘનશ્યામમહારાજની સેવામાં છે. તમે સૌ છપૈયાવાસી લોકોની નિંદા કરતા હતા તેથી ઘનશ્યામે મને આંહી બોલાવી લીધો." સગાંસંબધી સૌ રાજી થયાં... પ્રયાગના ધામધૂમથી લગ્ન થયાં... ધર્મદેવ વિગેરે સર્વજન છપૈયા આવ્યા... ઘનશ્યામમહારાજે ઉન્મત ત્રવાડીને જીવતા કર્યા તે છપૈયા વિગેરે ગામમાં વાત પ્રસરી ગઇ. સૌ આશ્ચર્ય પામી ગયા.

છપૈયાવાસી ઉન્મત ત્રવાડીને કહે છે, "ઘનશ્યામમહારાજ સાથે હતા એટલે તમે જીવતા થયા. નહિંતર બચી શકત નહિ." યાદ રાખજો... આપણે દરેક કાર્યમાં પ્રભુ સાથે રાખશું, ધર્મ સહિત ભક્તિ કરશું, તો જરૂર પ્રભુ આફતમાંથી બચાવી લેશે...

અને જન્મમરણના ફેરાથી મુક્ત થશે... કથા સાર... જમતી વખતે મૌન રાખી કોળીયે કોળીયે ભગવાનને યાદ કરવા. શરીરથી, વાણીથી અને મનથી પવિત્ર રહેવું. અનાજનો બગાડ કરવો નહિ. જમવા માટે જેટલી વસ્તુ જોઇએ તેટલી લેવી પણ થાળીમાં અન્ન વધારવું નહિ. ભોજનને વધારીને ગટરમાં ફેંકી દેવું તે પાપ છે. માટે જોઇતું ભોજન લેવું... બે ભાગ ભોજનથી ભરવા. એક ભાગ પાણીથી અને એક ભાગ વાયુને અવર જવર માટે ખાલી રાખવો... અલ્પ આહાર કરવો, તે પણ તપ છે.

## ૮૦. છોટીબા, ઘનશ્યામને સમજાવો.

કલ્યાણકારી પુર છપૈયા, સેવે જે કોઇ નરનાર ।
કોટિ જન્મના પાપ નાસે, પામે ભવજળ પાર ॥

છપૈયાધામઅક્ષરધામસમાન છે... છપૈયાનામમંદિરમાં બેસી જપ કરે, તપ, દાન, પુન્ય કરે, સંતોને જમાડે, અનુષ્ઠાન કરે, યજ્ઞયાગ કરે, પ્રદક્ષિણા કરે, વિગેરે સત્કર્મ કરે, તેના કોટિ જન્મના પાપ નાસે ને પામે ભવજળ પાર. વેણીરામઅને ઘનશ્યામમહારાજ બે જીગર ભાઇબંધ થાય. હંમેશાં સાથે જ હોય.એક બીજાને ઘેર જમે, રમે ને આનંદ કીલ્લોલ કરે. વેણીરામના ઘરમાં ઘનશ્યામમહારાજ છાના માના પેસી જાય. દહીં, દૂધ, માખણ આદિ વસ્તુ પોતે જમે ને સખાને જમાડે. કોઇને ખબર ન પડે તેમજેમવાસણ હોય તેમસરખી રીતે ઢાંકી દે. પકડવા જાય તો છટકી જાય પણ પકડાય નહિ... દરરોજ નુકશાન કરે તે કેમપોસાય? હવે શું કરવું? વેણીરામના માતાનું નામલક્ષ્મીબાઇ હતું. ભક્તિમાતાને ઘેર ઠપકો દેવા આવ્યાં...

છોટીબા ઘનશ્યામને વારો, કરે છે ભંજવાડ અમારો ।
દધી દૂધ માખણ કેવાય, ચોરી કરીને એ ખાઇ જાય ॥
મારા ઘરમાં આવીને પેઠા, આજ મેં મારી નજરે દીઠા ।

"છોટીબા, તમારા ઘનશ્યામને સમજાવો... ચોરી કરતાં શીખી ગયા છે. અમારા ઘરમાંથી દૂધ, દહીં ને માખણ ખાઇ જાય છે. વધે તે ઢોળી નાખે છે. ભંજવાડ કરે છે. માટે તમારા ઘનશ્યામને વારજો." સુવાસનીબાઇ બોલ્યાં, "લક્ષ્મીબાઇ, વિચારીને બોલજો. આખા ગામમાં બોલ્યા કરો છો કે ઘનશ્યામચોર છે, ઘનશ્યામચોર છે. અમારા ઘનશ્યામબહુ ડાહ્યા છે. કોઇ દિવસ ચોરી કરતા નથી... ખોટી ફજેતી કરશો તો મેળ નહિ થાય... ચોર તો તમારો વેણીરામછે. વહેલી સવારે અમારા ઘરે આવે ને માખણ ખાઇ જાય છે. તમે તમારા વેણીરામને સાંચવજો." લક્ષ્મીબાઇ બોલ્યાં, "મારો વેણીરામસીધો ને સાદો છે. ચોરી કરે એવો તોફાની નથી... તોફાની તો તમારા ઘનશ્યામછે." આવી વાત સાંભળી ભક્તિમાતા કહે છે...

હવે લક્ષ્મીબાઇ સુણો તમે, સત્ય વાત કહીએ છીએ અમે ।
ચોરી કરવા આવે જો નાથ, પકડી બાંધી દેજો બે હાથ ॥
પછી કેમકરી રહેશે છાનું, ત્યારે સત્ય વાત અમે માનું ।
અમને જુઠી ન કહેશો વાત, ખોટો કરશો નહિ ઉતપાત ॥

"લક્ષ્મીબાઇ, અમારા ઘનશ્યામચોરી કરવા આવે ત્યારે પકડીને બે હાથ બાંધી દેજો. તો અમે સાચું માનશું... બાકી જૂઠી વાત તમારી નહિ ચાલે." "હા-હા... કાલે બાંધી દઇશ. મારે ક્યાં કોઇની બીક છે." ત્રણ ચાર દિવસ પછી ઘનશ્યામભાઇ વેણીરામને ઘરે ગયા. લક્ષ્મીબાઇ સૂતાં છે... છાના માના ધીરે ધીરે શિકા ઉપરથી દહીંનું ગોરસ ઉતાર્યું ને બેઠા બેઠા જમે છે... ત્યાં અચાનક લક્ષ્મીબાઇ જાગી ગયાં. ઘનશ્યામમહારાજે કહ્યું, "વેણીરામ! દોડજે... નહિંતર માર ખાશું... તારી મા આજ માર્યા વિના મૂકશે નહિ."



લક્ષ્મીબાઈને ચમત્કાર.

વેણીરામઅને ઘનશ્યામદોડવા જાય ત્યાં લક્ષ્મીબાઇએ વેણીરામને જવા દીધા ને ઘનશ્યામને પકડી લીધા. દોરડાથી બે હાથ બાંધી થાંભલા સાથે બાંધી દીધા. "આજે ઠીક લાગમાં આવ્યા છો... આજે આખા ગામમાં ફજેતી કરીશ. ઘનશ્યામચોર છે! ઘનશ્યામચોર છે!"

લક્ષ્મીબાઇ ભક્તિમાતાના ઘરે આવ્યાં. "છોટીબા... આજે ચોરને પકડીને બાંધી દીધો છે... ચાલો બતાવું. તમારા ઘનશ્યામકેવા ડાહ્યા છે તે હવે ખબર પડશે." ભક્તિમાતા જોવા આવ્યા. પ્રભુએ રૂપ બદલાવી નાખ્યું... વેણીરામથાંભલા સાથે બાંધેલો છે. "લક્ષ્મીબાઇ, તમે સાવ જૂઠા છો... વેણીરામને બાંધ્યો છે ને અમારા ઘનશ્યામનું નામબદનામકરો છો." ગામના માણસો કહે છે, "ગાંડી, પોતાના દીકરાને દોરડાથી બાંધીને અમને દેખાડે છે... બરાબર જુવો તો ખરા... કોણ છે?" જ્યાં લક્ષ્મીબાઇએ નજર કરી તો વેણીરામદેખાયો.

શરમાઇ ગયાં... વેણીરામઊંચે સાદે રડે છે... “મા, મને છોડ... મા, મને છોડ.” લક્ષ્મીબાઇને નવાઇ લાગી... બાંધ્યા હતા ઘનશ્યામને વેણીરામકેમદેખાય છે?! ચોક્કસ આ કામઘનશ્યામનું છે... તે વખતે ઘનશ્યામમહારાજ હાથમાં ગોળ ખાતા ખાતા બહાર આવ્યા... “શું છે દીદી... આ લક્ષ્મીબાઇ ખોટું બોલતાં શીખી ગયા છે. હું કોઇ દિવસ ચોરી કરતો નથી... ને મારું ખોટું નામલે છે.”

વેણીરામને છોડી દીધા. પછી ભક્તિમાતા પાસે આવ્યાં... “છોટીબા, મારી ભૂલ થઇ છે... માફ કરો... બીજી વાર કોઇ દિવસ ઘનશ્યામની રાવ લઇને આવીશ નહિ.” અહંકારથી ભગવાન પકડાય નહિ... ભક્તિથી જ પ્રભુ પકડાય છે... ભગવાન ચિત્ત ચોર છે. માંખણની ચોરી નથી કરતા... ભાવની ચોરી કરે છે. ભાવ છે ત્યાં ભગવાન દોડતા જાય છે. ભાવ હોય ત્યાં માગીને ખાવાની ઇચ્છા થાય છે. ભક્તિમાં ભાવ મુખ્ય છે. લક્ષ્મીબાઇને અંતરમાં દીકરા કરતાં પણ ઘનશ્યામમહારાજ ઉપર હેત ભાવ વિશેષ છે... તેથી ઘનશ્યામતેમને ઘેર વગર આમંત્રણે જાય અને માખણ જમે. લીલાનો વિસ્તાર કરે છે.

## ૮૧. ચાર્તુમાસમાં વિશેષ નિયમલેવું.

અષાઢમાસ આવ્યો... ચોમાસુ ચાલુ થયું... રામપ્રતાપભાઇએ નિયમલીધો..

વળી એક સમે મોટાભાઇ, નિયમલીધો છે ચોમાસા માંઇ ।
કરવું સવિતાનું દર્શન, ત્યારે જમવું પોતાને અન્ન ॥
એવો રાખ્યો છે નિયમકઠીણ, રામપ્રતાપજી છે પ્રવીણ ।
આવ્યો શ્રાવણ માસ તે વાર, એલી મંડાણી છે દિન બાર ॥
સુર્ય ઉદય નવ દેખાયો, આકાશ વાદળથી છવાયો ।

મોટાભાઇએ નિયમલીધો કે ચાર્તુમાસમાં સૂર્યદર્શન કર્યા પછી જ જમવું. શ્રાવણ માસ આવ્યો. વરસાદ ચાલુ થયો. આકાશમાં ઘનઘોર વાદળાં છવાઇ ગયાં, તેથી સૂર્ય દેખાય નહિ... સાત આઠ દિવસ થયા સૂર્ય દેખાતા નથી. ઉપવાસ ઉપર ઉપવાસ કર્યા પણ હિંમત હાર્યા નહિ. નિયમનું યથાર્થ પાલન કરે છે.

બાર દિવસ સુધી સૂર્યનારાયણ દેખાયા નહિ. ભાઇના બાર ઉપવાસ થયા. સૂર્ય દર્શન થાય નહિ તો જમાય નહિ... હવે શું કરવું? તેરમો દિવસ છે. રાત્રીના સમયે ધર્મદેવ પોતાના ત્રણ પુત્રો સાથે આંબલી નીચે ચોતરા પર બેઠા છે... ઘનશ્યામમહારાજે સંકલ્પ કર્યો, “હે સૂર્યનારાયણદેવ! આપ પધારો ને અમારા મોટાભાઇને દર્શન આપો!” તુરંત સૂર્યનારાયણદેવ શ્વેત અશ્વના રથમાં બેસીને પધાર્યા. તે રથમાં ઋષિમુનિ બેઠા છે. પ્રકાશ પ્રકાશ છવાઇ ગયો. સૂર્યનારાયણ દિવ્ય તેજોમય માનવરૂપે રથમાં બેઠા છે. મોટાભાઇએ સૂર્યનારાયણની ચંદન પુષ્પ

વિગેરે ઉપચારોથી પૂજા કરી. સૂર્ય કહે છે, "આ તમારા ઘનશ્યામભાઈ છે તે સાક્ષાત્ પરમેશ્વર છે. અમારા ઈષ્ટદેવ છે. એમની આજ્ઞામાં અમે રહીએ છીએ."




રામપ્રતાપભાઈ સૂર્યનારાયણના દર્શન કરે છે.

સૂર્યનારાયણદેવે ઘનશ્યામમહારાજની પૂજા કરી અને સાઈઠ હજાર ઋષિઓ વેદ મંત્રથી સ્તુતિ કરે છે... સુવાસનીબાઈએ સૂર્યને, ઋષિમુનીઓને, મોટાભાઈ વિગેરેને ગોમતી ગાયનું દૂધ પાન કરાવ્યું... વંદન કરી સૂર્યનારાયણદેવ આકાશમાં અદશ્ય થઈ ગયા. ભક્તિમાતાએ રસોઈ બનાવીને રામપ્રતાપભાઈને જમાડ્યા... કથા સાર... ચાર્તુમાસમાં વિશેષ નિયમલેવા જોઈએ અને દઢતા પૂર્વક પાલન કરવું જોઈએ... ગાળો દેવાની ટેવ હોય તો નિયમલેજો હવે ગાળ નહિ બોલીએ. લોભીયો સ્વભાવ હોય તો નિયમલેજો લોભ નહિ કરીએ. વાતની વાતમાં ક્રોધ આવી જતો હોય તો નિયમલેજો ગુસ્સો નહિ કરીએ, કપટ નહિ કરીએ, કોઈનો દ્રોહ નહિ કરીએ, ગરીબને, ગાયને, મા-બાપને દુઃખી નહિ કરીએ, કડવા વચન બોલી રીબાવશું નહિ, ઈર્ષા અદેખાઈ નહિ કરીએ. આવા નિયમલેવા જોઈએ. આવાં નિયમજીવન ધન્ય બનાવશે... શાંતિ થશે... અને સદ્‌બુધ્ધિમાં પ્રકાશ થશે... એજ ખરું કરવાનું છે.

## ૮૨. કોણ જીત્યું ને કોણ હાર્યુ?

છપૈયાપુર પાવન છે, મોક્ષતણું તે ધામ।
વાસ કર્યો જ્યાં વાલમે, અવતારી પૂર્ણકામ॥

છપૈયાપુર મોક્ષનું ધામછે. જ્યાં અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાને દિવ્ય લીલા કરેલી છે... રામપ્રતાપભાઈ અને ઘનશ્યામમહારાજ પટમેરૂની સામસામી રમત રમે છે. બે પક્ષ થયા. મોટાભાઈના પક્ષમાં વેણી, માધવ, પ્રાગ આદિક સાત આઠ સખા છે... ઘનશ્યામમહારાજના પક્ષમાં સુખનંદન, માધવચરણ આદિક સાત આઠ સખા છે... ઘનશ્યામમહારાજ કહે છે...

**વશરામમામાની વાડી છે જ્યાંય, રૂડી આંબાની સાખો છે ત્યાંય।**
**સારી સ્વાદિષ્ટ થઈ તૈયાર, જે કોઈ પહેલી લાવે આ ઠાર ॥**
**પહેલી લાવે તેની જીત થાય, પછી લાવે તે હાર્યા કહેવાય ।**

"વશરામમામાની વાડીમાં સરસ મજાની સ્વાદિષ્ટ આંબાની સાંખો (કેરી) થઈ છે. જે પહેલી વીણી લાવે તે જીત્યા કહેવાશે ને પછી લાવશે તે હાર્યા કહેવાશે." રાત્રીનો સમય થયો. મોટાભાઈ વિચાર કરે છે કાલે સખા સાથે લઈને વહેલા વહેલા પ્રભાતમાં મામાની વાડીમાં જાશું ને જીત કરશું. સખાને કહ્યું, "કાલે વહેલા વહેલા આવજો." અંતર્યામી ઘનશ્યામમહારાજ જાણી ગયા... ભાઈ કાલે વહેલા વાડીમાં જશે... તેથી નિંદ્રાદેવીને આજ્ઞા કરી ભાઈને તથા એના પક્ષના સખાને ભરનિંદ્રામાં પોઢાડી દો... બધા ઘસઘસાટ ઊંઘી ગયા.

ઘનશ્યામમહારાજે યુક્તિ કરી. ભૂતને બોલાવ્યાં. હજારો ભૂત હાજર થયાં. "કહો... આપની શી આજ્ઞા છે?" પ્રભુએ કહ્યું, "વશરામમામાની વાડીમાંથી આંબાની સાંખો (કેરી) લાવીને આંબલી નીચે ઢગલો કરી દો." ભૂત દોડતાં ગયાં. કેરી વીણીને ઢગલો કરી દીધો... મોટાભાઈ ઊંઘમાંથી જાગ્યા તો આછા અજવાળા થવા આવ્યાં છે... "અરરર... આજ મોડું થઈ ગયું... ઊંઘ આવી ગઈ... ચાલો સખા જલદી જલદી... નહિંતર ઘનશ્યામકેરી વીણી લેશે તો તેની જીત થાશે."

સખા સાથે ભાઈ વાડીમાં આવ્યા. જ્યાં કેરી વીણવા જાય ત્યાં મંડ્યા ભૂત ભડકા કરવા. બધા ડરી ગયા. હવે શું થાશે? ભૂત કિલકિલાટ કરતાં પાછળ દોડ્યાં... "અલ્યા... કેરી લેશો તો માર ખાશો... વાડીમાંથી નીકળી જાવ ને ઘર ભેગા થઈ જાવ... નહિંતર ભૂંડી દશા થાશે."

ભૂત સખાની પાછળ દોડ્યાં... સખા અને મોટાભાઈ મુઠ્ઠી વાળીને જાય ભાગ્યા. ધ્રૂજતા ધ્રૂજતા વશરામમામાના ઘરમાં પેસી ગયા. "મામા, ભૂતના ત્રાસથી અમે માંડ બચ્યા છીએ." મામાએ કહ્યું, "અંધારામાં શું કામકરવા ગયા હતા? પીપળમાં હજારો ભૂત રહે છે. ત્યાં જવાય નહિ." મામાએ ખૂબ ધીરજ આપી છે... પછી મોટાભાઈ ઘરે આવ્યા તો ઘનશ્યામમહારાજ ભૂત સાથે વાતો કરે છે.

ભૂત કહે છે, "હે પ્રભુ! અમને ખાવા પીવાનું બહુ દુઃખ છે... પાણી પીવા પણ મળતું નથી. વરૂણદેવની ચોકી ફરે છે." ઘનશ્યામમહારાજે કહ્યું, "ચિંતા ન કરો. તમે અમારું કામકરી દીધું છે તેથી તમને નારાયણસરોવર, ખાંપાસરોવર, ગૌઘાટ વિગેરે સરોવરમાં પાણી પીવાની છૂટ છે. ફળ ફૂલ ખાવાની છૂટ છે પણ બગાડ કરશો નહિ... અમે કોઈનો ભાર રાખતા નથી." એક એક ભૂતને દશ દશ કેરી દીધી... ભૂત રાજી થઈ ગયા... પછી ત્યાંથી ચાલ્યા ગયા. ઘનશ્યામમહારાજ બોલ્યાં

મોટાભાઇ...

**કોણ જીત્યું કોની થઈ હાર, મને નક્કી કહો તે વિચાર ।**
**જ્યેષ્ઠ બંધુ કહે જીત્યા તમે, તમઆગે હારી ગયા અમે ॥**

"કોણ જીત્યું? ને કોણ હાર્યું?" મોટાભાઇ બોલ્યાં, "તમે જીત્યા ને અમે હાર્યા... તમે ભૂત પાસે કામકરાવી લીધું... તમારી કળા અપરંપાર, તેમાં પહોંચે નહિ વિચાર... જે ધારો તે કરી શકો." પ્રભુએ કહ્યું, "ચિંતા ન કરો... ચાલો બધા સાથે બેસીને કેરી જમીએ ને આનંદ કરીએ." કથા સાર... ભૂતને આજ્ઞા કરી, તમે કેરી વીણીને અમારા ઘરે પહોંચતી કરો... ભૂતે તરત ભગવાનનું વચન સ્વીકારી લીધું... તો સુખી થયા... તેમઆપણે જો સુખી થાવું હોય તો ભગવાનની આજ્ઞાનું યથાર્થ પાલન કરવું જોઈએ... નાની મોટી આજ્ઞાનું પાલન કરવું તેમાં શ્રીજી મહારાજનો રાજીપો છે... પાણી વલોવાથી માંખણ મળે નહિ... તેમપરમાત્માની આજ્ઞા લોપવાથી ક્યારેય સુખ થાય નહિ.

સખા સાથે ઘનશ્યામમહારાજ રામસાગરમાં સ્નાન કરવા ગયા. ત્યાં બે અસુર આવ્યા. રામદત્ત ને ભવાનીદત્ત. બાળક બનીને... રામસાગરના જળમાં સખા સાથે રમવા લાગ્યા... પ્રભુને ખબર પડી ગઈ અસુર બાળક બનીને આવ્યો છે. અસુરે ઘનમયામમહારાજનો પગ પકડી લીધો... હમણાંજ મારા વેરીનો નાશ કરી નાખું... ઊંડા જળમાં ખેંચી જઇશ... ઘનશ્યામમહારાજે જોરથી ચરણ ઊંચો કરી આકાશમાં ફેક્યો... દૈત્ય આકાશમાં ચક્કર ખાતો ખાતો ભમતો આખડતો કલ્યાણ સાગરને કાંઠે પડ્યો ને મૃત્યુ પામ્યો. બીજો ચરણ ઊંચો કરી જોરથી તરછોડ્યો કે બીજો અસુર મૃત્યુ પામ્યો. જ્યારે બે અસુર મૃત્યુ પામ્યા ત્યારે...

**આવ્યા અમર વ્યોમે તે વાર, કરે દુંદુભીનાદ અપાર ।**
**વળી પુષ્પ રૂડાં વરસાવે, નાચે અપ્સરા ગાંધર્વ ગાવે ॥**

જય જય કાર કરી ઘનશ્યામમહારાજ ઉપર સ્વર્ગના દેવતાઓએ પુષ્પનો વરસાદ કર્યો...

**બોલો ઘનશ્યામમહારાજની જય!**

## ૮૩. ગાયો દોવરાતાં દૂધ પીધું.

સુવાસનીભાભીએ ઘનશ્યામમહારાજને કહ્યું, "તમે મંગળ અમને છીટન આહિર સાથે જાવ અને આપણી ગાયોને દોવરાવી લાવો." નારાયણ સરોવરના દક્ષિણ કિનારે ધર્મદેવની ગૌશાળા હતી... બે ગોવાળીયા ગાયો દોઇને પાત્ર ઘનશ્યામમહરાજને આપે. "લ્યો ઘનશ્યામ, આ પાત્ર ઘરે પહોંચાડી આવો." ઘનશ્યામમહારાજ પાત્રમાંથી થોડુંક દૂધ પોતે પી લે... પછી નારાયણ સરોવરમાંથી

પાણી ભરી પાત્રમાં નાખી દે... કોઇને ખબર પડે નહિ...

**આહીર બન્ને જાણે નહિ, એમકરે હરિ કામ।**
**દોઇ દોઇને પાત્ર ભરી, મૂકે છે જ્યાં ઘનશ્યામ॥**
**ઘટે તે કરે બરાબર, પાણી રેડી પરમેશ ।**
**એમકરીને છાનું રાખે, જાણે નહિ કોઇ લેશ ॥**

સુવાસનીબાઇ ભક્તિમાતાને કહે છે, ''બાઇજી, પહેલાં દૂધ બરાબર જામી જતું... માખણ સારું ઉતરતું. હમણાં દૂધ જામતું નથી. તેનું કારણ હશે? કાંઇ ખબર પડતી નથી. ઘનશ્યામભાઇ કદાચ દૂધ પીને પાણી રેડતા લાગે છે.'' ભક્તિમાતાએ પૂછ્યું, ''ઘનશ્યામ, તમે દૂધ પીને પછી પાણી નાખો છો?'' ''ના દીદી... દૂધ પીતો નથી ને પાણી નાખતો નથી. પરંતુ ભાભી કદાચ એમકરતાં હશે તો ખબર નહિ.'' ભાભી તુરંત રસોડામાંથી દોણું લઇ આવ્યા. ભક્તિમાતાને બતાવ્યું, ''જુઓ બાઇજી. દૂધ પાણી જેવું છે કે નહિ?'' માતાએ કહ્યું, ''દૂધ પાણી જેવું લાગે છે.'' તુરંત પ્રભુ બોલ્યા.

**થોડા દિનની વિયાયેલી ગાય, માટે પાણી જેવું એ દેખાય ।**
**એવું કહીને માતાને સમજાવ્યાં, એમભાભીનાં મન મનાવ્યાં ॥**

''બાખડી ગાયનું દૂધ જાડું ને ઘાટું હોય. અને થોડા દિવસની વિયાએલી ગાયનું દૂધ પાતળું હોય.'' આવું સાંભળી ભાભી હસવા લાગ્યા. ત્યાં મંગળ આહીર આવ્યો. ભાભીએ પુછ્યું, ''દૂધ કેમપાતળું દેખાય છે?'' આહીર બોલ્યો, ''મને કાંઇ ખબર નથી... કદાચ ઘનશ્યામભાઇ પીતા હશે કે નહિ પીતા હોય. તમે તેને પૂછો.'' આવું સાંભળી ઘનશ્યામમંદ મંદ હસે છે... ચોરી પકડાઇ ગઇ. હવે જેમથાય તેમ.

ભક્તિમાતા સમજી ગયા... ચોક્કસ આ ઘનશ્યામનું કામછે. ભક્તિમાતા મીઠો ઠપકો આપે છે. ''ઘનશ્યામ! તમે જમો છો ત્યારે અમે દૂધ આપીએ છીએ છતાં આવું તોફાન શા માટે કરો છો?'' પ્રભુ મુખ ભારે કરીને બોલ્યા, ''જાઓ... હવેથી અમે દૂધ પીશું નહિ.'' એમકહી ઘરથી બહાર નીકળી ગયા... સુવાસનીભાભી સમજાવે છે, ''ભૈયા, શાંતિ રાખો... તમને વધારે દૂધ આપશું પણ દૂધમાં પાણી રેડજો નહિ... પ્રતિજ્ઞા લ્યો.'' ઘનશ્યામમહારાજે પ્રતિજ્ઞા લીધી. ''તમે જેટલું દૂધ આપશો તે જમશું પણ પાણી રેડશું નહિ.''

અયોધ્યાપ્રસાદજી કહે છે, બીરબલ નામનો અસુર સર્પનું રૂપ લઇને આવ્યો તેને પ્રભુએ પોતાના ચરણના જોરદાર પ્રહારથી ઉછાળ્યો, તે મૃત્યુ પામ્યો. ભૂમીનો ભાર ઉતારી પ્રભુએ સર્વેને સુખી કર્યા છે.

કથા સાર... ભક્તિમાતા એક ક્ષણ ભગવાનને ભૂલતા નથી. અખંડ સ્મરણ કરે

છે. ભક્ત ભગવાન વિના રહી શકતા નથી તેમભગવાન પણ ભક્ત વિના રહી શકતા નથી... જેને સંસારનું સુખ મીઠું લાગે તેની પાસે ભગવાન રહેતા નથી... ભક્તિ જેવો આનંદ મુક્તિમાં નથી.

મુક્તિ તો ભક્તિની દાસી છે. ભક્તિ છે તે મનને ભગવાનમાં તરબોળ રાખે છે. તેની તમામજવાબદારી પ્રભુ લઇ લે છે. બાપની સાથે મુસાફરી કરનાર છોકરાને કાંઇ ભાતાની ફિકર હોય નહિ. પ્રભુનો આશરો રાખીને અખંડ ભજન કરે છે તેને પોતાની ફિકર હોય નહિ. પ્રભુ સાથે મુસાફરી કરવી એટલે પ્રભુને હૃદયમાં રાખી ભજન કરવું.

## ૮૪. ધર્મદાદા કથા વાંચે છે.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી, ધર્મદાદા આંબલીના ચોતરા પર બેસીને ધર્મશાસ્ત્રની કથા વાંચે છે. પિતા ધર્મદેવને કથા વાંચવાની ખુબ રુચિ હતી. એક ક્ષણ પણ વ્યર્થ જવા દેતા નથી. સત્શાસ્ત્રો વાંચવાથી સાંભળવાથી હૃદયરૂપી મંદિર પવિત્ર થાય છે. ભગવાનને પવિત્ર હૃદયમાં રહેવું ગમે છે. દેહનો ખોરાક અન્ન છે, અને આત્માનો ખોરાક કથા અને કીર્તન છે. શાસ્ત્રો શ્રવણ અને મનન કરવાથી હૃદય ભુવનમાં જ્ઞાન દીપક પ્રગટ થાય છે. સાબુથી શરીર અને વસ્ત્રનો મેલ ધોવાય છે. હરિકથા સાંભળવાથી મન અને ઇંદ્રિયોનો મેલ ધોવાય છે.

**આંબલી તળે ચોતરે, કથા સુણે ઘનશ્યામ।**
**દેવ સકળ ત્યાં આવિયા, કથા માટે અભિરામ॥**
**હરિપ્રસાદના મુખથી, સુણે કથા રસ સાર ।**
**એકાગ્રચિતથી સાંભળતા, થૈ છે કેટલીક વાર ॥**

પિતા ધર્મદેવ કથા વાંચે છે ને ઘનશ્યામમહારાજ એકાગ્રતાથી કથા સાંભળે છે. સંસારની વાતો સાંભળવાની જેને મજા આવે તો સમજવું કે તેની ભક્તિનો રંગ કાચો છે. જેના હૃદયની અંદરથી ભક્તિનો રંગ લાગે તેને લૌકિક વાત સાંભળવાની ઇચ્છા થતી નથી. પ્રભુમાં પ્રેમછે તે સાચું ધન છે. દેવલોકમાંથી અનેક દેવતાઓ માનવના રૂપ ધરીને કથા સાંભળવા આવ્યા છે.

તે દિવસે હુતાશની હતી, તેથી ગામમાંથી છાણા ભેગા કરી,ગામના ઝાંપે મોટો ઢગલો કર્યો. રાત્રે અગ્નિ પ્રગટાવી સ્ત્રીઓએ ધાણી ચણાથી અગ્નિને વધાવ્યા અને ચારે બાજુ ફરવા લાગ્યા. ત્યાર પછી સૌ ઘેર ગયા. ઘનશ્યામમહારાજે કહ્યું, ‘‘મા મને ભૂખ લાગી છે... જમવાનુ આપો!’’ માતાએ કહ્યું, ‘‘ધીરજ રાખો. આપણા ગોખલામાં પૂજાના બાલમુકુંદ લાલજીની મૂર્તિ છે... તેને થાળ જમાડીને પછી તમને આપીશ.’’ ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા,

**ત્યારે બોલ્યા છે પ્રાણજીવન, સુણો માતાજી સત્ય વચન ।**
**બોલતા લાલજી આ પ્રત્યક્ષ, તેને જમાડો આજે સમક્ષ ॥**
**એટલે થશે એ લાલ રાજી, સાચું માની લેજો તમે માજી ।**
**એવું મર્મનું બોલ્યા વચન, પણ માતા ન સમજ્યા મન ॥**

"આ પ્રત્યક્ષ બોલતા ચાલતા લાલજીને જમાડો ને. એ રાજી થશે." એવું મર્મનું બોલ્યા વચન પણ માતા ન સમજ્યા મન. ઘનશ્યામભૂખ્યા છે એવું જાણીને તે વખતે લક્ષ્મીજી થાળ લઇને પહોંચી આવ્યા. સેવ, સાકર, ઘી, કારેલાનુ શાક, કેરીનું અથાણું ને પાપડ વિગેરે નો થાળ ઘનશ્યામમહારાજને અર્પણ કર્યો. ઘનશ્યામમહારાજ જમે છે ને બાજુમાં લક્ષ્મીજી બેઠા છે. માતા ભક્તિદેવી આશ્ચર્ય પામી ગયાં. લક્ષ્મીજી ઘનશ્યામમહારાજને કહ્યું, "હે પ્રભુ!તમે જે લીલા કરશો તેનાં દર્શન કરવાની મને ખૂબ આશા છે. એ ઇચ્છા પુરી કરો." પ્રભુ બોલ્યા,

**કાઠિયાવાડ દેશની માંયે, એભલખાચર ઘર ત્યાંયે ।**
**જન્મધારણ કરશો તમે, ત્યાં આવીને મળીશું અમે ॥**
**એમઈંદિરા આજ્ઞા પામી, થયાં અદ્રશ્ય મસ્તક નામી ।**

"કાઠીયાવાડ દેશમાં એભલખાચરને ઘેર જન્મધારણ કરશો. ત્યાં અમારો ફરીથી યોગ થશે." જીવુબા અને લાડુબા એ લક્ષ્મીજી અને રાધાજીનો અવતાર છે. લક્ષ્મીજી ધનની અધિષ્ઠાતા દેવી છે. રાધાજી ભક્તિની અધિષ્ઠાતા દેવી છે.

## ૮૫. મને ભમૈડો રમવો છે.

**અખાત્રીજનો દિવસ આવ્યો, શું કરે છે ભગવાન ।**
**સંત હરિજન સર્વે, સુણો થઇ સાવધાન ॥**
**મહારાજ શ્રી ના મામી છે, ગૌરીબાઇ જેનું નામ।**
**નિજ ઘેર રસોઇ કરી, જમાડ્યા શ્રી ઘનશ્યામ॥**
**પુરી કચોરી દહીં વડાં, રસોઇ નાના પ્રકાર ।**
**જાણીને જમવા બોલાવ્યા, શ્રી હરિને તેણી વાર ॥**

અક્ષયતૃતીયા (અખાત્રીજ) નો દિવસ આવ્યો, ગૌરી મામીએ આમંત્રણ આપ્યું. "ઘનશ્યામભાઇ, આજે અમારે ઘેર જમવા પધારજો." પ્રભુ મામીને ઘરે જમવા ગયા. મામીએ ભાવથી ભોજન પીરસ્યાં. પ્રભુ શાંતિથી જમ્યાં. પછી મામીએ ઘનશ્યામમહારાજનાં ભાલમાં કુંકુમનો ચાંદલો કર્યો. સરસ મજાની સોનાની તાર વાળી ડગલી, ધોતી ને ટોપી પહેરાવી. પગે લાગીને કહ્યું, " હવે ભલે તમે તમારે ઘેર જાવ. દીદી વાટ જોતાં હશે. નવરાશ મળે ત્યારે અમારા ઘરે જરૂર પધારજો." "હા મામી. જરૂર આવીશ." ઘનશ્યામભૈયા નવા કપડા પહેરી ઘરે આવ્યા. ભાભીએ પુછ્યું, "દિયરજી, તમને નવા વસ્ત્ર કોણે પહેરાવ્યા?" પ્રભુ કાંઈ બોલતા નથી.

ચોતરા ઉપર જઈને સૂઈ ગયા.

ભાભી નજીક આવ્યાં. પડખામાં ગલગલિયાં કર્યા એટલે ઘનશ્યામહસતા હસતા બેઠા થઈ ગયાં. ભાભી કહે છે, "ઘનશ્યામભાઈ તમે રીસાઈ જાવ તો મને બહુ દુઃખ લાગે. કહો તો ખરા. તમને આવા નવાં વસ્ત્રો કોણે પહેરાવ્યા છે?" પ્રભુ રડતા રડતા બોલ્યા, "ચાર-પાંચ દિવસ થયા દરરોજ મોટાભાઇને કહું છું કે મને રમવા માટે ભમૈડો લાવી આપો. ભમૈડો દેતા નથી ને મારવા આવે છે." ભાભીએ તુરંત ઘનશ્યામને તેડીને છાતી સાથે ભીડીને મસ્તક ઉપર હાથ ફેરવ્યો. "ખમા ઘનશ્યામ. શાંતિ રાખો. કાલે ચોક્કસ ભમૈડો લાવી આપીશું. રાજીપે રમો ને આનંદ કરો." પ્રભુ રડતા બંધ થઇ ગયા. "અમને ગૌરીમામીએ જમાડ્યા છે."

ભમૈડો મંગાવી દેશું અમે, હવે રાજી થાવો પ્રભુ તમે ।
કાલે લાવી આપીશું જરૂર, એવો વિશ્વાસ રાખજો ઉર ॥
એવું સુણીને થયા પ્રસન્ન, વાલીડો બોલ્યા મુખે વચન ।
ગૌરીમામીએ મને જમાડ્યો, વસ્ત્ર આપી આનંદ પમાડ્યો ॥

ભમૈડાનો વિશ્વાસ રાખી, પ્રભુ પોઢી ગયા સુખકારી. સવારે ભમૈડો આપ્યો તે સખાની સાથે ગામના ચોકમાં રમવા ગયા. બાળકના જેવી લીલા કરી પ્રભુ સૌને આનંદ આપે છે.

### ૮૯. તમારા ઘનશ્યામને વારો.

ઘનશ્યામમહારાજ મિત્રોની સાથે નરેચાની સમીપમાં એક જાંબુનું વૃક્ષ હતું ત્યાં ગયા. ઘનશ્યામફટાફટ જાંબુના વૃક્ષ ઉપર ચડી ગયા. જોરથી ડાળીઓ હલાવી. ટપોટપ જાંબુ નીચે પડે. સખાઓ જાંબુ જમતા જાય, રમત કરતા જાય ને કપડાની ઝોળીમાં જાંબુ ભેગા કરતા જાય. ત્યાં એક રામચરણ લોભીયો કોટવાળ હતો. જાંબુડાનો માલિક નહોતો પણ એના મનમાં એમહતું કે જાંબુ પાકશે ત્યારે વેંચીને પૈસા ભેગા કરીશ. કોઇ છોકરાને ઝાડ પાસે જવા દે નહિ. જાય તો લાકડી લઇને પાછળ દોડે. તે ઝાડ નીચે ખાટલો રાખીને સૂતો હોય. રાત-દિવસ પૈસાના જ વિચાર કરે કે પાંદડા કરતાં જાંબુ ઘણા છે ને મોટાં છે. તેથી આ વરસે કમાણી સારી થશે.

ખડખડાટ સાંભળી રામચરણ કોટવાલ જાગી ગયો. છોકરાને જાંબુ વીણતા જોઇ ક્રોધ ચડ્યો. ધોકો લઇને બાલમિત્રોની પાછળ દોડ્યો. "ઊભા રહેજો... માર્યા વગર નહિ મૂકું. જાંબુનું ઝાડ તમારા બાપનું છે? રજા વગર જાંબુ ઉતારો છો? ખબરદાર." એમકહી લાકડી ઉગામી મારવા જાય છે. છોકરાઓ જાય ભાગ્યા. "ભાગો નહિંતર કોટવાલ મારશે." દોડતા જાય ને પાછુ વાળીને જોતા જાય. ઘર ભેગા થઇ ગયા. ઘનશ્યામમહારાજ નિર્ભયપણે વૃક્ષ ઉપર બેઠા છે. કોટવાલે

ઘનશ્યામસામે લાકડી ઉગામી. મારવા જાય છે ત્યાં પ્રભુએ વિચાર્યુ કે લોભીયાને સજા કરવી પડશે. પારકો માલ પચાવી જાય છે. બાળકોને જાંબુ ખાવા દેતો નથી ને બળ કરે છે... પ્રભુએ શું કર્યુ!

**તેને આવતો દેખ્યો પ્રભુએ, કર લાંબો વધાર્યો વિભુએ ।**
**હાથ ઝાલીને પાછો હઠાવ્યો, ધરણી પર તેને ધસાવ્યો ॥**
**તેનો ઉતરી ગયો છે હાથ, ચકી ખાઈ પડ્યો પૃથ્વી માથ ।**
**એ સમે હરિકૃષ્ણ કૃપાળ, સખા સહિત નાઠા તતકાળ ॥**
**આવ્યા છુપૈયાપુર પાવન, ગયા પોત પોતાને સદન ।**

જ્યાં કોટવાલ ઘનશ્યામમહારાજને મારવા જાય ત્યાં પ્રભુ એવૃક્ષ ઉપર બેઠા બેઠા હાથ લાંબો કરીને કોટવાલના ખભાને ધક્કો દીધો. "લોભીયા... બાળકોને જાંબુ ખાવા નથી દેતો ને ફાવે તેમધમકાવે છે." ચકીખાઇને પડ્યો હેઠો. હાથ ખભાથી ઉતરી ગયો. મહામલ્લને જાંબુડેથી પાડીયો રે, એનો ખંભો ખેંચીને ઉખેડીયો રે.



**લોભી રામચરણ કોટવાલને પ્રભુએ સજા કરી.**

પછી ઘનશ્યામદોડતા ઘરે ગયા. શરીરની ભાન આવી ત્યારે કોટવાલ ઊઠીને ઊભો થયો. ખોઈમાં હાથ નાખીને ધર્મદેવને ઘરે ફરિયાદ કરવા આવ્યો. "ધર્મદેવ, તમારા ઘનશ્યામને વારો. તોફાન બહુ કરે છે. તમે કાંઇ કહેતા નથી. ઉપરામણ કરો છો... આજ મારો હાથ ભાંગી નાખ્યો છે. જોરદાર ધક્કા મારે છે. જાંબુ ખવાય તેટલાં ખાધા ને બીજાં કાચા પાકા ખેરવી નાખ્યા. તમારે ધ્યાન રાખવું જોઇએને." આવું સાંભળી ધર્મદેવ હસતા હસતા બોલ્યા, "શું વાત કરો છો?"

**પાંત્રીસવર્ષનો તું પેલવાન, જાણે પંજાબી મહા બળવાન ।**
**ઘનશ્યામતો છે નાનું બાળ, તેને ખોટું આરોપે છે આળ ॥**

બોલતા નથી થાતો વિચાર, તને લાજ નથી રે લગાર ।
ચાલ્યો જા છાનોમાનો તું વાટ, બીજા કરનો થાશે આ ઘાટ ॥
સામા ઉભા છે શ્રી અવિનાશ, વહાલો કરવા લાગ્યા છે હાસ ।

"બાળકોએ કદાચ જાંબુફળ ખાધા હશે, પણ તમારો હાથ કઇ રીતે ભાંગી શકે. તમે પાંત્રીસ વરસના યુવાન પંજાબી માણસ છો ને મારા ઘનશ્યામતો સાત વરસના નાના બાળક છે... બાળકથી હાથ ભાંગતો હશે?" બાજુમાં મોટાભાઇ ઊભા છે તે ચપટી વજાડી બોલ્યા, "વિચારીને બોલજે. શરમનથી આવતી? છાનો માનો ચાલતો થઇ જા. વાત કરીશ તો ગામમાં તારી લાજ જશે." કોટવાલ શરમાઇ ગયો. હવે શું કરવું? સામે બાળ ઘનશ્યામઊભા ઊભા હસે છે. કોટવાલ પસ્તાવો કરતો પોતાને ઘેર ગયો. લોભની સજા મળી ગઇ. કથા સાર... લોભ વૃત્તિ તજી ને હરિ ભજી લ્યો. ભગવાન અતિ દયાળુ છે. કોઇને દુઃખી કરતા નથી. સર્વજીવહિતાવહ છે અને કોટવાલના ખભાને ધક્કો શા માટે માર્યો? કોટવાલને ધક્કો નથી માર્યો. એનામાં રહેલા લોભને ધક્કો માર્યો છે. લોભ શબ્દને ઉથલાવો તો શું થાય? ભલો ...ભલો થા ભલાઇ કરી લ્યો, જે તમને મળ્યું છે તેનો સદુપયોગ કરી લ્યો. આપણને એમથાય કે અમે ધર્મના કાર્યમાં પૈસા વાપરીએ છીએ. સાચી હકીકતમાં વપરાતા નથી. ધર્મના ક્ષેત્રમાં વવાય છે. વાવેલું ઉગશે. તેને ભક્તિનું પાણી પાવ.

## ૮૭. છપૈયામા મેઘ ઉજાણી.

છપૈયાનો મહિમા રૂડો, લહે નહિ કોઇ અંત ।
રાત-દિન પ્રભુ લીલા કરે, જ્યાં બહુનામી બળવંત ॥
મેઘ ન વરસ્યો એક સમે, ઘણા દિન પડી તાણ ।
મેઘ ઉજાણી નીકળવા, કર્યો વિચાર પ્રમાણ ॥

ઘનશ્યામ મહારાજ છપૈયામાં રાત-દિવસ લીલા કરે છે. તે ભુમિની રજકણ પ્રભુના પાવન પગલાંથી અંકિત છે. એક વખત છપૈયામાં વરસાદ થયો નહિ. લગભગ અડધો અષાઢ માસ કોરો ગયો. ચારે બાજુ જનાવર દુઃખી થાય છે. છપૈયાના લોકોએ નક્કી કર્યુ કે મેઘરાજાને રાજી કરવા માટે મેઘ ઉજાણી કરીએ. બધા લોકો મીનસાગરના કાંઠે ભેગા થયા. મેઘરાજાને રાજી કરવા હોમહવન ચાલુ કર્યા. અમુક માણસો ભોજન બનાવે છે. નાના બાળકો વૃક્ષ નીચે રમે છે. સ્ત્રીઓ રોટલા-રોટલી ને પૂરી બનાવે છે. ધમધમતા વઘાર સાથે શાક તૈયાર થાય છે. આંબાના વૃક્ષ નીચે ધર્મદાદા મહાભારતની કથા વાંચે છે. વડીલો કથા સાંભળે છે. ચૂડહાનામનું વન આનંદ ઉત્સવથી ગાજી રહ્યું છે.

રસોઇ તૈયાર થઇ ત્યારે ભગવાનને જમાડીને પછી વરૂણદેવને જમાડ્યા. પછી પંક્તિ થઇ. સૌએ ભોજનરૂપી પ્રસાદ લીધો. પછી સૌ સાથે બેસી મુખવાસ જમે છે.

ત્યાં અચાનક સુરવાલ ગામમાં અગ્નિ ઉત્પન્ન થયો. આગ લાગી. મોટા મોટા ભડાકા દેખાય છે. ત્યાંના માણસો પ્રભુને પોકારે છે. ''અમને આ દુઃખ-દરિયામાંથી ઉગારો નહિંતર બધા માણસો મરી જશે.'' ઊંચે સ્વરે પ્રાર્થના કરે છે...

હે રઘુપતિ હે રામચંદ્ર, હે મારુતી તમે છો બલીંદ્ર ।
આવા સંકટથી કરો સહાય, હવે તો નથી બીજો ઉપાય ॥
અમે તમારા શરણે રૈયે, વળી તમારા બાળક છૈયે ।

''હે રઘુપતિ... હે રામચંદ્ર ભગવાન અમને સંકટમાંથી બચાવો. અમે તમારા શરણે રહીએ ને તમારા બાળક છીએ.'' રડતાં રડતાં ભગવાનને યાદ કરે છે. દયાળુ પ્રભુને દયા આવી ગઇ. તુરંત બે સ્વરૂપ ધારણ કર્યા. એક સ્વરૂપે પિતાજી સાથે ઊભા છે ને બીજે સ્વરૂપે સુરવાલ ગામમાં મદદ કરવા પહોંચી ગયા. પ્રભુએ મેઘરાજાને હુકમકર્યો. ''જોરદાર વરસાદ વરસાવો ધોધમાર વરસાદ ચાલુ થયો. અગ્નિ શાંત થઇ ગયો. ઘનશ્યામમહારાજે અગ્નિથી બળતા ગામને બચાવી લીધું . મેઘરાજા માનવરૂપે ઘનશ્યામમહારાજ પાસે આવ્યા. પૂજા કરી પુષ્પનો હાર પહેરાવી પગે લાગીને આકાશમાં અદશ્ય થઇ ગયા.



મીનસાગરમાં રામચંદ્રજીરૂપે દર્શન.

માણસો રાજી થયા કે મેઘ ઉજાણી કરી તેથી વરસાદ થયો છે. સુરવાલ ગામનું રક્ષણ કરી મીનસાગરના કિનારે આવ્યા. છપૈયાવાસી ખૂબ રાજી થયા. ઘનશ્યામસાધારણ બાળક નથી પણ પુરુષોત્તમનારાયણ છે. સૌને ભગવાનપણાનો નિશ્ચય થઇ ગયો. પ્રભુતા દેખાડી પ્રભુ અનેક જીવાત્માનું કલ્યાણ કરે છે. બળવાન વ્યક્તિ જ ભગવાનના માર્ગે ચાલી શકે છે.

એક વખત બાળ પ્રભુ સખા સાથે મીનસાગરમાં જળ ક્રીડા કરવા ગયા. સખા સાથે પ્રભુ ડુબકી મારે છે. બધા સખા પાણીથી બહાર આવ્યા. ત્યાં આશ્ચર્ય થયું. પ્રભુ પાણી ઉપર અધ્ધર ચાલ્યા આવે છે. ઘનશ્યામમહારાજે રામચંદ્ર રૂપે દર્શન

આપ્યા. ગ્રામજનો આશ્ચર્ય પામી ગયાં. ભક્તિમાતાએ પ્રેમથી પ્રભુને મળી રાજીપો વ્યક્ત કર્યો. ''મારા પુત્ર સાક્ષાત પરમેશ્વર છે.''

## ૮૮. અમે રાખડી બંધાવીએ.

શ્રાવણ શુદ પૂર્ણિમાનો મંગળ દિવસ આવ્યો. શ્રેષ્ઠ તહેવાર. લક્ષ્મીજીએ બલીરાજાને રાખડી બાંધી ત્યારથી આ તહેવાર આપણે ઉજવીએ છીએ. બહેન ભાઈને રક્ષા (રાખડી) બાંધીને આશીર્વાદ આપે છે. તહેવારનો આનંદ મનુષ્યોનેજ હોય એવું નથી. દેવોને પણ આનંદ હોય છે. આ જગતના જીવ દેહના લાડ લાડાવવા તહેવાર ઉજવે અને દેવો ભગવાનને રાજી કરવા તહેવાર ઉજવે.

ઘનશ્યામમહારાજનો દરરોજનો નિયમહતો. સવારે નારાયણ સરોવરમાં સ્નાન કરવા જાય. સ્નાન કરી વસ્ત્રો પહેરી તૈયાર થયા. ધર્મપિતા સ્નાન કરે છે. ત્યાં આકાશમાંથી તેત્રીસ કરોડ દેવતાના વિમાન નારાયણ સરોવરના કિનારે ઉતરી આવ્યાં. બે હાથ જોડી પ્રાર્થના કરે છે, ''આજે બળેવનો ઉત્તમદિવસ છે. અમે તમારી પૂજા કરવા આવ્યા છીએ. હે પ્રભુ! આજ્ઞા આપો! અમે તમને રાખડી બાંધએ.'' ઘનશ્યામમહારાજે કહ્યું, ''ખુશીથી પૂજા કરો.'' પૂજા શરૂ કરી. પ્રભુ એક અને દેવો અનેક. તેથી પ્રભુએ કોટિ શીર્ષા સ્વરૂપ ધારણ કર્યુ.

હજારો હજાર મુખ, હજારો હાથ, હજારો ચરણ. દેવોએ પ્રભુના ભાલમાં કુંકુમનો ચાંદલો કરી, બે હાથમાં રાખડી બાંધી. ધર્મદેવ અને રામપ્રતાપભાઈ આવી અલૌકિક લીલા જોઈ આશ્ચર્ય પામી ગયા. આ બધું શું દેખાય છે? છપૈયાના લોકોને ખબર પડી તે બધા દોડતા આવ્યા અને ઘનશ્યામમહારાજના હાથમાં રક્ષાબંધન બાંધી રાજી થયા.



શ્રી ઘનશ્યામ મહારાજને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને અન્ય દેવો રક્ષાબંધન કરવા આવે છે.

પાસે આવ્યા છે અમર પ્રીતે, પુજાઓ કરી છે રૂડી રીતે ।
રક્ષાબંધન કર્યા તે કાળે, કુંકુમચાંદલા કર્યા છે ભાલે ॥
પગે લાગી સામા ઉભા રહ્યા, સર્વે દેવ સંતોષીત થયા ।

દેવતાઓ ઘનશ્યામમહારાજના હાથમાં રાખડી બાંધી અદૃશ્ય થઇ ગયા. અલૌકિક સ્વરૂપે પ્રભુ ઘેર પધાર્યા. દિવ્ય સ્વરૂપના દર્શન કરી માતાજી અને ભાભી બહુ રાજી થયા. તે વખતે ગણપતિજી પ્રભુનાં દર્શન કરવા આવ્યા.

તેહ સમે આવ્યા છે ગણેશ, સુધી-બુધી સહિત જ એશ ।
લક્ષ લાભ બેઉ પુત્ર સંગે, નિજ વાહન સોત ઉમંગે ॥
આવતા જોયા શ્રી અવિનાશે, ઊભા થઈને મળ્યા અવકાશે ।
શૈલસુતા સુતે પુજ્યા હરિ, કરે પ્રાર્થના ફરી ફરી ॥

હજારો માણસોથી વીંટળાયેલા ઘનશ્યામમહારાજ આંબલી નીચે ચોતરા ઉપર બિરાજ્યા છે. તે સમયે ગણપતિ, રિધ્ધિ, સિધ્ધિ તથા બે પુત્રો લાભ અને શુભ, કુટુંબ સહિત પ્રભુનાં દર્શન કરવા આવ્યા. અરસ- પરસ સૌને મળ્યા છે. પૂજન વંદન કરીને પ્રભુના હાથમાં રક્ષાબાંધી પછી અદૃશ્ય થઇ ગયા.

નારાયણસર છે પરવ, સર્વ તીર્થ મય જાણો સરવ ।
વિપ્ર બળેવને દિન જાય, એહ સરોવરમાંહિ ન્હાય ॥
બાંધે રાખડીયો શુભ મન, તે પર હરિ થાશે પ્રસન્ન ।
ધર્મ, અર્થ, મોક્ષ અને કામ, આપે ચાર પદારથ શ્યામ॥

નારાયણસરોવરમાં અડષઠ તીર્થ ને તેત્રીસ કરોડ દેવ નિવાસ કરીને રહ્યા છે. શ્રાવણ સુદ પૂર્ણિમા(બળેવ)ને દિવસે સ્નાન કરીને ભાઇ-બહેનને રાખડી બાંધશે અથવા બ્રાહ્મણ કે સંતના હાથે રાખડી બંધાવશે તેના ઉપર હરિ થાશે પ્રસન્ન અને ધર્મ, અર્થ, મોક્ષ અને કામ... આ ચાર પુરુષાર્થ તેને પ્રાપ્ત થશે...અને અંતે ઉત્તમગતિને પામશે.

## ૮૯. સિધુ બહુ સારૂં આપ્યું.

એક વખત હજારો બાવાની જમાત ફરતી ફરતી છપૈયામાં આવી. ખાંપાતલાવડીના કાંઠે મુકામકર્યો. અનેક હાથી, ઘોડા, રથ અને ગાયો પણ સાથે છે. સૌના હાથમાં જુદા જુદા હથિયાર છે. નગારાં ને નોબતું વાગવા લાગી. શરણાઈના સૂરથી આકાશ ગાજી ઊઠ્યું. મોટા મોટા તંબુઓ બાંધ્યા. તે જમાતમાં પાંચ આગેવાન બાવા હતા. તે છપૈયામાં રસોઈ કરવા માટે સીધું (રસકસ) લેવા આવ્યા. મોતીત્રવાડી ગામધણી હતા. તેને વિચાર થયો, હજારો બાવા આવ્યા છે, મનગમતું સીધું માગશે, તે હું ક્યાંથી આપીશ? તેથી તે બીજે ગામચાલ્યા ગયા.

પાંચ બાવા આવ્યા ધર્મદેવને ઘરે. ચીપીયા પછાડીને કહ્યું, "હમસબલોક કાશી, દ્વારીકા ફીરતે ફીરતે તુંમારા ગામઆયા હૈ. એક હજાર સન્યાસીકો ભોજન કે લીયે સીધુ ખીલાવો!" ધર્મદેવે કહ્યું, "એક સો માણસ જમે તેટલું સીધુ આપું, પણ હજાર માણસોને પુરું થાય એટલું અનાજ ઘરમાં નથી. હું સો માણસનું સીધુ આપું, બીજું તમે ગામમાંથી માંગી આવો."

બાવા ચીપીયા પછાડી જોરથી બોલ્યા, "હમલોક ભિક્ષા કે લીયે ગાંવમેં નહિ જાયેંગે. યે છુપૈયામેં તુમબડે આદમી હો. તો કૈસે સીધું નહિ દેયગેં?" ધર્મદાદા ચિંતા કરે છે. હવે શું કરવું? મુંઝાઇ ગયા. બાવા માનશે નહિ ને ધમાલ કરશે. અંતર્યામી ઘનશ્યામપિતાજીની ચિંતા પારખી ગયા. "પિતાજી ચિંતા ન કરો. આપણા ઘરમાં રસકસના ભંડાર ભર્યા છે. ભાભી, તમે ઘરમાંથી સીધું લાવીને બહાર રાખો. ખૂટશે નહિ." ભાભી ઘરમાં ગયાં તો અનાજના મોટા ઢગલા જોયા. લોટ, દાળ, ભાત, ગોળ વિગેરે ભરપુર ભર્યા છે. ઘી અને તેલના ડબા ભર્યા છે. દુધ,દહીંના દેગડાં ભર્યા છે. ભાભી આશ્ચર્યચકિત થઇ ગયાં. આ શું દેખાય છે?! આ બધું આવ્યું ક્યાંથી? પછી ઘનશ્યામભાઇને પૂછીશ. અત્યારે સીધું આપી દઇએ.



**પ્રભુકૃપાથી ધાન્યના ઢગલા થયા.**

ભક્તિમાતા અને સુવાસનીભાભીએ ટોપલા ભરી ભરીને આંગણામાં અનાજના ઢગલા કર્યા. ધર્મદાદા વિચાર કરતા થઇ ગયા. આટલું બધું રસકસ ઘરમાં હતું નહિને ક્યાંથી આવ્યું હશે? ચોક્કસ આ ઘનશ્યામનો ચમત્કાર લાગે છે. તરત ગીતાજીનો શ્લોક યાદ આવી ગયો. જ્યાં ભગવાન છે ત્યાં બધું જ છે.

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો, યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**
**તત્ર શ્રી વિજયો ભૂતિ, ર્ધ્રુવા નીતિર્મતિ ર્મમા।**

જ્યાં ભગવાન છે ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે, ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે. અષ્ટસિધ્ધિને નવ નિધિ હાજરાહજુર છે. ભગવાન છે ત્યાં કોઇ વાતની ખામી રહેતી

નથી. ધર્મદેવ કહે છે, ''હે સન્યાસીઓ! તમને જેટલું જોઇએ તેટલું ઘી, ગોળ, દાળ, ભાત, સાકર વિગેરે રસકસ લઇ જાઓ. ભોજન બનાવી ઠાકોરજીને જમાડી ને જમો.'' બાવા રાજી રાજી થઇ ગયા. મનગમતું સીધું મળ્યું. બે હાથ જોડી કહે છે, ''તમે અમને સીધું બહુ સારું આપ્યું. તમારી સદાય જય હો! જય હો!'' બાવાને ગુણભાવ આવી ગયો. ઘનશ્યામમહારાજને ઓળખી ગયા કે આ સાક્ષાત્ પરમેશ્વર છે.

સિધું તો બહુ સારુ આપ્યું, એવું ન આપે કોઇ ।
પુત્ર તમારા ઈશ્વર છે, એવી સત્તા અમે જોઇ ॥
હિંમત આપી ઘનશ્યામે, સિધા દેવાની સાર ।
થોડામાં પરિપૂર્ણ કર્યુ, જમાડ્યા સાધુ હજાર ॥
વળી તેમાંથી વધી પડ્યું,તે લઇ ગયા ઘરમાંય ।
આશ્ચર્ય પામ્યા અમે સર્વે, આવું ન દેખ્યું ક્યાંય ॥
આ તો છે અવતારી પ્રભુ, અમે જાણ્યું એ જરૂર ।
એમકહીને આસન આપ્યું, ઉમંગ કરીને ઉર ॥

''હે ધર્મદેવ! આવો ચમત્કાર અમે ક્યાંય જોયો નથી. આજે આવો પ્રતાપ જોયો. આ તમારા પુત્ર સાક્ષાત્ પરમેશ્વર છે. અવતારના અવતારી છે.'' પછી તે બાવા જયાં જાય ત્યાં છપૈયાની વાત કરે. અંતરમાં ઘનશ્યામમહારાજની મૂર્તિ ઉતરી ગઇ. મહિમાએ સહિત ભજન ભક્તિ કરે અને બીજાને કરાવે. બાલ ઘનશ્યામે આવી લીલા કરીને અનેક જીવાત્માને પોતાના સ્વરૂપમાં ખેંચી લીધા છે.

## ૯૦. પ્રભુને અભિમાન ગમતું નથી.

ઘનશ્યામમહારાજે ધર્મપિતાને કહ્યું, ''પિતાજી! ચાલોને આપણે બાવાઓની જમાત છે ત્યાં જઇએ. એ બધા શું કરે છે? તે જોઇ આવીએ.'' પિતાજીની આંગળી પકડીને બાવાની જમાત પાસે આવ્યાં. મોટા મોટા તંબુ બાંધેલા છે. ઘોડા, બળદ, હાથી અને પાલખી વિગેરે વાહન સાથે છે. બાવાઓ રસોઇ બનાવે છે. આજુ બાજુ વાંદરા દોડધામકરે છે. એક મોટો મહંત બાવો ઊંચી ગાદી ઉપર વાઘનું ચામડું (ચર્મ) પાથરીને બેઠો છે. અભિમાનથી મન છલકે છે કે હું કેવો મોટો. હજાર બાવામાં મારુ સ્થાન ઊંચું. હું કહું તેમબધા કરે. મારો વટ પડે. રગેરગમાં અહંકાર ભર્યો છે.

ઘનશ્યામમહારાજે વિચાર કર્યો કે ત્યાગી થઇને અભિમાન રાખે તે સારું નથી. આજે કાંઇક યુક્તિ કરીને તેનું અભિમાન ઉતારવું પડશે. ઘનશ્યામમહારાજે વાઘચર્મ જોઇને પિતાજીને કહ્યું, ''દાદા આ શું છે?'' ત્યારે મહંત બાવો બોલ્યો, ''લડકા, ક્યાં પુછતે હૈ? આ તો વાઘચર્મ છે.'' ઘનશ્યામમહારાજ બોલ્યા, ''પિતાજીએ વાઘચર્મ મને લાવી આપોને. આપણે ઘરે લઇ જઇશું.'' મહંત

બાવો કહે છે, "યે વાઘચર્મકા તીનસો રૂપિયા બેઠેંગા. મફત નહિ મીલતે. તુંમબાળક વાઘચર્મ મેં ક્યા સમઝતે હો. ચલે જાઓ." ઘનશ્યામે તુરંત ચપટી વગાડી તુરંત ચામડામાંથી પ્રત્યક્ષ જીવતો જાગતો વાઘ બની ગયો.

બાવો ફફડી ગયો. રાડ પાડી. ભાગ્યો. બાવો આગળ ને વાઘ પાછળ જાય દોડ્યો. "બચાવો! બચાવો! વાઘ મને મારી નાખશે." હવે શું કરવું? બીજા બાવાઓ ચારે બાજુ દોડધામકરે છે. ઘનશ્યામે કહ્યું, "તમે દોડો નહિ. ધીરજ રાખો. વાઘ તમને મારશે નહિ.

**શ્રી હરિયે પાછા બોલાવ્યા, આપી સર્વેને ધીર**
**સિંહ કોઈને નહિ મારે,ધ્રુજાવશો માં શરીર ।**
**આ તો છે અભિમાની અર્થે, સંતને સંકટ નોય**
**માટે બીશો નહિ મનમાં, આવો મુજ પાસે જોય ॥**

અભિમાની બાવાને મારશે. તમે શાંતિ રાખો. આંખ કાઢી વાઘ અભિમાની બાવા પાછળ દોડતો જાય છે. બાવો બરાડા પાડે છે, "હે ભગવાન! મને બચાવો ને આ વાઘને પાછો વાળો. મારી ભુલ થઈ છે. હું ખોટો અહંકાર નહિ કરું."



**વાઘચર્મમાંથી વાઘ સજીવન કરી ઘનશ્યામ મહારાજ બાવાને ભગાડે છે.**

ઘનશ્યામમહારાજે હાથ ઊંચો કર્યો. "હે શાર્દુલ! તું વનમા જતો રહે. તારાથી સૌ ડરે છે." તત્કાળ મોટી છલાંગ ભરતો વાઘ બગીહા વનમાં નાસી ગયો. અહંકારી બાવો ઘનશ્યામમહારાજ પાસે આવ્યો. સ્તુતિ કરે છે...

**અભિમાની સ્તુતિ કરે છે, મુકીને માન ગુમાન,**
**ચરણ કમળમાં શિશ નમાવી, પ્રભુને દે છે માન ।**
**ધર્મદેવ આ પુત્ર તમારા, સાક્ષાત છે રામચંદ્ર,**
**ઈષ્ટદેવ અમારા એતો, બહુનામી છે બલીન્દ્ર ॥**

પ્રભુને પગે લાગી કહે છે, "હે ધર્મદેવ! આ તમારા પુત્ર અમારા ઈષ્ટદેવ રામચંદ્રજી છે. મારી ભૂલ થઈ છે. હવે હું કોઈ દિવસ અહંકાર નહિ કરું." સિંહના ચામડામાંથી જીવતો સિંહ કરી દીધો. તે કોઈ માણસથી થઈ શકે નહિ. પણ પ્રભુ જે ધારે તે થાય. કથા સાર... માનવીના મનમાં જ્યાં સુધી કામહશે, ક્રોધ, લોભ અને અહંકાર હશે, અને હરિનો રસ નહિ હોય, હરિનું સ્મરણ નહિ હોય, ત્યાં સુધી એના દુઃખનું મૂળ ચાલુ રહેશે. ગમે તેટલી સગવડ હશે પણ જો હરિના જપ નહિ હોય, પૂજા-પાઠ, સત્સંગ વિગેરે સત્કર્મ નહિ હોય તો માનવીના હ્યદયની પરમપદની યાત્રા થશે નહિ. નમ્રતાથી પતે તો ઉગ્રતા લાવવી નહિ.

## ૯૧. યજ્ઞોપવિત સંસ્કાર.

સંવત ૧૮૪૫ ની શરૂઆત થઈ. ઘનશ્યામમહારાજને સાત વરસ પુરાં થયાં. ભક્તિમાતા ધર્મદેવને કહે છે, "હે પતિદેવ! ઘનશ્યામને આઠમું વરસ બેસે છે તો યજ્ઞોપવિત આપશું? ધર્મદેવે કહ્યું, "બહુ સારું." ગામના ગોર હરિકૃષ્ણ ઉપાધ્યાય તેને બોલાવ્યા. આદર સત્કાર કર્યો. શાંતિથી બેઠા પછી પૂછ્યું, "મારા પુત્ર ઘનશ્યામને જનોઈ આપવી છે. તો સારું મુહૂર્ત જોઈ આપો!" ગોર વિચારીને બોલ્યાં, "ફાગણ સુદ દશમનો દિવસ ઉત્તમછે."

યજ્ઞોપવિત સંસ્કારની તૈયારીઓ શરૂ કરાવી. ધર્મદાદાએ સગા સબંધી અને ગામના ભક્તજનોને કંકોતરીઓ મોકલાવી. તમે અમારા મંગળ પ્રસંગમા જરૂર પધારજો. અયોધ્યાની બરહટ્ટા શેરી ધજા પતાકાથી કેળના સ્તંભથી શણગારી છે. ધર્મદેવના ઘરને સરસ મજાના રંગથી રંગીને દીવાલો પર મોર, પોપટ વિગેરે પક્ષી, મૃગ વિગેરે ચિત્રો ચિતરાવ્યાં છે. ઘરની બહાર લીમડાના વૃક્ષ નીચે મોટો મંડપ બંધાવ્યો છે. રંગોળી પુરાવી રંગબેરંગી કાચનાં ઝાડ બનાવી વચ્ચે ગોઠવ્યું. એ ઝાડની નીચે દીવા પ્રગટાવ્યા. ચારે બાજુ દીવાની હાંડીઓ અને ઝુમરો લટકાવ્યા. રંગબેરંગી રેશમી વસ્ત્રો અને આસોપાલવના તોરણથી મંડપ સુશોભિત કર્યો.

ફાગણ સુદ દસમને દિવસે વહેલી સવારે ધર્મદેવનું ઘર શરણાઈના સૂરથી ગાજી ઉઠ્યું. સ્ત્રીઓ મંગળ ગીતગાય છે. ગણપતિજીની સ્થાપના કરી.ગોરબાપા મંત્રોચ્ચાર કરે છે. યજ્ઞમાં અગ્નિ પ્રગટાવ્યો. પછી વાળંદને બોલાવ્યો.

**રામબલી બોલાવ્યો હજામ, મુંડન કરાવે શ્રી ઘનશ્યામ,**
**નિર્મળ જળથી કરાવ્યું સ્નાન, યોગ્ય વસ્ત્ર કર્યા પરિધાન।**

રામબલી હજામે ઘનશ્યામમહારાજનું મુંડન કર્યું. પછી સ્નાન કરાવીને પીળું પિતાંબર પહેરાવ્યું. ઘનશ્યામમહારાજને યજ્ઞ મંડપમાં લાવ્યાં. ઘનશ્યામમહારાજ પ્રથમમાતા પિતાને પગે લાગ્યા. પછી ઘી, જવ, તલ વિગેરેથી અગ્નિમાં આહુતિ

આપે છે. તે વખતે ઘરરર કરતાં આકાશમાં તેત્રીસ કરોડ દેવનાં વિમાન છવાઇ ગયાં.

**તે સમે આવ્યા આકાશે દેવ, ચંદન પુષ્પથી કરે સેવ**
**કરે દુંદુભી નાદ અપાર, પુષ્પ વરસાવે નાના પ્રકાર ।**

જય જયકાર કરી ઘનશ્યામમહારાજ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી.

**બોલો ઘનશ્યામમહારાજ ની જય!**

દેવતાઓ પ્રભુને નમસ્કાર કરી અદશ્ય થઇ ગયાં. ગુરુએ ઘનશ્યામમહારાજને ગુરુમંત્ર આપ્યો. બ્રહ્મચારીનો વેશ ધારણ કરાવ્યો. મુંજ મેખલા અને હાથમાં પલાશનો દંડ અને ભિક્ષાપાત્ર ધારણ કર્યા. પછી ઘનશ્યામમહારાજે માતા પિતા પાસે ભિક્ષા માંગીને ગોરને આપી. ત્યાર પછી ઘનશ્યામમહારાજને યજ્ઞોપવિત ધારણ કરાવી, બટુકનો વેશ ધારણ કરાવ્યો. બળવો દોડવા ગામના ચોકમાં આવ્યા.



**શ્રી ઘનશ્યામ મહારાજને યજ્ઞોપવિત સંસ્કાર કરાવતાં ધર્મપિતા.**

પછી પ્રભુ બળવો ખેલવા દોડ્યા. વશરામમામા ઘનશ્યામમહારાજને પકડવા દોડતા જાય છે પણ પ્રભુ પકડાતા નથી. પ્રભુએ વિચાર કર્યો કે પાછું વળવું નથી. ઘરે જવું નથી પણ વનમાં જઇને અનેક જીવાત્માનું કલ્યાણ કરી અવતાર કાર્ય સિધ્ધ કરવું છે. ફરી વિચાર આવ્યો કે મારા મા-બાપ વૃધ્ધ થયાં છે. મારા વિયોગમાં દુઃખી થશે.

**ધર્મ ભક્તિ છે પુન્ય પવિત્ર, વૃધ્ધ થયાં છે બન્ને માવિત્ર ।**
**તેમને મુકીને નવ જવાય, મુજ વિના એ તો દુઃખી થાય ॥**
**તે માટે પાછો વળું હું આજ, કરૂ મા-બાપનું પહેલું કાજ ।**
**એમનો કરવો મારે ઉધ્ધાર, પછી વનમાં જાવું નિરધાર ॥**
**એમવિચારી પાછા વળિયા, વશરામમામાને મળિયા ।**

પુત્રની ફરજ છે માતા-પિતાની સેવા કરી રાજી કરવા. એમને સદ્‌ગતિ આપી પછી વનમાં જઇશ. અત્યારે નથી જવું તેથી ઊભા રહી ગયા. મામા રાજી થયા.

ઘનશ્યામને પકડીને ખભે બેસાડી દીધા. મંડપમાં લઈ આવ્યા ને પ્રભુના હાથમાં પાંચ રૂપિયાની ભેટ દીધી. પ્રભુએ તે ભેટ ગુરુને અર્પણ કરી. ગુરુએ કહ્યું, "તમારા માતા-પિતાને ભેટ આપી દો." ઘનશ્યામમહારાજ માતા-પિતાને પગે લાગી, ભેટ અર્પણ કરી, પછી માતાજી સાથે બેસીને દુધપાક, પૂરી ને શીરો જમ્યા.

ધર્મદાદાએ બ્રાહ્મણોને આદર પૂર્વક જમાડીને ખૂબ દક્ષિણા આપી રાજી કર્યા. તમામબ્રાહ્મણો અને સગા સબંધીઓ પોતાના ઘેર ચાલ્યા જાય છે ને આનંદથી કહેતા જાય છે, "ધન્ય ઘડી, ધન્ય અવસર! આપણને વારંવાર ઘનશ્યામમહારાજનાં ઐશ્વર્યનાં દર્શન થાય છે. આવો ઉત્સવ આપણે જિંગદગીમાં પહેલી વાર કર્યો."

## ૯૨. ચોકીવાળે ચોરી કરી.

વૈશાખ મહિનો આવ્યો. સખત તાપ તપે છે. રાત્રીનો સમય થયો. ગરમી હોવાથી ધર્મદેવ, રામપ્રતાપભાઈ, ઘનશ્યામમહારાજ અને ઈચ્છારામઆંગણાંમાં કદમના વૃક્ષ નીચે ઓટા ઉપર સૂતા છે. ચોકીવાળો આખા ગામની ચોકી રાખે. તે ફરતો ફરતો મધરાત્રે ધર્મદાદાના આંગણે આવ્યો. આંગણામાં એક તાંબાનો ઘડો ભૂલમાં રહી ગયો હતો. તે ચોકીવાળાએ ઉપાડી લીધો. ધર્મદાદા, મોટાભાઈ ને ઈચ્છારામભરનિંદ્રામાં સૂતા છે. અંતર્યામી ઘનશ્યામઆ વાત જાણી ગયા. ચોકીવાળો થઈને ચોરી કરે છે તે સારુ ન કહેવાય. સજા કરવી જોઈશે. પ્રભુએ સૂતાં સૂતાં ચોકીવાળા પાછળ હાથ લાંબો કર્યો.

**એવું સમજી શ્રી રમાનાથ, લાંબો વધાર્યો પોતાનો હાથ ।**
**ચોકીવાળાને કેડે કર્યો છે, જ્યાં જાય ત્યાં પાછળ ફરે છે ॥**
**સઘળું શેર ફર્યો છે તોય, કર કેડે ને કેડે છે સોય ।**
**હાથ દેખીને હિંમત હાર્યો, ત્રાસ પામ્યો જાણે હવે હાર્યો ॥**
**કોણ ઉગારે કરથી આજ, હવે તો જાશે જરૂર લાજ ।**

જ્યાં જાય ત્યાં માણસ ન દેખાય પણ હાથ દેખાય. હાથ પાછળ ને પાછળ. અરે આ શું હશે? ચોકીવાળો ગામની શેરીમાં દોડતો જાય ને પાછું વાળીને જોતો જાય તો હાથ પાછળ ને પાછળ દેખાય છે. "અરે! આ કોનો હાથ હશે? કાંઈ સુઝ પડતી નથી. હવે શું કરવું?" દોડી દોડીને થાકી ગયો. આખી રાત દોડ્યો. થાકીને લોથ થઈ ગયો. આછા અજવાળા થયા. હવે જો પકડાઈ જઈશ તો મારી લાજ જશે. કહશે ચોકીવાળો ચોરી કરે છે! નોકરીમાંથી કાઢી મૂકશે. હવે હનુમાનજી પાસે જાઉં તો કદાચ બચી જાઉં. હનુમાનગઢીના પગથીયા ઉપર ઘડો મૂકીને જાય ભાગ્યો. પાછું વળીને જોયું તો હાથ દેખાતો નથી. "હાશ! હવે શાંતિ થઈ."

સવાર થઈ. હનુમાનગઢીના પૂજારી મંદિરનો દરવાજો ખોલી નીચે ઉતરવા જાય

છે, ત્યાં પગથિયા ઉપર તાંબાનો ઘડો જોયો. આંહી ઘડો ક્યાંથી આવ્યો? કોઈક ભૂલી ગયું લાગે છે. દીવાના અજવાળે નામવાંચ્યું તો હરિપ્રસાદ પાંડેનું નામહતું. ઓહો! આતો હરિપ્રસાદજી નો ઘડો છે. ધર્મદેવને ઘરે સમાચાર મોકલ્યો કે તમારો ઘડો લઈ જાવ. ઘનશ્યામમહારાજને સાથે લઈને ધર્મદેવ હનુમાનગઢીએ આવ્યા. પૂજારીએ કહ્યું, ''તમે ઘડો ભૂલી ગયા છો તે લઈ જાવ.'' ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા, ''ભૂલી નથી ગયા પણ ચોકીવાળો ચોરી કરી ગયો છે.''

બનેલી વાત વિસ્તારથી કહી સંભળાવી. પૂજારીએ ચોકીવાળાને બોલાવી ઠપકો આપ્યો. ''ભલા માણસ! તારા વિશ્વાસે સૌ નિરાંતે રાત્રે સૂતા હોય છે ને તું ચોકીવાળો થઈને ચોરી કરે છે?! ચોરી કરવી તે મહાપાપ છે. ચોરી કરશો તો જમદૂતોનો માર ખાવો પડશે ને રતી રતીના જવાબ દેવા પડશે. મરણ એ મરણ નથી, પણ હિસાબ દેવાનો દિવસ છે.

જિંદગીના ચોપડા ચોખ્ખા રાખજો. પાપથી અટકી જાવ ને સત્સંગને માર્ગે ચડી જાવ. આજથી પ્રતિજ્ઞા લ્યો કે હું ચોરી નહિ કરું.'' ચોકીવાળાને સત્ય સમજણ આપી મોક્ષનો માર્ગ બતાવ્યો છે.

આ કથા અક્ષરધામમાં જવાની સીડી છે. કથા સાર... અંતરમાં રહેલા આંતરિક દોષો, આશા, તૃષ્ણા, મારું-તારું, રાગ, દ્વેષ, છળ કપટ, કામ, ક્રોધ વિગેરે દુર્ગુણોને પહેલા બહાર કાઢવા પડે. એ સિવાય સુખ શાંતિ થશે નહિ. અઢળક સંપત્તિ અને સાહેબી હશે, સત્તા હશે, પ્રભુનાં, સાક્ષાત્ તમારી નજર સામે દર્શન થતાં હશે,પણ સમજણ વિના, સ્વભાવ સુધાર્યા વિના સુખ કે શાંતિ થશે નહિ. સુખ સમજણમાં છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે,સમજણ વાળા સાથે અમારે બને છે.

## ૯૩. આવો મારા ખંભા ઉપર બેસી જાવ.

ઘનશ્યામમહારાજ સખા સાથે સર્જુગંગામાં સ્નાન કરવા ગયા. કેસરીસિંહ તથા માનસિંહના ખભા ઉપર હાથ રાખી, ઘનશ્યામમહારાજ આનંદથી રમે છે. રામઘાટના કિનારા પર ઊભા રહીને સર્જુગંગાના જળના પ્રવાહને જુવે છે ને રમે છે. ત્યાં અચાનક પૂર્વનું વૈર લેવા એક ભવાનીદત્ત નામનો અસુર આવ્યો. પાછળથી આવી ત્રણે જણને પાણીમાં જોરથી ધક્કો દીધો. ત્રણે જણ સર્જુગંગામાં પડી ગયા. પાણી ઊંડું, ને અગાધ ભર્યુ છે. હવે શું કરવું?! સખાઓ ડુબકી ખાય છે. મુંઝાય છે. ''ઘનશ્યામબચાવો... બચાવો! પ્રભુ મદદ કરો નહિંતર મરી જાશું'' પ્રભુએ કહ્યું, ''ચિંતા ન કરો, હું તમારી સાથેજ છું.'' પ્રભુની મદદ માંગે છે, તેની પ્રભુ મદદ કરે છે. પૂર્ણ ભરોસો હોવો જોઈએ.

**સહાય કરી ત્યાં ઘનશ્યામે, સ્કંધે બેસાર્યા છે સુખધામા**
**ઘણું ઉંડું છે જળ તે ઠાર, પામે હિંમતવાળા જયાં હાર ॥**
**તે જળમાં તરે છે જીવન, ચાલ્યા ગયા છે એક યોજન ।**
**કોઈથી પ્રભુ ન જાય કળ્યા, જઈ બિલ્વા બજારે નીકળ્યા ॥**

"હે મિત્રો, તમે આવો મારા ખભા ઉપર બેસી જાવ." બે મિત્રો ઘનશ્યામમહારાજના સ્કંધે બેસી ગયા. જાણે વહાણમાં બેઠા હોય તેમપ્રભુ ઊંડા જળમાં તરતા તરતા જાય છે. ભવસાગરના તારનાર ત્રિભુવનપતિને સર્જુનદી તરતાં શું વાર લાગે! ચાર ગાઉં સુધી તરતા ગયા. મિત્રો આનંદથી પ્રભુના ખભા ઉપર બેઠા છે. બિલ્વા બજારના કિનારે પહોંચી ગયા. સખા પ્રભુને પગે લાગી ને બોલ્યા, "ઘનશ્યામભૈયા, તમે અમને જબરપુરથી બચાવ્યા, નહિતર અમારૂં શું થાત? મૃત્યુંમાંથી બચાવી લીધા. ઘનશ્યામ... મિત્ર તો તારા જેવા જોઈએ. દુઃખમાં સહાય કરે." પ્રભુ સાથે મિત્રતા કરજો, એ ભવસાગરનાં દુઃખથી બચાવી લેશે.



**બાલમિત્રોને પ્રભુએ નદી પાર કર્યા.**

બિલ્વા બજારના કિનારે હજારો માણસો ઊભા હતા. તે આવું ઐશ્વર્ય જોઈને મનમાં નક્કી કરી લીધું કે નાના બાળકમાં આવી ગજબની શક્તિ હોય નહિ. પણ સાક્ષાત્ પરમેશ્વર હોવા જોઈએ. ઘનશ્યામમહારાજ કહે છે, "મિત્ર, જલદી ચાલો, આપણા માતા-પિતા આપણી વાટ જોતા હશે." મિત્ર કહે છે, "વહાણ વિના કેમપાર ઉતરાશે? સર્જુગંગા જોરદાર વહે છે." ઘનશ્યામમહારાજ કહે છે, "ભલા માણસ, ચિંતા શા માટે કરો છો? જે ચાર ગાઉ સુધી તમને આંહી ખેંચી લાવ્યા છે તે પાર ઉતારશે. ભગવાન પર ભરોસો રાખો!

**મિત્ર બીશો ન કોઈ મનમાં, તમે ત્રાસ ન ધરો તનમા ।**
**એમકહી ચાલ્યા છે અગાડી, બેઉ મિત્ર આવે છે પછાડી ॥**
**જેમપૃથ્વી ઉપર ચલાય, તે રીતે જળમાં ચાલ્યા જાય ।**

**રામઘાટે આવીને તે હરખ્યા, નરનારી હજારોયે નિરખ્યાં ॥**
**પ્રભુએ એમઉતાર્યા પાર, ક્ષણ એક લાગી નહિ વાર ।**

અયોધ્યાના દર્શનસિંહ રાજાને આ વાતની ખબર પડી કે ભવાનીદત્તે ત્રણ બાળકોને નદીના પૂરમાં ધક્કો દઈ પાણીમાં ફેંકી દીધા હતા તેથી રાજાએ તેને ભારે શિક્ષા કરી. મર્યા પછી જમદુત જમદુતા શિક્ષા કરશે. પાપનું મૂળ દુઃખ છે. પુણ્યનું મૂળ સુખ છે. જમના દંડા ખાવા ન હોય તો ચેતી જાવ ને પ્રભુને રસ્તે ચડી જાવ. જે સંસારથી થાકી જાય, જન્મમરણરૂપી દુઃખથી ત્રાસી જાય તેને પ્રભુ ચોક્કસ તારે છે. અનેક જીવાત્માને પ્રભુ તારવા આવ્યા છે. આપણને તરવાની તાલાવેલી હોવી જોઈએ.

## ૯૪. એકાદશીનું વ્રત જરૂર કરીશ.


એકાદશીનો દિવસ આવ્યો, બાલ ઘનશ્યામહનુમાનગઢીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં મોહનદાસ નામના એક વૈરાગી રામાયણની કથા વાંચે છે. નામછે મોહનદાસ અને હતો માયાનોદાસ. ચારે બાજુ બાઈઓ અને ભાઈઓ કથા સાંભળવા બેઠા છે. કથામાં એકાદશીનું મહાત્મ્ય આવ્યું. "હજાર અશ્વમેઘ યજ્ઞ કરે, રાજસૂયયજ્ઞ કરે અને જેટલું પુણ્ય થાય તેથી પણ વિશેષ એકાદશીનું વ્રત કરવાથી થાય છે. સર્વ વ્રતનો રાજા એકાદશી છે. એકાદશી મહાન વ્રત છે."

આવું સાંભળી ઘનશ્યામમહારાજ વિચાર કરે છે, મોહનદાસ એકાદશીનો મહિમાં બોલે છે, કથા વાંચે છે, પણ પોતે એકાદશીનું વ્રત કરતા નથી. અનાજ ખાઈલે છે. વર્તન વિનાની લુખી અને સુકી વાણી છે. માણસોને અવળે રસ્તે ચડાવી દેશે. તેથી ઘનશ્યામમહારાજ બોલ્યા, "એકાદશીનો મોટો મહિમા છે પણ કેટલાક માણસો એકાદશી કરતા નથી. વર્તન વિનાની વાતુથી શું વળે?" સાચી વાત કહી તેથી મોહનદાસ ખીજાયો. "એ બાળક તને શાસ્ત્રની બાબતમાં શું ખબર પડે! મને શિખામણ દેવા આવ્યો છે?... ચાલતો થઈ જા." આંખ લાલ કરીને ઘનશ્યામમહારાજ સામું જુએ છે.

મોહનદાસ બોલ્યો, "આ મનુષ્યદેહ ભગવાને આપ્યો છે તે દુઃખ ભોગવવા માટે ને તપ કરવા માટે નથી આપ્યો. દાળ, ભાત, રોટલી ખાઈને એકાદશીના દિવસે જલસા કરો! એકાદશી જગન્નાથપુરીમાં ઊંચી બાંધી મૂકી છે. હું કોઈ દિવસ એકાદશી કરતો નથી, તો પણ જલસા કરું છું, ને તમે પણ કરજો નહિ. સંસારનું વિષય સંબંધી સુખ ભરપુર ભોગવી લો. જો વાસના રહી જાશે તો ભૂત થવું પડશે."

આવું સાંભળીને પ્રભુને દુઃખ થયું. આવા ખોટા ઉપદેષ્ટા ગુરૂ માણસોને અવળે માર્ગે ચડાવી દેશે. પોતે પાપથી ભરેલો છે તે બીજાનું શું ભલું કરશે? આવા પાપીને

સજા થવીજ જોઈએ. આ મોહનદાસ વાતથી માને એવો નથી. લાતુ મારવાથી માનશે. પ્રભુએ તેના સામે દષ્ટિ કરી કે સીધો જમપુરીમાં પહોંચી ગયો. ત્યાં બરાબર જેવો જમદૂતે તેને પકડ્યો. ''અરે પાપી! એકાદશીનું વ્રત કરતો નથી ને બીજાને ના પાડે છે?!'' એમકહી ધડાક દઈને ધોકા માર્યા.



હનુમાનગઢીએ પંડિતને ચમત્કાર.

મોહનદાસ રાડો પાડે. માર ખમાતો નથી. ''મૂકી દો...હવે એકાદશી કરીશ ને બીજાને સારો ઉપદેશ દઈશ.'' મારે છે જમપુરીમાં અને દેહ અહીં ઊંચો ઉછળી ઉછળીને હેઠો પડે છે. જમદુતો કહે છે, ''આજે તને મૂક્શું નહિ. બરાબર લાગમાં આવ્યો છે.'' એમકહી લાકડીનાં જોરથી ગોદા ભરાવે. બરાબર જેવો માર્યો. બધા હાડકાં નરમથઈ ગયાં. શરીરમાં કળતર થાય છે. પછી દેહમાં આવ્યો. તુરંત ઘનશ્યામમહારાજના પગ પકડી લીધા. મોહનદાસ કહે છે,

**હરિચરણમાં મુક્યું શીશ, કરે પ્રાર્થના તેણી દીશ ।**
**તમે સાક્ષાત્ છો ભગવાન, એવો નિશ્ચય થયો મુને મન ॥**
**મારા ઈષ્ટદેવ રઘુનાથ, એવા તમને દેખું છું સાથ ।**
**કર્યો અપરાધ મેં તમારો, ક્ષમા કરો પ્રભુ ગુન્હો મારો ॥**

''હે પ્રભુ... મને માફ કરો. હું જીવીશ ત્યાં સુધી હાડકાં દુઃખશે. મને એમહતું કે જમપુરી ખોટી છે, પણ હવે નક્કી થયું કે આ જગતની અંદર જે ગુન્હો કરે છે તેને સરકાર પકડીને સજા કરે છે, માર મારે છે, તેમભગવાનની પણ સરકાર છે. પાપ કરે છે તેને જમપુરીમાં માર મારે છે. આ લોકમાં સજા કરવાના સ્થાનને જેલ કહેવાય, અને પરલોકમાં સજા કરવાના સ્થાનને જમપુરી કહેવાય છે. હવે કોઈ દિવસ પાપ નહિ કરૂં. તમે મારા ઈષ્ટદેવ રઘુનાથજી છો. આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે હું નિયમિત એકાદશીનું વ્રત કરીશ.'' પ્રભુ તુરંત રામચંદ્રજી રૂપે દર્શન આપ્યા. ''હે પ્રભુ! તમે મારી ભૂલ ઓળખાવી.'' પ્રભુને પગે લાગીને કહ્યું, ''આજથી હું આપનો

દાસ છું. હું તમારા ચરણે ને શરણે આવ્યો છું.'' ઘનશ્યામમહારાજે ધર્મ નિયમની રીત-ભાત શીખવાડી સત્ય માર્ગ બતાવ્યો છે. યમદૂતોના મારથી બચવાનો એક જ ઉપાય છે. ભગવાનની આજ્ઞાનું પાલન કરો. ધર્મ સહિત ભક્તિ કરો.

કથા સાર... જે માણસ એકાદશીને દિવસે અન્ન ખાય છે તે મહાપાતકી માણસ વિષ્ટા, મૂત્ર, રૂધિર અને પાચથી વહેતી વૈતરણી નદીમાં પડે છે અને મહા કષ્ટને પામે છે. એકાદશી વ્રત કરનારને રાંધેલા અન્ન સામે જોવાની મનાઇ છે. કદાચ ઉપવાસ ન થાય તો વાંધો નહિ, ફરાળ કરવું અથવા દુધ અને ફ્રુટ જમીને રહેવું... પણ અનાજ જમવું નહિ.

## ૯૫. પતિવ્રતા નારીનો પ્રતાપ.

એક દિવસ સર્જુગંગામાં મહા જબરું પાણીનું પૂર આવ્યું. સ્વર્ગદ્વારી તણાવા મંડી. અયોધ્યાવાસી વિચાર કરે છે, પાણી ચડતું આવે છે. અયોધ્યાપુરીમાં પાણી ભરાઇ જશે તો શું કરશું? રાજા દર્શનસિંહને ચિંતા થઇ તેથી સેવકોની સાથે સર્જુગંગા પાસે આવ્યા. ગંગાજીની પુજા કરી. શ્રીફળ વધેરી ચુંદડી અર્પણ કરી પગે લાગી બે હાથ જોડી પ્રાર્થના કરી કે, ''હે ગંગામૈયા... પાણીનું પુર ચડતું આવે છે તે મહેરબાની કરીને હટાવી દો.'' તો સર્વેને શાંતિ થાય પણ સર્જુગંગાનું પૂર હટવાને બદલે જોરદાર ઘોડા વેગે ચડતું આવે છે. હવે શું કરવું? રાજા અને માણસો મુંઝાઇ ગયા.

રાજાએ રાજગોરને પૂછ્યું, ''જોરદાર પ્રવાહ કઇ રીતે ઓછો થશે? જલદી ઉપાય બતાવો નહિતર અયોધ્યા નગરીને પાણી ખેં ચી જાશે.'' રાજગોરે કહ્યું,''કોઇ પતિવ્રતા નારી ગંગાજીને વધાવે, પુજા કરે તો પાણીનું પૂર હટી જાય.'' આખા ગામમાં સાદ પાડ્યો, ''પતિવ્રતા નારી ગંગાજી વધાવા ચાલો.'' પણ કોઇ તૈયાર થયા નહિ. બધી સ્ત્રીઓ મુંઝાય છે. હવે શું કરવું? સુવાસનીબાઇ ભક્તિમાતાને કહે છે,''''બાઇજી, ચાલો આપણે ગંગાજીને વધાવવા જઇએ.'' સાસુજીની સાથે સુવાસનીબાઇ શ્રીફળ લઇને આવ્યા.

**રામઘાટે આવ્યા શુભમતી, લીધું શ્રીફળ હાથમાં સતી ।**
**બોલ્યાં સાધવી મુખથી વેણ, હે ગંગામા સુણો સુખદેણ ॥**
**પતિવ્રતા સાચું હોય મારૂ, પાછું હટજો અંબુ તમારૂ ।**
**એમકહી પગે લાગ્યા ત્યાંય, શ્રીફળ નાખ્યું ગંગામાય ॥**
**અકસ્માત થયો હડુડાટ, પાણી પાછું હટ્યું ઘડુડાટ ।**

ગંગામૈયાને પગે લાગી, પૂજા કરીને, શ્રીફળ ગંગાજીના જળમાં પધરાવ્યું. બે હાથ જોડી પ્રાર્થના કરી કહ્યું, ''હે ગંગામૈયા, જો મારું પતિવ્રતાપણું સાચું હોય તો

આ પાણીનું પૂર પાછું હટી જાઓ.'' તુરંત હડડાટ કરતું પાણી પાછું હટી ગયું. આ છે પતિવ્રતાનો પ્રતાપ.



સતી સુવાસનીભાભીને સરયુ નદીના પૂરને વધાવે છે.

ગંગાજીના કિનારે હજારો માણસો ઊભા હતા. તે આવું અદ્‌ભુત દશ્ય જોઇ આશ્ચર્ય પામી ગયા. ઉંચે સાદે સૌ બોલી ઉઠ્યા. ''ગંગામૈયાની જય હો! ગંગામૈયાની જય હા!'' રાજા પણ રાજી થયા. અયોધ્યાનગરી બચી ગઇ. ધર્મદેવને કુટુંબ સહિત રાજ્યદરબારમાં બોલાવી સારો સત્કાર કર્યો. કિંમતી વસ્ત્ર અલંકારની ભેટ આપી રાજીપો વ્યક્ત કર્યો. ભક્તિમાતા સાથે સુવાસનીબાઇ ઘરે આવ્યાં. ભક્તિમાતા કહે છે,''ઘનશ્યામ, સુવાસનીભાભી પતિવ્રતા નારી છે. ગંગાજીને વધાવ્યાં કે પાણીનું પૂર હટી ગયું. સતી શિરોમણી છે.'' ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા, ''ભાભી રેવતીજીનો અવતાર છે. તેમનામાં અદ્‌ભુત શક્તિ છે.''

કથા સાર... આપણને પતિવ્રતાની ટેક રાખીને શ્રી હરિની ભક્તિ કરવી. અને ધ્યાન પણ પોતાના ઈષ્ટદેવનું કરવું. સ્વરૂપનિષ્ઠા પરિપક્વ રાખવી. જ્યાં ત્યાં મનને ડગાવવું નહિ. ઘણા હરિભક્તો સગવડિયો ધર્મ પાળે છે. વિદેશ જાય અથવા કામધંધા પ્રસંગે બીજે ગામજાય ત્યારે પૂજા સાથે લઇ જતા નથી. ઘેર મુકી જાય છે. ભગવાન તો પ્રાણ સમાન છે. પૂજન માટે નિત્ય નવો પ્રેમઉભરાય એવી પૂજાની ઝંખના રાખવી. પ્રાણને ઘરે મૂકીને જાવ તો શું થાય? પ્રાણનાડી ઘર મૂકી દે તો મૃત્યુ થઇ જાય. પ્રભુની પૂજાનો મહિમા હોવો જોઇએ.

## ૯૬. લાજ ભગવાનના હાથમાં છે.

લખનૌના મલ્લો ભારે જોરદાર. રમવા ખેલવામાં શૂરવીર હતા. દેશાંતરમાં જેટલા રાજા હતા તેના મલ્લ સાથે યુધ્ધ કરે. લગભગ જીત પણ લખનૌના મલ્લની થાય તેથી ગર્વ ભર્યા પગમાં સોનાના પુતળા બાંધીને અયોધ્યામાં આવ્યા. પગ પછાડતા રાજા દર્શનસિંહ સામે પડકાર કર્યો. ''અમારે અયોધ્યાના મલ્લ સાથે મલ્લ

યુધ્ધ કરવું છે. મલ્લને તૈયાર કરો! ને જો મલ્લ અમારી સાથે લડવા તૈયાર ન હોય તો સવામણ સોનાનું પૂતળું આપો. બધા દેશાંતર ફરતા ફરતા અહીં આવ્યા છીએ.''

દર્શનસિંહ રાજાએ કહ્યું, ''કાલે મલ્લને યુધ્ધ માટે તૈયાર કરી દેશું.'' રાજાને ચિંતા થાય છે, ''લાજ કેમરહેશે?'' હવે શું કરવું? ત્યારે એક વૃધ્ધ બોલ્યો, ''હિંમત હારો નહિ. ભગવાન ઉપર ભરોસો રાખો. અયોધ્યાનગરી રાજા રામચંદ્રજીની જન્મભૂમિછે. મહાન તીર્થ છે. લાજ ભગવાનના હાથમાં છે ચોક્કસ ભગવાન લાજ રાખશે. હિંમત રાખો. ધાર્યુ પ્રભુનું થશે.''

**આ ભુમિકા છે રઘુવીરની, તેમાં લજા છે રણધીરની ।**
**આપણને જીતે મલ્લ આજ, જાશે રામચંદ્રજીની લાજ ॥**
**એમાં આપણી લાજ ન જાય, માટે જીતાડશે રઘુરાય ।**
**રાખો હિંમતને યુધ્ધ કરો, બીજા સંશય મનમાં ન ધરો ॥**

રાજાએ અયોધ્યાના મલ્લને કહ્યું, ''સાચી વાત છે, કદાપિ તમે હારી જશો તો ધર્મદેવના પુત્ર ઘનશ્યામબહુ પ્રતાપી છે. એ આપણી જીત કરાવશે. તમે હિંમત રાખીને મલ્લ યુધ્ધ કરજો.'' વિશાળ મેદાનમાં મલ્લ અખાડામાં મોટો મંડપ બનાવ્યો. તેમાં ગાદી તકિયા પર રાજા બેઠા છે. આજુ બાજુ કારભારી મંત્રી, તંત્રી, દીવાન, સિપાઇ વગેરે બેઠા છે. ઘનશ્યામમહારાજ અને સખાને રાજાએ આદર સત્કાર કરી મંડપમાં ઊંચા આસન પર બેસાડ્યા. હજારો માણસો મલ્લ યુધ્ધ જોવા આવ્યા છે. મલ્લ યુધ્ધ શરૂ થયું. જોરદાર અરસ પરસ યુધ્ધ કરે છે. એક-બીજાને ખભા ઠબકારે છે. કિલકિલાટ કરી પકડીને પગની આંટી દઇ ખેલે છે. પડછંડા થવા લાગ્યા. હુકાહુક કરી ગોટીલા ખાય છે. વૃક્ષ ઉપરથી ધુબાકા ખાય છે. તાલીના પડછંડા થવા લાગ્યા.

રાજાએ ઘનશ્યામમહારાજ સામે જોયું, ''હે પ્રભુ! મને એક આશરો તમારો છે. હે પ્રભુ! તમારા વિના જીત નહિ થાય. ઘનશ્યામ, તમે સખા સહિત જાઓ, અને મલ્લ સાથે રમો.'' ઘનશ્યામમહારાજ સખા સાથે મલ્લ અખાડામાં આવ્યા. લખનૌના મલ્લ ગર્વથી બોલ્યાં, ''બાળકો, તમારું મલ્લ યુધ્ધ કરવાનું કામનથી. જતા રહો, નહિતર વગર મોતે મરી જશો.'' ઘનશ્યામમહારાજે વિચાર કર્યો, મલ્લને પોતાના બળનું અભિમાન છે તેથી તેનો ગર્વ ઉતારવો પડશે.

ઘનશ્યામમહારાજે એક એક સખામાં હજાર હજાર હાથીનું બળ મૂકી દીધું. સામસામા ખેલે છે. સખા એક ધક્કો દે ત્યાં જોરદાર મલ્લ ગોટીલું ખાઇ પડે હેઠો. માંડ માંડ ઉઠે તો પગની આંટી દઇ એવો મરોડે કે મલ્લોનાં હાડકાં ખખડી ગયા. ''ઓ... હો...હો... આટલા નાના બાળકોમાં આટલું જોર. કમાલ છે! શેરનો

સવાશેર મળી ગયો.'' કેટલાક મલ્લો બેહાલ સ્થિતિમાં ભૂમિપર આળોટે છે. ''બચાવો... બચાવો!'' અમુક મલ્લ દૂર ભાગી ગયા. ''આ સાધારણ બાળક નથી, પણ વિચિત્ર મહાન યોધ્ધા છે.'' હતાશ થઇ ગયા. બકરાની જેમબરાડા પાડે છે. બળ હરાઇ ગયું. સાવ ઢીલા થઇ ગયા. ગર્વ ઉતરી ગયો ભગવાને ભલભલાના વટ ઉતારી દીધા છે. તો મલ્લની શું ગણત્રી?

લખનૌના મલ્લ હારી ગયા ને અયોધ્યાના મલ્લો જીતી ગયા. આજુ બાજુ ઊભેલા માણસો તાળીના ગળગળાટ કરી ઊંચે સ્વરે બોલ્યા, ''ઘનશ્યામમહારાજની જય!'' લખનૌના યોધ્ધા શરમાઇ ગયા. દર્શનસિંહ રાજાએ ઘનશ્યામમહારાજનો ભવ્ય સત્કાર કર્યો, ''હે ઘનશ્યામ, તમે અમારી લાજ રાખી છે... લ્યો આ ભેટ અર્પણ કરું છું.''

**સવામણ હેમનું પુતળું, પ્રભુને આપ્યું રાજાએ ભલું ।**
**બીજા આવ્યા છે લોક અનેક, વિસ્મય પામી ગયા છે વિશેક ॥**
**સર્વેનો સંદેહ ટળી ગયો, પ્રભુ પણાનો નિશ્ચય થયા ।**
**સવા મણ સોનું આપ્યું રાય, ધર્મે કર્યો છે તેનો ઉપાય ॥**
**તે સોનામાંથી નિર્મળ મન, વિપ્ર સાધુને આપ્યા ભોજન ।**
**દક્ષિણા આપી ને જમાડ્યા, યાચકોને આનંદ પમાડ્યા ॥**

અક્ષત, ચંદન, પુષ્પથી પૂજા કરીને રાજાએ પ્રભુને સવામણ સોનાનું પૂતળું અર્પણ કર્યું. ધર્મપિતાએ તેમાંથી સાધુ, બ્રાહ્મણો, ગરીબ, ગાય, અને અનાથ બાળકોને જમાડી ખૂબ દક્ષિણાઓ આપી રાજી કર્યા. લખનૌના મલ્લો આશ્ચર્ય પામી ગયા. આવી રીતે પ્રભુતા બતાવી મલ્લનો ગર્વ ઉતાર્યો. અનેક જીવાત્મા પ્રભુનું શરણું સ્વીકારી લીધું.

કથા સાર... અભિમાન કાળાનાગ જેવું છે. દૂધ પાનારને સર્પ ડંસ મારે છે, તેમઅભિમાન પોતાનેજ દુઃખી કરે છે. અભિમાનનો વેગ મહા ભયંકર છે. અહંકાર તજો ને હરિને ભજો.

## ૯૭. રક્ષકને ડાળે લટકાવી દીધો.

એક વખત ઘનશ્યામમહારાજ સખાઓ સાથે ગામકુષ્મીના તળાવની પાળ ઉપર બોરડી હતી. ત્યાં બોર ખાવા સારુ ગયા. વેણી, માધવ, પ્રયાગ વિગેરે સખાઓ ફટાફટ બોરડી ઉપર ચડી ગયા. સારા પાકા બોર શોધીને ખાય છે. ઘનશ્યામમહારાજ નીચે ઊભા છે. તે બોરડી જેટલા ઊંચા થઇ ગયા. ઊભા ઊભા બોર વીણી વીણીને જમે છે ને ખોબા ભરીને ભેગાં કરે છે. સખાઓ જોતાજ રહી ગયા. આવડા ઊંચા ઘનશ્યામકઇ રીતે થયા હશે?!

ત્યાં ઓચિંતો બોરડીનો રક્ષક આવ્યો. ક્રોધથી લાલ આંખ કરી બોલ્યો, "અલ્યા, બોરડી ઉપર શું કરો છો? માલીકીની બોરડી છે. રજા વગર બોર ખવાય નહિ. આજ માર્યા વગર નહિ મૂકું." એમકહી જ્યાં લાકડી ફટકારવા જાય, ત્યાં ઘનશ્યામમહારાજે શું કર્યુ?

**એક હાથેથી ઉપાડી લીધો, બોરડીયે લટકાવી દીધો ।**
**છેલ્લી ડાળે લટકાવી છેલ, સખા સાથે નાઠા અલબેલ ॥**
**ઘનશ્યામઆવ્યા નિજ ઘેર, સખા સર્વે ગયા એણી પેર ।**
**ઓલ્યો બોરડી ઉપર બેઠો, હવે કેમકરી આવે હેઠો ॥**

રક્ષકનો હાથ પકડીને બોરડીની છેલ્લી ડાળ ઉપર લટકાવી દીધો. અમને નાના બાળક જાણી ધમકાવે છે. ચમત્કાર બતાવ્યા સિવાય નમસ્કાર નહિ કરે. રક્ષક ઝાડમાં લટકે છે. હવે શું કરવું? કેવી રીતે ઉતરવું. ઠેકડો મારે તો હાડકાં ભાંગી જાય. લટકી લટકીને થાકી ગયો. રાડો પાડે છે. "મને નીચે ઉતારો. મને નીચે ઉતારો." સખાઓ અને ઘનશ્યામમહારાજ દોડતા પોતપોતાના ઘેર પહોંચી ગયા. રક્ષકની બૂમસાંભળી તેના માતા પિતા  બોરડીનાં વૃક્ષ પાસે આવ્યા તો દીકરો લટકે છે! "અલ્યા! આવી રીતે કાંઇ બોર ખવાતા હશે?! આ શું બોર ખાવાની રીત છે? ઝાડમાં શા માટે લટકે છે? નીચે ઉતર!"

રક્ષક રડતાં રડતાં બોલ્યો, "મારો વાંક નથી. ધર્મદેવના પુત્ર ઘનશ્યામતેણે મારો હાથ પકડીને ઊંચો લટકાવી દીધો છે. મારા હાથ દુઃખે છે. મને જલદી નીચે ઉતારો." પછી નિસરણી લઇ આવીને રક્ષકને નીચે ઉતાર્યો. ધર્મદેવને ઘરે ઠપકો દેવા આવ્યા. "તમારા ઘનશ્યામચોર છે. બહુ તોફાન કરે છે."

**ગયા ધર્મદેવ તણે દ્વાર, ઠપકો દેવા લાગ્યા તે વાર ।**
**ધર્મદેવ તમારા જે તન, આવ્યાતા મુજ ગામમોહન ॥**
**મારા પુત્રને ત્યાં ગભરાવ્યો, બોરડી ઉપર લટકાવ્યો ।**

"બોર ખવાય તેટલા ખાધાં બીજા કાચા પાકાં ખેરવી નાખ્યાં. સમજાવા ગયા તો મુશ્કેલી ઊભી થઇ. મારા દીકરાનો હાથ ઝાલીને બોરડી ઉપર લટકાવી દીધો. સાચી વાત કહીએ છીએ તો તમો તમારા દીકરાનું ઉપરામણ કરો છો." ત્યારે ધર્મપિતા કહે છે,

**મારો કોમળ અતિ કુમાર, હજુ વર્ષ થયા નથી બાર ।**
**અવસ્થાવાન સુત તમારો, થયાં વર્ષ પાંત્રીશ વિચારો ॥**
**એને કેવી રીતે આ ઉપાડે, એવું જગતમાં કોઇ દેખાડે ।**
**મારા ઘનશ્યામછે નાનું બાળ, તમે ખોટું ચડાવો છો આળ ॥**
**કાંઇ સમઝતાં નથી હજુ, લટકાવ્યાનું ક્યાં એનું ગજુ ।**

"વિચારીને બોલજો! મારા ઘનશ્યામનાના બાળ છે ને તમારો દીકરો ૩૫ વરસનો જુવાન બેલી છે. તેને ઉપાડીને કઇ રીતે અધ્ધર લટકાવે?! અમને એ વાત મનાતી નથી. માટે ચાલ્યા જાવ." તે વખતે શું બન્યું? ઘનશ્યામમહારાજ કુવાના કાંઠા ઉપર ઊભા હતા. વીસ ધનુષ્ય વા ઊંચા દેખાયા. ઓ...હો...હો... આ જગતની અંદર આવડો ઊંચો કોઇ મનુષ્ય હોય નહિ. માણસો બોલ્યા, "ધર્મદેવ! તમે કહો છો મારા ઘનશ્યામનાના બાળ છે. જુઓ તો ખરા. કેટલા મોટાને ઊંચા દેખાય છે." ધર્મદેવને નાના બાળક રૂપે દેખાય છે ને બીજાને મોટાં ને ઊંચા દેખાય છે. આવું મહા અદ્ભુત ચરિત્ર જોઇ સૌ આશ્ચર્ય પામી ગયા. બે હાથ જોડી કહે છે, "હે ધર્મદેવ!...

સુત તમારો છે સુખકારી, અવતારનાં છે અવતારી ।
ક્ષમા માંગી છે તેહને ઠામ, પછી ગયા તે પોતાને ધામ ॥
એમચરિત્ર કરી દેખાડે, વળી સત્તા પોતાની સંતાડે ।

આ તમારા ઘનશ્યામમહારાજ સામાન્ય બાળક નથી પણ અતિ સુખકારી છે ને અવતારના અવતારી છે. અમારાથી વધુ પડતું બોલાઇ ગયું છે તો ક્ષમા કરો અને અમે આજથી તમારા ચરણે ને શરણે આવ્યા છીએ. અમને મુક્તિનો માર્ગ બતાવો." ધર્મદેવ ખૂબ ઉપદેશ આપ્યો છે. અનેક પ્રકારની લીલા કરી પ્રભુ સૌને કલ્યાણનો માર્ગ બતાવ્યો છે.

## ૯૮. પાકેલાં ફણસ અમને આપજો.

મોટાભાઇના સસરાનું નામબલદેવપ્રસાદજી હતું. તે ગાડું જોડીને ગામવેણીપુર ફણસ લેવા જાય છે. ઘનશ્યામમહારાજ સાથે ગયા. રસ્તામાં તળાવની પાર ઉપર ફણસનું વૃક્ષ હતું. ત્યાં ગાડું છોડીને બળદને પાણી પાયું ને બળદને ખટવા આંબે બાંધ્યા. લક્ષ્મીપ્રસાદ, જનકરામવિગેરે ફણસના વૃક્ષ ઉપર ચડી ગયા. ઘનશ્યામમહારાજ નીચે ઊભા છે. ઘનશ્યામબોલ્યા, "ભાઇઓ! પાકેલાં ફણસ હોય તો અમને આપજો." ત્યારે માણસો બોલ્યા, "આ વૃક્ષમાં પાકેલાં ફણસ નથી. બીજા વૃક્ષમાં હશે તો તમને દેશું." પ્રભુ બોલ્યા,

ત્યારે બોલ્યા છે શ્રી ઘનશ્યામ, કેમનથી બોલો છો શું આમ।
જુઓ જુઓ આ પાકી ગયા છે, અમને આપ્યા જેવા થયા છે ॥
એમકહેતાં ફણસ સઘળાં, નીચે ખરી પડ્યાં તે સબળાં ।
એવું જોઇને તે સર્વે જન, હેઠે ઉતરીયા એક મન ॥
આવ્યા ઊભા છે જ્યાં ઘનશ્યામ, પ્રેમપુર્વક કર્યા પ્રણામ।

"તમે કહો છો કે ફણસ પાક્યાં નથી, પણ અમને બધાં ફણસ પાકેલાં દેખાય છે." પ્રભુએ સંકલ્પ કર્યો, બધાં ફણસ નીચે ખરી પડો! તુરંત ટપોટપ ફણસ નીચે

ખરી પડ્યાં. સંકલ્પ માત્રથી જે સૃષ્ટિનું સર્જન કરી શકે, વિસર્જન કરી શકે તેને ફણસ પકાવવાં શું મહેનત પડે? પ્રભુતો કર્તુ મકર્તુ અન્યથા કર્તુ છે. જે ધારે તે કરી શકે. એવા શક્તિમાન છે. પ્રભુની શક્તિથી આખી દુનિયા ચાલે છે. આખી દુનિયાના ડ્રાઈવર ભગવાન છે. મંદમંદ હસતા ઘનશ્યામબોલ્યા, ''તમે કહો છો કે એક પણ ફણસ પાક્યું નથી, ત્યારે પાકેલાં ફણસ ક્યાંથી આવ્યાં.''

ભલૈરામબોલ્યાં, ''હે ઘનશ્યામ! તમારા પ્રતાપથી બધા ફણસ એક ક્ષણમાં પાકી ગયાં. નહિતર ફણસને ઘેર લઈ જઈએ ને પંદર દિવસ સુધી ઘરમાં કપડું ઢાંકીને રાખીએ ત્યારે માંડ પાકે. પણ તમારો પ્રતાપ ગજબનો છે.'' પછી ભલૈરામે સારા મોટાં પાકેલાં ફણસ લઈ સુધારીને પ્રભુને જમાડી સૌને પ્રસાદ આપ્યો. બાકીનાં ફણસ ગાડામાં ભરીને ઘરે લાવ્યા. ધર્મદાદાને અને ભક્તિમાતાને બનેલી વાત કહી સંભળાવી. તેઓ પણ આશ્ચર્ય પામી ગયાં.

નિત્ય નવી લીલા કરી પ્રભુ અનંત ભક્તજનોને અલૌકિક સુખ આપે છે. ધન્ય છે છપૈયા ધામને.

**ધન્ય ધન્ય છપૈયાપુર ધામને જો**
**વહાલું લાગ્યું તે શ્રી ઘનશ્યામને જો... ધન્ય...**
**વહલો અક્ષર થકિ જીયાં આવીયા જો**
**ભક્તિ ધર્મ તણા સુત કાવિયા જો... ધન્ય...**



**ગ્રામજનો શ્રી બાળ પ્રભુના દર્શને આવે છે.**

આપણે બાલ ઘનશ્યામને પ્રાર્થના કરીએ કે જેમતમે કાચાં ફણસને પકાવી દીધાં. તેમઅમને તમારા સ્વરૂપમાં પાકો નિશ્ચય થાય તેવી સદ્‌બુધ્ધિ આપજો. મોહ-મમતા ખરી જાય. તમારા સ્વરૂપમાં વિરામથાય, અખંડ તમારા સ્વરૂપમાં વૃત્તિ રહે. અક્ષરધામના મહા મુક્તોની જેમતમારા સ્વરૂપમાં અમને તદ્‌રૂપ કરો.

## ૯૯. ગાડામાં ટોપી મુકી.

મોતીત્રવાડીએ દીનનગરમાંથી રામદીન કણબી પાસેથી બળદ વેંચાતા લીધા. મોતીત્રવાડી એ ધર્મદાદાને કહ્યું, "ચાલો બળદ લઇ આવીએ." ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા, "પિતાજી, હું તમારી સાથે ચાલીશ." મામા મોતીત્રવાડી, ધર્મદાદા અને ઘનશ્યામમહારાજ દીનનગરમાં ગયા. ત્યારે બળદોને સાંચવનારો ખેડૂત પોતાના બળદોનાં વખાણ કરે છે. સૌ પોતાના માલના વખાણ કરે. ખેડૂત કહેશે મારા ઘંઉ સારા છે. વેપારી કહેશે મારું કપડું સારું છે. દરજી કહેશે મારી સિલાઇ સારી થાય છે. કંદોઇ કહેશે મારી મીઠાઇ સારી થાય છે. વિગેરે સૌને પોતાનું સારું લાગે.

બળદ રક્ષક બોલ્યો, "અમારા બળદ બહુ બળવાન છે. પચાસમણ ભાર ગાડામાં નાખો તો પણ તાણી જાય એવા જોરદાર છે." પ્રભુને થયું, ગર્વ કરવો તે ઠીક નહિ. રામદીનનો ગર્વ ઉતારવો જોઇશે. તેથી ઘનશ્યામબોલ્યા,"મામા! વાતું કરવાથી બળદની ખબર પડે નહિ. હું ગાડામાં બેસું ને બળદ જો બરાબર ચાલે,જરાય ઊભા રહે નહિ તો બળદ જોરાવર કહેવાય." રામદીને કહ્યું,"કાંઇ વાંધો નહિ. નાના બાળકમાં શું વજન હોય. ઘનશ્યામતમે ગાડામાં બેસી જાવ."

**મહાપ્રભુ બેઠા ગાડામાંયે, ખેડુ હાંકવા લાગ્યો છે ત્યાંયે ।**<br>
**ડારો દઈને હાંકવા લાગ્યો, એક તસુ ચાલે નહિ આગો ॥**<br>
**પામ્યા આશ્ચર્ય સૌ મનમાંઇ, આનું કારણ શું હશે ભાઇ ।**<br>
**કોઈનાં કહ્યા વિના તે ઠામ, હેઠે ઉતરીયા ઘનશ્યામ॥**<br>
**પછી બળદ ચાલવા લાગ્યો, ગાડું ખેંચીને જાય છે ભાગ્યો**

ઘનશ્યામમહારાજ ગાડામાં બેઠા. ખેડૂત બળદના પીઠ ઉપર થાપી દઈને ગાડું ચલાવ્યું. પણ બળદ ચાલતા નથી. થંભી ગયા. ખેડૂત બળદની રાશ ખેંચે. લાકડી મારે. ડચકારા કરે. પણ બળદ તસુ જેટલા પણ ખસતા નથી. હવે શું કરવું? ખેડૂત વિચાર કરતો થઇ ગયો, આ શું કૌતુક?! બળદ ચાલતા કેમનથી?! ખૂબ મહેનત કરી પણ બળદ પથ્થરના પૂતળાની જેમઊભા છે. એક ડગલું પણ ચાલતા નથી.

ઘનશ્યામગાડામાંથી હેઠા ઉતરી ગયા એટલે બળદ મંડ્યા દોડવા. રામદીનને નવાઇ લાગી. આ શું થાય છે? જે હશે તે... રામદીન બોલ્યો, "હે હરિપ્રસાદજી! મેં મારા બળદ ઉપર હાથ ફેરવ્યો છે તેથી બળદ ઊભશે નહિ. બરાબર ચાલ્યા જશે. કૃપા કરીને ઘનશ્યામને ગાડામાં બેસાડી દો." ત્યારે પ્રભુ બોલ્યા,

**હવે તો નહિ બેસીએ અમે, સત્ય માની લેજો ભાઈ તમે ।**<br>
**પણ ટોપી છે જુઓ અમારી, મામા ગાડામાં મેલો વિચારી ॥**

પછે ગાડું તેનું ચાલ્યું જાય, ત્યારે બળનાં વખાણ થાય ।
પછે મોતી ત્રવાડીયે ત્યાંયે, ટોપી મુકી દીધી ગાડામાંયે ॥

“હવે અમે નહિ બેસીએ પણ આ અમારી ટોપી છે તે ગાડામાં મૂકી દો. જો બળદ બરાબર ચાલે તો બળદના વખાણ થાય ને બરાબર ન ચાલે તો વખાણ કરાય નહિ.” ટોપી ગાડામાં મૂકી. ખેડુત બળદને ચલાવે છે. હાથ ફેરવે. રાશ ખેંચે પણ બળદ એક ડગલું પણ ચાલતા નથી. હતાં ત્યાંજ ઊભા રહી ગયા. હવે શું કરવું? વિચાર કરતા થઇ ગયા. આટલું બધું વજન ટોપીમાં હોય નહિ. આ બધો ચમત્કાર ઘનશ્યામમહારાજનો છે. ઘનશ્યામસદા સુખકારી, અવતાર તણા અવતારી, મહા અલૌકિક મૂર્તિ છે. ખેડૂત ઘનશ્યામમહારાજને પગે લાગ્યો, “હે પ્રભુ! હે ઘનશ્યામ! તમે સામાન્ય બાળક નથી પણ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ છો. આજે અમને તમારા દર્શન થયા તે મોટા ભાગ્યની વાત છે.”

ખેડૂતને ભગવાનની ઓળખાણ થઇ. ગુણભાવ આવી ગયો તેથી જિંદગીભર ઘનશ્યામમહારાજને યાદ કરે ને બીજા પાસે વાત કરે, કે આ લોકમાં પ્રભુ માનવ સ્વરૂપે પધાર્યા છે. છપૈયા જાવ ત્યારે દર્શન કરજો. ખૂબ આનંદ થશે. અનેક મુમુક્ષુઓ ભગવાનને શરણે થયા છે. પ્રભુના શરણે જે જીવ આવે છે તેને પ્રભુ સંસૃતિથી મુક્ત કરે છે. શ્રી હરિને શરણે કોણ આવે? જે સંસારથી ઉદાસ થઇ જાય, પંચવિષયના સુખ તુચ્છ થઇ જાય, તે શ્રી હરિને શરણે આવે છે. જેને જગતના ભોગ સુખ વહાલા લાગે, પણ ભગવાન વહાલા લાગે નહિ તેવા પામર જીવાત્માઓ વિષય- વાસના અને વ્યસનમાં જિંદગી ખલાસ કરી નાંખે છે. ઘનશ્યામમહારાજ સંસાર સાગરના તારક છે.

## ૧૦૦. રાજાના દૂતને જીવતા કર્યા.

એક સમય ગામનરેચાના રાજા સન્માનસંજીના દરબારમાં વિવાહનો પ્રસંગ હતો. આ જગતની અંદર અમુક પ્રસંગો કેફી હોય છે. કેફી વસ્તુ ખાવાથી કેફ ચડે, પણ લગ્ન પ્રસંગ એવો છે કે કાંઇ કેફી પદાર્થ ખાવ નહિ, તો પણ કેફ ચડતો હોય છે. તેથી ગતાગમનો કોઇ ખ્યાલ રહેતો નથી. કલ્યાણસાગરના કિનારે આતસબાજી રમતા હતા. હજારો માણસો જોવા આવ્યા છે. ફટાકડા અને બંદૂકોના ભડાકા કર્યા. એવામાં અચાનક બંદૂક તૂટી. અમુક માણસો અડખે પડખે નાસી ગયા પણ બે માણસોને બંદૂક વાગી તેથી તુરંત મૃત્યુ થઇ ગયું. મંગળ કાર્યમાં અમંગળ થયું.

આનંદ હતો ત્યાં શોક છવાઇ ગયો. બધા માણસો ઉદાસ થઇ ગયા. રડે છે. હવે શું કરવું? મુંઝાઇ ગયા. રાજા ઘનશ્યામમહારાજ પાસે આવ્યા. પગે લાગી નમ્રતા પૂર્વક પ્રાર્થના કરે છે,

**હે હરિકૃષ્ણ હે ઘનશ્યામ, બે માણસ મુઆ આ ઠામ।**
**રંગ ઉપરંગ તે ઉમંગ, વિવાહમાં થયો હર્ષનો ભંગ ॥**
**દયા કરીને તમે જીવાડો, હતો તેવો આનંદ પમાડો ।**

"હે ઘનશ્યામમહારાજ! બંદૂક તૂટવાથી બે માણસોનું મૃત્યુ થઇ ગયું છે. આપ દયા કરો ને માણસોને જીવતા કરો તો બહુ સારું. તમે અનેક વખત ચમત્કાર બતાવ્યા છે. આપ સર્વ શક્તિમાન મૂર્તિ છો. અનેક જીવાત્માનો ઉધ્ધાર કરવા આ પૃથ્વીપર પધાર્યા છો." પ્રભુ કહે છે, "હે રાજન્ તમે ચિંતા ન કરો. ભગવાન ઉપર ભરોશો રાખો! જીવનની દોરી પ્રભુના હાથમાં છે. એ બધું સારું કરશે. અત્યારે તમે બે માણસના મૃત શરીરને કલ્યાણસાગરના પાણીમાં સુવાડી દો. પવિત્ર જળ સ્પર્શથી બરાબર થઇ જશે." રાજાએ હુકમકર્યો તેથી જળમાં સુવાડી દીધા. થોડી વાર પછી ઘનશ્યામમહારાજ કલ્યાણસાગરના કિનારા ઉપર ઊભા રહીને દૂતના નામલઇને ઊંચે સ્વરે સાદ પાડ્યો.

**હે ગદાધર હે પૃથ્વીપાલ, જળમાં સુતા કેમદયાળ।**

"હે ગદાધર! હે પૃથ્વીપાલ! પાણીમાં કેમસુતા છો? જલદી પાણીથી બહાર આવો. તમારા સબંધી રાહ જુએ છે." બે યુવાન આદમી ચડપ દઇને બેઠા થઇ ગયા. હસતા હસતા પાણીમાંથી બહાર આવે છે. બધા માણસો રાજી રાજી થઇ ગયા. કમાલ છે. મરેલા માણસો જીવતા કેમથયા હશે? ત્યારે બીજા માણસો બોલ્યા, "મરેલા માણસો જીવતા થાય નહિ પણ આ ધર્મદેવના પુત્ર ઘનશ્યામમહારાજના પ્રતાપથી જીવતા થયા છે. ઘનશ્યામમહારાજ સામાન્ય બાળક નથી પણ સાક્ષાત્ પરમાત્મા છે. આપણે વારંવાર એનો પ્રતાપ સાંભળીએ છીએ પણ આજે નજર આગળ ચમત્કાર જોયો." તમામમાણસો પ્રભુને પગે લાગીને નિશ્ચય કરી લીધો કે આપણને પ્રગટ પરમાત્માનો યોગ મળ્યો છે. તેવો યોગ અને દર્શન જંગલના યોગીને પણ થતાં નથી. રાજા સન્માનસિંહે કહ્યું, "હે ઘનશ્યામમહારાજ, તમે અમારા રાજ્ય દરબારમાં પધારો. અમને તમારી પૂજા કરવી છે." ધર્મદેવ અને રામપ્રતાપજી સાથે ઘનશ્યામરાજ્ય દરબારમાં પધાર્યા. રાજાએ ભવ્ય સત્કાર કર્યો. પ્રભુને ઢોલિયા ઉપર બેસાડ્યા. રાજરાણી જડાવકુંવરબાઇએ પ્રભુને મોતીડેથી વધાવ્યા.

**ભાવભરી મોતીડે વધાવ્યા, રાજારાણી તણે મન ભાવ્યા।**
**રાણી જડાવ કુંવરબાઇ, મહા પુન્ય પવિત્ર કેવાઇ ॥**
**તેણે કર્યુ પ્રભુનું પૂજન, પ્રેમસહિત નિર્મળ મન ।**
**ચંદનાદિ સોળે ઉપચાર, હેતે પહેરાવ્યા પુષ્પના હાર ॥**

ષોડશોપચાર વડે પ્રભુનું પૂજન કરી. પુષ્પના હાર પહેરાવી. આરતી ઉતારી

રાજીપો વ્યક્ત કર્યો. પછી સુંદર મજાના મેવા, મિષ્ટાન, દૂધપાક વિગેરે ભોજન જમાડી તૃપ્ત કર્યા. રાજા અને રાણી બે હાથ જોડી કહે છે, “જેમતમે બે મનુષ્યને મૃત્યુમાંથી ઉગારી લીધા છે, તેમહે પ્રભુ! ભવસાગરથી અમને ઉગારી લેજો. તમારા સ્વરૂપમાં અચળ મતિ રહે. આ જગતની માયા અમને નડે નહિ એવી સદ્‌બુધ્ધિ અમને આપજો. વિગેરે પ્રાર્થના કરી છે. પ્રભુમાં પ્રેમથાશે તો સદ્‌ગુણો વધતા જાશે. અને અલૌકિક બળ આવશે. લોઢાને ગરમકરવાથી નરમથઈ જાય છે અને નરમથઈ ગયા પછીજ આકાર થઈ શકે છે. તેમજ આપણા કઠોર હૃદય પ્રભુ પ્રેમથી નરમથતું જાય છે. ધીરે ધીરે જિંદગી સુધરતી જાય છે. અને આત્માનો આનંદ વધતો જાય છે. ગામનરેચાથી પ્રભુ છપૈયા પોતાના ઘેર પધાર્યા છે.

## ૧૦૧. શ્રી હરિ દેવતા લેવા ગયા.

અયોધ્યાપ્રસાદજી મહારાજ છપૈયા ધામનો મહિમા કહે છે.

છપૈયાનાવાસી જનનું, પૂરણ ભાગ્ય કહેવાય ।
પ્રભુજી જ્યાં લીલા કરે છે, નિશદિન સુખદાય ॥
તરણ તારણ કારણ, ચરણની રજ જેહ ।
ભુવનપતિ બ્રહ્માદિને, અતિ દુર્લભ છે એહ ॥

ધન્ય છે છપૈયાવાસી ભક્તજનોને. ધન્ય છે છપૈયાની ગાયોને. ધન્ય છે છપૈયાના વૃક્ષવેલીઓને. પ્રભુનાં પાવનકારી રજને ભવ બ્રહ્માદિક ઇચ્છે છે. તેને જલદી મળતી નથી. તે આજે છપૈયાવાસીનાં ભાગ્ય ઉદય થયા છે કે માનવ શરીરે ઘનશ્યામમહારાજ એમની સાથે લીલા કરે છે.

એક વખત સુંદરીમામી પાત્ર લઈને દેવતા લેવા આવ્યાં. “સુવાસનીબાઈ તમારા ઘરમાં પ્રજવલ્લિત કરેલા દેવતા હોય તો આપો.” સુવાસનીબાઈએ કહ્યું, “ઘરમાં દેવતા નથી.” ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા, “ભાભી, તમે ચિંતા ન કરો. હું દેવતા લાવી આપીશ.” મીનસાગરનાં કિનારે મહુડાના બગીચામાં અસુરાંશ વૈરાગીની જમાત આવી હતી. બધા બાવા તામસી ને વ્યસનથી ભરપૂર હતા. ગાંજો ભાંગ પીએ ને ગર્વથી ફરે. અગ્નિ પ્રગટાવીને ધૂણી તાપે, પાપમાં પૂરા ને ધર્મમાં અધુરા. પ્રભુને વિચાર થયો કે ખાખીબાવાને ચમત્કાર બતાવવો પડશે. માણસોને ડારો બતાવી દબાવીને પૈસા માંગે છે ને હેરાન કરે છે. તેથી ઘનશ્યામમહારાજ બાવાની જમાત પાસે આવ્યા.

ઘનશ્યામમહારાજે કહ્યું, “બાવાજી, આ ધુણીમાંથી મને સળગતા થોડાક દેવતા આપો!” બાવો ક્રોધથી બોલ્યો, “લડકા, તુમક્યાં બકબક કરતા હૈ? ચલા જાઓ... દેવતા નહિ મીલેંગે.” ઘનશ્યામમહારાજ બીજા બાવા પાસે ગયા. “બાવાજી...

અમને દેવતા આપશો?'' બાવો ચીપિયો પછાડી બોલ્યો, ''ચલતી પકડ. અગ્નિ નહિ મીલેંગે.'' ત્રીજી જગ્યા પર ગયા સળગતી ધૂણીમાંથી પોતાના હાથથી દેવતા ઉપાડી, પિતાંબરના છેડામાં લઇ ચાલતા થયા. અને બાવાનું મગજ છટક્યું. ''ના પાડીએ છીએ છતાં અગ્નિ કેમલીધો?!'' ધોકા, ચીપિયા લઇને મારવા માટે પાછળ દોડ્યો. ''લડકા, ક્યા સમજતા હૈ? વગર મોતે તુંમમર જાયેંગે.'' એમકહી ધોકો ને પથ્થરા ફેક્યા.

બાવાને વિચાર ન થયો કે કપડામાં અગ્નિ લઇ જાય છે છતાં કપડું બળતું નથી. કોઇ ચમત્કારી બાળક છે. આવો દિવ્ય વિચાર આવ્યો નહિ. ઘનશ્યામમહારાજ ભયંકર યમરાજા સ્વરૂપે બની ગયા. મોટા પર્વત જેવા, વિકરાળ સ્વરૂપ, હસ્તમાં તીક્ષ્ણ હથિયાર, દાંત કચકચાવતા ભયંકર શબ્દના કડાકા કરે છે. ''પાપી! તમે ભેખ લીધો છે ને ક્રોધ કરી સૌને છેતરો છો?! સર્પની જેમફૂંફાડા મારી બીજાને હેરાન કરો છો?'' યમરાજાએ બરાબર જેવો માર માર્યો. ધોકાના ઠક્કા કરાવ્યા. બાવા મુઠ્ઠીવાળીને જાય ભાગ્યા.

''ભાગો, નહિતર વગર મોતે મારી નાખશે.'' ધ્રુજતા ફફડતા પોતાના મુકામે પહોંચી ગયા. પોતાની પૂજાની મૂર્તિ જોઇ તો મળે નહિ. અરે મૂતિ ક્યાં ગઇ હશે?! આજુ બાજુ શોધે છે ત્યાં આકાશવાણી થઇ. પૂજાની મૂર્તિ બોલ્યા ''તમે ઘનશ્યામમહારાજનું અપમાન કર્યુ છે. ફાવે તેમબોલ્યા છો તેથી અમે તમારી પાસે રહેશું નહિ. ઘનશ્યામમહારાજ સાથે જઇએ છીએ.'' બધા બાવા ઘનશ્યામમહારાજ પાસે મૂર્તિ લેવા આવ્યા. જ્યાં ઘનશ્યામમહારાજ સામે નજર કરી ત્યાં પ્રભુએ સાક્ષાત્ શ્રી રામચંદ્રજી સ્વરૂપે દર્શન આપ્યા. બાવા આશ્ચર્ય પામી ગયા. આતો આપણા ઈષ્ટદેવ છે. બે હાથ જોડી ક્ષમા માંગે છે. ''અમારી ભૂલ થઇ છે. અમે તમને ઓળખી શક્યા નહિ.''

**તમે સાક્ષાત છો રામચંદ્ર, પ્રગટ્યા છુપૈયામાં બલીંદ્ર ।**
**નિશ્ચે અમને એમદેખાય, એમાં બીજો સંદેહ ન થાય ॥**
**તમને કરીયે નમસ્કાર, કર જોડીને વારમવાર ।**
**તમે ક્ષમા કરો અપરાધ, અમે ભુલ કરી છે અગાધ ॥**
**અમે દાસ છીએ તમારા, અવગુણ જોશોમાં અમારા ।**

''હે પ્રભુ! બાળક જાણીને અમે તમારું અપમાન કર્યું છે. હવે અમને અમારાં મૂર્તિઓ પાછી આપો.'' ઘનશ્યામમહારાજે કહ્યું, ''લઇ જાવ.''ત્યાં મૂર્તિ બોલ્યાં, ''જો તમે અસત્ય આચરણ કરશો, અધર્મ કરશો, પાપ અને કપટ કરશો તો તમારા પાસે રહેશું નહિ. જો પવિત્ર થઇ સેવા કરશો તો અમે સેવા સ્વીકારશું.'' બાવાઓએ

કહ્યું, "હવે અમે અધર્મ નહિ કરીએ." ઘનશ્યામમહારાજે કહ્યું, "આજ્ઞાનું પાલન કરશો તો સુખી થાશો." પ્રભુની લીલા કલ્યાણકારી છે. અનેક વૈરાગીઓને મુક્તિનો માર્ગ બતાવી પ્રભુએ સત્યમાર્ગે વાળ્યા છે.

### ૧૦૨. ધર્મદાદા પ્રભુનું ધ્યાન કરે છે.

પરમાત્માનું ધ્યાન કરવાથી પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. ધ્યાન એટલે શું? ધ્યાન એટલે એકાગ્રતા અને તન્મયતા. ચિત્તનો હરિમાં નિરોધ કરવો તેને ધ્યાન કહેવાય છે. જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાન કરવાથી માયામાંથી જલદી છુટાય છે. અને મહાઅલૌકિક ભગવાનની મૂર્તિના સુખનો ખજાનો એને હાથ આવે છે. જેમસૂર્ય ઉગવાથી અજવાળું થાય છે, તેમપ્રભુનું ધ્યાન કરવાથી અંતરનું અજ્ઞાન ઘટતું જાય છે ને જ્ઞાનનો પ્રકાશ ઉદય થાય છે.

વળી ચરિત્ર બીજું કહું, સુણો સહુ ભાગ્યવાન ।
એક સમે શ્રી ધર્મ બેઠા, ધરવા પ્રભુનું ધ્યાન ॥
અંતરમાં આતુર થઈને, ધ્યાન ધરે છે એવ ।
પરોક્ષ મૂર્તિ ન દેખાણી, દેખાણા હરિ તતખેવ ॥
ધર્મ ઘનશ્યામને જુવે છે, બીજું ન દેખે દ્રષ્ટ ।
તે મૂર્તિને વિસારી દેવા, કરે પ્રાર્થના સ્પષ્ટ ॥

પિતાધર્મદેવ મનને સ્થિર કરીને પ્રભુનું ધ્યાન કરે છે. હંમેશાં ધ્યાન કરે ત્યારે ચતુર્ભુજ નારાયણનાં દર્શન અંતરમાં થાય, પણ આજે પ્રભુનાં દર્શન અંતરમાં થતાં નથી, પણ ઘનશ્યામમહારાજ દેખાય છે. ધર્મપિતા વિચાર કરે છે, મને ધ્યાનમાં મારો દીકરો દેખાય છે. મને દીકરામાં આટલી બધી આસક્તિ છે તે સારું નથી. પ્રભુ ભુલાઇ જાય અને માયામાં ડુબી જવાય તે મને ગમતું નથી. દીકરાને ભુલવા ઘણો પ્રયાસ કરે છે પણ ભુલાતા નથી. ઘનશ્યામમહારાજ દેખાય છે. હવે શું કરવું? મુંઝાઇ ગયા, તેથી ધ્યાનને પડતું મૂકીને બહાર આવ્યા. ફળિયામાં આંબલીના વૃક્ષ નીચે ઓટો હતો તે ઉપર બેસીને શ્રી મદ્ ભાગવત વાંચે છે.

બે કલાક પછી ઘનશ્યામમહારાજ પિતા ધર્મદેવ પાસે આવ્યા અને સ્મિત હાસ્ય કરતા ધીરેથી પિતાજીને કહ્યું,"પિતાજી, તમે ભાગ્યશાળી છો. પુર્વ જન્મમાં તમે સર્જુગંગાના કિનારે દેવતાના તેર હજાર વર્ષ સુધી કઠીન તપશ્ચર્યા કરેલી છે. ભગવાન પ્રસન્ન થયા અને કહ્યું, "બોલો ધર્મદેવ આપની શી ઇચ્છા છે?" ત્યારે તમે કહ્યું, "અમને તમારા જેવો દીકરો પ્રાપ્ત થાય એવી ઇચ્છા છે." ત્યારે પ્રભુએ કહ્યું, "ચોક્કસ હું તમારે ત્યાં દીકરો થઇને આવીશ. અને તમારા સર્વે મનોરથ પુરા કરીશ." તેથી અમે તમારા ઘરે પ્રગટ થયા છીએ, ને દિવ્ય લીલા કરીએ છીએ."

"પિતાજી, તમે ચિંતા ન કરો." તુરંત ઘનશ્યામમહારાજ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા. પછી તે ચતુર્ભુજ સ્વરૂપ ઘનશ્યામમહારાજમાં લીન થઇ ગયું. ધર્મદાદા આશ્ચર્ય પામી ગયા. રૂંવાડા ખડાં થઇ ગયા. પૂર્વની સ્મૃતિ આવી ગઇ, કે માર્કંડેયઋષિ કહેતા હતા તે વાત સત્ય છે. મારા ઘનશ્યામઅવતારના અવતારી પૂર્ણ પુરૂષોત્તમનારાયણ છે. બે હાથ જોડી પ્રાર્થના કરે છે, "હે લાડીલા કુંવરમારા, દેવ તણા છો દેવ. સર્વના કારણ શ્રી હરિ છે, અક્ષરાધિપતિ એવ."

પુરૂષોત્તમનારાયણ, સાક્ષાત છો ભગવાન ।
તમારી માયા વડે કરીને, ભુલુ છું હુ ભાન ॥
તમવિષે પ્રભુપણાનો, નિશ્ચય બરાબર થાય ।
કલ્પાંતે તવ સ્વરૂપનું, જ્ઞાન કદી નવ જાય ॥
હવે આપો વરદાન એવું, કૃપા કરીને આજ ।
વિસારૂં તોય નવ વિસરે, મહેર કરો મહારાજ ॥

ધર્મપિતા કહે છે, "માયા મને ભૂલ ખવરાવે છે, તેથી મને ખ્યાલ રહેતો નથી. મને વરદાન આપો. કલ્પાંતરે હું તમને ક્યારેય ભૂલું નહિ. અખંડ તમારા સ્વરૂપનું ધ્યાન સ્મરણ કરું. તમારું સ્વરૂપ અમારા હૃદયમાં સ્થિર થઇ જાય." ઘનશ્યામમહારાજે કહ્યું, "તથાસ્તુ, તમારા માગ્યા મુજબ થશે. માયા તમને નડશે નહિ." ભક્તિનું ફળ ભગવાન છે. બ્રહ્મરૂપ થઇ પરબ્રહ્મનું ચિંતવન કરવું.

### ૧૦૩. પથ્થર પાણીમાં તર્યા.

ચૈત્ર સુદ સાતમનો દિવસ આવ્યો. રામપ્રતાપભાઇ, ઈચ્છારામ, સુવાસિનીભાભી, ભક્તિમાતા, ઘનશ્યામમહારાજ બીજા ગ્રામજનોને લઇને ધર્મપિતા અયોધ્યા જવા નીકળ્યા. અયોધ્યા જતા રસ્તામાં સર્જુનદી આવે. અગાધ પાણીથી ભરી છે. જોરદાર પ્રવાહ વહે છે. વહાણની જરૂર પડે, પણ કિનારે એકજ વહાણ(હોડી) હતું. વારાફરતીં સામે કિનારે લઇ જાય. કિનારા પર માણસોની ભીડ હતી.

ઘનશ્યામમહારાજે વહાણના ખેવટને કહ્યું, "અમારા માટે જુદું વહાણ જોઇએ છે. અમે સૌ ભેગા નહિ બેસીએ. ભાડાના પૈસા જે થાશે તે આપશું. ખેવટે કહ્યું, "જુદું વહાણ નહિ મળે. જુદુ વહાણ જોઇશે તો ભાડું પણ સવાયું લઇશ. બોલો શું વિચાર છે?" ઘનશ્યામમહારાજે કહ્યું, "કાંઇ વાંધો નહિ. પિતાજી તમે ચિંતા ન કરો. આપણી પાસે ઘણા બધા વહાણ છે. પિતાજી, ચાલો આ મોટી પથ્થરની શિલા છે તે ઉપર પુરૂષો બેસી જાવ અને આ બીજી શિલા છે તે ઉપર સ્ત્રીઓ બેસી જાવ."

ધર્મદાદા કહે છે, "બેટા ઘનશ્યામ. પથ્થર પાણીમાં તરે નહિ, ડૂબી જશે." ઘનશ્યામબોલ્યા, "પિતાજી વિશ્વાસ રાખો. પ્રભુ કર્તુ મકર્તુ છે. એની કૃપાથી પથ્થર

પણ તરશે. ભવસાગર પાર ઉતારનારને સર્જુગંગા પાર કરતાં શું વાર લાગે. ભગવાન પર ભરોસો રાખી પથ્થરની શિલા પર બેસી જાવ.'' બધા માણસો પથ્થરની શિલા પર બેસી ગયા. ઘનશ્યામમહારાજે પોતાનો હસ્તકમળ પથ્થરને અડાડ્યો. સ્પર્શ કર્યો કે પથ્થર હોડીની માફક પાણી ઉપર તરવા લાગ્યા.

**પાણી ઉપર પથ્થર જાય, હજારો જન જુવે છે ત્યાંય ।**
**તત્કાળ ઉતારિયા પાર, પામ્યા આશ્ચર્ય સૌ નરનાર ॥**

તત્કાળ સામે કાંઠે પહોંચી ગયા. સર્જુ કિનારે માણસો ઊભા હતા તે આવો અદ્‌ભુત ચમત્કાર જોઇ સ્તબ્ધ થઇ ગયા. ''ઓ...હો... આવા મોટા ડુંગર જેવા પથ્થર પાણીમાં તરે છે.'' બધા જોતા જ રહી ગયા. આ સાધારણ બાબત નથી. મહા આશ્ચર્યની વાત છે. આ નાના બાલ ઘનશ્યામસાક્ષાત્‌ પરમાત્મા છે. ભગવાન સિવાય આવું કાર્ય કોઇ કરી શકે નહિ.



**પથ્થર ઉપર પાણીમાં મુસાફરી.**

તમામ માણસો ઘનશ્યામમહારાજ પાસે દોડી આવ્યા. નીરખી નીરખીને દર્શન કરે છે. હાથ જોડી પ્રાર્થના કરે છે, ''જેમછપૈયાવાસી લોકોને સર્જુપાર કર્યા, તેમઅમને ભવસાગરથી પાર કરજો, ને સદ્‌બુધ્ધિ આપજો.'' ઘનશ્યામમહારાજ અલૌકિક લીલા કરતા કરતા અનેક જીવાત્માનો ઉધ્ધાર કરે છે. જન્માંતરે પણ જેનું કલ્યાણ ન થઇ શકે, એવા મલિન વાસનાવાળા અસંખ્ય આત્મા પર ઉપકાર કરી એમનો મોક્ષ કર્યો છે. ઘનશ્યામમહારાજ મોક્ષના દાતા છે.

સર્જુનદીમાં સ્નાન કરી ધર્મદેવ કુટુંબ સહિત બરહટ્ટા બજારમાં આવી પોતાના મુકામે નિવાસ કર્યો. રામજન્મસ્થાન, કનકભુવન, લક્ષ્મણઘાટ, કૌશલ્યાઘાટ, ગુપ્તારઘાટ, રામઘાટ, સુર્યકુંડ વિગેરે પવિત્ર સ્થાનમાં દર્શન કર્યા. ત્યાં પાંચ દિવસ સુધી નિવાસ કરી પાછા છપૈયાપુર પધાર્યા.

ઘનશ્યામમહારાજ સર્વ શક્તિમાન છે. પથ્થરને પાણીમાં તરતો કરે, અને પથ્થરમાં પ્રાણ પણ પુરે. શ્રીજી મહારાજે વડતાલના મંદિરમાં પથ્થરમાં પ્રાણ પુરી પૂતળાં નચાવ્યાં. અષ્ટાંગયોગ સાધ્યા સિવાય પણ અક્ષરધામ, ગોલોક અને વૈકુંઠના દર્શન કરાવ્યાં છે. સર્વ શક્તિમાન અવતારના અવતારી સર્વોપરી ઘનશ્યામમહારાજને કોટી કોટી વંદન.

## ૧૦૪. ચાર અસુરનો નાશ.

પુરૂષોત્તમનારાયણ, છુપૈયાપુર મોઝાર ।
મનુષ્ય દેહે ઘણી રીતે, કરે ચરિત્ર અપાર ॥
એક સમે ઘર આગળે, આંગણામાં અલબેલ ।
સખા સર્વેને સાથે કરતા, મલ્લ કુસ્તીનો ખેલ ॥

સખાઓ ઘનશ્યામમહારાજને ઘેર આવ્યા. સખા કહે છે, “ચાલો આપણે મલ્લ કુસ્તીની રમત રમીએ.” “ચાલો હું તો તૈયાર જ છું.” ધર્મદાદા, ભક્તિમાતા, રામપ્રતાપભાઇ વિગેરે પુરવાસી સર્વે જન રમત જોવા ચારે બાજુ બેસી ગયા. રમત ચાલુ કરી ત્યાં પૂર્વનું વૈર લેવા કાલીદત્તના મિત્ર ચાર અસુરો ઘનશ્યામમહારાજને મારવા આવ્યા. ગૌરીદત્ત, શુભદત્ત, ઇંદ્રદત્ત અને દિનદત્ત બાળકનું રૂપ લઇને આવ્યા.

ઘનશ્યામમહારાજ ઓળખી ગયા. કપટી અસુરો દગો કરવા આવ્યા છે, તેને બરાબર સજા કરવી પડશે. ઘનશ્યામે કહ્યું, “અમારા સખા સાથે રમત રમો.” અસુર કહે છે, “અમને તમારા સખા સાથે રમવાની મજા ન આવે. અમે તમારી સાથે રમશું.” પ્રભુએ કહ્યું, “કાંઇ વાંધો નહિ... રમવા તૈયાર છીએ.” પ્રભુએ કહ્યું, “મોટાભાઇ, ચેતી જાજો. આ ચાર જણા છે તે બાળક નથી પણ અસુર છે. બાળક થઇને છેતરવા આવ્યા છે. બે અસુર સાથે તમે રમો અને બે અસુર સાથે હું રમું.”

છાતી સાથે છાતી ભીડાવી. હાથ સાથે હાથ ભીડી ને મલ્લકુસ્તી રમે છે. મૂઠી વાળીને જોરથી એક બીજાને મારે છે. તાલીઓના પડછંદા થાય છે. પગની આંટી મારી પછી જોરથી પગની લાતુના પ્રહાર કર્યા. અસુરને પછાડ્યા. માર ખમાતો નથી. ભાગવા જાય છે. પ્રભએ કહ્યું, “ખબડદાર રહેજો. હું જેને પકડું છું તેને કદી મુકતો નથી. ઠેઠ સુધી પહોંચાડી દઉં છું.” એક પછી એક અસુરને પકડી અધ્ધર ઉપાડી ચક્કર ચક્કર ફેરવીને આકાશમાં દડાની જેમઉડાડ્યો તે દુર જંગલમાં જઇને અસુર પડ્યા.

એક અસુર ઠેઠ મનોરમા નદીના જંગલમાં જઇને પડ્યો. બીજો શ્રવણ તલાવડીના જંગલમાં પડ્યો. ત્રીજો અસુર વિશ્વામિત્રી નદીના જંગલમાં પડ્યો અને ચોથો અસુર સર્જુનદીના કીનારે બીલ્વા બજારમાં પડ્યો. ચારે અસુર હાહાકાર કરતા

મરણ પામ્યા. જ્યારે મરણ પામ્યા ત્યારે દેવતાઓ રાજી થયા.

**રહ્યા અમર અભ્ર મોઝાર, કરે પુષ્પની વૃષ્ટિ અપાર ।**
**ગાંધર્વ સઘળા ગુણ ગાવે, વળી દુંદુભી નાદ બજાવ ॥**

આકાશમાં દુંદુભી નાદ સાથે જયજયકાર કરી ઘનશ્યામમહારાજ ઉપર પુષ્પનો વરસાદ કર્યો.

**બોલો ઘનશ્યામમહારાજની જય.**

### ૧૦૫. ચાલો આપણે કથા સાંભળવા જઇએ.

અયોધ્યામાં એક વૈરાગી મહાભારતની કથા વાંચતા હતા. ઘનશ્યામમહારાજે મિત્ર દીલ્લીસંગને કહ્યું, ''મિત્ર આજે એકાદશી છે. ચાલો કથા સાંભળવા જઇએ. મોટાભાઇ સૂઇ ગયા છે. રાત્રીનો સમય છે.'' મિત્રની સાથે પ્રભુ કથા સાંભળવા ગયા. ત્યાં રાજા દર્શનસિંહ પણ અનેક માણસો સાથે કથા સાંભળવા આવ્યા છે. ગાદી તકીયા પર રાજા બેઠા છે. રાજાએ ઘનશ્યામમહારાજનો સત્કાર કર્યો. પુષ્પનો હાર પહેરાવી પોતાની બાજુમાં બેસાડ્યા. પ્રભુ એકાગ્ર ચિત્તેથી કથા સાંભળે છે. ઘણી વાર કથા સાંભળી.

કથા વિરામપામી ત્યારે ઘનશ્યામમહારાજે શાસ્ત્ર ઉપર પાંચ રૂપિયા મુકીને શાસ્ત્રનું પૂજન કર્યું. પછી ઘનશ્યામમહારાજના દિવ્ય નિજઅંગમાંથી પ્રકાશ નીકળ્યો. તે પ્રકાશ મધ્યે શંખ, ચક્ર, ગદા, પદ્મધારી ચર્તુભુજ સ્વરૂપે સૌને દર્શન થયાં. સૌ આશ્ચર્ય પામી ગયા. આ સાધારણ બાળક નથી, પણ સાક્ષાત્ પરમેશ્વર છે. અનેક ભક્તોને પોતાની ઓળખાણ કરાવી શરણે લીધા છે. ઘનશ્યામમહારાજ ઘર તરફ આવે છે, ત્યાં રસ્તામાં અસુરો મળ્યા. તેનો પરાભવ કરી પ્રભુ ઘરે આવ્યા, અને છાના માના પોઢી ગયા.

અયોધ્યામાં લગભગ ૩૬૦ મંદિરો છે. ત્યાં વારંવાર શ્રીમદ્ ભાગવતની કથા વંચાય. કોઇ મંદિરમાં રામાયણની કથા વંચાય. ત્યાં ઘનશ્યામમહારાજ કથા સાંભળવા જાય. શાંતિથી કથા સાંભળે. એક વખત બહુ મોડા ઘરે આવ્યા. ત્યારે મોટાભાઇ પ્રભુને શિખામણ દેતા કહે છે.

**મારી વાત સુણો ઘનશ્યામ, તમે મોડું ન કરો એ કામ।**
**નિશા સમે જાવું નહિ તમારે, કથા સાંભળવા કોઇ વારે ॥**
**તમો મન રહો છો મગન, પણ દુષ્ટ કરશે વિઘન ।**
**માટે માનો અમારું વચન, તમકેડે ફરે મુજ મન ॥**

ઘનશ્યામભાઇ, ''તમે કથા સાંભળવા જાવ છો તે બરાબર છે પણ રાત્રે બહુ મોડા આવો છો તે બરાબર નથી. વારંવાર દુષ્ટો તમને મારવા આવે છે, તેથી અમને બહુ

ચિંતા થાય છે. ને તમે જ્યાં સુધી ઘેર ન આવો ત્યાં સુધી અમારા મનમાં શાંતિ થતી નથી. માટે અમારું વચન માનો તો સારું.'' ત્યારે ઘનશ્યામમહારાજ ધીરેથી વિવેક પૂર્વક બોલ્યા, ''હે મોટાભાઇ! કથા છે તે આત્માનો ખોરાક છે. કથા સાંભળ્યા સિવાય આત્મા નબળો થઇ જાય છે. કથા અધુરી મૂકી કેમઘરે આવું? કીર્તન, ધુન્ય થયા પછી આવું છું. તમે પણ અમારું સાથે કથા સાંભળવા આવજો.'' પ્રભુ કહે છે,

**સામટાં વિઘ્ન આવે જો કોટી, પણ કથા કરું નહિ ખોટી ।**
**કથા વિના તો કેમરહેવાય, દિન રાત્રી કેવી રીતે જાય ॥**

''એક બે વિઘ્ન કોણ ગણે છે. પરંતુ કરોડ વિઘ્ન આવે તો પણ કથા સાંભળ્યા સિવાય કેમરહેવાય?''

**તત્રૈવ ગંગા યમુના ત્રિવેણી, ગોદાવરી સિંધુ સરસ્વતિ ચ ।**
**સર્વાણિ તીર્થાનિ વસન્તિ તત્ર, યત્રાચ્યુતાદાર કથા પ્રસંગઃ ॥**

જ્યાં પરમાત્માના સત્શાસ્ત્રોની કથા કીર્તન થાય છે ત્યાં ગંગા, યમુના, ત્રિવેણી, ગોદાવરી, સિન્ધુ અને સરસ્વતી આદિક પવિત્ર નદીઓ તથા સર્વે તીર્થો આવીને નિવાસ કરે છે.

કથા સાર... જ્ઞાન વિના મુક્તિ થતી નથી, અને જ્ઞાન કથા વાર્તા સિવાય થતું નથી. માટે હંમેશા કથા કીર્તનને પોતાનું જીવન ગણીને કથા સાંભળવાનો ખટકો રાખવો. જેને કથા વાર્તામાં રૂચિ નહિ, તેની કોરની એમઅટકળ કરવી જે એને વિશે મોટા ગુણ નહિ આવે. કથા છે તે જીવનનો પાયો છે. પાયો નબળો હોય તો મકાન ટકે નહિ. પડી જાય. તેમકથા સાંભળવામાં નબળાઇ રાખે તો આત્મા નબળો થઇ જાય છે. ભક્તિની વૃધ્ધિ થતી નથી.

## ૧૦૬. ડાંગરમાં અમારો કેટલો ભાગ.

મામા મોતીત્રવાડીએ ગામભેટીયાના તળાવની ચારે બાજુ ફરતા કમોદ રોપાવી હતી. પરંતુ વરસાદ ચાર માસ સુધી સતત વરસતો રહ્યો તેથી ડાંગર દેખાતી નથી. પાણીથી પૃથ્વી ભરાઇ ગઇ છે. ભરેલું પાણી જોઇ મામા નિરાશ થઇ ગયા, કે ડાંગર થશે નહિ. મહેનત નિષ્ફળ જશે. ધર્મદેવ અને ઘનશ્યામમહારાજ મોતીમામાને ઘેર આવ્યા. મામાએ વાત કરી. ડાંગર વાવી છે પણ પાણી ભરાઇ ગયું છે તેથી ડાંગર(ચોખા) સડી જશે તો ઘરના વ્યવહારમાં તાણ પડશે. હવે શું કરું?

ઘનશ્યામમહારાજે કહ્યું, ''મામા, ચિંતા ન કરો. બધુ સારું થઇ જશે.''

**ત્યારે બોલ્યા બલભદ્ર વીર, મામા સુણો તમે મતિધીર ।**
**શાલ પાકે જો આમાં તમારી, કેટલી ગણશો તે અમારી ॥**

''ડાંગરનો પાક સરસ થાય તો મામા તેમાંથી અમને કેટલી આપશો? અમારો

કેટલો ભાગ?'' મામા ઉદાર દિલથી બોલ્યા, ''જેટલી ડાંગર થાય તેટલી તમારી. બધી તમને આપી દેશું.'' ઘનશ્યામમહારાજ છલોછલ ભરેલા પાણીમાં ઊંડા ગયા. ત્યાં શું કર્યું ? સાંભળો..!...

જમણા ચરણનો અંગુઠો ત્યાંય, પૃથ્વી પર દાબ્યો જળમાંય ।
ધરા ફાટીને દીધો છે માગ, ઊભો ચીરો થયો છે અથાગ ॥
જુવે છે તે લોક પાળ, પાણી સમાયું ત્યાં તતકાળ ।
તેનો શબ્દ થયો ઘડેડાટ, સર્વે લોકે સુંણ્યો કડેડાટ ॥

પ્રભુએ જમણા ચરણનો અંગૂઠો પૃથ્વી પર જરાક ભારથી દબાવ્યો કે ધણણણ ધરતી ફાટી. ઊભો ચીરો થઇ ગયો અને ઘડેડાટ કરતું પાણી બધું ધરતીમાં સમાઇ ગયું. સરસ મજાની ડાંગર દેખાય છે. એક પણ છોડ સડી ગયો નથી. ઓચિંતો આવો કડેડાટ શેનો થયો. આવું આશ્ચર્ય જોઇ મનુષ્યો નવાઇ પામી ગયા. જોવા માટે દોડી આવ્યા, આ શું થયું? ઘનશ્યામમહારાજને પગે લાગ્યા. નાના ઘનશ્યામછે, પણ ચમત્કાર મોટા બતાવે છે. કોઇથી થઇ શકે નહિ તેવા કાર્યો કરે છે. એની લીલાનો કોઇ પાર નથી.પાણીમાં માછલાં આદિ જીવ જંતુઓ હતાં તે પાણી વિના તરફડે છે. દયાના સાગર પરમાત્માને દયા આવી. સંકલ્પ કર્યો, હે દેવરાજ ઇંદ્ર, તમે વિમાન લઇ આવો.


આકાશમાં વિમાન છવાઇ ગયાં. સર્વ જીવજંતુઓ ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી, પ્રભુને પગે લાગીને વિમાનમાં બેસીને સ્વર્ગ લોકમાં ગયાં. ખૂબ ડાંગર પાકી તે મોતીત્રવાડી નોકર પાસે કપાવીને ઘેર લઇ આવ્યા. ઘનશ્યામમહારાજને કહ્યું, ''તમને જેટલી જોઇએ તેટલી લઇ જાઓ.'' ઘનશ્યામમહારાજ બોલ્યા, ''મામા, અમારે ડાંગર જોઇતી નથી. તમે તમારા માટે રાખો. તમારી ઉદાર ભાવના જોઇ અમે રાજી થયા છીએ.'' આવી અલૌકિક લીલા કરી ઘનશ્યામમહારાજ અનેક જીવાત્માનું કલ્યાણ કરે છે. પ્રભુ સર્વજીવહિતાવહ છે. એક પ્રભુનો પરિપક્વ આશરો રાખવો.

## ૧૦૭. અંધને દેખતા કર્યા.

બાળ ઘનશ્યામસ્નાન કરીને પાછા આવે છે. ત્યાં એક બાવો ધૂણી પાસે બેઠો હતો, અને ત્રણ ચાર સુરદાસ(અંધ) બેઠા હતા. બાવાજીને પ્રાર્થના કરતા હતા. ''બાવાજી, અમને દેખતા કરોને. અમે તમારો જિંદગીભર આભાર માનીશું.'' બાવાએ કહ્યું, ''પૈસા આપો તો દેખતા કરું.'' સુરદાસ બોલ્યા, ''અમને પેટ પૂરતું ખાવા નથી મળતું તો પૈસા ક્યાંથી હોય.'' બાવો ખિજાઇને બોલ્યો, ''પૈસા આપવા નથી ને દેખતા થાવું છે એ નહિ બને. અમે નવરા નથી. થઇ જાવ રવાના.'' ત્યારે

સુરદાસે આકાશ સામે નજર કરી કહ્યું, “હે પ્રભુ! નોધારાના આધાર અમને એક તમારો ભરોસો છે. કૃપા કરો. અને અમારી આંખમાં તેજ આપો.”

ઘનશ્યામમહારાજને દયા આવી. આંધળાની આંખ ઉપર પોતાની પવિત્ર કોમળ આંગળી ફેરવી કે તુરંત વીજળીનો ચમકારો થયો. જે આંધળા હતા તે દેખતા થઈ ગયા. તેમના આનંદનો પાર ન રહ્યો.



આંધળાને દેખતા કર્યા..

આવી સુંદર દુનિયા જોઇ રાજી રાજી થઇ ગયા. ઘનશ્યામમહારાજને પ્રાર્થના કરી, “હે પ્રભુ! તમે અમને નવું જીવન આપ્યું. તમારા ઉપકારને અમે ભૂલશું નહિ. અખંડ તમને યાદ કરશું. તમે જેમકહેશો તેમકરશું. ને તમારા શરણે રહીશું ને ભજન ભક્તિ કરશું.”

**હે કૃપાવંત હે મહારાજ, અમને દેખતા કર્યા આજ ।**
**તમે ભલે પધાર્યા આંય, અમે સુખી થયા મનમાંય ॥**

ત્યારે ઘનશ્યામમહારાજે કહ્યું, “હવે આ આંખથી પ્રભુનાં અને સંતોના દર્શન કરજો. કોઇ દિવસ વિકાર અને ક્રૂર દૃષ્ટિથી કાંઇ જોશો નહિ. આંખ દ્વારાએ પાપ અંતરમાં પેસે છે. (પૂર્વમાં)આગલા જન્મમાં તમે આંખથી બહુ પાપ કર્યા છે. ક્રોધ કરી મા-બાપ, ગરીબ અને નિરપરાધીને ખૂબ સંતાપ્યા છે, તેથી તમે અંધ થયા છો. કર્યા કર્મ ભોગવો છો. હવે આંખને નિર્મળ રાખજો.” આવું આશ્ચર્ય જોઇને બાવો નવાઇ પામી ગયો. ઘનશ્યામમહારાજે સુરદાસજીનાં અનંત જન્મનાં પાપ બાળી દીધાં. આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ.

## ૧૦૮. માસીને પરચો આપ્યો.

એક દિવસ છુપૈયાપુરમાં ભક્તિમાતાને ઘેર તેમનાં બહેન વસંતાબાઇ અને ચંદનબાઇ રહેવા આવ્યા. વસંતાબાઇ તેમના પુત્ર માણેકધરને સાથે લાવ્યા છે અને

ચંદનબાઇ તેમના પુત્ર વસ્તીને સાથે લાવ્યા છે. આવીને ભક્તિમાતાને પુછ્યું, ‘‘બહેન... ઘનશ્યામઘરમાં દેખાતા નથી. કેટલે સુધી ગયા છે? ભક્તિમાતાએ કહ્યું, ‘‘પીરોજપુર ગયા છે... હમણાં જ આવશે.’’ સાંજ પડી ત્યારે ધર્મપિતાની સાથે ઘનશ્યામઅને ઇચ્છારામઘરે આવ્યા. માસી પતાસાં લાવ્યા હતાં તે ઘનશ્યામઅને ઇચ્છારામને આપ્યાં. અરસ-પરસ કુશળતા પૂછી. સાંજે સાથે બેસીને ભોજન(વાળું) કર્યું. પછી કીર્તન ભજન કરી ભગવાનને સંભારીને બધાં સૂઇ ગયાં.

બીજે દિવસે વહેલી સવારે ચંદનમાસી અને વસંતામાસી ઘંટીમાં લોટ દળવા બેઠાં. સુંદર મજાના પ્રભાતિયાં ગાય છે.

**તુલસીદાસે કરેલાં જેહ, કરે ઉચ્ચાર મુખેથી એહ ।**<br>
**તેમાં એવું બોલ્યા છે ઉત્સાહે, ઉઠો લાલ પ્રભાત ભયા હે ॥**<br>
**રૂડો પલંગ સુંદર સાર, તેમાં પોઢ્યા છે પ્રાણ આધાર ।**<br>
**ઓશરીમાં કર્યુ છે શયન, ત્યાંથી બોલી ઉઠ્યા ભગવન ॥**

‘‘ઉઠો લાલ પ્રભાત ભયા હૈ.’’ ઘનશ્યામમહારાજ ઓસરીમાં સૂતા છે, તે બોલ્યા, ‘‘માસી હું જાગું છું. તમારે શું કામછે?’’ ત્યારે માસી કહે છે, ‘‘અમે તમને નથી જગાડતાં. અમે ભગવાનને જગાડીએ છીએ.’’ એમકહી ઘંટી બંધ રાખી હતી તે ચાલુ કરી દીધી. પાછા દળવા લાગ્યા. તુરંત ઘનશ્યામમહારાજે પોતાનો હાથ લાંબો કરીને ઘંટી ઉપર મૂકી દીધો. હાથના વજનથી ઘંટી ફરી શકતી નથી. બંધ થઇ ગઇ.




**માસીને પરચો.**

માસી બોલ્યા, ‘‘આવડો લાંબો હાથ કોનો છે?’’ ઘનશ્યામમહારાજ બોલ્યા, ‘‘તમે જેને જગાડો છો તેનો હાથ છે.’’ હવે શું કરવા? માસી જોર કરીને હાથ ખસેડે છે પણ હાથ ખસતો નથી.આશ્ચર્ય પામી ગયાં. બે માસી સામસામે હસે છે. હસવાનો અવાજ સાંભળી ભક્તિમાતા દીવો લઇને જોવા આવ્યાં. બોલ્યા છે, ‘‘શું રમત કરો

છો? હમણાં સવાર થઇ જશે. માટે રમત મૂકીને જલદી દળવા લાગી જાવ. રોટલા બનાવવા જોઇશે.'' માસી બોલ્યા, ''બહેન, અમે શું કરીએ? ઘનશ્યામે ઘંટી ઉપર ખૂબ ભાર મૂકી દીધો છે, તેથી ઘંટી ફરતી નથી. તમે ઘનશ્યામને સમજાવો.'' ભક્તિમાતા કહે છે,

**મૂર્તિમાતા કહે મારા તન, હાથ ઉપાડી લ્યો ભગવન ।**
**ત્યારે બોલ્યા ત્રીભુવનરાય, સુણો સુખદાતા મુજ માય ॥**
**માસી કોને જગાડે છે આજ, માતા પુછી જુવો તમે કાજ ।**
**વસંતામાસી કહે લ્યો તમને, જગાડું છું દળવા દો મને ॥**

''બેટા ઘનશ્યામ, ડાહ્યા થાવને ઘંટી ઉપરથી હાથ લઇ લ્યો ને માસીને દળવા દો. રોટલા બનાવવા માટે લોટ જોઇએ છે.'' ઘનશ્યામમહારાજે કહ્યું, ''માસી, તમે કોને જગાડો છો?'' માસી બોલ્યા, ''તમને જગાડીએ છીએ.'' ''તો પહેલેથી આમકહ્યું હોત તો કે તમને જગાડીએ છીએ તો આટલી મહેનત કરવી પડત નહિ'' માસી કહે છે, ''પહેલા અમને ખબર નહોતી.'' ઘનશ્યામબોલ્યા, ''કેમખબર નથી? અમે તમને ઘણી વખત ચમત્કાર દેખાડ્યા છે. તે શું ભૂલી ગયા?'' માસી બે હાથ જોડી કહે છે, ''તમારી માયા વડે ભૂલી જઇએ છીએ. માટે અમને માફ કરો.'' મનમાં નિશ્ચય થયો, કે અમને મળ્યા જે ઘનશ્યામમહારાજ તે સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ છે.

## ૧૦૯. મોટાભાઇ તમારામાં અપાર શક્તિ છે.

એક સમયે ભક્તિમાતાએ રામપ્રતાપભાઇને કહ્યું, ''રસોઇ કરવા માટે (બળતણ) લાકડાં જોઇશે. બે-ચાર દિવસ સુધી ચાલે એટલું જ બળતણ છે. વરસાદ થશે તો પછી કેમકરશું. માટે લાકડાં લઇ આવો તો બહુ સારું.'' મોટાભાઇએ કહ્યું, ''દીદી, ચિંતા ન કરો. તરગામબાજુ જઇશ ત્યારે ચોક્કસ લાકડાં લઇ આવીશ.'' મોટાભાઇ તરગામમાં સસરાને ઘેર થોડાક દિવસ રહ્યા. પછી છપૈયા આવવા તૈયાર થયા, ત્યારે સાસુજીએ રસ્તામાં જમવા માટે સાથવો, પૌંવા, ખાંડ, અને દહીંનું ભરેલું એક ગોરસ ટીંમણ કરવા માટે આપ્યું.

રસ્તામાં ચાલ્યા આવે છે. ત્યાં ઘેઘુર મહુડાનું વૃક્ષ સુકાયેલું જોયું. બાર મહિના સુધી લાકડાં રસોઇ કરવા માટે ચાલે તેવું છે. ચોકિયું ગાડું લઇને આવ્યાં. ગાડામાં વૃક્ષ ચડાવે છે, પણ ચડતું નથી. હવે શું કરવું.? નિરાશ થઇ ગયા. ચિંતા કરે છે. વૃક્ષને કઇ રીતે ઘરે હોંચાડવું? એકલાથી આ વૃક્ષ ગાડા ઉપર ચડાવી શકાશે નહિ, ને ઘણા માણસો મારી સાથે નથી, ત્યાં પ્રભુની ઇચ્છાથી આકાશવાણી થઇ...

**થઇ આકાશવાણી ગંભીર, હરિ ઇચ્છાથી આવી છે ધીર ।**
**સુણો રામપ્રતાપજી સાર, તમે છો શેષનો અવતાર ॥**

**પૃથ્વી સાત પાતાળે સહિત, ધરી રહ્યાં છો લોકને હિત ।**
**વૃક્ષ ઉપાડી શકો ન કેમ, સુંણી આકાશવાણી તે એમ॥**

"રામપ્રતાપજી તમે નિરાશ શા માટે થાવ છો? તમે તો સાક્ષાત્ શેષ-નારાયણનો અવતાર છો. સાત પાતાળ સહિત આ વિશાળ પૃથ્વીને મસ્તક ઉપર ધારણ કરી રહ્યા છો. તો આ વૃક્ષ કેમઉપાડી શકતા નથી? મોટાભાઇ, તમારામાં અપાર શક્તિ છે. વૃક્ષને ઉપાડીને ગાડામાં મૂકી દો." આવું બળવાન વાક્ય સાંભળી રામપ્રતાપભાઇને હિંમત આવી ગઇ. તુરંત વૃક્ષને ખંભા ઉપર ઉપાડીને ગાડામાં મૂકી દીધું. ગાડું ઘરે આવ્યું. સૌ વિસ્મય પામી ગયા. પછી સવિસ્તાર બનેલી ઘટના કહી સંભળાવી.



રામપ્રતાપભાઈ વિશાળ વૃક્ષ ગાડીમાં ચડાવે છે.

ઘનશ્યામમહારાજની લીલાનો કોઇ પાર નથી. લીલા ચરિત્રોમાં મનને ઘંચવી મેલવું. નવરું રહેવા દેવું નહિ. નવરું થાય તો ઘાટ સંકલ્પ કર્યા કરે.

## ૧૧૦. ધર્મદાદાનાં આંગણામાં કલ્પવૃક્ષ.

રામપ્રતાપભાઇનાં સસરાનું નામબલદેવપ્રસાદજી હતું. તેમની વાડીમાં સરસ મજાનાં ફણસ થયાં તેથી પાંચ ફણસ મોતીત્રવાડીને ઘેર મોકલાવ્યાં ને પાંચ ફણસ ધર્મદેવને ઘેર મોકલાવ્યાં. ધર્મદાદાએ રામપ્રતાપજીને કહ્યું, "સુગંધીમાન કેશર જેવા ફણસ તમારા સસરાએ મોકલાવ્યાં છે. તો સુધારીને મોટા તપેલામાં ભરો. પછી આપણા ઘરમાં વિષ્ણુ ભગવાનની મર્તિ છે તેને જમાડીને પછી સૌ સગા સબંધીને પ્રસાદ આપશું. તપેલામાં ફણસ સુધારીને તાંસ ઢાંકીને રાખ્યું. ઘનશ્યામમહારાજ સખા સાથે છાનામાના આવ્યા. પોતે જમ્યા ને સખાને જમાડ્યા. ફણસનું તપેલું ખાલી થઇ ગયું. જેમહતો તેમપાછો તાંસ ઢાંકી દીધો.

ચીકણા હાથ ધોવા માટે નારાયણ સરોવરમાં ગયા. સુવાસિનીભાભી પાણી ભરવા આવ્યા. તેણે પૂછ્યું, "હાથ શા માટે ધોવા આવ્યા છો? ઘનશ્યામબોલ્યા

નહિ. પણ વેણીરામે કહ્યું, “ફણસ ખાધાં છે તેથી હાથ ધોવા આવ્યા છીએ.” સુવાસિનીભાભીએ ભક્તિમાતાને કહ્યું, “બાઈજી, આપણે ઠાકોરજીને જમવા માટે ફણસ સુધાર્યા હતાં તે ઘનશ્યામજમી ગયા છે. હવે શું કરશું?!”ભક્તિમાતા બોલ્યા, “ઠાકોરજીને જમાડ્યા પહેલા જમાય નહિ. હવે ઘનશ્યામને ઠીક કરીશ. આવે એટલી વાર છે!” સોટી લઈને આંગણામાં બેઠાં.

બેઠા બારણે સોટી લઈને, આવે તો મારૂં ઊભી થઈને ।
માતાજી બેઠાં છે થોડીવાર, ત્યાં તો આવ્યા છે વિશ્વ આધાર ॥
શ્રી હરિયે જોયું ધીરે રઈ, માતાજી બેઠાં છે સોટી લઈ ।
રખે મારે મને આજ માતા, એમભય ધરે જગત્રાતા ॥
ભીંત ઓથે સંતાતા સંતાતા, ઘરમાં પ્રવેશ્યા મોક્ષદાતા ।

આવશે ત્યારે બે સોટી મારીશ. ઘનશ્યામમહારાજ આવ્યા, તો મા લાકડી લઈને બેઠા છે. બીક લાગી. મારશે તો? તેથી છુપાતા છુપાતા ઘરમાં પેસી ગયા. પુત્ર ઘનશ્યામનું મનોહર મુખારવિંદ જોઈને માતાનો રોષ હતો તે ઉતરી ગયો ને તુરંત નજીક ગયાં, બાથમાં ભીડીને મળ્યા. ગાલ ઉપર હાથ ફેરવીને કહે છે. “બેટા ઘનશ્યામ, તમે જરાય ડરશો નહિ. તમે તો મારા જીવન પ્રાણ છો. મનોહર મુખડું જોઈને હું જીવું છું. તમારા ઉપર વારી જાવું.તમે ફણસ ભલે જમ્યા, પણ ફણસતો વિષ્ણુ ભગવાનને જમાડવા માટે રાખ્યા હતાં. સૌને પ્રસાદ આપવાનો હતો.તે તમે જમી ગયા.”

ઘનશ્યામમહારાજે કહ્યું, “દીદી... ચિંતા ન કરો. આપણા બગીચામાં ખૂબ ફણસ પાક્યાં છે. ચાલો લઈ આવીએ. બગીચામાં ગયા તો અનેક મોટા મોટા ફણસ પાકી ગયાં છે.” ભક્તિમાતા કહે છે, “કાલે હું બગીચામાં આવી હતી. એક પણ ફણસ હતું નહિ ને આજે ઓચિંતા આટલાં બધાં ફણસ ક્યાંથી થયાં?!” આ બધો પ્રતાપ ઘનશ્યામમહારાજનો છે... ફણસ લાવી સુધારી... પ્રભુને જમાડી સૌને પ્રસાદ આપ્યો...

ઘનશ્યામમહારાજ કહે છે, “હે ભાઈ! આ ફણસનું વૃક્ષ તો કલ્પવૃક્ષ છે.” ભાઈ બોલ્યા, “કલ્પવૃક્ષ તો સત્યયુગમાં હોય. કલીયુગમાં હોય નહિ.” ત્યારે ઘનશ્યામે કહ્યું, “અમારી ઈચ્છાથી આ વૃક્ષમાં કલ્પવૃક્ષનો આવિર્ભાવ થયો છે. તમે જે ચિંતવશો તે આ વૃક્ષમાંથી પ્રાપ્ત થશે. સંકલ્પ કરો.” ભાઈએ વૃક્ષ સામે નજર કરી સંકલ્પ કર્યો. શ્રી ફળ, સોપારી, દાડમ, કેરી, જામફળ, રામફળ, સીતાફળ, ખારેક, અંજીર, દ્રાક્ષ, લવીંગ, નારંગી,જાંબુફળ, રાયણ, પરવળ અનેક જાતના ફળ. અનેક જાતનાં ફૂલ અમને પ્રાપ્ત થાય. તો પાંદડે પાંદડે અનેક જાતનાં ફળ

દેખાય છે. ભાઇ આશ્ચર્ય પામી ગયા. મોટાભાઇ કહે છે, "ઘનશ્યામભાઇ, કલ્પવૃક્ષનો આવુર્ભાવ આ વૃક્ષમાં ક્યાં સુધી રહેશે? ત્યારે પ્રભુ બોલ્યા,

**માતા પિતા છે આપણા જેહ, જ્યાં સુધી રહેશે આરોગ્ય એહ ।**
**ત્યાં સુધી રહેશે ભાવ એવો, આ તરૂમાં કલ્પવૃક્ષ જેવો ॥**

"સુધી આપણા માતા-પિતા આ લોકમાં હશે, ત્યાં સુધી કલ્પવૃક્ષ સમાન વૃક્ષ રહેશે. બધી જાતના ફળ-ફૂલ આ વૃક્ષમાંથી મળશે. જ્યારે ધામમાં સિધાવી જશે ત્યારે કલ્પવૃક્ષનો આવિર્ભાવ લય થઇ જશે."

**પ્રભુનો મહિમા છે અપાર, મૂઢ સમજે નહિ એનો સાર ।**
**જે કોઇ સમજી ગયા સાર, તે તો પામી ગયા ભવપાર ॥**

અયોધ્યાપ્રસાદજી કહે છે, "મહિમા સહિત ભક્તિ કરવી. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ભગવાનનું કેવું મહાત્મ્ય જાણવું જોઇએ? ભગવાન વૈંકુઠ, ગોલોક અને બ્રહ્મમોલના પતિ છે. એવા ભગવાનને પામીને તુચ્છ વિષયનાં સુખમાં હું શું પ્રીતિ રાખું?! આવી રીતે મહિમા સમજવો. જગતથી વિરક્ત રહેવું.

## ૧૧૧. ગૌરી ગાયની શોધ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી. ભગવાનની કથા જન્મમરણ રૂપી મહારોગનો નાશ કરે છે. સંજીવની ઔષધી સમાન અને અમૃતરૂપ છે. બાળ લીલા સાંભળતાં વાધે છે હર્ષ અપાર, અહો નિરંતર પ્રેમથી, શ્રવણ કરું સદાય.


**અમૃતરૂપી આ કથા છે, સ્વાદ તણો નહિ પાર ।**
**સ્નેહે સંભળાવો મુજને, બાલ ચરિત્ર વિસ્તાર ॥**
**રાત દિન લાગી રટના, હરિ ચરિત્રમાં સાર ।**
**બાળ લીલા સાંભળતાં હદે,વાધે છે હર્ષ અપાર ॥**
**અમૃતવત છે આ કથા, સાંભળતા સુખ થાય ।**
**અહો નિરંતર પ્રેમથી, શ્રવણ કરૂં એ સદાય ॥**

ધર્મદેવને ત્યાં ઘણી ગાયો હતી, એક ગાયનું નામગોમતી હતું. ગોમતી ગાય ઘનશ્યામમહારાજને બહુ વહાલી હતી. ગોમતી ગાયની બે વાછરડી હતી. એકનું નામગૌરી અને બીજીનું નામકપિલા હતું. મંગળ આહીરની ગાયો અને ધર્મદેવની ગાયોને ગોવાળ સીમમાં ચરાવવા લઇ જાય. આખો દિવસ જંગલમાં ઘાસ ખાય અને સાંજે બધી ગાયોને લઇને ઘરે આવે. એક દિવસ બધી ગાયો સાંજે ઘરે આવી, પણ ગૌરી ગાય ઘરે આવી નહિ. ધર્મદાદાએ કહ્યું, "ગૌરી ગાયની શોધ કરો. ગોવાળ ચારે બાજુ ફરી-ફરીને થાકી ગયો. બધા સ્થળ જોઇ વળ્યો. પણ ગાય મળી નહિ.હવે શું કરવું?!"

ગોવાળ પિતા ધર્મદેવને કહ્યું, ''ગાય મળતી નથી.'' મોટાભાઇ કહે છે, ''ચાલો પિતાજી, આપે ગાયની શોધ કરવા જઇએ.'' પિતાજીએ કહ્યું, ''સાથે ઘનશ્યામહોય તો બહું સારું થાય.'' ઘનશ્યામમહારાજ પિતાજીની સાથે લાકડી અને દોરડું લઇ ગાય શોધવા જાય છે. આજુ-બાજુ જંગલમાં ફરે છે. ગામપીરોજપુર, નરેચા ગામ, લોહગંજરી, તેમજ બખરોલીના બગીચામાં, ગૌઘાટ વિગેરે સૌના નેહડામાં શોધી વળ્યા પણ ક્યાંય ગાય મળતી નથી. નિરાશ થઇને ફરે છે, ત્યાં બે આહીર સામા મળ્યા.

ધર્મદાદા પૂછે છે, ''અમારી ગૌરી ગાય તમે ક્યાંય દીઠી?'' ''હા...હા... સામે પાર નિરાંતે બેઠી છે. વત્સનો જન્મથયો છે. વત્સને ચાટે છે. શરીરે બરાબર છે.'' ધર્મદેવ, મોટાભાઇ અને ઘનશ્યામમહારાજ દોડતા ત્યાં ગયા. મોટાભાઇએ જોરથી સાદ પાડ્યો, ''ગૌરી... ઓ... ગૌરી!'' સાદ સાંભળી તરત દૂર ઝાડીમાંથી હીંસોરા કરતી ભાંભરતી ગૌરી ગાય દોડી આવી.

ઘનશ્યામગૌરી ગાયના પીઠ પર હાથ ફેરવ્યો. ''ગૌરી...તને અમે ક્યારના શોધીએ છીએ. ચાલ ઘરે.'' ઝરમર ઝરમર વરસાદ વરસે છે. અંધારું થવા આવ્યું છે. સામે નદી છે. કઇ રીતે પાર ઉતરવું? ધર્મદાદા ચિંતા કરે છે. હવે શું કરશું?! સામે પાર કઇ રીતે જવાશે? ઘનશ્યામમહારાજ બોલ્યા, ''પિતાજી, ભગવાન ઉપર ભરોસો રાખો. એ બધું સારું કરશે.'' આવી વાત કરતા કરતા ચાલ્યા આવે છે. ત્યાં એક વૃક્ષ નીચે વાઘ સૂતો છે. નસકોરા વાગે છે. માણસની ગંધ આવી ને વાઘ ત્રાડ પાડી બેઠો થયો.



ગૌરી ગાયની શોધમાં.

બધાં ધ્રૂજી ગયાં. મુંઝાય છે. ચોક્કસ આપણને વાઘ મારી નાખશે. ઘનશ્યામમહારાજ દોડીને વાઘ પાસે ગયા અને કરુણામય દ્રષ્ટિ કરી. પ્રભુના દર્શન

થયાં ને વાઘની જન્મજાત પ્રકૃતિ બદલાઇ ગઇ.

**વાઘ પાસે ગયા ઘનશ્યામ, તેના સામું જોયું અભિરામ।**
**પછી વાઘને થયું છે જ્ઞાન, જાણ્યાં અંતરમાં ભગવાન ॥**
**પગે લાગીને તે સૂઇ ગયો, પાછો હતો તેમપડી રહ્યો ।**

પ્રભુની કૃપાથી વાઘ ત્યાંજ ઊભો રહી ગયો. જીવ પ્રાણીમાત્રની દોરી ભગવાનના હાથમાં છે.. વાઘ ધનશ્યામમહારાજને પગે લાગી પ્રદક્ષિણા કરી જ્યાં હતો ત્યાં પાછો જઇને શાંતિથી સૂઇ ગયો. પ્રભુ કહે છે, ''પિતાજી વાઘથી જરાય ડરશો નહિ. એ આપણને અડશે નહિ. ગાયને લઇ મારી પાછળ પાછળ ચાલ્યા આવો.'' હળવે પગલે ડરતા ડરતા ચાલતા થયા. ગામમાં પહોંચી આવ્યા. ભક્તિમાતા અને સુવાસિનીબાઇ વાટ જોઇને બેઠાં છે. ગાય જોઇને રાજી રાજી થઇ ગયા. ગાયને ખાવા માટે ઘાસ આપ્યું, અને સૌને ભોજન જમાડી તૃપ્ત કર્યા.

ધર્મદાદા ભક્તિમાતાને કહે છે, ''ઘનશ્યામઅમારી સાથે હતા તે સારું થયું. અમારી સૌની રક્ષા થઇ. વાઘથી અમે બચી ગયા, નહિતર વાઘ અમને મારી નાખત. આપણે જ્યાં જઇશું ત્યાં ઘનશ્યામને સાથે તેડી જઇશું.'' વિગેરે સવિસ્તારથી વાત કહી સંભળાવી. સૌ રાજી થયાં. ભક્તિમાતા પ્રભુને બાથમાં લઇને ભેટ્યાં. મીઠો મીઠો હાથ ફેરવીને પોઢાડી દીધા. ''ખમા કરે મારા કુંવરને.'' આવા અલૌકિક સામર્થીવાન મને પુત્ર મળ્યા છે. પછી પ્રભુને સંભારતાં યાદ કરતાં. ભક્તિમાતા પોઢી ગયાં.

## ૧૧૨. ચોમાસાનું દિવ્ય ચરિત્ર.

અષાઢ મહિનો આવ્યો. ઘનશ્યામમહારાજ અને ઇચ્છારામભાઇ બાળ મિત્રો સાથે સીમમાં જવા નીકળ્યા. મીનસાગરમાં સ્નાન કરી પછી આંબાના વૃક્ષ નીચે રમત રમે છે. રમતા રમતા આગળ નીકળી ગયા. સાંજ થવા આવી. ઝરમર ઝરમર વરસાદ વરસે છે. હવે શું કરવું? રસ્તામાં પાણી ભરાઇ ગયું. બધાને વિચાર થયો કે થોડીવારમાં વરસાદ બંધ થઇ જશે. પછી ઘરે જઇશું. ત્યાં તો વીજળીના જોરદાર ચમકારા થવા લાગ્યા. ગાજ વીજ શરું થઇ અને જોરદાર વરસાદ વરસવા લાગ્યો. નાના બાળ મિત્રો આવો વરસાદનો તોફાન જોઇ રડવા લાગ્યા. ચારે બાજુ જળબંબાકાર થઇ ગયું. ઇચ્છારામપણ રડે છે. ઘનશ્યામમહારાજ હિંમત આપે છે. ''રડો નહિ... ધીરજ રાખો, પ્રભુ બધુ સારું કરશે.''

**શ્રી હરિ આપે છે ધીર, મારી કેડે ચાલ્યા આવો વીર ।**
**શા માટે ચિંતા રાખો છો તમે,ખરી વાત કહીએ છીએ અમે ॥**

''ચિંતા ન કરો... ભગવાન ઉપર ભરોસો રાખો. મારી પાછળ પાછળ ચાલ્યા

આવો. હમણાંજ ઘરે પહોંચી જઇશું.'' મિત્રો બોલ્યા, ''પાણીમાં કેમચલાશે?! ડૂબી જવાય તો?'' પ્રભુ કહે છે, ''ફીકર ન કરો. હું તમારી સાથે છું. મારી ધોતી પકડીને મારી પાછળ ચાલો. પૃથ્વી ઉપર ચાલીએ તેમપાણી ઉપર ચાલતું જવાશે. વરસાદ આપણા ઉપર નહિ પડે.'' પ્રભુ આકાશ સામું જોઇને બોલ્યા,''હે મેઘરાજા, અમારા ઉપર એક ટીપું પાણીનું પડવા દેશો નહિ.''



પાણી ઉપર ચાલ્યા.

પાણીથી એક ગજ ઊંચા ચાલ્યા આવે છે, સખા રાજી રાજી થઇ ગયા. ''ઘનશ્યામભાઇ, પાણી ઉપર ચાલવાની મઝા આવે છે.'' વરસાદ તેમની આજુ બાજુ પડે પણ બાળકો ઉપર પડે નહિ. આ બાજુ ઘરે શું થયું? બાળકોના માતા પિતા રાહ જુવે છે. ઘનશ્યામની સાથે બાળ મિત્રો રમવા ગયા છે ને વરસાદ વરસે છે. શું કરતા હશે? ચાલો શોધ કરીએ. શોધવા નીકળ્યા. દૂર દૂર નજર કરી તો પાણી ઉપર સૌ બાળકો ચાલ્યા આવે છે. આશ્ચર્ય ચકિત સૌ થઇ ગયા. કપડાં પણ સાવ કોરાં છે. પ્રભુ તો સર્વ શક્તિમાન છે. જે ધારે તે કરી શકે.

પછી સખા રામસાગરમાં જળ ક્રીડા કરી. જ્યાં બહાર નીકળ્યા, ત્યાં ઘનશ્યામમહારાજના નિજ શરીરમાંથી તેજ નીકળ્યું. તે તેજમાં દિવ્ય સિંહાસનમાં ઘનશ્યામમહારાજ બિરાજમાન છે અને અનંત મુક્તો સેવા કરે છે. આવા અલૌકિક દર્શન થયાં. ઘનશ્યામમહારાજને ભગવાન જાણીને મિત્રો પગે લાગી નમસ્કાર કરી સૌ સૌના ઘેર ગયા. ભવસાગર તારનારને પાણી ઉપર ચાલતાં શું વાર લાગે. આપણે ઘનશ્યામમહારાજ સાથે મિત્રતા રાખશું તો આપણને ભગવાન ભવસાગરથી તારી દેશે. તરવાની મજબૂરી હોવી જોઇએ.

## ૧૧૩. તૂટેલાં ચીભડાં વેલામાં ચોટી ગયાં.

ધર્મદેવનાં આંગણામાં ચીભડાંનાં છોડ વાવેલા હતા. તેમાં નાનાં ચીભડાં થયાં.

ઘનશ્યામમહારાજ કાચાં ચીભડાં તોડી નાખે. સુંદરીબાઇ શાક માટે પરવળ વીણતાં હતાં તે દેખી ગયાં, તેથી કહ્યું, ''ઘનશ્યામભાઇ, કાચાં ચીભડાં શા માટે તોડી નાખો છો?'' પ્રભુ બોલ્યા, ''તો તમે પરવળ શા માટે તોડો છો? તો પછી અમે ચીભડાં કેમન તોડીએ?''

સુંદરીબાઇ કહે છે, ''કાચાં ચીભડાં કડવા ઝેર જેવા હશે. પાકે તો મીઠાં થાય. પાકે ત્યારે તોડાય. અત્યારથી બગાડ કરાય નહિ.'' ઘનશ્યામમહારાજ રિસાઇને ચીભડાં દૂર ફેંકી દીધાં. મામીએ બધાં કાચાં ચીભડાં ભેગાં કર્યાં. ''આમફેંકી શું દો છો? ચીભડાં તોડીને બગાડ કર્યો ને પાછા રિસાઇ જાવ તે સારું ન લાગે!'' ત્યારે ઘનશ્યામમહારાજ બોલ્યા,

**તોડી નાખીને કર્યા ખરાબ, ત્યારે જીવન દે છે જવાબ ।**
**એમાં શું અમે ખરાબ કીધાં, નથી ખાધાં નથી લઇ લીધાં ॥**
**તમારો જીવ બળતો હોય, લાવો પાછાં ચોડી દઇએ જોય ।**
**એમકહી પાછાં લઇ લીધાં, હતાં તેમજ ચોટાડી દીધાં ॥**

''અમે ચીભડાં ખાધાં નથી ને લીધાં પણ નથી. એમકરતાં તમારો જીવ બળતો હોય તો લાવો વેલામાં પાછાં ચોટાડી દઇએ.'' મામી કહે છે, ''તૂટેલાં ચીભડાં પાછાં ચોંટે નહિ.'' ઘનશ્યામે કહ્યું, ''હમણાંજ ચોટી જશે.'' પ્રભુએ સંકલ્પ કર્યો કે તૂટેલાં ચીભડાં વેલામાં ચોંટી જાવ. તુરંત બધાં ચીભડાં વેલામાં ચોંટી ગયાં. આવું જોઇ મામી આશ્ચર્ય પામી ગયાં.

બે હાથ જોડી કહે છે, ''તમે સમર્થ છો અવિનાશી. તવ ચરણ તણી હું છું દાસી. મારાથી વધુ પડતું બોલાઇ ગયું છે. તે અપરાધ ક્ષમા કરો ને રાજી રહો.'' પ્રભુ અલૌકિક લીલા કરી સૌને આનંદ આપે છે. આવી દિવ્ય લીલાનું સ્મરણ થાય તો જીવાત્માનું કલ્યાણ થાય છે. મામી આખી જિંદગી મને યાદ કરશે. તેથી પ્રભુ આવી અદ્‌ભુત લીલા કરે છે. અને પોતાના સ્વરૂપમાં ચિત્ત ખેંચે છે.

**આવા પ્રગટ પ્રભુ ખચીત, તેનું ભજન કરવું નિત્ય ।**
**નથી ભજતા તેને ધિક્કાર, તેનો એળે ગયો અવતાર ॥**

અયાધ્યાપ્રસાદજી મહારાજ ભલામણ કરે છે. નથી ભજતા તેને ધિક્કાર, એનો એળે ગયો અવતાર. મનને વશ કરીને ભગવાનનું ધ્યાન સ્મરણ કરવું. મનને વશ કરવું બહુ કઠણ છે, ન થઇ શકે તેમનથી... તમે દુકાને જાઓ છો ત્યારે બરાબર વ્યવસ્થિત મન રાખીને વેપાર કરો છો. ખોટ ન જાય તેવી સતત કાળજી રાખો છો. પૈસા ગણો છો, ત્યારે મન કેમઆડું અવળું જાતું નથી. ખબર છે મન દોડશે તો પૈસા વધઘટ થઇ જશે. મન બરાબર કાબૂમાં થાય ત્યારે પૈસા પૂરે પૂરા ગણી શકાય છે.

તેમમન વશ થાય ત્યારે પ્રભુનું ધ્યાન થઇ શકે છે.

## ૧૧૪. સખાઓને અક્ષરધામનાં દર્શન કરાવ્યા.

એકાદશીનો દિવસ આવ્યો. ઘનશ્યામમહારાજ સખા સાથે ગૌઘાટ, વિશ્વામિત્રી નદીમાં સ્નાન કરવા ગયા. ઘનશ્યામમહારાજ બોલ્યા, ''તમે પાણીમાં ડૂબકી મારો અને હું કિનારે ઊભીને તાળી પાડી ગણી જોઉં તમે ક્યાં સુધી પાણીમાં રહો છો. તે મારે આજે જોવું છે. સખા પાણીના ધરામાં પડ્યા.

ઘનશ્યામમહારાજે ૨૦૦ તાળી પાડી ત્યારે વેણીરામપાણીથી બહાર આવ્યા.

૪૦૦ તાળી પાડી ત્યારે પ્રયાગ પાણીથી બહાર આવ્યા.

૬૦૦ તાળી પાડી ત્યારે રઘુનંદન પાણીથી બહાર આવ્યા.

૧૦૦૦ તાળી પાડી ત્યારે ભવાનીદીન પાણીથી બહાર આવ્યા.

૧૨૦૦ તાળી પાડી ત્યારે ગૌરીદત્ત પાણીથી બહાર આવ્યા.

૧૪૦૦ તાળી પાડી ત્યારે માધવચરણ પાણીથી બહાર આવ્યા.

૧૬૦૦ તાળી પાડી ત્યારે બંસીધર પાણીથી બહાર આવ્યા.



બાલ સખા સાથે પ્રભુ ડૂબકી મારે છે.

ઘનશ્યામમહારાજે સખાઓને પૂછ્યું, ''તમો પાણીના ધરામાં ઘણો સમય રહ્યા ત્યારે ત્યાં તમને શું દેખાયું?'' વેણીરામબોલ્યા, ''બદ્રીકાશ્રમધામદેખાયું.'' પ્રયાગ બોલ્યા, ''મને શ્વેતદ્વીપધામદેખાયું.'' રઘુનંદન બોલ્યા, ''મને વૈંકુઠધામદેખાયું.'' ભવાનીદીન બોલ્યા, ''મને ગોલોકધામદેખાયું.'' ગૌરીદત્ત બોલ્યા, ''મને અક્ષરધામદેખાયું.'' માધવચરણ અને બંસીધર બોલ્યા, ''મને પણ અક્ષરધામદેખાયું છે.''

અક્ષરધામના મુક્ત સર્વે, માયા ષડુર્મિરહિત ।
અનંત મુક્ત સિંહાસને, પૂજે છે પ્રેમસહિત ॥
એવા તમોને દીઠા અમે, અક્ષરધામની માંય ।
એ ધામમાં અમો રહ્યા. ચિદ્‌ઘન વરસે જ્યાંય ॥
સુખ અલૌકિક દેખીને, લોભાણા ઘણી વાર ।
સ્થિર થયું મન અમારૂ,તવ વિષે તદાકાર ॥

"અમને અક્ષરધામના દર્શન થયાં. ત્યાંના મુક્તો તમારી પૂજા કરતા હતા, અમારું મન અક્ષરધામમાં સ્થિર થઇ ગયું. તે ધામનાં સુખનું વર્ણન કરી ન શકાય. તેવું મહા અલૌકિક સુખ છે. ત્યાં તમામપદાર્થ દિવ્ય અને ચૈતન્ય છે. ત્યાં કાળ માયાનો કોઇ કલેશ નથી. ત્યાં સ્ત્રી-પુરુષનો કોઇ ભેદ નથી. તે ધામને પામ્યા પછી ક્યારેય જન્મ-મરણનાં ફેરામાં ફરવું પડતું નથી. જેને વેદો સદૈવ નેતિ નેતિ કહી પોકારે છે. અક્ષરધામમાં આધિ, વ્યાધિ કે ઉપાધિ કોઇ પ્રકારનું દુઃખ નથી."

એક વાત સમજી રાખવી, કે ભગવાનનું શાશ્વત સુખ જોઇતું હોય તો જગતનું માન મોટાઇનું ખોટું સુખ છોડવું જ પડે. જેમપ્રકાશ થાય, તો જ અંધકાર જાય, તેમખોટું સુખ છૂટે તો જ સાચું સુખ ઉદય થાય. અક્ષરધામની સભામાં મુક્તોની સાથે બેસવું હોય તો દેહના સગા- સબંધીમાંથી આસક્તિ ને મોહ-મમતા છોડવા જ પડે. જો જગત સબંધી વિષયનું ચિંતવન થાય તો ભગવાન ભૂલાઇ જાય, અને ભગવાનની અલૌકિક લીલાનું ચિંતવન થાય તો અક્ષરધામમાં જવાય. ઘનશ્યામમહારાજ સાથે જે બાલ મિત્રો(સખા)રમે છે, જમે છે, તે સાધારણ માનવી નથી, પણ અક્ષરધામના મુક્તો છે. સખાઓને અલૌકિક અક્ષરધામનાં દર્શન કરાવ્યા. પછી સૌ પોત પોતાને ઘેર ગયા છે.

## ૧૧૫. પૃથ્વી માતા ગાયના રૂપે પ્રાર્થના કરે છે.

ઉત્તરાયણ મકરસંક્રાતિનો દિવસ આવ્યો. ધર્મદેવ, રામપ્રતાપજી, ઘનશ્યામમહારાજ અને મોતીત્રવાડી વિગેરે ભક્તજનો નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી પોતાની શક્તિ મુજબ બ્રાહ્મણો અને ગરીબ લોકોને નાના પ્રકારનાં દાન આપ્યાં. ગાયોને ખાવા માટે ઘાસ આપ્યું . મકરસંક્રાતિના દિવસે જે દાન આપે છે. સંત, બ્રાહ્મણ વિગેરે સુપાત્રને જમાડે છે તેને હજાર ઘણું પુણ્ય થાય છે.દાનનો ખૂબ મહિમા છે.

તે વખતે પૃથ્વીમાતા ગાયનું રૂપ લઇને ઘનશ્યામમહારાજ પાસે આવ્યાં. ઘનશ્યામમહારાજે સારો આવકાર આપ્યો. તાંબાના વાસણમાં ઘૂઘરી અને શીરો ગાયને જમવા માટે આપ્યું. ગાય જમે છે ને પ્રભુ ગાયની પીઠ ઉપર મીઠો મીઠો હાથ

ફેરવે છે. પૃથ્વીમાતા કરુણ સ્વરથી રુદન કરતાં બોલ્યાં, “હે પ્રભુ! મારી અરજી સાંભળો...

ગર્વગંજન મારે છે ગરજ, આજ તવ આગે કરૂં અરજ ।
મમકષ્ટ કૃપાનાથ કાપો, રૂડો ધર્મ પૃથ્વી પર થાપો ॥
મુજ ઉપર થાય છે પાપ, તેનો લાગ્યો મને બહુ તાપ ।
ભુમિનો હવે ઉતારો ભાર, તે માટે છે તવ અવતાર ॥

આ પૃથ્વી ઉપર પાપ વધી ગયું છે. મને મકાન, પર્વત કે પૃથ્વીનો ભાર લાગતો નથી. પણ પાપી માણસનો બહુ ભાર લાગે છે. પાપી માણસોનો ભાર મારાથી સહન થતો નથી. માટે મમકષ્ટ કૃપાનાથ કાપો, રૂડો ધર્મ પૃથ્વી પર સ્થાપો. આપ ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ છો.” ઘનશ્યામમહારાજ કહે છે, “હે પૃથ્વીમાતા! તમે ચિંતા ન કરો. હું થોડા સમયમાં પૃથ્વીનો ભાર ઉતારીશ અને અસુરોનો નાશ કરીશ. તમે સુખેથી રાજી થઈને તમારા સ્થાનકે જાવ.” ત્યાર પછી વરૂણ દેવ ઘનશ્યામ મહારાજ પાસે આવ્યા છે. પગે લાગીને બે હાથ જોડી કહે છે, “હે કૃપાનાથ! મારી અરજી સાંભળો...

કૃપાનાથ કૃપા કરો આજ, મારૂ દુઃખ ટાળો મહારાજ ।
ગામઈટોલા જે સદ્‌ભાગ, જીરાભારી નામે ત્યાં તડાગ ॥
તેમાં મ્લેચ્છ લોકો મચ્છ મારે, વિમુખ પાપીને કોણ વારે ।

જીરાભારી તળાવમાં અસુરો માછલાં મારીને ઢગલા કર્યા છે, તે પાપ મારાથી જોવાતું નથી. એ દુષ્ટને કાંઈક સજા કરો જેથી પાપ કરતા અટકી જાય.” ઘનશ્યામમહારાજે કહ્યું, “હે વરૂણદેવ! તમે ચિંતા ન કરો. થોડા સમયમાં અમે વનમાં જઈશું અને અસુરનો નાશ કરશું. તમે સુખેથી તમારા લોકમાં પધારો.” વરૂણદેવ અદ્રશ્ય થઈ ગયા. પછી પ્રભુ બીજું રૂપ ધરીને જીરાભારી તળાવે પધાર્યા. ત્યાં મરેલાં માછલાંના ઢગલા પડ્યા છે. મચ્છીમાર માછલાં પકડે છે. ઘનશ્યામમહારાજે મનમાં સંકલ્પ કર્યો.

મચ્છ મરેલાં જીવતાં થાઓ, જળમાં નીજ સ્થાનકે જાઓ ।
એવો સંકલ્પ કર્યો છે જ્યારે, થયા મચ્છ સજીવન ત્યારે ॥
મચ્છ ઉછળ્યા બહુ બળમાં, સર્વે જઈને પડ્યાં તે જળમાં ।


મરેલાં માછલાં સજીવન થઈ જાવ. અને પાણીમાં ચાલ્યા જાવ. માછલાં ઉછળીને ધડોધડ પાણીમાં જઈને પડ્યાં. ઊંડા જળમાં ચાલ્યાં ગયા. મચ્છીમાર જોતા જ રહી ગયા. મરેલાં માછલાં કેમજીવતાં થયાં હશે. નવાઈની વાત છે. આપણી મહેનત પાણીમાં ગઈ. અરસ પરસ ઝગડો ચાલુ થયો. “અલ્યા તેં મારા માછલાં કેમપાણીમાં

નાખી દીધાં?!" બીજા બોલ્યા, "મેં ક્યાં પાણીમાં નાખ્યાં છે. ખોટું બાનું નાખો છો? તને માર્યા વિના નહિ મૂકું. સમજી વિચારીને બોલજે." એમસામસામો ખૂબ ઝગડો વધી ગયો. પહેલા વાણીથી બાઝયા. પછી સામસામા હાથ ઉપાડ્યા. ને પછી હથિયારથી લડ્યા. અરસ-પરસ લડીને મચ્છીમાર મૃત્યુ પામ્યા. પ્રભુએ દ્રષ્ટિમાત્રથી અસુરોનો નાશ કરી ભૂમિનો ભાર ઉતાર્યો. પાપી પોતાના પાપે મૃત્યુ પામ્યા. અને જમપુરીમાં પહોંચી ગયા. ઘનશ્યામમહારાજે હિંસા થતી અટકાવી. અવતાર કાર્ય સિધ્ધ કર્યું. હિંસા કરવી તે મહાપાપ છે. વચનામૃતમાં શ્રી હરિ કહે છે, એક કીડી જેવા જીવને પણ દુઃભવવો નહિ.

## ૧૧૬. મુમુક્ષુ કઇ દિશામાં છે.

એક વખત ઘનશ્યામમહારાજ સખાઓની સાથે નારાયણ સરોવરનાં કિનારે ગયા. થોડી વાર રમત રમ્યા પછી કિનારે એક મોટા પીપળાનું વૃક્ષ હતું તેના ઉપર ચઢી ગયા, ને ઊંચી ડાળ ઉપર બેઠા. કરુણામય દૃષ્ટિ કરી ચારે બાજુ જુએ છે. તે વખતે મામા મોતીત્રવાડી ગૌઘાટ જતા હતા તે નારાયણ સરોવરના કિનારે આવ્યા. સખા પીપળાના વૃક્ષ નીચે રમે છે. ઘનશ્યામમહારાજ પીપળાના વૃક્ષ ઉપર બેઠા છે. મામા કહે છે, "ઘનશ્યામભાઇ... કોઇ ફળ વાળા વૃક્ષ ઉપર ચડ્યા હોત તો ફળ ખાવા મળત પણ પીપળા ઉપર તમને શું મળશે?" ત્યારે ઘનશ્યામમહારાજે સરસ જવાબ આપ્યો...

**વળી બોલ્યા છે ધર્મકુમાર, સુણો મામા અમારો વિચાર।**
**દૈવી જીવ ઘણા જે કહેવાય, કયા દેશમાં રહે છે સદાય ॥**
**આસુરી જીવ છે કિયા દેશ, એમજોવા ચડ્યા છીએ એશ।**



મુમુક્ષુઓ કઈ દિશામાં છે.

"મામા... અમે ફળ ખાવા માટે વૃક્ષ ઉપર નથી ચડ્યા, પણ કયા દેશમાં દૈવી(મુમુક્ષુ) જીવાત્મા છે અને કયા દેશમાં આસુરી જીવાત્મા છે, તે જોવા માટે વૃક્ષ ઉપર ચડ્યા છીએ." ઘનશ્યામમહારાજે પશ્ચિમદિશા તરફ નજર ઠેરાવી. ત્યાં તેમને દૈવી જીવાત્મા ઘણા છે તેવું દેખાયું. ભારત દેશમાં... ગુજરાત, કચ્છ, દ્વારિકા અને નારાયણ સરોવર પશ્ચિમદિશામાં આવેલ છે. તે પુણ્યભૂમિછે.

કચ્છદેશ પુણ્યભૂમિછે.સ્વામિનારાયણ ભગવાનના કરુણામૃતથી સભર એવો કચ્છ દેશ છે. કચ્છ દેશને શાસ્ત્રો અને પુરાણોએ પરમપવિત્ર દેશ માનેલો છે. જેમજનેતા માવડી પોતાના કોડીલા કુંવરને કાંખમાં તેડે, તેમભારતમાતાએ આ કચ્છદેશને પોતાની કાંખમાં તેડેલો છે. શ્રી હરિએ શૂરવીર અને શ્રધ્ધાવાન સપૂતોને જન્મદેનારી કચ્છની ધીંગી ધરતીના ખૂબ વખાણ કર્યા છે.

ત્યાં અચાનક ચમત્કાર સર્જાયો. જે પીપળા ઉપર ઘનશ્યામમહારાજ બેઠા છે તે પીપળાના પાંદડે પાંદડે ને ડાળે ડાળે અનેક જાતના ફળ દેખાયાં. મામા આશ્ચર્ય પામી ગયા... પ્રભુ કહે છે, "લ્યો મામા, આ સ્વાદિષ્ટ નારંગી ને રામફળ ઘરે લઇ જાવ. સૌને પ્રસાદ આપજો." મામા ઘરે આવી આ વાત કહી સંભળાવી કે, "પીપળાના વૃક્ષમાં અનેક જાતનાં ફળ જોયાં. તેમાંથી આ ફળ લાવ્યો છું." આવો પ્રતાપ જોઇ સૌને નિશ્ચય થઇ ગયો કે ઘનશ્યામસાક્ષાત્ પરમેશ્વર છે... અનેક ભક્તજનો ધર્મદેવને ઘેર આવે અને ધન્યતા અનુભવે. અયોધ્યાપ્રસાદજી કથાનો મહિમા કહે છે. આ કથા તો અમૃતસમાન છે...

**આવી અમૃતરૂપી કથાય,જે કોઇ સુણે રાખી શ્રધ્ધાય ।**
**તેના અનેક જન્મના પાપ, બળી જાય ટળે વળી તાપ ॥**
**પારાયણ સુણે દિન સાત, બાલ ચરિત્રનું આ વિખ્યાત ।**
**એના પુણ્ય તણો નહિ પાર, તરત પામે પુરૂષાર્થ ચાર ॥**

શ્રધ્ધા રાખી આ કથા સાંભળે છે, અથવા સાત દિવસની પારાયણ કરે છે, તેના અનેક જન્મના પાપ બળી જાય છે. એના પુણ્ય તણો નહિ પાર, તરત પામે પુરુષાર્થ ચાર. અંતે અક્ષરધામમાં જાશે, બાળ લીલા પ્રભુજીની ગાશે, કુટુંબ સહિત ઉધ્ધાર થાશે, ભવજળથી પાર ઉતરશે.

## ૧૧૭. અમે તુલસીની પ્રકમા ફરશું.

સોમવતી અમાવાસ્યનો દિવસ આવ્યો. ભક્તિમાતા, સુવાસિનીબાઇ, ઇંદિરાબાઇ વિગેરે સ્ત્રી ભક્તજનો એકત્ર થઇને નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા. સાથે પૂજા કરવાની સામગ્રી લીધી. ઘનશ્યામમહારાજ સખા સાથે નારાયણ સરોવરના કિનારે રમવા આવ્યા. સ્ત્રી ભક્તજનો સ્નાન કરી સૂર્યને અર્ધ્ય આપ્યું.

પછી અક્ષત અને પુષ્પથી સૂર્યને વધાવ્યા પછી વરૂણદેવની પૂજા કરી પાણીના લોટા ભરીને પીપળાના વૃક્ષના થડમાં રેડ્યું ને પીપળાના ચારે તરફ કુમકુમના ચાંદલા કરીને સૂતરના દોરા પીપળાના વૃક્ષની ચારે તરફ વીંટ્યા.

ભક્તિમાતા, સુવાસિનીબાઇ વિગેરે સ્ત્રીઓ પીપળાના વૃક્ષને પ્રદક્ષિણા ફરે છે. ત્યારે ઘનશ્યામબોલ્યા, ''ભાભી! તમે બધા પીપળાને ચારે બાજુ શા માટે ફરો છો?'' ભાભીએ કહ્યું, ''આજે સોમવતી અમાવાસ્ય છે તેથી પરિક્રમા ફરીએ છીએ. તમારે ફરવું હોય તો આવો.'' પ્રભુ બોલ્યા, ''અમે ઘરે જઇને તુલસીજીની પરિક્રમા ફરીશું.'' ભાભીએ કહ્યું, ''ઘરે તુલસી સુકાઇ ગયા છે. નવા લાવીને રોપો તો અમે પણ તુલસીની પ્રદક્ષિણા ફરીએ.'' પછી સ્નાન કરી સૌ ઘેર આવ્યા. સાથે બેસીને ભોજન જમ્યા છે.

ઘનશ્યામમહારાજે આંબલીની ડાળખી લીધી. ધરતીમાં ખાડો ખોદીને રોપી દીધી. પછી કુવામાંથી પાણી સિંચીને આંબલીની ડાળખીના થડમાં પાણી રેડ્યું. સુવાસિનીબાઇ બોલ્યાં, ''આ શું કરો છો? આંબલીને પ્રદક્ષિણા ફરાય નહિ. તુલસીને પ્રદક્ષિણા ફરાય.'' ઘનશ્યામમહારાજ કહે છે, ''આંબલી નથી તુલસીબાઇ છે. નીરખીને જુઓ તો ખ્યાલ આવશે. વિશ્વાસ ન આવે તો બીજાને પૂછી જુઓ.''

**પ્રભુ કહે નથી જુઠુ લગાર, તમે જુઓ કરીને વિચાર ।**
**તમારા મનમાં હોય વેમ, પુછી જુવો બીજાને આ કેમ॥**
**જેવું છે એવું કહું છું અમો, સત્ય માની લીઓ ભાભી તમો ।**
**એવું કહી માળા લીધી હાથ, પ્રકમા ફરવા લાગ્યા નાથ ॥**



**આંબલી રોપી તુલસીનો ભાવ બતાવ્યો.**

માળા લઇને ઘનશ્યામમહારાજ તુલસીની પ્રદક્ષિણા ફરે છે. ત્યાં સુંદરીબાઇ અને સુરજબાઇ આવ્યાં. ''છોટીબા... લીલાછમતુલસીબાઇથી આંગણું કેવું સરસ

શોભે છે.'' બધા માણસોને તુલસીબાઈ દેખાય અને ભાભીને આંબલીનું વૃક્ષ દેખાય. હવે શું કરવું? ભાભી મુંઝાઇ ગયાં. ઘનશ્યામમહારાજ બોલ્યા, ''ભાભી... આંબલીની વાત ભૂલી જાવ, અને તુલસીનો ભાવ લાવો.'' ભાભીને વિશ્વાસ આવ્યો... દિયર જે કહે છે તે સત્ય જ હોય. ભાભી ભાવથી જોયું તો આંબલીના બદલે તુલસી દેખાય છે. હૃદયમાં શાંતિ થઇ. આશ્ચર્ય પામી ગયાં. ભાભી બે હાથ જોડી કહે છે,

**ભાભી કહે છે હે ઘનશ્યામ, ભાઈ આતો તમારૂં છે કામ।**
**તવ માયા બહુ બળવાન, તમે મને ભુલાવ્યું છે ભાન ॥**
**અતિ અદ્‌ભુત માયા દેખાડી, ઘુંચવી નાખીને જુઠી પાડી ।**
**પછી ગદ્‌ગદ્ કંઠે થઈને, પ્રકમા ફરવા લાગ્યા જઈને ॥**

''તમારી માયા બહુ બળવાન છે. મને ગૂંચવી નાખી, મારા દેખતાં આંબલીનાં વૃક્ષની ડાળખી રોપી. અને તેમાંથી તમે તુલસી બનાવી દીધા.'' ભાભી માળા લઇને તુલસીને પ્રદક્ષિણા ફરે છે. મને ભગવાને કેવો સુંદર યોગ આપ્યો છે. સાક્ષાત્ પરમાત્મા મારી સાથે બોલે છે, ફરે છે, જમે છે ને અલૌકિક લીલા કરે છે. અનેક જન્મનાં પુણ્ય હશે જેથી ઘનશ્યામમહારાજ જેવા પરમેશ્વરનાં ભાભી થવાના મને ભાગ્ય મળ્યાં છે. ધન્ય ઘડી ધન્ય અવસર. મારો મનુષ્ય જન્મસફળ થયો.

**કથા શ્રવણ કરે જે રૂડી, એની કરણી મટી જાય કુડી ।**
**કોટિ કોટિ જન્મનાં પાપ, નાશ પામે પળમાં તે આપ ॥**

ઘનશ્યામમહારાજની અલૌકિક લીલા છે,તે પ્રભુ સમીપે પહોંચવાની નિસરણી છે. માયાની માર ન ખાવી હોય, જન્મ-મરણના ચક્કરમાં ન ફરવું હોય તો પ્રભુનું શરણું સ્વીકારી લ્યો. ભગવાનના ગુણ મંગળકારી છે. મંગળ કરનારા છે. પ્રભુનું બોલવું મંગલ, ચાલવું મંગલ, હસવું મંગલ, લીલા મંગલ, ભગવાનનું સમગ્ર સ્વરૂપ મંગલ છે... કલ્પવૃક્ષની છાયામાં જે બેઠા હોય, તે જે ચિંતવે તે તેને મળે છે. આ ઘનશ્યામલીલા અલૌકિક કલ્પવૃક્ષ છે. જે કાંઇ શુભ સંકલ્પ હોય તે સફળ થાય છે.

## ૧૧૮. લડાઇમાં મોટાભાઇની જીત થઇ.

રામપ્રતાપભાઈ શૂરવીર હતા. તેથી રાજાએ લશ્કરના ઉપરી બનાવ્યા. રામપ્રતાપભાઈને મહિનાના ૬૦ રૂપિયા પગાર મળતો. રામપ્રતાપભાઈ લશ્કર લઈને હિન્દીપુર ગયા. આઠ મહિના થઈ ગયા. પછી સમાચાર આવ્યા અને કાગળ પણ આવ્યો. અમે ખુશી મઝામાં છીએ, અમારી ચિંતા કરશો નહિ, લડાઇ પૂરી થશે પછી અમે ઘેર આવીશું. ધર્મદેવે કાગળ વાંચ્યો, પણ મન દીકરાને મળવા તલપે છે.

તેથી ભાતુ લઈ સગા-સંબંધીને સાથે હિન્દીપુર જાવા તૈયાર થયા.

**સંબંધી મળીને વિચર્યા, ત્યારે શ્રી ઘનશ્યામઉચર્યા ।**
**હે દાદા મને તેડી લ્યો સંગે, ભાઈ પાસે આવું હું ઉમંગે ॥**

ઘનશ્યામમહારાજ કહે છે, ''પિતાજી, હું તમારી સાથે ભાઈને મળવા ચાલીશ.'' ધર્મદાદાએ કહ્યું, ''હિન્દીપુર બહુ દુર છે. તમે ચાલી નહિ શકો, માટે ઘરે રહો.'' ઘનશ્યામમંડ્યા રડવા. ''મૈયા, મને ભાઈને મળવા જાવું છે.'' ભક્તિમાતા બોલ્યા, ''ઘનશ્યામને તમારી સાથે લઈ જાવ.'' પછી બધા ચાલતા થયાં. થોડુંક ચાલ્યાને ઘનશ્યામથાકીને બેસી ગયા. પિતાએ કહ્યું, ''ઘનશ્યામતમે પાછા વળી જાવ. ઘરે જાવ. હિન્દીપુર ૫૦૦ ગાઉ દૂર છે. તમારાથી ચલાશે નહિ.''

ઘનશ્યામમહારાજ હિંમતથી બોલ્યા, ''પિતાજી, તમે ચાલશો તેટલું હું પણ ચાલીશ.'' દોઢ મહિને પગે ચાલતાં ચાલતાં હિન્દીપુર શહેમાં પહોંચી ગયા. સૈનિકે કહ્યું, ''રામપ્રતાપભાઈ અહીં નથી. પણ ૧૫ ગાઉ દૂર લડાઈની સરહદ પર ગયા છે.'' સૌ ત્યાં ગયા. રામપ્રતાપ ભાઈને મળ્યા. ભાઈ કહે છે, ''પિતાજી, તમે ભલે આવ્યા પણ ઘનશ્યામને શા માટે અહીં લઈ આવ્યા છો? અહીં જોરદાર લડાઈ થવાની છે. માટે તમો હિન્દીપુર પાછા જાવ.'' ઘનશ્યામબોલ્યા, ''હું પાછો નહિ જાઉં.'' ત્યારે લશ્કરનાં માણસો કહે છે, ''ઘનશ્યામભાઈ ચમત્કારી છે. ભલે આપણી સાથે રહે. ઘનશ્યામસાથે હશે, તો ચોક્કસ આપણી જીત થાશે.'' બીજે દિવસે સામસામે લડાઈ શરૂ થઈ. બધા આમતેમનાસી ગયા. બધાનાં ઘર ખુલ્લા પડ્યા છે. પછી જેને જે જોઈએ તે વસ્તુ લીધી. ઘનશ્યામમહારાજે દહીંનું ગોરસ લીધું. શુકનમાં દહીં છે તે શુભ વસ્તુ છે.

દહીં પીને લડવા ગયા, ઘનશ્યામમહારાજે કહ્યું, ''હું કહું તેમકરશો તો આપણી જીત થશે.'' એક સામટા બંદૂકના ભડાકા શરૂ થયા. સામે પક્ષવાળાને થયું. લાખો માણસો અમારી સાથે લડવા આવે છે. તેથી લશ્કર ડરીને આજુ બાજુ નાસી ગયું. રામપ્રતાપભાઈની જીત થઈ અને સામે પક્ષવાળા હારી ગયા. તેથી રાજા બહુ રાજી થયા. સૌએ નક્કી કર્યું કે ઘનશ્યામમહારાજ આપણી સાથે હતા એટલે આપણી જીત થઈ છે. રાજાએ સત્કાર કરી પ્રભુને કિંમતી પોશાક અર્પણ કર્યો અને પાંચ હજાર રૂપિયા ભેટ આપી. પુષ્પનો હાર પહેરાવ્યો. પગે લાગીને કહ્યું, ''હે ધર્મદેવ, આ તમારા પુત્ર સાધારણ બાળક નથી પણ સાક્ષાત્ પરમાત્મા છે. એના પ્રતાપથી આપણી જીત થઈ છે.''

પછી ભાવથી ભોજન જમાડ્યા છે. રાજાએ ગાડી આપી તે ઉપર બેસીને ધર્મદેવ, રામપ્રતાપભાઈ અને ઘનશ્યામમહારાજ છપૈયામાં પધાર્યા. સૌને બનેલી વાત કહી

સંભળાવી. સૌ આશ્ચર્ય પામી ગયા. અનેકનો ઉધ્ધાર કરવા પ્રભુ લીલાનો વિસ્તાર કરે છે. ઘનશ્યામમહારાજને સાથે રાખીને લડાઇ કરી તો જીત થઇ. તેમઆપણે અખંડ ઘનશ્યામમહારાજને અંતરમાં ધારી રાખશું, ધર્મ સહિત ભજન ભક્તિ કરશું તો આપણી અંતરશત્રુ સામે જીત થશે. અંતરશત્રુ એટલા બળવાન છે કે ભલભલાને ગોથાં ખવરાવ્યાં છે વાસનાને વિદારવાનો અને આત્માને ઉગારવાનો આ ગ્રંથ છે. ભક્તિ કર્યા વિના નવરું રહેવું નહિ. ભગવાનને સારી પેઠે નીરખીને આંખદ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. મન, બુધ્ધિ, ચિત્ત આદિક ઇંદ્રિયો દ્વારા ભગવાનનો સંબંધ રાખવો.

## ૧૧૯. આંબલીનાં પત્ર ખરી પડ્યાં.

એકાદશીની રાત્રીએ ધર્મદાદા, ભક્તિમાતા, રામપ્રતાપભાઇ, સુવાસિનીભાભી, ઘનશ્યામમહારાજ વિગેરે ભક્તજનો આંબલીના ચોતરા ઉપર બેસી સંકીર્તન કરતા હતા. પ્રભુ સ્મરણ કરતાં કરતાં જાગીએ તેને જાગરણ કહેવાય. અને ગ્રામ્ય ગપાટા મારતાં જાગીએ તેને ઉજાગરો કહેવાય. ભજન-કીર્તન કરે છે તે વખતે પાનખર ઋતુ ચાલતી હતી. આંબલીનાં વૃક્ષ પરથી સૂકાં પત્રો નીચે ખરતાં હતાં. તે જોઇને ધર્મપિતાના મનમાં સંકલ્પ થયો કે એક મહિના સુધી કાયમપત્રો ખર્યા કરશે. તેથી ફળીયું ચોખ્ખું રહેશે નહિ. સાવરણી લઇને વાળે ને પાછું ફળિયું પાંદડાથી ભરાઇ જાય. પિતાજીના સંકલ્પને અંતર્યામી પ્રભુ જાણી ગયા. તેથી તુરંત બોલ્યા,

**શ્રી હરિએ તે ધાર્યું સંબંધ, પત્ર પડતાં રહેજો હવે બંધ ।**
**પાન ખરે નહિ તે જ સારૂં, એવું શ્રી હરિએ મન ધાર્યું ॥**



પિતાજીનો સંકલ્પ પૂરો કર્યો.

પત્ર ખરતાં બંધ થઇ જાવ. હવે એક પત્ર ખરતું નથી. હરિ-ભજન કરતાં રાત્રિ પસાર થઇ. સવારે ભક્તિમાતા ગાય દોહવા ગયાં અને સુવાસિનીભાભી સાવરણો લઇ કચરો વાળે છે. પ્રભુ દૂધનું પાન કરી સખા સાથે આંબલીનાં વૃક્ષ નીચે ચોતરા ઉપર બેઠા. ત્યાં અચાનક ખરરર કરતાં બધાં પાંદડા ખરી પડ્યાં. અને નવાં તાજાં કોમળ પત્ર ખીલી નીકળ્યાં. આંબલીનું વૃક્ષ લીલુ છમથઇ ગયું. એક પણ જુનુ પત્ર નથી.

ખરેલાં પાંદડાથી ફળિયું કચરાથી ભરાઇ ગયું. ઘનશ્યામમહારાજે વાયુદેવને આજ્ઞા કરી, “તમે અહીં આવો.” પવનદેવ વંટોળિયા રૂપે આવ્યા ને પાંદડાને ઉડાડી દુર ફેંકી દીધાં. આંગણું સાફ થઇ ગયું. ઘનશ્યામમહારાજ કહે છે, “હે પિતાજી... હવે એક વરસ સુધી એક પણ પાંદડું ખરશે નહિ.” આવું આશ્ચર્ય જોઇ સૌ વિસ્મય પામી ગયા. પાંદડાં એકદમનવા લીલાં કેમથઇ ગયા હશે ? પ્રભુની પ્રભુતા ન્યારી છે. એની કળાનો કોઇ પાર નથી.

આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે જેમઆંબલીના વૃક્ષ પરથી પાકાં પાંદડાં ખરી પડ્યાં, તેમઅમારા હૃદયમાંથી જગત સંબંધી મોહ-મમતા રૂપી કચરો ખરી જાય ને તમારા ચરણમાં પ્રીતિ થાય. તમારી મૂર્તિ સિવાય અમારે કાંઇ નથી જોઇતું. અષ્ટઆવરણ ભેદીને જન્મો જન્મની વાસનાનાં પડ તોડીને, પાપ માત્રનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થઇને ભગવાનના અક્ષરધામમાં વાસ કરવો છે. એવો મનમાં ઠરાવ કરી રાખવો.

## ૧૨૦. ઇચ્છારામને કુવામાંથી બહાર કાઢ્યા.

ધર્મદેવના આંગણામાં નગારા વગાડનાર નટ આવ્યા. ખેલ કરીને સૌને રાજી કરે. તે રમત જોવા માટે ઘણા માણસો આવ્યા. ઘનશ્યામમહારાજ બાલ મિત્રોની સાથે રમત જુએ છે. રમત પૂરી થઇ ત્યારે મોતીત્રવાડીએ નટને શીખ આપી. પછી નટ પીરોજપુર રમત રમવા ગયા તો બાલ મિત્રોની સાથે ઘનશ્યામપણ પીરોજપુર ગયા. ત્યાં થોડીવાર રમત જોઇ. પછી પાછા વળ્યા.. રસ્તામાં બગીચો હતો. ત્યાં થોડીવાર રમત રમ્યા. પછી કૂવાની બાજુમાં વિશ્રાંતિ લેવા બેઠા. ત્યાં અચાનક ઇચ્છારામભાઇ કુવામાં પડી ગયા. પ્રભુએ તુરંત સંકલ્પ કર્યો. કૂવાનું પાણી પાતાળમાં ઉતરી જાવ. પાણી નથી. ઇચ્છારામને કાંઇ ન થયું.

સાજા નવરા કૂવામાં ઊભા છે.ઇચ્છારામબોલ્યા, “ઘનશ્યામભાઇ, મને કાંઇ વાગ્યું નથી. ચિંતા ન કરજો.” ધર્મદાદાને ખબર પડી તેથી દોડતા કૂવા પાસે આવ્યા. ગામના માણસો પણ આવ્યા. ઘનશ્યામે કહ્યું, “હે દાદા, ચિંતા ન કરો. ભાઇને બિલકુલ વાગ્યું નથી. હમણાંજ કૂવામાંથી બહાર આવી જશે.”

**સૌને નજરે જોતાં સત્વર, વાલીડે વધાર્યા બેઉ કર ।**
**ઈચ્છારામને તો તેડી લીધા, કુવામાંથી બહાર મુકી દીધા ॥**
**આવ્યું કૂવામાં જળ અપાર, ભરાણું છે વળી તેહ ઠાર ।**



**બાલ ઘનશ્યામ ઈચ્છારામને કૂવામાંથી બહાર કાઢે છે.**

ઘનશ્યામમહારાજે કૂવામાં બે હાથ લાંબા કર્યા. જેમફૂલને ઉપાડી એક જગ્યાથી બીજી જગ્યાપર મૂકી દે, તેમઈચ્છારામને ઉપાડીને બહાર બેસાડી દીધા. ઈચ્છારામબહાર આવ્યા કે તુરંત કૂવો પાણીથી ભરાઈ ગયો. આવું દિવ્ય ચરિત્ર જોઈ સૌ વિસ્મય પામી ગયા. ભગવાનની શક્તિ ગજબની છે. પ્રભુ પ્રગટ હોય ત્યારે કેવળ માણસ જ તરી જાય એવું નથી. પ્રભુ પ્રગટ હોય ત્યારે સૌનું કલ્યાણ કરે છે. દેવ, દાનવ, માનવ પશુ, પક્ષી, વૃક્ષ, વેલી એમને પ્રભુનો યોગ થાય તો તેનું અવશ્ય કલ્યાણ થાય છે.

## ૧૨૧. ભગવાનની અદ્‌ભુત શક્તિ

એક વખત ભક્તિમાતા રામપ્રતાપભાઈને કહે છે, ‘‘હે પુત્ર! આપણું ઘર જૂનું થયું છે. ચોમાસું નજીક આવે છે. વાંસની (કાષ્ટની) જરૂર છે. જંગલમાંથી વાંસ લઈ આવો તો સરખી રીતે નળિયાં ગોઠવાઈ જાય.’’ ભાઈ બોલ્યા, ‘‘બહુ સારું.’’ બીજે દિવસે મોતી મામાનું બળદ ગાડું લઈને વાંસ લેવા જાય છે. ‘‘ચાલો ઘનશ્યામ, વાંસ લઈ આવીએ.’’ ફરતા ફરતા કલ્યાણસાગરના કિનારે આવ્યા. ત્યાં સારા ઊંચા લાંબા વાંસ હતા. તે કપાવીને ગાડામાં ભર્યા. મોટો ત્રીસ વાંભનો એક મોટો વાંસ હતો. ઘનશ્યામમહારાજે વિચાર કર્યો કે આ મોટો વાંસ લઈ જઈએ તો ઘણો કામઆવશે. ઘર મજબૂત થશે.

**સૌને દેખતે દીનદયાળે, મૂળમાંથી ઉખેડ્યો તે કાળે ।**
**એક ડાબે કરે ખેંચી લીધો, વ્હાલે શકટમાં મૂકી દીધો ॥**
**મહા કઠણ વજ્ર સમાન, ઘણો ગંભીર બોજવાન ।**

વાંસ ઉપાડ્યો છે જેણીવાર, ધરા કંપ થયો છે અપાર ॥

ઘનશ્યામમહારાજે ત્રીસ વાંભના વાંસના વૃક્ષને જરાક ડાબા હાથેથી ખેંચ્યું કે કડડાટ કરતું મૂળમાંથી વૃક્ષ નમી પડ્યું. એક હાથે ઉપાડીને ગાડામાં મૂકી દીધું. બધા આશ્ચર્ય પામી ગયા. આઠ દશ યુવાન આદમી ભેગા થઇને વૃક્ષ ચડાવે તો પણ ચડે નહિ તેવું વજનદાર વૃક્ષ કેમઊંચું થયું હશે. ઘનશ્યામશક્તિશાળી છે. ગાડું લઇને ઘરે આવ્યા. સવિસ્તાર વાત કહી સંભળાવી. સૌ રાજી રાજી થઇ ગયા.

ઘનશ્યામમહારાજ સખા સાથે હલવાઇ બંસીધરની દુકાન પાસેથી પસાર થયા. ચોમાસાના દિવસ હતા. તેથી રસ્તામાં કીચડ હતો. તેમાં પ્રભુનો ચરણ લપસ્યો તે ચરણ ગારાળો થયો. સુખનંદન કહે છે, “ચાલો કૂવા ઉપર... પાણીથી ચરણ ધોઇ આવીએ.” કૂવા પર ગયા તો ત્યાં વણિકની દીકરી રામકુંવર પાણી સિંચતી હતી. તેણે કહ્યું, “આવો ઘનશ્યામઆવો.”

નીર ભરતી હતી કીનારે, કુંભ ખેંચીને બોલી તેવારે ।
આવો શ્રી હરિ અશરણ શરણ,ધોવરાવું તમારા ચરણ ॥
વ્હાલો કહે થનારૂં હશે તે થાશે, એની મેળે આ ચરણ ધોવાશે ।

“તમારા ચરણ હું ધોઇ આપું.” ઘનશ્યામમહારાજ બોલ્યા, “ચરણ એની મેળે ધોવાઇ જશે.” એમકહી કૂવાના કાંઠા ઉપર બેસીને કૂવામાં પગ લટકતા મૂક્યા. “હે વરૂણ દેવ, પધારો.” ત્યાંતો કૂવો પાણીથી છલકીને ઉભરાઇ ગયો, અને ચરણ પોતાની મેળે ધોવાઇ ગયા. આવો પ્રતાપ જોઇ સૌ આશ્ચર્ય પામી ગયા. ત્યાંથી પ્રભુ ખાંપા તલાવડી પધાર્યા.

## ૧૨૨. પ્રભુએ બૈજુ ત્રવાડીની રક્ષા કરી.

એકાદશીનો ઉત્તમદિવસ આવ્યો. ધર્મદાદા સાથે ઘનશ્યામમહારાજ રામસાગરમાં સ્નાન કરવા ગયા. જળમાં સ્નાન કરે છે. ત્યાં પૂર્વનું વૈર લેવા અસુર મગરનું રૂપ લઇને પાણીમાં ઘનશ્યામમહારાજને પકડવા આવ્યો. અંતર્યામી જાણી ગયા. પિતાજી જલદીથી સ્નાન કરી બહાર નીકળી જાવ. પ્રભુ સ્નાન કરી ઝટ બહાર નીકળી ગયા.

અસુર મગરરૂપે પાણીમાં આંટા મારે છે. ત્યાં પીરોજપુરના બૈજુત્રવાડી સ્નાન કરવા આવ્યા. સ્નાન કરે છે. અસુરને એમથયું કે ઘનશ્યામમહારાજ છે. એવું ધારીને બૈજુત્રવાડીનો પગ પકડી લીધો.

બૈજુત્રવાડીએ બૂમપાડી. બચાવો મને મગરે પકડ્યો છે. બીજા માણસો સ્નાન કરતા હતા, તે જલદી પાણીથી બહાર નીકળી ગયા. બૈજુત્રવાડીના બાપ ઘનશ્યામમહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરે છે.

કર જોડીને કહેવા લાગ્યા, અવિનાશીને આનંદ ।
ઘનશ્યામમુજ સુતનો, છોડાવો સુખકંદ ॥
મઘરથી મૂકાવો એને, રક્ષા કરો મહારાજ ।
તમે જીવાડો ત્યારે જીવે, નહિ તો મરશે આજ ॥

"હે પ્રભુ! દયાળુ, મારા પુત્રનું રક્ષણ કરો. રક્ષણ કરો. મગર ઊંડા જળમાં ખેંચી જાશે તો મૃત્યુ થઇ જશે." પ્રભુએ કહ્યું, "તમે ચિંતા ન કરો. પ્રભુ પર વિશ્વાસ રાખો એ બધુ સારું કરશે." સરોવરના કિનારે ઊભા ઊભા હાથ લાંબો કર્યો. બૈજુત્રવાડીને મઘર સહિત પાણીમાંથી બહાર કાઢી કિનારા પર મૂકી દીધો. મગર બૈજુનો પગ મૂકતો નથી. બરાબર પગ ઝકડીને ઝાલ્યો છે. ઘનશ્યામમહારાજે મઘરના મોઢા ઉપર જોરથી સોટી મારી કે તુરંત મગરે પગ મૂકી દીધો. અને હાહાકાર કરતો અસુર મરણ પામ્યો. કિનારે ઊભેલા માણસોએ જય જયકાર કર્યો.

**બોલો ઘનશ્યામમહારાજની જય...**

બૈજુત્રવાડી રડતા રડતા પ્રભુને શરણે આવ્યા, "હે ઘનશ્યામમહારાજ, તમે મને મૃત્યુ માંથી બચાવ્યો છે. તમે સાધારણ બાળક નથી, પણ સાક્ષાત્ પરમેશ્વર છો, સમર્થ મૂર્તિ છો... જેમઅસુરના ઉત્પાતથી મને બચાવ્યો છે, તેમઆ સંસારચક્ર ભવસાગરથી મને બચાવજો. હું તમને જિંદગીભર યાદ કરીશ. ઉપકાર ભૂલીશ નહિ. મહારાજ, તમે સર્વજીવહિતાવહ છો."

આપણને કોઇ દુઃખમાં મદદ કરે તો આપણે તેનો જિંદગીભર આભાર માનીએ છીએ કે આ માણસે મને દુઃખમાં મદદ કરેલી છે. ભગવાને ગર્ભવાસ રૂપી ભયંકર દુઃખમાંથી બચાવી મદદ કરી છે. તો ભગવાનનો આભાર માનવો જોઇએ. પણ જીવાત્મા ઉપકાર ભુલી જાય છે. ગર્ભવાસના દુઃખથી ડરે. તે પ્રભુને શરણે પડે.

## ૧૨૩. બાલ ઘનશ્યામનું પરાક્રમ.

રામપ્રતાપભાઇ અને ઘનશ્યામમહારાજ અયોધ્યા જાય છે. રસ્તામાં મખોડાઘાટે આવ્યા. ત્યાં એક મંદિર થતું હતું. પાયા ખોદતાં એક મોટી સુવર્ણની તોપ દેખાણી. મહા મહેનતે તોપ ધરતીમાંથી બહાર કાઢી. પછી રાજાને જાણ કરી કે મંદિરના પાયા ખોદતાં સોનાની તોપ નીકળી છે. રાજાએ સેવકોને કહ્યું, "પચાસ યુવાન આદમી મખોડા ઘાટે જાવ. અને મજબૂત દશ બળદ વાળું ગાડું લઇ જાવ. તેના ઉપર તોપ ચડાવી જલદી અહીં લઇ આવો. જો તોપ લઇને નહિ આવો તો નોકરીમાંથી રજા આપી દઇશ." રાજાના માણસો મખોડા ઘાટે આવ્યા.

મજબૂત તોપ ગાડામાં ચડાવે છે પણ તોપ ચડતી નથી. ખસક્તી નથી. યુવાન યોધ્ધા ૫૦ માણસો હતાશ થઇ ગયા. હવે શું કરવું? નોકરીમાંથી કાઢી મૂક્શે ને લાજ

જાશે. ખૂબ પ્રયત્ન કરે છે પણ સોનાની તોપ ખસક્તી નથી. નિરાશ થઇ ગયા. આ કામઆપણાથી થશે નહિ. ભગવાન ઉપર ભરોસો રાખો! એ બધું સારું કરશે. ભગવાનના હાથમાં લાજ છે. સૌને નિરાશ દેખીને ઘનશ્યામમહારાજને દયા આવી. તેમની પાસે આવ્યા અને બોલ્યા, "તોપને ક્યાં લઇ જવાની છે?" "રાજદરબારમાં લઇ જવાની છે... પણ ઊંચી થતી નથી." ઘનશ્યામકહે છે...

**કહોતો ચડાવીએ તોપ અમે, છેટે રહી જુવો સહુ તમે ।**
**શકટમાં મૂકું આણી વાર, નજરે જોતા જોતા નિરધાર ॥**

"તમે કહો તો અમે તોપ ગાડામાં ચડાવી દઇએ. બોલો શું કહો છો? "હા...હા...તોપ ચડાવી દો તો બહુ સારું."



**અયોધ્યામાં મખોડા ઘાટ પર શ્રી ઘનશ્યામ મહારાજે ભારે તોપ ઉંચકી બતાવેલ.**

બીજા સિપાઇ ગર્વથી બોલ્યા, "વિચાર્યા વિના શા માટે વાત કરો છો? આપણે ૫૦ જોરદાર યુવાન આદમી કેટલા દિવસથી મહેનત કરીએ છીએ, તો પણ તોપ ખસક્તી નથી. એટલી તો વજનદાર છે. તો આ બાલુડા બાળકથી તોપ ગાડામાં કોઇ હિસાબે ચડશે જ નહિ. અરસ પરસ આવી વાત કરે છે ત્યાં ઘનશ્યામમહારાજે દિવ્ય સ્વરૂપ ધારણ કર્યું.

**એમકહેતાં કહેતાં તતકાળ, દીધાં દર્શન દીન દયાળ ।**
**રામચંદ્ર રૂપે થયા ધીર, ચતુર્ભુજ બન્યા બળવીર ॥**
**એવા રૂપેથી તોપ ઉપાડી, એક હાથમાં લઇ દેખાડી ।**
**મુકી શકટમાં તેહ વાર, ગૌરવતા બતાવી તે ઠાર ॥**

શંખ,ચક્ર,ગદા,પદ્મ, ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા. સર્વે સિપાઇ જોતા જ રહી ગયા. આ શું દેખાય છે? જેમફૂલ ઉપાડે તેમવજનદાર તોપ એક હાથથી ઉપાડી

સરળતાથી ગાડામાં મૂકી દીધી. આવું પરાક્રમજોઇ સૌ આશ્ચર્ય પામી ગયા. નવાઇ છે. આ નાના બાળકમાં આટલી તાકાત. દેખાવમાં બાળક લાગે છે પણ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. સિપાઇ પ્રભુ પાસે આવી પગે લાગી હાથ જોડીને કહે છે, ''હે પ્રભુ! ખરી વેળાએ તમે અમારી લાજ રાખી. મદદ કરી છે. તેનો અમે ઉપકાર માનીએ છીએ. આજથી અમે તમારા દાસ છીએ. નિત્ય તમારા સ્વરૂપનું ધ્યાન સ્મરણ કરશું. તમે અમને કૃતાર્થ કરી દીધા. જંગલના યોગીને આવા સાક્ષાત્ દર્શન થતાં નથી. તે તમે અમને પ્રત્યક્ષ મળ્યા. ધન્ય ઘડી ધન્ય અવસર.'' પ્રભુ દિવ્ય સ્વરૂપ અદ્રશ્ય કરી દીધું. હતા તેવા બાળક બની ગયા.

**ઘણા પ્રયત્નથી ત્યાં આવ્યા, સર્જુગંગાપર તોપ લાવ્યા ।**
**ઘણા જન ત્યાં વિસ્મિત થયા, પોતપોતાના સ્થાનકે ગયા ॥**

સોનાની તોપ લઇ, સર્જુગંગાના કીનારે આવ્યા. વહાણમાં તોપ ચડાવશું એવું ધારી જ્યાં તોપ ગાડામાંથી ઉતારી કે તુરંત સોનાની તોપ રેતીમાં ઊંડી ઉતરી ગઇ. ખાડા ખોદી ખોદીને ખૂબ શોધી પણ તોપનો પત્તો લાગ્યો નહિ. ધરતીમાં લીન થઇ ગઇ. આવી લીલા જોઇ સૌ વિસ્મય પામી ગયા.અને અરસ પરસ કહેવા લાગ્યા કે આ બધું પરાક્રમઘનશ્યામમહારાજનું છે.

## ૧૨૪. ચોર ચોંટી ગયા.

છપૈયામાં ઘનશ્યામમહારાજના ઘરથી થોડે છેટે દૂર એક સરસ મજાની ધર્મદાદાની વાડી હતી. એ વાડીમાં સરસ મજાના ફણસ થયા. વાડીની સંભાળ રામપ્રતાપભાઇ રાખે. ભાઇએ વિચાર કર્યો, ફણસ બરાબર પાકી જશે ત્યારે ઘેર ઠાકોરજીને જમાડશું. પિતાશ્રી તથા માતુશ્રી ભક્તિદેવીને જમાડશું. બરાબર તાજાં સરસ મજાના ફણસ પાક્યાં. ચોરને થયું, દિવસના ચોકી રામપ્રતાપભાઇ રાખે છે પણ રાત્રે કોઇ ચોકી રાખતું નથી. તેથી રાતના બે ચોર વાડીમાં આવ્યા. ધીરેથી ફણસના ઝાડ ઉપર ચડ્યા. જ્યાં ફણસ તોડવા જાય ત્યાં હાથ ફણસ સાથે ચોટી ગયાં. ઝાડમાં લટકી રહ્યા. હવે શું કરવું?

ચોર અરસ પરસ વાત કરે છે, ''આપણને એમહતું કે ફણસ બજારમાં વેંચીને પૈસા ભેગા કરશું, પણ હાથ ચોંટી ગયા છે. હવે કેમછૂટા થશે?'' ખૂબ અકળાય છે. ''પકડાઇ જશું તો રામપ્રતાપભાઇ બરાબર જેવા લાકડીથી મારશે ને ગામમાં લાજ જશે.'' પસ્તાવાનો પાર નથી. ચોર જલદી રડે નહિ. માર પડે તો પણ રડે નહિ તે આજે આંખમાં આંસુ આવી ગયાં.

સવારના આછાં અજવાળાં થયાં. તેવામાં ધર્મપિતા હાથમાં પાણીનો લોટો લઇને વાડીમાં દાતણ કરવા આવ્યા. ચોર મંડ્યા ફફડવા. ધર્મદાદાએ ઊંચુ જોયું તો



ચોર ચોંટી ગયા.

બે ચોર લટકે છે. ધર્મદાદાએ કહ્યું, "કેમઆવી રીતે લટકી રહ્યા છો?" ચોર લોકો બોલ્યા, "બાપજી અમે ફણસ લેવા આવ્યા હતા. રાત્રીના બે વાગ્યાથી આમલટકી રહ્યા છીએ. હાથ ખેંચાઇ જાય છે. લટકીને હાથ-પગ દુઃખી આવ્યા છે. અમારા ઉપર દયા કરો. હવે કોઇ દિવસ ચોરી કરવા નહિ આવીએ. અમને ઝાડથી છૂટા કરો!" આવી વાત કરે છે ત્યાં રામપ્રતાપભાઇ લાકડી લઇને વાડીએ આવ્યા. સાથે ઘનશ્યામમહારાજ પણ છે. ચોરને દીઠાને ભાઇએ હાક મારી. "અલ્યા પાપી! માલીકીની વાડીમાંથી ચોરી કરવા આવ્યા છો?! માર્યા વગર નહિ મૂકું." જ્યાં લાકડીથી મારવા જાય છે ત્યાં ચોર રડતા રડતા પ્રાર્થના કરે છે.

**હે દાદા તમારી વાડી માંહી, ફળ ચોરવા આવ્યાતા આંહી ।**
**પણ ચોટી ગયા છે બે હાથ, ફણસના તરૂવર સાથ ॥**

"હે ઘનશ્યામમહારાજ, અમને માફ કરો. અમારા હાથ ઝાડ સાથે ચોંટી ગયા છે. તે છૂટા કરો. લટકીને થાકી ગયા છીએ. હવે કોઇ દિવસ તમારી વાડીમાં ચોરી કરવા નહિ આવીએ." ત્યારે ઘનશ્યામમહારાજ કહે છે,

**હવે કરશો નહિ આવા કામ, મરશો મોત વિના તમામ।**
**ફરીથી આવશો જો આ ઠામે, પહોંચાડીશું કૃતાંતને ધામે ॥**

"હવે કોઇ દિવસ ચોરી ન કરજો. અને કરશો તો જમપુરીમાં ધકેલી દઇશ. વગર મોતે મરી જશો ને હેરાન થશો." ઘનશ્યામમહારાજે કૃપા દ્રષ્ટિ કરી કે તુરંત ચોરના હાથ ઝાડથી છૂટા થયા. ચોર વૃક્ષથી નીચે ઉતર્યા. પછી ધર્મદાદા, રામપ્રતાપભાઇ તથા ઘનશ્યામમહારાજને પગે લાગીને માફી માગી. "પ્રભુ, અમને માફ કરો. અમે તમારા અપરાધી છીએ." ઘનશ્યામમહારાજે કહ્યું, "ચોરી કરવી તે મહાપાપ છે. લ્યો એક એક ફણસ લઇ જાવ. આજથી પ્રતિજ્ઞા લ્યો કે કોઇ દિવસ ચોરી નહિ કરીએ." પ્રતિજ્ઞા લઇ ચોર ચાલ્યા ગયા.

રામપ્રતાપભાઇ કહે છે, "ઘનશ્યામ... ચોરને ફણસ શા માટે આપ્યા?! ચોરી કરવા આવે તેને ફણસ અપાય નહિ. પણ સજા કરાય. પાછા ફરીથી ચોરી કરવા

આવશે, તો શું કરશો?'' ત્યારે દયાળુ પ્રભુએ સરસ જવાબ આપ્યો, ''મોટાભાઇ... ચોર લોકો અમને યાદ કરશે કે ધર્મદાદાની વાડીમાં ચોરી કરવા ગયા ને પકડાઇ ગયા છતાં સજા કરી નહિ. પણ રાજી થઇને ફણસ આપ્યા. આવી રીતે અમને યાદ કરશે તો એના જીવનું કલ્યાણ થશે.'' પ્રભુ સર્વજીવહિતાવહ છે. કોઇ ઉપર રોષ રાખતા નથી. સર્વનું કલ્યાણ ઇચ્છે છે.

**અમને સંભાળશે આઠો જામરે, જન પામશે અક્ષરધામરે ।**
**કરવા અનેક જીવનું કલ્યાણ રે, ઉઘાડી છે મોક્ષની ખાણ રે ॥**

પ્રભુએ મોક્ષની ખાણ ઉઘાડી છે. અપરાધીના અપરાધ ન ગણીને અનેક જીવાત્માનું કલ્યાણ કર્યું છે. વચનામૃતમાં શ્રી હરિ કહે છે, અમને દીકરા કે ધન દેતા નથી આવડતા પણ જે રીતે જીવનું કલ્યાણ થાય તે કરતાં આવડે છે. ઘનશ્યામમહારાજે ચોરને સત્ય માર્ગ બતાવ્યો કે ચોરી નહિ કરો તો સુખી થશો. ચોરી કરવી તે મહાપાપ છે. માટે સાવધાની રાખવી. પાપ કરતાં અટકી જાવ ને. ચોરી કરવી બંધ કરો.

## ૧૨૫. લીલી ભાજી અમે નહિ તોડીએ.

અયોધ્યામાં માગશર સુદી પાંચમના દિવસે મેળો ભરાય છે. અદ્યાપી સુધી પણ મેળો ભરાય છે. ધર્મદાદા, રામપ્રતાપભાઇ અને ઘનશ્યામમહારાજ મેળામાં જાય છે. મખોડાઘાટે રામચંદ્રજી ભગવાનનું મંદિર હતું. ત્યાં ઉતારો કર્યો. પછી મનોરમા નદીમાં સ્નાન કરવા આવ્યા.

ત્યાં વૈરાગીની મોટી જમાત આવી હતી. હતા વૈરાગી બાવા પણ માયાના દાસ હતા. ધન અને સ્ત્રીની છાની રીતે ભોગવટો કરતા હતા. માણસો પાસેથી ડરાવીને પૈસા ભેગા કરતા. સ્ત્રીઓ પાસે પોતાના પગ દબાવડાવતા, ભોગમાં ભરપુર હતા. ઘનશ્યામને વિચાર થયો કે સજા કરવી પડશે. જેથી પાપ કરતાં અટકી જાય ને સત્યને માર્ગે ચડી જાય.

ઘનશ્યામને નાના બાળ જાણીને એક બાવાએ ઘનશ્યામને બોલાવ્યા. ''એ લડકા ઇધર આવ. અમે બતાવશું તે કામતું કરીશ?'' ''હા, જરૂર કરીશ. કહો મારા જેવું શું કામ છે?''

**લીલી તાંદળજાની આ ભાજી, તોડી લાવો તમે તાજી તાજી ।**
**ઠાકોરજીને જમાડવા કાજ, લાવીને આપો અમને તે આજ ॥**

''નદીના કિનારે તાજી અને લીલી ભાજી છે તે લઇ આવો. શાક બનાવશું ને જમાત જમાડશું.'' ઘનશ્યામમહારાજે કહ્યું, ''તે ભાજી પૂજારીએ મંદિરના ઠાકોરજી માટે વાવી છે. એટલે આપણાથી લેવાય નહિ.''

**વળી ભાજીમાં જીવ રહ્યો છે, અમને એવો નિશ્ચય થયો છે ।**
**માટે તોડું નહિ એક પત્ર, ત્યારે બોલ્યો છે તેહ વિચિત્ર ॥**

"ભાજીમાં જીવ રહ્યો છે, તેથી અમે એક પણ પત્ર તોડશું નહિ." વૈરાગીને ગુસ્સો આવ્યો. આટલો નાનો બાળક મને સામો થાય છે. દોડીને મારવા આવ્યો. "ક્યું હમારી બાત નહિ સ્વીકારતે હો?!" ત્યારે બીજા બાવા બોલ્યા, "યહ છોટે લડકે કો કાય વાસ્તે ડરાવતે હો." ક્રોધી બાવો કહે છે, "હમારા વચન ક્યું નહિ માનતે? હમઉસ્કો માર ડાલુંગા." આવી રીતે અરસ પરસ બાવા ઝગડો કરે છે તેથી ઘનશ્યામમહારાજ ઉતારે ચાલ્યા ગયા. હરિ ઈચ્છાથી અરસ પરસ ખૂબ વિવાદ થયો. માંહો માંહી બે પક્ષ બંધાયા. "નાના બાળકને શા માટે મારવા ગયો?!" બીજો બાવો કહે, "જઈશ... તારાથી જે થાય તે કરી લે." વાણીથી લડ્યા. પછી હાથ ઉપડ્યા ને પછી હથિયારથી લડ્યા.

**યુધ્ધની લાગી રહી ત્યાં ઝડી, મોટા ગુરૂને માલમપડી ।**
**વાત જાણીને વારવા આવ્યા, ગુરૂને પણ ચાક ચડાવ્યા ॥**

મોટા ગુરૂને ખબર પડી તેથી તે વારવા આવ્યા કે, "નાની બાબતમાં શા માટે લડો છો? શાંતિ રાખો. નમ્રતાથી પતે તો ઉગ્રતા શા માટે લાવો છો? ભજન-ભક્તિ કરવા અને પ્રભુને રાજી કરવા માટે ભેખ લીધો છે. ઝગડા કરવા માટે નથી લીધો." સારી ભલામણ દીધી પણ વિનાશકાળે વિપરીત બુધ્ધિ. ગુરૂની વાત સ્વીકારી નહિ.

ગુરૂને મંડ્યા મારવા. "તુંમક્યા સમઝતે હો! ચલા જાવ." અરસ પરસ ખૂબ લડાઈ થઈ. અનેક વૈરાગી મૃત્યુ પામ્યા. પ્રભુએ કળા કરીને ભૂમિનો ભાર ઉતાર્યો. પાપી પોતાના પાપે મૃત્યુ પામ્યા. પછી ઘનશ્યામમહારાજ પોતાના પિતાજી સાથે છપૈયા પધાર્યા છે.

પ્રભુ કળિયા છે, બળિયા છે, ને છળિયા છે. તેના પરાક્રમનો કોઈ પાર નથી. આ કથા યાદ રાખજો. કદાચ આવેશ આવે તો છેવટે ઠરતાં શીખજો. એક-બીજાની ભુલને ભુલી જઈશું તો જ મગજ ઠરશે. જો સ્વભાવ ઠરશે તો તે વ્યક્તિ તરી જશે. માટે સરલ બનવાની જરૂર છે.

## ૧૨૬. છપૈયામાં અન્નકુટ ઉત્સવ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી. દિવાળીના દિવસો આવ્યા. અન્નકૂટ ઉત્સવ કરવાનો છે. તેથી ભક્તિમાતા રસકસ સર્વે સામાન તૈયાર કર્યો. સુવાસિનીબાઈ, વસંતાબાઈ, ચંદનબાઈ, ગૌરીબાઈ, લક્ષ્મીબાઈ, સુંદરીબાઈ, અમરબાઈ વિગેરે સત્સંગી બહેનો અન્નકૂટ માટે સામગ્રી બનાવે છે. ખારીપુરી,

પેંડા, બરફી,મોળીપુરી, સુતરફેણી, સેવ, ગાંઠીયા, જલેબી, મોતૈયા લાડુ, તલનાલાડુ, ચુરમાના લાડુ, બુંદીના લાડુ, અળદના લાડુ, મેસુખ, સૂતરફેણી, દૂધપાક, ગુંદરપાક, ટોપરાપાક, અમૃતપાક, દહીં, દૂધ, માખણ-મીશરી, ચટણી, રોટલી, દૂધપુરી, બાજરાના રોટલા, શીખંડ, ભાખરી, ભજીયાં, પાપડ, ફાફડા, તલસાંકડી, સક્કરીયાં, દહીંવડાં વિગેરે પકવાન આદિકનાં થાળ પીરસ્યા છે.

રામફળ, જામફળ, સીતાફળ, જાંબુફળ, નારંગી, કેરી, દાડમ, શ્રીફળ, કાજુ, દ્રાક્ષ વિગેરે ફળ સુધારીને પ્રભુના થાળ માટે તૈયાર કર્યા છે. વિવિધ પ્રકારનાં શાક અને અથાણાં બનાવ્યા છે. પછી લાડુનો ગોવર્ધન પર્વત બનાવીને ચંદન-પુષ્પથી પૂજા કરી ધજા ખોસી છે. સર્વે ભક્તજનો થાળ લાવીને ઘનશ્યામમહારાજને આપે છે. ને ઘનશ્યામઠાકોરજીની આગળ વ્યવસ્થિત રીતે ગોઠવે છે. આગળ જળનો કળશિયો ભર્યો છે. બાજુમાં પાંદ બીડાં રાખ્યા છે. છપ્પનભોગ ઠાકોરજી આગળ રાખવામાં આવ્યાં છે.

**એવી રીતે પુર્યો અન્નકૂટ, કોઇ વસ્તુની ન રાખી ખોટ ।**
**પછે પિતા બંધુ આદિ જન, છુપૈયાપુર વાસી પાવન ॥**
**સર્વે ભેગા થયા તતકાળ, ઠાકોરજીનો બોલે છે થાળ ।**

ઠાકોરજી આગળ બેસીને ભક્તજનો થાળ બોલે છે. તેની સાથે ઘનશ્યામમહારાજ પણ થાળ બોલે છે.

**અવિનાશી આવો રે, કે જમવા કૃષ્ણ હરિ,**
**શ્રી ભક્તિધર્મ સુત રે, જમાડુ પ્રીત કરી...**

ગામના લોકો ધર્મપિતાના ઘેર અન્નકૂટનાં દર્શન કરવા આવે છે. ધર્મદાદાએ ઠાકોરજીની આરતી ઉતારવાની શરૂઆત કરી ત્યાં ચમત્કાર થયો. ઘનશ્યામમહારાજ બે સ્વરૂપ ધારણ કર્યા.

**દેખ્યાં શ્રી હરિનાં બે સ્વરૂપ, પામ્યા આશ્ચર્ય મન અનુપ ।**
**સર્વાંતર્યામી શ્રી અવિનાશ, બેઠા છે પિતાજીની પાસ ॥**
**વળી બીજે રૂપે બહુનામી, ઠાકોરજીની પાસે જમે સ્વામી ।**
**બે રૂપે થયા છે મોરારી, જોઇ સ્થિર થયા નરનારી ॥**

એકરૂપે ઠાકોરજીની મૂર્તિની બાજુમાં ઊભા છે ને બીજારૂપે પિતાજીની સાથે આરતી ઉતારે છે. આરતી થઇ ત્યાં સુધી બે સ્વરૂપે સૌને દર્શન થયાં. પછી એક સ્વરૂપે થઇ ગયાં. આશ્ચર્યનો પાર ન રહ્યો. ઘનશ્યામમહારાજ સાક્ષાત્ ઈશ્વરનો અવતાર છે. વારંવાર પ્રતાપ દેખાય છે. ભક્તજનો ઘનશ્યામમહારાજને પગે લાગીને નમસ્કાર કર્યા. ''હે મંગળકારી મૂર્તિ... આજે મંગળ અવસરે આપના



અન્નકુટ ઉત્સવ.

દર્શન થયાં. અમે સૌ કૃતાર્થ થઇ ગયા છીએ.''

પછી ઘનશ્યામમહારાજની આગળ એક મોટા તાંસમાં અન્નકૂટની સામગ્રી મૂકીને બેસાડ્યા. પ્રભુ નિરાંતે જમે છે ને ગામના માણસો દર્શન કરે છે. ત્યાર પછી ઘનશ્યામમહારાજે પોતાના હાથે સર્વેને અન્નકૂટનો પ્રસાદ આપ્યો. સૌને રાજી કર્યા. ભક્તજનો આનંદમાં હરખતે હૈડે પ્રસાદ લઇ પોતપોતાને ઘેર ગયા. આ ઉત્સવનાં દર્શન ચિત્તમાં ચોંટી ગયાં. તેથી વારંવાર ઉત્સવને યાદ કરે છે. ન ભૂતો ન ભવિષ્યતિ. એવો અલૌકિક ઉત્સવ થયો.

સમજવા જેવી કથા છે. જગતની માયામાં ખૂંચેલા માણસો નવાં કપડાં પહેરશે, મિઠાઇ જમશે, ફટાકડા ફોડશે, ઘરને શણગારશે, વિગેરે બધુંજ કરશે, પણ ભગવાનને અર્થે કાંઇ નહિ કરે. સાચા ભક્તજનો ભગવાનને માટે થાળ બનાવશે, અન્નકૂટ કરશે, મંદિરને સાફ-સૂફ કરી રોશની ગોઠવશે, મંદિરમાં દીપમાળા પૂરશે, ભજન કીર્તન કરશે, દર્શન, પૂજન અને સત્સંગ વિગેરે સત્કાર્ય કરશે.

જેના જીવનમાં ભગવાન કેન્દ્ર સ્થાને છે, તેના જીવનમાં સારા સંસ્કારો, સુખ-શાંતિ, સમૃધ્ધિ અને સદ્‌બુધ્ધિ રહેશે. અને જેના જીવનમાં કેવળ જગતની માયા ભરેલી છે, માયામાં રચ્યા પચ્યા રહેશે, તેના જીવનમાં દુઃખ, કલેશ, ચિંતા, આધિ, વ્યાધિ ને ઉપાધિ રહેશે. સ્વામિનારાયણ ભગવાનને ઉત્સવ બહુ પ્રિય છે. દિવાળી એટલે આનંદનો પર્વ. નાના હોય કે મોટા હોય, બાળકો હોય કે વૃધ્ધ હોય, સહુ કોઇ પોતપોતાની રીતે દિવાળીના પર્વનો આનંદ માણે. મહિના અગાઉથી તૈયારીઓ ચાલુ થાય. દિવાળીના દિવસે અંધકારને દૂર કરવા ઘરમાં અને ઘરના આંગણે દીપ પ્રગટાવે છે. તેમઅજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા અંતરમાં જ્ઞાનનો દીપ પ્રગટાવવો. એ સાચી દિવાળી કરી કહેવાય.

તમારે કેવી રાતે દિવાળી કરવી છે તે આજથી નક્કી કરો.

## ૧૨૭. છપૈયાધામનો મહિમા.

ધર્મદાદા કહે છે, ''હે ઘનશ્યામમહારાજ, તમારા જેવા પુત્ર મને પ્રાપ્ત થયા છે

તેનો મને ખૂબ આનંદ છે.''

પ્રગટના ચરિત્ર સુંણતાં, ઉપજે આનંદ ઉર ।
રાત્રિ દિન રટના લાગી, સાંભળવા છું આતુર ॥
છુપૈયાનો મહિમા મોટો, શ્રી હરિએ કહ્યો જેહ ।
વિસ્તારીને વર્ણવો, મારે સાંભળવો છે એહ ॥

''મને છપૈયા ધામનો મહિમા સાંભળવાની ઈચ્છા છે. વિસ્તારથી મહિમા સંભળાવો. ઘનશ્યામમહારાજ કહે છે,''હે પિતાજી! એકાગ્રતાથી સાંભળો! મારી જન્મભૂમિતુલ્ય કોઇ ભૂમિથઇ શકે નહિ.''

મમજન્મભુમિકા છે આંય, આવું સ્થાન નથી બીજે ક્યાંય ।
મુજ લીલાનું અનન્ય સ્થાન, તેથી છુપૈયા છે પુન્યવાન ॥
નારાયણસર નિરમળ, એનો તો મહિમા છે અકળ ।
આવી જગ્યા નથી કોઇ અન્ય, છુપૈયાપુર પાવન ધન્ય ॥

પવિત્ર નારાયણ સરોવરમાં સ્નાન કરશે, જળપાન કરશે, તેનો અવશ્ય મોક્ષ થશે. એક મુઠ્ઠી મૃતિકા કાઢીને બહાર નાખશે, નારાયણ સરોવરની પાળ બંધાવશે, સેવા કરશે, તે દેહના અંતે અક્ષરધામને પામશે.

છુપૈયાપુરની રજ જેહ, અજાણે ઉડીને અડે એહ ।
તેના પાપ સર્વે બળી જાશે, અક્ષરધામવિષે વાસ થાશે ॥

છપૈયાપુરની રજકણ પુરૂષોત્તમનારાયણના ચરણથી અંકિત છે. તે પવિત્ર રજનો જેના શરીરને સ્પર્શ થાય છે. તેના પાપ બળીને ભસ્મથઇ જાય છે. સ્વામી બદ્રીનાથજી છપૈયાપુરનો મહિમા ગાય છે. આપણે પણ ગાઇએ.

**છપૈયાપુરનો મહિમા કહું તે સાંભળો, આપે આવ્યા અક્ષરવાસી ત્યાંય જો,**
**મંદિરની સમીપે સુંદર સર છે, જાણો તેનું નારાયણસર નામજો,**
**અડસઠ તિરથ આવીને તેમાં રહ્યાં, જેના નીરમાં નાહ્યા શ્રી ઘનશ્યામજો... છપૈયા...**
**ગંગા બીંદુસર ગોદાવરી ગોમતી, પ્રભાસ પુષ્કરજી રેવા નાય જો,**
**છપૈયે નાય નારાયણસરમાં, તેને સર્વે તીરથનાં ફળ થાય જો... છપૈયા...**

નારાયણસરોવરમાં અડસઠ તીરથ નિવાસ કરીને રહ્યાં છે. ગંગા, ગોમતીજી, જમુનાજી, બિંદુ સરોવર, ગોદાવરી, રેવાનદી વિગેરે તમામપવિત્ર નદી દિવ્યરૂપે છપૈયાના નારાયણ સરોવરમાંનિવાસ કરીને રહ્યાં છે. નારાયણ સરોવર તીર્થરાજ છે. કારણ કે અવતારના અવતારી સર્વોપરી ઘનશ્યામમહારાજ તે સરોવરમાં અનંત વખત સખાઓ સાથે સ્નાન કરેલું છે. અઠ્યાસી હજાર ઋષિઓ, તેત્રીસ કરોડ

દેવતાઓ, હજારો નિરન્નમુક્તો, અક્ષરધામના મુક્તો નારાયણ સરોવરમાં દિવ્ય દેહે સ્નાન કરવા આવે છે. તેને યોગસમાધિ વાળા દેખે છે.

નારાયણ સરોવરની પ્રદક્ષિણા ફરે છે તેના જન્મમરણ અને લાખ ચોરાસીના ફેરા ટળી જાય છે. વિશ્વામિત્રી નદીના જળમાં ગૌઘાટમાં કોઇ મૃત્યુ પામેલા માણસનું અસ્થિ નાખશે તેનું કલ્યાણ થશે. મીનસાગર અને ખાંપાતલાવડીમાં મહિમા સહિત સ્નાન કરશે તેને હજારો ગાયોનું દાન દીધા તુલ્ય પુણ્ય થશે. નારાયણ સરોવરના કિનારે શ્રાધ્ધ કરાવશે તેના સાત પેઢીનું કલ્યાણ થાશે. નારાયણ સરોવરના જળ ઉપરથી પક્ષી ગતિ કરશે તો તે સ્વર્ગલોકને પામશે.

છપૈયામાં સંતોને જમાડશે, ગાયનું દાન કરશે, બ્રાહ્મણોને જમાડી યથાશક્તિ દાન આપશે, ગાયને ઘાસ ચારો નીરશે. ગરીબને વસ્ત્રનું દાન કરશે, મંદિરમાં જીર્ણોદ્ધાર કરાવશે, મૂર્તિ પ્રતિષ્ઠા કરશે તે સોનાના વિમાનમાં બેસીને અક્ષરધામમાં જાય છે. છપૈયાધામઅક્ષરધામતુલ્ય છે. ત્યાં પવિત્ર સંતો પાસે કથા કરાવશે, ત્યાં ઠાકોરજીનો પ્રતિષ્ઠા ઉત્સવ કરાવશે, અભિષેક કરાવશે, સેવા કરશે, સંજવારી કાઢશે, મંદિરમાં આંગણામાં કચરો વાળશે તેનું અવશ્ય કલ્યાણ થશે. છપૈયામાં તૃપ્ત મુદ્રા(છાપ) લે છે તેનું આંત્યતિક કલ્યાણ થાય છે.

''હે પિતાજી... છપૈયા ત્રિઅક્ષરનો અર્થ કહું છું તે સાંભળો...

**છુ - અક્ષર માયાના બંધનથી અને કાળ કર્મના ત્રાસથી છોડાવે છે...**
**પ - અક્ષરનો પ્રતાપ સુણો, ચિત્ત દઇ નિષ્પાપ ।**
**પ્રારબ્ધ ક્રિયામણ સંચિત, ત્રૈણે પાપ હોય ખચીત ॥**
**તેનો નાશ કરે તતખેવ, પરમપદને પમાડે એવ ।**
**યા - ત્રીજો અક્ષર ય જે કહેવાય, તેનો કહું રૂડો મહિમાય ॥**

છુ - નો અર્થ થાય, કાળ કર્મને માયાના ત્રાસથી છોડાવે છે...

પ - નો અર્થ થાય, ક્રિયામણ પ્રારબ્ધ... પાપનો નાશ થાય છે...

ય - નો અર્થ થાય, યત્ કિંચિત રૂપને મિથ્યા કરે છે...

સાત પુરી ને ચાર ધામપ્રત્યક્ષ સ્વરૂપે છુપૈયામાં નિવાસ કરીને રહ્યા છે. મહિમા સહિત છુપૈયામાં જપ કરે છે, ભજન કીર્તન કરે છે તેને ચાર ધામની યાત્રા બરાબર પુણ્ય મળે છે. છુપૈયાધામનું મહાત્મ્ય સાંભળી ધર્મદાદા ખૂબ રાજી થયા. ઘનશ્યામમહારાજને પગે લાગીને બે હાથ જોડી કહે છે, ''હે પુત્ર લાડીલા... તમારા દર્શનથી અમે ભાગ્યશાળી બન્યા છીએ.''

છપૈયાની પવિત્ર ભૂમિનાં ભગવાને ખૂબ વખાણ કર્યા છે. બાલ પ્રભુનાં

પાવનકારી પગલાથી છપૈયાની ધરતી વિશેષ પાવન બની છે. નિષ્કપટ, ભોળા ભક્તો છુપૈયાધામના દાગીનારૂપ છે. યાત્રાળુથી અને સંતોથી છુપૈયાનો સત્સંગ ભર્યો ભર્યો લાગે છે.

## ૧૨૮. માયાનો કીડો માયામાં સુખ માને છે.

ધર્મદાદા કુટુંબ સહિત અયોધ્યા જવા માટે પ્રયાણ કર્યું. સગાસંબંધી સૌ મળવા આવ્યાં, અને કહ્યું કે, “તમે પાછા જલદી છુપૈયા પધારજો. પ્રાણ સમાન ઘનશ્યામવિના અમને જરાય ગમશે નહિ. ઘનશ્યામમહારાજ અમારા જીવન પ્રાણ છે.” આટલું બોલી ગદ્‌ગદિત થઇ ગયા. ધર્મદાદા કહે છે, “તમે ચિંતા ન કરો... અમે જલદી છપૈયામાં આવશું. કુટુંબ સહિત ધર્મદાદા અયોધ્યા પધાર્યા. અને બરહટ્ટાશાખા નગરમાં પોતાનું મકાન હતું તેમાં આનંદથી નિવાસ કર્યો.

ધર્મદેવના ઘરની નજીક એક ભટ્ટેશ્વર મહાદેવનું મંદિર હતું. ઘનશ્યામમહારાજ તે મંદિરમાં દર્શન કરવા ગયા. તો ત્યાં એક દેવીબકસ નામનો કાયસ્થ દર્શન કરવા આવ્યો. ગાલ વજાડી નાચતો સતો મહાદેવ પાસે માંગે છે. “હે ભોળાનાથ! તમે દયાળુ છો. સેવકની ઇચ્છા પૂરી કરો છો. તો મારી ઇચ્છા પૂરી કરજો.”

મારી ઉપર કૃપા કરજો, હર હર આ સંકટ હરજો ।
હવે કોઇ દિન ભગવાન, નવ દેશો મનુષ્યનું તન ॥
દેજો ગદર્ભનો હવે દેહ, થાય પુર્ણ મનોરથ એહ ।
તજી લાજ મર્યાદાની રીત, વિષય ભોગવું ધરી પ્રીત ॥
ત્રાંબું ખાઇને હું મરી ગયો,તોય કામથી તૃપ્ત ન થયો ।
જન્મો જન્મસદા સર્વદાય, મને તો એ આપો સુખદાય ॥
નિત્ય એવું માગે અઘવાન, પછે કરે છે ભોજનપાન ।

“મને હવે કોઇ દિવસ મનુષ્યનો જન્મક્યારે પણ દેજો નહિ. મનુષ્ય જન્મમાં ત્રાંબુ ખાઇને હેરાન થઇ ગયો. પરંતુ વિષય સુખ (સ્ત્રીનું સુખ) સારી પેઠે ભોગવાતું નથી. લોક લાજ આડી આવે છે. મર્યાદા રાખવી પડે છે. તમારી પાસે હાથ જોડીને માગું છું મને જન્મો જન્મલંબકર્ણ (ગધેડા) નો અવતાર આપજો. જેથી કરીને મર્યાદા રાખ્યા સિવાય દિવસ અને રાત સારી પેઠે માયાનું સુખ ભોગવું.” દરરોજ આવું માગે ને રાજી થાય. આવા દુષ્ટબુધ્ધિવાળા વિકારી કાયસ્થને જોઇને ઘનશ્યામમહારાજ વિચાર કરે છે, મૂર્ખાને મનુષ્ય જન્મની કાંઇ કદર (કિંમત) નથી. આવો ઉત્તમદેહ મળ્યો છે તેનો પાપીને કોઇ મહિમા નથી.

આવો ઉત્તમમાનવદેહ મળ્યો છે. અનેક જન્મનાં પુણ્ય હોય ત્યારે માનવદેહ

પ્રાપ્ત થાય છે. કામી વિકારી પુરૂષનું મન વિષ્ટારૂપી સ્ત્રીમાં ચોંટ્યું છે. જન્મોજન્મતુચ્છ વિષય ભોગવ્યાં છે, છતાં માણસ ધરાતો નથી. ઉત્તમભક્તો કહે છે, ''હે પ્રભુ... અમને જગતની માયા-મમતામાંથી ઉગારી લેજો અને ખોટા વિકાર વાસના થકી રક્ષા કરજો. તમારા વિષે પ્રીતિ થજો.'' ત્યારે કનિષ્ઠ માણસ શું માગે છે, ''હે પ્રભુ! ખૂબ આ જગતની માયા આપજો. પૈસા દેજો. પુત્ર અને પુત્રી દેજો. માલ-મિલ્કત અને બંગલા દેજો. ફરવા ગાડી દેજો. મનગમતી પત્ની દેજો.'' મૂર્ખાને માયામાં બહુ મજા આવે છે.

ઉત્તમભક્તને ભગવાનની આજ્ઞા મુજબ વર્તવામાં મજા આવે છે. આટલો ફર્ક છે ઉત્તમભક્ત અને કનિષ્ઠ ભક્તમાં. માયાનો કીડો માયામાં સુખ માને છે. રાત-દિવસ માયાની વાતું કરશો તો હૃદયમાં માયા ભરાશે. અને રાત-દિવસ ભગવાનની વાતું કરશો તો હૃદયમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો પ્રકાશ ભરાશે.

આજથી નક્કી કરો! તમને સંસાર સાગર કીચડમાંથી બહાર નીકળવું છે, કે જન્મમરણના ચક્કરમાં ફરવું છે. જો ચોરાસીના ચક્કરમાં ફરવું ન હોય તો સ્વપ્ના જેવો સંસાર જાણીને મહેમાનની જેમઘરમાં રહેવું. ધન, ધામ, કુટુંબ, પરિવાર, ગામ, ગરાસ, એ બધું જ્યાં જન્મથશે ત્યાં મળશે પણ માનવ દેહ મળેલો જશે તો પાછો મળવાનો નથી. માનવ દેહ મોક્ષ કરવા માટે ભગવાને આપ્યો છે.

વચનામૃત ગ. પ્ર. પ્ર. ૨૧ માં શ્રી હરિ કહે છે કે અનેકવાર સ્ત્રીના દેહ ધરીધરીને સંસાર સુખ ભોગવ્યાં છે. અનેકવાર પુરૂષના દેહ ધરીધરીને વિષય સુખ ભોગવ્યાં છે. આ જીવાત્મા અનંત દેશાંતરમાં અનંત વખત ફરી આવ્યો છે. જન્મમરણના ચક્કરમાં રખડ્યાજ કરે છે. કેવા માણસને જીવતાં કે મરીને સુખ થતું નથી? એક લોભી, બીજો સ્ત્રીને વિષે બેઠ્યા ઉઠ્યાની વાસના વાળાને જીવતાં કે મરીને ક્યારેય સુખ થતું નથી. સાચા ભક્તો પ્રભુને કહે છે, ''માયા ટાળજો ને ભક્તિ વૃધ્ધિ પામે એવી સદ્‌બુધ્ધિ આપજો.''

પાપી કાયસ્થની આવી દુષ્ટવાસનાની વાણી સાંભળી પ્રભુને ખુબ દુઃખ થયું. આવા વિકારી વાસનાથી ભરેલા દુનિયામાં પાપી કેટલા હશે?. હવે જલદી વનમાં જાઉં અને પાપી પામર જીવાત્માને ઉપદેશ આપી સત્ય માર્ગ બતાવું. ઉદાસ થઇ ગયા. ઘનશ્યામમહારાજને ઉદાસ જોઇ ધર્મદાદા પૂછે છે...

**બોલ્યા ધર્મદેવ તેહ ઠામ, કેમઉદાસી છો ઘનશ્યામ।**
**ત્યારે બોલ્યા છે કેશવ કથી,''હે દાદા કાંઇ ઉદાસી નથી ॥**
**ઈતિહાસ વિચારૂ છું આજ, એમકહીને ઉઠ્યા મહારાજ ।**

''બેટા ઘનશ્યામ! તમે આજે ઉદાસી કેમદેખાવ છો?'' પ્રભુએ કહ્યું, ''પિતાજી,

કાંઇ ઉદાસીનતા નથી પણ ઇતિહાસની વાતનો વિચાર કરું છું.'' બીજે દિવસે ઘનશ્યામમહારાજ વિધ્યાકુંડના મંદિરમાં ગયા અને ત્યાં વ્રજવિહારી નામનો બ્રાહ્મણ આંખે કાંઇ દેખતો નહોતો. તેના સામે કરૂણાદ્રષ્ટિ કરી કે તે દેખતો થઇ ગયો. પ્રભુ બહુ દયાળુ છે.એમની દયાનો કોઇ પાર નથી.

## ૧૨૯. ચાલો પ્રભુનાં દર્શન કરવા.

ઘનશ્યામમહારાજ જયારથી અયોધ્યા ગયા છે. ત્યારથી સખાઓને જરાય ગમતું નથી. ઘનશ્યામના વિયોગમાં રડે છે. બાળ મિત્રોને ઘનશ્યામબહુ યાદ આવે છે. તેથી બધા મિત્રો સાથે મળી અયોધ્યા જવા પ્રયાણ કર્યું. ''ચાલો ઘનશ્યામમહારાજનાં દર્શન કરવા જઇએ.'' પ્રભુના કીર્તન ગાતાં ગાતાં પગ પાળા ચાલ્યા જાય છે.

**જીવનજી જોવા રે સખી, જીવનજી જોવા,**
**છપૈયામાં ચોંપે ચાલો, જીવનજી જોવા....**
**પ્રેમવતી સુત પાતળીયાને ચિત્તમાં પ્રોવા,**
**શામળીયા સંગાથે રહીએ, મનના મળ ધોવા... જીવનજી...**

રસ્તે જતાં વચ્ચે મનોરમા નદી પાસે આવ્યા. નદી જોરદાર વહે છે. હવે શું કરવું? ચિંતા કરતા આજુ બાજુ જુએ છે. સાથે ઘનશ્યામહોયને તો આપણને કાંઇ ચિંતા થાય નહિ. ઘનશ્યામમહારાજને ખૂબ યાદ કરે છે. ત્યાં ઘનશ્યામમહારાજ બ્રાહ્મણના રૂપે મદદ કરવા પહોંચી આવ્યા. ''બાળકો તમે કેટલે સુધી જાઓ છો?'' ''અયોધ્યામાં ઘનશ્યામમહારાજ છે ને તે અમારા બાલ મિત્ર છે. તેમને મળવા જઇએ છીએ.'' બ્રાહ્મણના રૂપે પ્રભુ બોલ્યા, ''હું પણ અયોધ્યા જાઉં છું. ચાલો મારી સાથે. સથવારો સારો મળ્યો. ચિંતા ન કરો. મારી સાથે ચાલ્યા આવો.'' જોરદાર પ્રવાહમાં પ્રભુ આગળ ને સખા પાછળ ચાલતા થયા. પાણીનો પ્રવાહ અટકી ગયો. પાણી ધીમું થઇ ગયું. સામે પાર પહોંચી ગયા.

એક વૃક્ષની નીચે આરામકર્યો. સખાઓ કહે છે, ''ભૂખ બહુ લાગી છે. સાથે કાંઇ નાસ્તો નથી લાવ્યા. તો હવે શું કરશું?'' બ્રાહ્મણના રૂપે ભગવાન બોલ્યા,''મારી પાસે સુખડી છે. ચાલો સાથે બેસીને જમી લઇએ.'' ત્યારે બાળકો કહે છે, ''અમે બ્રાહ્મણ છીએ તેથી બીજાના ઘરનું અમારાથી જમાય નહિ.'' ત્યારે પ્રભુ કહે છે...

**ત્યારે પ્રભુ કહે છે વચન, હું પણ બ્રાહ્મણનો છું તન ।**
**તમે શરમન રાખશો મન, ભેગા બેસીને કરીએ ભોજન ॥**

''હું પણ બ્રાહ્મણનો દીકરો છું. વિના સંકોચે તમે જમી લ્યો.'' પછી ભોજન

જમ્યા અને ચાલતા ચાલતા સર્જુ કિનારે આવ્યા. ત્યાં ઘણી બધી નાવ (હોડી) ઊભી છે. બ્રાહ્મણના રૂપે ભગવાન બોલ્યા, ''તમારા પાસે વહાણમાં બેસવાન ભાડાના પૈસા છે?'' ''ના... કાંઇ નથી.'' બ્રાહ્મણરૂપે પ્રભુ કહે છે, ''ચાલો તમારા ભાગના પૈસા હું આપી દઇશ. વહાણમાં બેસી જાવ.'' સખાઓ ઝટપટ વહાણમાં બેસી ગયા. ઘનશ્યામમહારાજને મળવાનો અંતરમાં ઉમંગ છે.

સામે કાંઠે પહોંચી આવ્યા. બ્રાહ્મણનારૂપે ભગવાને કહ્યું, ''આ અયોધ્યા નગરી છે. તમે ચાલ્યા જશો કે હું સાથે ચાલું?'' સખાઓ કહે છે, ''અમે ચાલ્યા જઇશું... તમે અમને આટલે સુધી લાવ્યા તે તમારો આભાર.'' પ્રભુ ત્યાંથી ચાલતા થયા. આગળ જતાં અદ્રશ્ય થઇ ગયા. સખાઓ આનંદભેર ચાલ્યા આવે છે. જલદી જઇએ ને ઘનશ્યામને મળીએ. આગળ ચાલતાં મુંઝાઇ ગયા. કઇ બાજુ જવું તે કાંઇ સુઝતું નથી. વેણીરામે કહ્યું, ''હવે શું કરશું?''

બ્રાહ્મણ સાથે હતા તેને રજા આપી દીધી. હવે આપણને કોણ રસ્તો બતાવશે? ઉદાસ થઇ ચારે બાજુ જોયા કરે છે. કઇ બાજુ જવું. સુખનંદને કહ્યું, ''ભગવાન ઉપર વિશ્વાસ રાખો. એ બધું સારું કરશે.'' અંતર્યામી પ્રભુને ખબર પડી કે મારા બાલ મિત્રો મુંઝાઇ ગયા છે. રસ્તો મળતો નથી. તેથી મૂળ સ્વરૂપે ઘનશ્યામમહારાજ મદદ કરવા પહોંચી આવ્યા.

**ઊભા છે સખા થઈને ઉદાસ, તેની પાસે આવ્યા અવિનાશ ।**
**અહો પ્રિય બંધુ મમમિત્ર, ક્યારના આવ્યા છોજી પવિત્ર ॥**
**એમકહીને સ્નેહ સહિત, મળ્યા સખાઓને કરી પ્રીત ।**
**રાજી થઈને પુછ્યા સમાચાર, પ્રેમપુર્વક પ્રાણઆધાર ॥**

ઘનશ્યામમહારાજને જોયા ને બાલ મિત્રો દોડીને ઘનશ્યામના હાથ પકડી લીધા. ''ઘનશ્યામતમને અમે ખૂબ યાદ કરીએ છીએ. તમારા વિના અમને કાંઇ ચેન પડતું નથી. છુપૈયા સૂનું સૂનું લાગે છે. તેથી તમને મળવા આવ્યા છીએ.'' બાથમાં લઇને ભેટે છે ને રાજી થાય છે. પછી સખાઓ આનંદ કિલોલ કરતા કરતા ધર્મદેવને ઘેર પધાર્યા. બાલ મિત્રો બહુ વિવેકી છે. ધર્મદાદા અને ભક્તિમાતાને પગે લાગીને બેઠા. અરસ પરસ કુશળતા પૂછી. ભક્તિમાતાએ સર્વે સખાને ભોજન જમાડ્યા. પછી ઘનશ્યામમહારાજ પૂછે છે, ''હે બાલ મિત્રો... તમે નાનાં નાનાં બાળકો કોની સાથે અહીં આવ્યા. તમને રસ્તો કોણે બતાવ્યો? અમને એક દયાળુ બ્રાહ્મણે રસ્તો બતાવ્યો. સુખડી જમાડી અને સંભાળ રાખતાં અહીં સુધી લાવ્યા છે.'' ઘનશ્યામમહારાજ કહે છે, ''એ બ્રાહ્મણરૂપે અમે આવ્યા હતા.'' ''સાચી વાત છે, તમારા વિના અમારી કોણ સંભાળ રાખે.''

બીજું કોણ સુધ લે અમારી, તમો વિના શ્રી દેવ મોરારી ।

ખૂબ આદર સત્કાર કરી મિત્રોને પોતાના ઘેર રાખ્યા છે. બાલ મિત્રોની સાથે ઘનશ્યામમહારાજ દેવ મંદિરમાં દર્શન કરવા જાય અને આનંદથી રમત રમે. જમે ને સાથે બેસીને બાળ લીલાની વાત કરે. બાલ મિત્રો પાંચ દિવસ અયોધ્યામાં રહ્યા અને પછી છપૈયા આવ્યા છે.

## ૧૩૦. શુકદેવજી દર્શન કરવા આવ્યા.

મોતીત્રવાડીના ઘરે વિવાહ થવાનો હતો, તેથી અયોધ્યા ધર્મદેવને ઘરે કંકોતરી મોકલાવી. ધર્મદાદા બે પુત્રોને લઇને છુપૈયાપુર આવે છે. રસ્તામાં ધર્મપિતાને તાવ આવી ગયો. ચાલી શકાતું નથી. તેથી વડના વૃક્ષ નીચે બેઠા. રામપ્રતાપભાઇને કહ્યું, "તરસ બહુ લાગી છે. પાણી લાવો તો સારું. લોટી અને દોરડું લઇ, ભાઇ પાણી લેવા જાય છે. પણ આજુ બાજુ ક્યાંય કૂવો દેખાતો નથી. પાણી વિના પાછા આવ્યા.

ઘનશ્યામમહારાજે સંકલ્પ કર્યો કે તુરંત નજીકમાં કૂવો દેખાયો. કૂવો હતો નહિ ને ક્યાંથી થઇ ગયો.પણ હશે. ઘનશ્યામના પ્રતાપથી થયો હશે. મોટાભાઇ તેમાંથી પાણી લાવી, ગાળીને પિતાજીને આપ્યું. પાણી પી ને પિતાજી શાંતિથી વટવૃક્ષની છાયામાં સૂતા. તે વૃક્ષ ઉપર ચકલાં, પોપટ, મેના વિગેરે હજારો પક્ષીઓ શોરબકોર કલરવ કરે છે. તેનો અવાજ આવવાથી પિતાજીએ કહ્યું, "બેટા... રામપ્રતાપજી!

પક્ષીને ઉડાડી મૂકો આજ, મુને નિંદ્રા આવે સુખ સાજ ।
ત્યારે તો શરીરે સુખ થાય, એવું વેણ કહે ધર્મરાય ॥
એવું સુણીને પન્નગપતિ, ઉડાડે પક્ષીને મહામતિ ।
ઉડાડે છે વારમવાર, પાછા આવીને બેસે તે ઠાર ॥
તરૂ મુકી જાતાં નથી દૂર, ભરાયાં છે પાછા ભરપુર ।

"પક્ષીને ઉડાડી મૂકો તો શાંતિથી ઊંઘ આવે." રામપ્રતાપજીએ તાલી પાડીને પક્ષીને ઉડાડ્યાં. નાનાં કાંકરા ફેંકે છે. પણ પક્ષીઓ ઉડી ઉડીને પાછા વૃક્ષ પર આવીને કિલકિલાટ કરે છે. પણ દૂર જતા નથી. ઘનશ્યામમહારાજને થયું, પિતાજીને ઊંઘમાં વિક્ષેપ થાય છે, તેથી વૃક્ષ ઉપર ઊંચી નજર કરી કહ્યું, "બધાં પક્ષીઓ સ્થિર થઇ જાવ." તમામપક્ષીઓને સમાધિ થઇ ગઇ.

જ્યાં હતાં ત્યાં સ્થિર થઇ ગયાં. પિતાજી બે ઘડી નિરાંતે સૂઇ ગયા. શાંતિ થયા પછી ઉઠીને મુખશુધ્ધિ કરી. ચાલતા થયા. ઘનશ્યામમહારાજે ચપટી વગાડી કે તુરંત પક્ષીઓ ફરરર કરતાં ઉડી ગયા. આવું આશ્ચર્ય જોઇ સૌ વિસ્મય પામી ગયા.

ઘનશ્યામની બલિહારી છે. સર્વજીવપ્રાણીમાત્રની દોરી એમના હાથમાં છે. તે જે ધારે તે કરી શકે.

ધર્મપિતા બે પુત્રોની સાથે છુપૈયા પધાર્યા. મોતીત્રવાડીએ ખૂબ સન્માન કરી કુટુંબ સહિત ભોજન કરાવ્યાં, અરસ પરસ ક્ષેમકુશળતા પૂછીને રાજીપો વ્યક્ત કર્યો. પછી બીજે દિવસે નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા, તો સરોવરમાં પાણી થોડું હતું, તેથી માછલાં તરફડતાં હતાં. ધર્મદેવ વિચાર કરે છે, વરસાદ વરસવાની હજુ વાર છે ને પાણી વિના માછલાં બિચારાં મરી જશે. પિતાજીનો સંકલ્પ સિધ્ધ કરવા ઘનશ્યામમહારાજ સરોવરના વચ્ચે ગયા. ત્યાં શું કર્યું? સાંભળો!

**દક્ષિણ ચરણ અંગુઠો જેહ, પૃથ્વીમાંહી દબાવ્યો છે તેહ ।**
**આવી પાતાળથી જળધાર, ધારા રૂપે ગંગા નિરધાર ॥**
**અતિ ઉંચો ચાલે છે પ્રવાહ, એમઆવે છે જળ અથાહ ।**

પૃથ્વીપર જમણો ચરણ જોરથી દબાવ્યો કે ધણણણ કરતી ધરતી ફાટી. ને પાતાળમાંથી ગંગાજીનો જોરદાર પ્રવાહ નીકળ્યો. એક ક્ષણમાં આખું સરોવર છલ્લોછલ ભરાઇ ગયું. અનેક પક્ષીઓ તે સરોવરમાં ઉડી ઉડીને પાણી પીવા આવે છે. ત્યાં શુકદેવજી પોપટનું રૂપ ધરીને પ્રભુનાં દર્શન કરવા આવ્યા છે.



**પોપટરૂપે શુકદેવજી દર્શન કરવા આવ્યા છે.**

ધીરેથી પોપટ ઘનશ્યામમહારાજના ખભા ઉપર બેઠો. પ્રભુએ પોપટને પકડી લીધો. મીઠો મીઠો હાથ ફેરવે છે. ઘનશ્યામમહારાજ પોપટને કહે છે.

**બોલ્યા પ્રેમસહિત વચન, સુણો શુકદેવ ધરી મન ।**
**તમે આવજો સત્સંગ જ્યાંય, રાખીશું મમસમીપ માંય ॥**
**શુકમુનિ ધરાવિશું નામ, સદાકાળ રહેજો તેહ ઠામ ।**

પછે પોપટને છોડી દીધો, એનો જન્મકૃતારથ કીધો ॥
સૌને જોતે શુક ઉડી ગયો, વ્યોમમાર્ગે અદ્રશ્ય થયો ।

"હે શુકદેવજી! તમે સત્સંગમાં જન્મધારણ કરશો. અને અમારો તમને યોગ થશે. અમે તમને અમારી સમીપે રાખશું. ભાગવતી દીક્ષા આપી શુકમુનિ નામધારણ કરાવશું. અમારી લીલાનાં દર્શન તમને થાશે." શુકદેવજી બહુ રાજી થયા કે મારો જન્મસફળ થયો. પછી પોપટરૂપ શુકદેવજી આકાશ માર્ગે અદ્રશ્ય થઇ ગયા. આવી અલૌકિક લીલાનાં દર્શન કરી ધર્મ-ભક્તિ ધન્યતા અનુભવે છે. તમે વિચાર કરો. આપણને કથા વાંચવામાં અને સાંભળવામાં આટલો આનંદ આવે છે. તો છપૈયાપુર વાસી ભક્તજનોને પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થાય છે. તેને કેટલો આનંદ હશે.

ભગવાનની કથા આનંદકારી છે. કથા એવી છે કે જગતને ભૂલાવે છે, જગતમાં રહેવું છે ને જગતને ભૂલવું છે એ કેમબનશે? સંસારને છોડીને જશો ક્યાં? જ્યાં જશો ત્યાં સંસાર સાથેજ છે. સંસારને છોડીને જવાનું નથી, પણ સંસારને મનમાંથી કાઢી નાખવાનો છે. સંસારથી અલગ થઇ જવાનું છે. ભગવાનની કથા સાંભળવાથી અનાયાસે સંસાર ભૂલાય છે. સંસારનું સંપૂર્ણ વિસ્મરણ અને પરમાત્માનું અખંડ સ્મરણ એજ મુક્તિ છે.

## ૧૩૧. નારદજી પ્રભુનાં આગમચરિત્ર કહે છે.

છુપૈયા થકી ધર્મદેવ બે પુત્રોની સાથે અયોધ્યા પધાર્યા છે. બાલ મિત્રોની સાથે પ્રભુ સર્જુગંગાના તીર પર પધાર્યા. સખાએ રેતીનો મોટો ઢગલો કર્યો, તેના ઉપર ઘનશ્યામમહારાજ બેસીને રામચંદ્રજી ભગવાનની લીલા ચરિત્રોનું વર્ણન કરે છે. સખાઓ એકાગ્રચિત્તેથી સાંભળે છે. ત્યાં હરિ ઇચ્છાથી નારદજી પધાર્યા. ભરતખંડના મુખ્ય ભક્ત નારદજી છે.

વિણા યંત્ર લીધું કરમાંય, શ્રી હરિવરના ગુણ ગાય ।
આવ્યા મુનિ મહાપ્રભુ પાસ, કર્યા પ્રણામઆણી હુલ્લાસ ॥
થયા ગદ્‌ગદ્ કંઠે સ્થિર, કરે છે પ્રાર્થના મતિ ધીર ।
હે પ્રભુ હે હરિ ભગવાન, આજ હું તો થયો છું પાવન ॥
ઘણા જીવના કલ્યાણ સારૂ, દ્વિજકુળ વિષે તન ધાર્યું ।

વિણાના સૂર તાલ સાથે શ્રી મન્નનારાયણ, શ્રી મન્નનારાયણ ગાન કરતા કરતા નારદજી પધાર્યા, પ્રભુને પગે લાગીને કહે છે, "હે પ્રભુ! તમે અનેક જીવાત્માનો ઉધ્ધાર કરવા આ ભૂમિપર પધાર્યા છો. તમે જે જે લીલા કરશો તેના હું દર્શન કરીશ. બાલસખા ઘનશ્યામમહારાજની આજુ બાજુ બેઠા છે... અને નારદજી કહે છે, "હે પ્રભુ! હવેથી તમે જે જે લીલા કરશો તેનું આગમચરિત્ર તમને સંભળાવું છું. તમે

માતા-પિતાને દિવ્યગતિ આપી તમારા સમીપે રાખશો. પછી વનવિચરણ કરવા પધારશો.''

જાશો ગોરખપુર છે જ્યાંય, સંજયનું ક્ષેત્ર રહ્યું ત્યાંય ।
તેની સેવા કરી અંગીકાર, બે દિન રહેશો આપ તે ઠાર ॥
સંજયને આપી વરદાન, જનકપુરી જાશો નિદાન ।

''ગોરખપુર સંજયવિપ્રના ક્ષેત્રમાં પધારશો તેની સેવા અંગીકાર કરી જનકપુરીથી હિમગિરિ પધારશો.ત્યાંથી પુલહાશ્રમમાં તીવ્ર તપશ્ચર્યા કરી અનેક જીવાત્માનો ઉધ્ધાર કરશો. ત્યાંથી બુટોલનગર પધારશો. ત્યાંથી ગોપાલયોગી પાસે પધારી અષ્ટાંગયોગ શીખવશો. નિજ સ્વરૂપનું જ્ઞાન આપી, હે પ્રભુ, તમે નવલખા પર્વતપર વિચરણ કરી યોગીઓનો ઉધ્ધાર કરશો. ત્યાંથી નસિદપુર પધારી રાજાની સેવાનો સ્વીકાર કરશો. પછી જગન્નાથપુરીમાં પધારી અનેક અસુરોનો દ્રષ્ટિમાત્રથી નાશ કરશો. ત્યાંથી સત્રધર્મરાજા પાસે પધારી તેમને મોક્ષનો માર્ગ બતાવશો.



નારદજી પ્રભુનું આગમન કહે છે.

શિવકાંચી, વિષ્ણુકાંચી થઈ સેતુબંધ- રામેશ્વર પધારશો. નાશિક-ત્રંબકેશ્વર થઈ ગોદાવરી નદીમાં સ્નાન કરશો. ગુજરાત ઉલ્લંઘીને ભાલદેશમાં ભીમનાથનાં દર્શન કરી માંગરોળમાં પધારશો.

એમસઘળાં તીર્થ કરીને, લોજપુરમાં જાશો ફરીને ।
વાવ્યે સંત ભેળા તે ભળશો, મુક્તમુનિ ને તિયાં મળશો ॥

તીર્થમાં ફરતા ફરતા લોજપુરમાં પધારશો. પ્રથમસુખાનંદ સ્વામીનો મેળાપ થશે. મુક્તાનંદ સ્વામી સાથે રહેશો. રામાનંદસ્વામી મતિ સાર, એ છે ઉધ્ધવનો અવતાર, મળશો તમે પીપલાણા ગામ, સ્વામી પાસે રહેશો સુખધામ. રામાનંદ સ્વામી તમને ભાગવતી દીક્ષા આપશે. અને સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ

નામધારણ કરાવશે. અનેક જીવાત્માને સમાધી કરાવી તમારું સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપી શરણે લેશો. આગમલીલા જે પ્રભુ કરશે, તેનું વર્ણન નારદજી કહી સંભળાવે છે.

ઘનશ્યામમહારાજ અને બાલસખાઓ શાંતિથી સાંભળે છે. નારદજી કહે છે, ''હે પ્રભુ! જેતલપુર, ડભાણ, વિગેરે પવિત્ર સ્થાનોમાં વિષ્ણુયાગ કરાવી અનેક જીવાત્માનું કલ્યાણ કરશો. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરાવી સંતોને ભાગવતી દીક્ષા આપી પરમહંસ કરશો. જેતપુરમાં આપ ધર્મધુરા સ્વીકારશો. સમય જતાં તે ધર્મધુરા તમારા ભત્રીજા અયોધ્યા પ્રસાદજી અને રઘુવીરજીને આચાર્યપદ આપશો. અમદાવાદ અને ભુજનગરમાં શ્રી નરનારાયણદેવની સ્થાપ્ના કરશો.

વૃતપુરીમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની સ્થાપ્ના કરશો. જીર્ણગઢમાં રાધા-રમણદેવની સ્થાપના કરશો. ગઢપુરમાં શ્રી ગોપીનાથજી અને ધોલેરામાં મદનમોહનજી મહારાજની સ્થાપના કરશો. સર્વ જીવ પ્રાણીમાત્ર નિયમમર્યાદાનું પાલન કરે, તેની શિક્ષાને અર્થે (આચાર સહિતા ) શિક્ષાપત્રીની રચના કરશો.'' નારદજી કહે છે, ''અનેક ભાવિક ભક્તજનોના મનોરથ પૂરા કરશો. સંતોદ્વારા અનેક સત્શાસ્ત્રોની રચના કરાવશો. જેથી સદાય જ્ઞાન યજ્ઞ ચાલુ રહેશે. તે સમગ્ર લીલાનાં હું દર્શન કરીશ.'' શ્રી હરિ કહે છે, ''હે નારદમુનિ... તમે અમારા લીલા ચરિત્રનું ગાન કરતા થકા ત્રિલોકીમાં ફરતા રહેજો. અને મુમુક્ષુ જીવાત્માને બોધ આપી સત્સંગમાં મોકલજો.'' નારદમુનિ ઘનશ્યામમહારાજને પગે લાગી નમસ્કાર કરી પોતાના સ્થાનકે ગયા. ઘનશ્યામમહારાજ સખાને કહે છે...

**સર્વે સખાને કહે છે શ્રી હરિ, સુણો ભાઈ કહું વાત ખરી ।**
**તમે તો છો મોટા ભાગ્યવાન, નથી કોઈ તમારા સમાન ॥**
**નહિતો મળવો યોગ અમારો, અતિ દુર્લભ છે તે વિચારો ।**
**આંહિ મિત્ર થઈને ગમો છો, રાત દિવસ ભેગા રમો છો ॥**
**અંતકાળે હું બેલી થઈશ, મારા સમીપે તેડી જઈશ ।**
**નિત્ય રાખીશ હું મારી પાસ, એવું વેણ બોલ્યા અવિનાશ ॥**

''હે પ્યારા સખાઓ, તમે તો છો મોટા ભાગ્યવાન, કોઈ આવે નહિ તમારા સમાન. મારો યોગ મળવો મહા મુશ્કેલ છે. જંગલના જોગી તપ કરીને થાકી જાય, રાફડા વળી જાય શરીર ઉપર તો પણ પ્રત્યક્ષ પ્રભુનાં માનવ શરીરે દર્શન થાય નહિ. તે હું તમારી સાથે બાળક થઈને રમું છું, ફરું છું, જમું છું, રમુજ કરૂં છું, તે અલૌકિક લીલાનાં તમને દર્શન થાય છે. આવો લાભ ભવબ્રહ્માને પણ મળતો નથી. તમે ખૂબ ભાગ્યશાળી છો. તમે બધા અક્ષરધામના મુક્ત છો. તમને વચન આપું છું. અંતકાળે

હું તમને ચોક્કસ તેડવા આવીશ. સોનાના વિમાનમાં બેસાડી મારા અક્ષરધામમાં તેડી જઇશ.'' આવી અમૃત ભરેલી વાણી સાંભળી સખાનો આનંદનો પાર ન રહ્યો. બાલ મિત્રોથી વીંટાણા થકા ઘનશ્યામમહારાજ પોતાના ઘેર પધાર્યા. ભાભી સુવાસનીબાઇએ ભાવથી સર્વેને ભોજન જમાડ્યા છે. અને આનંદમાં દિન પસાર થાય છે.

## ૧૩૨. ભક્તિમાતા પુત્રોને ભલામણ કરે છે.

ધર્મદેવ કુટુંબ સહિત અયોધ્યામાં નિવાસ કરીને રહ્યા છે. ભક્તિમાતાને તાવ આવે છે. ભક્તિમાતા દિલગીર થઇ કહે છે, ''હે પુત્રો, મારા શરીરમાં દિવસે દિવસે પીડા વધતી જાય છે. આપણા સગાં સંબંધી સર્વે છુપૈયાપુરમાં છે. અહીં અયોધ્યામાં કોઇ સગું વહાલું નથી. એકલા રહેવું ગમતું નથી. ચાલો છુપૈયા જઇએ.'' મોટાભાઇ માતાપિતાને મેનામાં બેસાડીને છુપૈયા પધાર્યા.

સગાં સંબંધીને ખબર પડી કે ધર્મદેવ કુટુંબ પરિવાર સહિત પધાર્યા છે તેથી સૌ મળવા આવે છે. ભક્તિમાતાની પાસે બેસીને કુશળતા પૂછે છે. ગામબરૂયેથી ચંદનમાસી કુટુંબ સહિત મળવા આવ્યાં. ગામલછમનપુરથી વસંતામાસી પુત્ર માણેકધરની સાથે મળવા આવ્યાં છે. વશરામત્રવાડી, મોતીત્રવાડી, ઘેલાત્રવાડી, સુંદરીબાઇ, ગૌરીબાઇ, અમૃતબાઇ વિગેરે સંબંધી મળવા આવ્યાં છે. તરગામથી વેવાઇ બળદેવપ્રસાદજી કુટુંબ સહિત પધાર્યા છે. ભક્તિમાતાની ચારે બાજુ સગા સંબંધી બેઠા છે. ભક્તિમાતા ધીરે સ્વરે પુત્ર ઘનશ્યામને ભલામણ કરતા કહે છે, ''હે પ્યારા, પુત્ર ઘનશ્યામમારી વાત શાંતિથી સાંભળો.''

**સુણો શ્રી હરિ સુંદરશ્યામ, સત્ય વાત કહું અભિરામ।**
**મુને તો હવે એમજ ભાસે, જાણે દેહ મારો પડી જાશે ॥**
**નથી મારા દેહનો નિરધાર, માટે કહું તે કરજો કુમાર ।**

મારા દેહનો હવે કોઇ નિરધાર નથી. ભગવાનના ધામમાં જાવું છે. તેનો મને કોઇ અફસોસ કે ચિંતા નથી. મોડા વહેલું સૌને ભગવાનના ઘરે જવાનું છે. જે જીવનમાં કરવાનું હતું તે મેં સર્વે કર્યું છે. આખી જિંદગી ધર્મ સહિત ભક્તિ કરી છે. પણ એક વાત યાદ આવે છે. હે લાડીલા પુત્ર!''

**મોટાભાઇ સુવાસનીબાઇ, તેની આજ્ઞામાં વર્તજો ભાઇ ।**
**સુવાસનીબાઇને આ ટાણે, માની લેજો અમારે ઠેકાણે ॥**

''આજથી તમે સુવાસનીબાઇને મા સમાન માનીને તેમની આજ્ઞામાં વર્તજો. મોટાભાઇ જેમકહે તેમકરજો. બધા સંપીને ચાલજો. જીવનમાં સત્સંગ અને ધર્મ ટકાવી રાખજો. ધર્મ પ્રમાણે સૌ વર્તજો.'' ભક્તિમાતા મીઠા મધુર સ્વરે કહે છે,

"પુત્ર રામપ્રતાપભાઇ અને પુત્રવધુ સુવાસનીબાઇ મારી ભલામણ હૃદયમાં ધારજો. શાંતિથી સાંભળો."

**પછે દંપતીને કહે માત, સુણો રામપ્રતાપ વિખ્યાત ।**
**તમે બેઉ જણા છો પાવન, કરજો ઘનશ્યામનું જતન ॥**
**વળી નાના બંધુ ઈચ્છારામ, તેને સાચવજો ગુણ ગ્રામ ।**
**પુત્ર પેરે પાલન કરજો, હરકત હોય તે હરજો ॥**
**એને આપજો સુખ અભીષ્ટ, કાંઇ પડવા દેશો નહિ કષ્ટ ।**

"તમારા ઉપર હું બહુ રાજી છું. મારી ખૂબ સેવા કરો છો. તેમતમારા પિતાજીની સેવા કરજો. સંભાળ રાખજો. તમે દંપતિ ખૂબ ધર્મવાન, પુણ્યવાન અને ભાગ્યશાળી છો. ઘનશ્યામભાઇ અને ઈચ્છારામનાના બાળક જેવા છે. તેમનું ખૂબ ધ્યાન રાખજો. તમારા પુત્ર નંદરામછે, તેના જેવું જ જતન કરજો. સંભાળ રાખજો. કોઇ પણ જાતનું દુઃખ પડવા દેશો નહિ. આજથી તમે એના મા-બાપ છો. કાંઇ પણ ભૂલ થઇ જાય તો ઠપકો દેશો નહિ." આવી વાત સાંભળી રામપ્રતાપભાઇની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. બે હાથ જોડી નમ્રતાથી કહે છે.

**એવું સુણીને બોલ્યા જોબન, સત્ય માન્યું તમારું વચન ।**
**વારુ માતાજી કહો છો જે તમે, એ પ્રમાણે જ વર્તીશું અમે ॥**
**કાંઇ ચિંતા ન રાખશો મન, સારી રીતે કરશું જતન ।**

"મૈયા... તમે ચિંતા ન કરો. તમે જે પ્રમાણે કહો છો તે પ્રમાણે અમે વર્તીશું. બે નાના ભાઇની ખૂબ સંભાળ રાખશું. તમારી આજ્ઞાનું યથાર્થ પાલન કરશું. સત્સંગ કરશું ને બીજાને પણ કરાવશું." પ્રભુ બાલ ઘનશ્યામકહે છે, "હે દીદી... તમે શાંતિથી સાંભળો..."

**હે દીદી તમે સાંભળો ખ્યાત, હવે કહું છું હું સત્ય વાત ।**
**જે જે માયિક વસ્તુ છે આંય, તે તે પદાર્થ મિથ્યા દેખાય ॥**
**તેમાંથી પામો નિવૃતિ આજ, તો સુફળ થાશે સહુ કાજ ।**
**ધરો મુજ સ્વરૂપનું ધ્યાન, કરો ચિંતવન થાય જ્ઞાન ॥**
**સંભારો મારાં બાળ ચરિત્ર, માતા તમે છો પુન્ય પવિત્ર ।**
**આ પીડા મટી જાશે તમને, પ્રશ્ન પુછો બીજુ કાંઇ મન ॥**

"હે મા... તમે હવે સર્વ પદાર્થમાંથી ચિતવૃત્તિ વાળીને નિવૃત્તિ પામીને અમારા સ્વરૂપનું હૃદયમાં અખંડ ચિંતવન કરો... મા... તમે ખૂબ ભાગ્યશાળી છો... અનેક જન્મનાં પુણ્ય ઉદય થાય ત્યારે સાક્ષાત્ પરમેશ્વરનાં દર્શન થાય છે. તમારી સાથે અમે જે અલૌકિક લીલા કરેલી છે. તેને યાદ કરો. મારા લીલા ચરિત્રો સર્વે

કલ્યાણકારી છે.'' ઘનશ્યામમહારાજ માતાજીના પલંગપર બેસીને ભક્તિમાતાનાં ચરણ ચાંપે છે. અનંતકોટિ બ્રહ્માંડના નાથ પોતાના મા-બાપની સેવા કરે છે. તમે પણ તમારા મા-બાપની જરૂર સેવા કરજો, રાજીપો મેળવજો.

## ૧૩૩. હરિગીતાનો ઉપદેશ.

ભક્તિમાતા હાથ જોડીને કહે છે, ''હે લાડીલા પુત્ર, મારું મૃત્યુ નજીક આવ્યું છે, તેથી તમારા મુખની અમૃતવાણીનું મને પાન કરાવો.'' ઘનશ્યામમહારાજ કહે છે, ''બહુ સારું.'' સત્સંગીજીવન શાસ્ત્રમાં હરિગીતાના પાંચ આધ્યાયમાં અધ્યાત્મિક જ્ઞાન વિસ્તારથી કહેવામાં આવ્યું છે. અહીં અયોધ્યાપ્રસાદજી મહારાજે સંક્ષિપ્તમાં વર્ણન કર્યું છે. ઘનશ્યામમહારાજ કહે છે, ''હે મા! માયા તરવી બહુ કઠિન છે. નવધા ભક્તિ કરે , સંતનો સમાગમકરે તો સહેલાઈથી માયા થકી મુક્ત થાય છે. સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતોના પ્રસંગથી માયા તરી શકાય છે.

ભક્તિમાતા કહે છે, ''કેવા સંતોના પ્રસંગથી માયા તરી શકાય છે તે કહો?'' ઘનશ્યામમહારાજ બોલ્યા, ''સાચા સંતનાં લક્ષણ કહું છું તે સાંભળો! અતિ દયાળુ હોય, સહનશીલની મૂર્તિ હોય, સૌ પ્રત્યે મિત્રભાવ રાખે, કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, મોહ, મમતા, અહંકાર વિગેરે અંતરશત્રુને જીતી ને અખંડ હરિ સ્મરણ કરે તેવા સંતો થકી મોક્ષનું દ્વાર ખુલ્લું થાય છે. પરમાત્માના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરનારા હોય, તેવા જ્ઞાની સંતો છે, તે કલ્યાણકારી છે.''

ધર્મ, ભક્તિ, અને જ્ઞાનની બાબત વિસ્તારથી સંભળાવી છે. શ્રી હરિ કહે છે, ''હે મા... સારી રીતે કરેલા દાન પુણ્ય, યજ્ઞ યાગ, જપ તપ, વિગેરેથી હું પ્રસન્ન થાઉં છું, પરંતુ જેવો ભક્તિ વડે પ્રસન્ન થાઉં છું એવો બીજાથી નહિ. પ્રભુને પ્રસન્ન કરવાનું શ્રેષ્ઠ સાધન મહિમા સહિત ભક્તિ છે.'' ઘનશ્યામમહારાજ કહે છે, ''મારા પિતા ધર્મ છે. હું ધર્મનો પુત્ર છું,જેથી જ્યાં ધર્મ હોય ત્યાં હું રહું છું. મારા માતા ભક્તિદેવી છે. હું ભક્તિપુત્ર છું જેથી જેના હ્રદયમાં ભક્તિ હોય છે ત્યાં હું રહું છું. ધર્મ અને ભક્તિ નથી ત્યાં હું રહેતો નથી.''

''ખુમારી પૂર્વક ભક્તિ કરવી, ભક્તિ કરવાથી ભવસાગર તરી શકાય છે, જીવનના છેલ્લા શ્વાસ સુધી ભક્તિ ચાલુ રાખવી. અંતરશત્રુ થકી લડી શકે તે ભક્તિના માર્ગે ચડી શકે, વૈરાગીને સંયમનિયમનાં બાણ તૈયાર રાખવા જોઈએ. ક્યારે જીવનમાં આસક્તિ આવીને ઊભી રહે કાંઈ ખબર નહિ. માટે સંયમને નિયમદ્રઢ કરીને રાખવાં.''

''હે મા! પ્રભુ સિવાય ક્યાંય પ્રીતિ ન હોય, પોતાની ઇંદ્રિયો જીતી લીધી હોય,

ક્ષમા અને દયા અખંડ રહેલા હોય, વાણીમાં વિવેક, વિનય અને નમ્રતા હોય એને સાચો જ્ઞાની કહેવાય, સદાય હરિભજનમાં ગરકાવ રહેવું. જેની પાસે દુનિયાભરની સત્તા અને સંપતિ હોય પણ જો પરમાત્મા સંબંધી જ્ઞાન નથી તો તેને હૃદયમાં શાંતિ થતી નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી?જ્ઞાનના સાગર તો પરમાત્મા છે. હે મા! પરમાત્માનું અખંડ ચિંતવન કરવાથી બ્રહ્મરૂપ થવાય છે. અને એવા ભક્ત છે તે ભગવાનના ધામમાં જાય છે.''

ઘનશ્યામમહારાજ કહે છે, ''હે મા! તમોગુણ કર્મે કરીને અધોગતિ થાય છે. રાજસકર્મે કરીને મધ્યલોકની પ્રાપ્તિ થાય છે. સાત્વિક કર્મે કરીને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. હે મા! હવે તમને વૈરાગ્યનું રૂપ કહું છું. ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તેને વૈરાગ્ય જાણવો. વૈરાગ્ય માયાથી છૂટા કરે છે. ને ભક્તિ છે તે ભગવાનમાં જોડે છે. ઉત્તમવૈરાગ્યની ધાર તીખી છે. વૈરાગ્યની ધારથી માયા, મમતા અને મોહનાં બંધન કપાઇ જાય છે અને બ્રહ્મભાવ આવી જાય છે.



ભક્તિમાતાને શ્રી હરિગીતાનો ઉપદેશ આપતાં શ્રીહરિ.
સ્વધામ સીધાવી રહેલાં ભક્તિ માતા.

આત્માનો કોઇ બાપ નથી. મા નથી. આત્માનાં કોઇ સ્ત્રી છોકરાં નથી. આત્મા સ્ત્રી નથી, અને પુરૂષ પણ નથી. આત્મા અજર, અમર અને નિર્લેપ છે. ભગવાનની સાથે આત્મા જાય છે અને દેહ અહીંજ રહી જાય છે. આવા વિચારો સદાય જાગૃત રહે. તે ખરેખરો વૈરાગ્યવાન છે. વૈરાગ્યવાન ક્યાંય લલચાય નહિ. ભગવાનમાં જ ગુલતાન રહે છે.''

## ૧૩૪. ભક્તિમાતાને દિવ્યગતિ.

શ્રી હરિનાં સુણી વચન, થયાં એકાગ્ર માતાજી મન ।
શ્રી ઘનશ્યામનું ધ્યાન ધર્યું, સ્થિર વૃતિ કરી મન કર્યું ॥

**પ્રભુજીની મૂર્તિ પ્રતાપે, તદાકાર થયા માતા આપે ।**
**ધ્યાન ધરે છે ધારીને મન, શ્રી હરિએ દીધાં દર્શન ॥**

અયોધ્યાપ્રસાદજી કહે છે, "હે રામશરણજી... જ્ઞાન ઉપદેશને અંતરમાં ઉતારતાં ભક્તિમાતા ઘનશ્યામમહારાજની સ્તુતિ કરતાં એવાં તન્મય બન્યાં કે પ્રભુ સ્મરણ કરતાં કરતાં એમનો પંચભૌતિક દેહ છૂટી ગયો. દિવ્ય દેહની પ્રાપ્તિ થઈ. વિક્રમસંવત ૧૮૪૮ કારતક સુદ દશમઅને શનિવારે ભક્તિમાતા અલૌકિક અક્ષરધામને પામી ગયાં. શરીર શીતલ થઈ ગયું. તે જોઈને રામપ્રતાપભાઈ, વશરામત્રવાડી, મોતી ત્રવાડી, આદિક સંબંધીએ ભક્તિમાતાનાં પંચભૌતિક દેહને ગંગાજળથી સ્નાન કરાવ્યું. પછી પૃથ્વી ગાયના છાણથી લીપી. તેના ઉપર તલ છાંટી. ભક્તિમાતાને સુવાડ્યાં. રામપ્રતાપભાઈ વિગેરે સગાં સંબંધી રડે છે. તેમને ધર્મદેવ ધીરજ આપે છે.

બ્રાહ્મણોને બોલાવીને વિધિવત નારાયણ સરોવરના સામે કાંઠે બગીચામાં લઈ ગયા. ત્યાં રામપ્રતાપભાઈ પાસે અંતિમસંસ્કાર કરાવ્યા. પછી સગાં સંબંધી તથા ગ્રામજનોએ નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. પછી સૌ સૌને ઘેર ગયા. છુપૈયાપુર આજે સુનકાર થઈ ગયું છે. મહાન વ્યક્તિ વિદાય થઈ ગયાં. એનો સૌને વિયોગ સતાવે છે.

ભક્તિમાતાની પાછળ દર મહિને માસિક શ્રાધ્ધ, ત્રિપાક્ષિક શ્રાધ્ધ, ઉનમાસિક શ્રાધ્ધ વિગેરે શાસ્ત્ર પ્રમાણે વિધિ કરાવી છે. હજારો સંતો, બ્રાહ્મણો, ગાય અને ગરીબોને ભોજન જમાડી વસ્ત્રોનાં દાન આપ્યા છે. દક્ષિણા આપી સૌને રાજી કર્યા છે. પછી તેરમાના દિવસે સત્કાર સહિત સગાં સંબંધી સૌ ભેળા મળીને રામપ્રતાપભાઈને પાઘડી બંધાવી બહુમાન કર્યું છે.

## ૧૩૫. ધર્મદાદા પુત્રોને શિખામણ આપે છે.

ભક્તિમાતાના દેહત્યાગ પછી ધર્મપિતા સાંખ્યયોગનો આશ્રય કરીને પ્રભુમયબની ગયા. સંસારની તમામજવાબદારી રામપ્રતાપભાઈને સોંપી દીધી. સંસારથી ઉદાસ થઈ ઘનશ્યામમહારાજમાં વૃત્તિ રાખી ભજન સ્મરણ કરે છે. ધર્મદાદાને તાવ આવવાથી દેહ દુર્બળ થઈ ગયો છે. ત્રણ પુત્રો પિતાજીની ભાવથી સેવા કરે છે.

ઘનશ્યામમહારાજ પિતાજીના ચરણ દાબે છે. સગાંસંબંધીને ખબર પડી કે ધર્મદેવના શરીરે સારું રહેતું નથી, તેથી સૌ કુશળતા પૂછવા આવે છે. ધર્મદેવના પલંગની આજુ બાજુ સગાં સંબંધી બેઠા છે. ધર્મદેવ રામપ્રતાપભાઈને કહે છે, "હે વહાલા પુત્ર... મારી વાત શાંતિથી સાંભળો..."

**આ ઘર કેરો સર્વે વ્યવહાર, તમારે માથે છે નિરધાર ।**
**તવ નાના ભાઈ ઘનશ્યામ,તેહ પ્રભુ છે સુખનાધામ॥**
**તેને કરશો નહિ તમે દૂર, પાસે રાખજો નિત્ય જરૂર ।**
**કહેશો નહિ કટુક વચન, કરશો નહિ ઉદાસ મન ॥**

“હે રામપ્રતાપજી! તમે આ ઘરમાં મોટા છો. તમામવ્યવહારની જવાબદારી તમારા ઉપર છે. આ નાના ઘનશ્યામભાઈની અને ઈચ્છારામની સારી પેઠે ખૂબ સંભાળ રાખજો. ક્યારે પણ કટુ વચન કહેશો નહિ. ઘનશ્યામના મનમાં તીવ્ર વૈરાગ્ય છે તેથી સદાય આ જગતથી ઉદાસ રહે છે.”

**તવ પાસે નહિ માગે ભાગ, એમના મનમાં તીવ્ર વૈરાગ્ય ।**
**ઘરમાં વૃતિ નથી હરિને, પાસે રાખજો સ્નેહ કરીને ॥**
**હરિકૃષ્ણ રૂપે ઘનશ્યામ, માની લેજો છે પુરણકામ ।**
**અવતારના છે અવતારી, પુરૂષોત્તમજી સુખકારી ॥**

“તમારી પાસે ભાગ કે લાગ માંગશે નહિ. એક વાત જરૂર ધ્યાનમાં રાખજો. આ ઘનશ્યામભાઈ અવતારના અવતારી છે. પુરૂષોત્તમનારાયણ છે. તેમનું ધ્યાન ભજન કરજો. એમની આજ્ઞાનું પાલન કરશો. રાજી રાખશો તો જરૂર તમારું કલ્યાણ થશે.” ત્યારે રામપ્રતાપભાઈ અને એમના પુત્ર નંદરામજી કહે છે, “હે દાદા! જેમતમે કહો છો તેમઅમે વર્તીશું. તમે ઘનશ્યામભાઈની જરાય ચિંતા ન કરશો. જીવની જેમસંભાળ રાખશું.”

પછી પિતા ધર્મદેવ ઘનશ્યામભાઈને ભલામણ કરે છે, “હે લાડીલા કુંવર... તમે મારી વાત શાંતિથી સાંભળો. તમે રામપ્રતાપભાઈ તથા સુવાસિનીબાઈને ધર્મમાં વર્તાવજો. સારી શિખામણ આપજો ને મોટાભાઈની આજ્ઞામાં રહેજો. બે ભાઈનો ત્યાગ કરશો નહિ. કદાચ જગતથી ઉદાસ થાવ તો રામાનંદ સ્વામી પાસે જાજો.” ત્યારે ઘનશ્યામમહારાજ બે હાથ જોડી કહે છે, “હે પિતાજી! તમે જેમકહો છો તેમઅમે કરશું. અમારી જરાય ચિંતા કરવા જેવું નથી પણ તમારી કાંઈ અંતિમઈચ્છા હોય તે કહો? બાળપણમાં મા-બાપ બાળકની ઈચ્છા પૂરી કરે અને વૃધ્ધાવસ્થામાં બાળક માતા-પિતાની ઈચ્છા પૂરી કરે. કહો પિતાજી આપની શી ઈચ્છા છે?”

“હે પુત્ર! બીજી કાંઈ ઈચ્છા નથી. મારું મન અખંડ તમારા સ્વરૂપનું ચિંતન કરે, હૃદયમાં મને ખૂબ આનંદ વર્તે છે. તમારા જેવા મને પુત્ર મળ્યા. અમારા તમામમનોરથ તમે પૂરા કર્યા છે. ખૂબ સેવા કરી છે. હું તમારા ઉપર ખુબ રાજી છું. પણ મને એક શ્રી મદ્ ભાગવતની કથા સાંભળવાની ઈચ્છા છે.” “ભલે પિતાજી... અમે સપ્તાહ પારાયણની તૈયારી કરાવીએ. કાલેજ કથા શરૂ થઈ જશે.”

રામહરિ પંડિત જે વિપ્ર, તેને બોલાવીયો તિયાં ક્ષિપ્ર ।
ઘરનાં આંગણા મધ્યે એવ, મંડપ બંધાવ્યા તતખેવ॥

ભૂદેવ રામહરિ પંડિતને બોલાવ્યા છે. ઘરનાં આંગણામાં મંડપ રોપ્યો. સુંદર કેળના સ્થંભ રોપી સુશોભીત મંડપ શણગાર્યો છે. સગાં સંબંધી તથા ગ્રામજનોને આમંત્રણ આપ્યા છે. ભક્તજનો કથા સાંભળવા માટે આવ્યાં છે. શાસ્ત્રનું પૂજન કરી ગણપતિજીની સ્થાપના કરી છે. કથાનો શુભ સમારંભ ચાલુ થયો. ભૂદેવ મધુર સ્વરે મંગલાચરણ બોલે છે. વિશાળ ઘરનું આંગણું તે માણસોથી ભરાઈ ગયું છે. મર્યાદા પૂર્વક કથા સાંભળે છે. પિતા ધર્મદેવ બ્રહ્મરૂપ થઈ એકાગ્ર ચિત્તથી કથા સાંભળે છે.

કથામાં ચોવીસ અવતારનું વર્ણન આવ્યું. ધર્મપિતાએ સંકલ્પ કર્યો કે, ચોવીસ અવતાર કેવા હશે? ત્યાં હરિ ઈચ્છાથી ચોવીસ અવતારનાં દર્શન થયાં. પછી તે ચોવીસ અવતાર ઘનશ્યામમહારાજના સ્વરૂપમાં લીન થઈ ગયા. ધર્મદાદા બે હાથ જોડી નમસ્કાર કર્યા, “હે પ્રભુ! તમે અવતારના અવતારી છો. અનંતકોટી બ્રહ્માંડના નાથ છો. અમારે ઘેર પુત્ર થઈને પધાર્યા છો.” પિતાજી ગદ્‌ગદિત થઈ ગયા. રડતે હૃદયે કહે છે, “તમારો વિયોગ મારાથી સહન નહિ થાય. કાંઈક દયા કરો!”

મને એક ખેદ મનમાંય, વિરહ તમારો નહિ સહેવાય ।
માટે ફરી જન્મથાઓ મારો, પણ વિયોગ ન થાઓ તમારો ॥

પ્રભુ કહે છે, “હે પિતાજી! વચન આપું છું. દિવ્ય સ્વરૂપે તમે દંપતી સદાય મારી સમીપે રહેશો અને મહાસુખને પામશો.” આવું સાંભળી પિતાજી રાજી થયા. મારી અંતિમઈચ્છા પૂરી થઈ. પ્રભુ અમને સદાય સાથે રાખશે.”

## ૧૩૯. ધર્મદાદાની દિવ્ય ગતિ.

અયોધ્યાપ્રસાદજી કહે છે, હે રામશરણજી, પિતા ધર્મદેવ બિમાર હોવા છતાં એકાગ્ર ચિત્તથી કથા સાંભળે છે. ત્રણ પુત્રો પિતાજીની સેવા કરે છે. બાલ ઘનશ્યામમહારાજ પિતાજીના ચરણ દાબે છે.

શ્રધ્ધા રાખી સપ્તાહ સુણે છે, ધર્મદેવ અભિરામા
ષટદિન તે વીતી ગયા, કરતાં તે રૂડુ કામા॥
સાતમે દિન સવારમાં, પુરાણી કરે છે કથાય ।
તે સમે શ્રી ધર્મદેવને, આવ્યો છે જ્વર દુઃખદાય ॥
પથારીમાં શયન કર્યું, નિર્બળ થયું છે અંગ ।
સુતા થકા તે સાંભળે છે, કરી મનમાં ઉમંગ ॥

છ દિવસ પસાર થયા. સાતમે દિવસે તાવની પીડા વધી ગઈ. શરીર નિર્બળ થયું.

બેસી શકાય તેવી સ્થિતિ નથી તેથી સૂતા સૂતા ભગવાનમાં મન રાખીને કથા સાંભળે છે. કથાની પુર્ણાહુતિ થઇ. ત્યારે શાસ્ત્રનું અને વક્તાનું પૂજન કરી આરતી ઉતારી. ભોજન જમાડી સર્વેને તૃપ્ત કર્યા. ધર્મદાદાએ વિપ્રોને ખૂબ દક્ષિણા આપી. માન પુર્વક વિદાયગીરી આપી છે. તાવની પીડા વધતી ગઇ. સગાં સંબંધી તથા ગામના ભક્તજનો ધર્મદેવના પલંગની ચારે બાજુ ઉદાસ થઇને બેઠા થકા હરિભજન કરે છે...



ધર્મદેવ સ્વધામ પધારે છે.

**ભાવે કરે છે સર્વે ભજન, શ્રી હરિનું સ્મરણ કરે મન ।**
**પાસે બેઠા છે શ્રી અવિનાશ, કૃષ્ણ કથાનો કહે ઇતિહાસ ॥**
**કરી એકાગ્ર વૃતિ મનની, તૃષ્ણા તોડી તનને ધનની ।**
**શ્રી હરિમાં થયા તદાકાર, મૂર્તિને નિરખે છે નિરધાર ॥**

ઘનશ્યામમહારાજ પિતાજીની પાસે બેસી કૃષ્ણ કથા સંભળાવે છે. ધર્મપિતાના મનની વૃત્તિ શાંત થઇ ગઇ. શરીરમાંથી વૃત્તિ તોડીને શ્રી હરિના સ્વરૂપમાં જોડી દીધી. એમનો પંચભૌતિક દેહ છૂટી ગયો. દિવ્ય દેહની પ્રાપ્તિ થઇ. વિક્રમસંવત્ત ૧૮૪૭ જેઠ સુદ એકાદશી ધર્મપિતા દિવ્ય અક્ષરધામને પામી ગયા. દુર્વાસાના શ્રાપથી મુક્ત થયા. શરીર શીતળ થઇ ગયું. પછી પંચભૌતિક શરીરને ગંગાજળથી સ્નાન કરાવી વસ્ત્ર ઓઢાડ્યું. ગાયના છાણથી લીપેલી પૃથ્વી ઉપર ઉત્તર તરફ મસ્તક રાખીને સુવાડ્યા. મોટાભાઇએ બ્રાહ્મણોને બોલાવી સર્વે વિધિ કરાવી છે. પાર્થિવ શરીરને સગાં સંબંધી નારાયણ સરોવરનાં સામે કાંઠે લઇ ગયા.

ચંદનના કાષ્ઠથી અગ્નિસંસ્કાર કર્યો. અને પછી સંબંધી સર્વે નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. ભારતવર્ષની એક મહાન વિભૂતિ જેને ઘેર પરબ્રહ્મ પુત્ર બનીને આવ્યા

તે આ જગત છોડીને જતા રહ્યા. રામપ્રતાપભાઇ, સુવાસિનીબાઇ, સગાં સંબંધી અને ગ્રામજનો રૂદન કરે છે. ત્યારે ઘનશ્યામમહારાજ સહુને ધીરજ આપતાં કહે છે, ''આપના પિતાશ્રી ધામમાં ગયા, તેના વિયોગમાં દુઃખ જરૂર થાય, પણ અફસોસ કરવા લાયક નથી. જીવનમાં જે કાંઇ સત્કર્મ કરવાનાં હોય તે સર્વે કાર્ય પિતાજીએ કર્યાં છે. અફસોસ કરવા લાયક તો તે છે જેણે જીવનમાં સત્કર્મ કાંઇ કર્યાં નથી, પૂજા પાઠ, ધર્મ, દાન, કથા, કીર્તન, સત્સંગ, સમૈયા, જપ, તપ, શાસ્ત્રોનું સેવન નથી કર્યું તે શોચનીય છે.

આપણા પિતાજીએ જીવનમાં ખૂબ સત્કર્મો કર્યાં છે. સર્વેને રાજી રાખ્યા છે, તેથી તેમની પાછળ શોક કરવો તે બરાબર નથી.'' ધર્મદાદાની પાછળ દર મહિને માસિક શ્રાધ્ધ કરાવીને હજારો બ્રાહ્મણોને, ગાયોને અને ગરીબોને જમાડી વસ્ત્રદાન આપ્યા છે. દક્ષિણા આપી રાજી કર્યા છે. તેરમા દિવસે સંબંધી ભેળા મળીને રામપ્રતાપભાઇને પાઘડી બંધાવી, ખૂબ સત્કાર કર્યો છે. ધર્મપિતા ધામમાં સિધાવી ગયા તે દિવસે સગાં સંબંધી કોઇ જમ્યા નથી. ઉપવાસ કર્યા છે. છુપૈયામાં સુનકાર છવાઇ ગયો. મહાન વ્યક્તિ જગત છોડીને જતા રહ્યા તેનું સૌને દુઃખ સતાવે છે.

## ૧૩૭. ઘનશ્યામમહારાજનો ગૂઢ વિચાર.

રામપ્રતાપભાઇ કુટુંબ સહિત અયોધ્યા પધાર્યા. ઘનશ્યામભાઇ અને ઇચ્છારામભાઇની ખૂબ સંભાળ રાખે છે. ઘનશ્યામમહારાજ વિચાર કરે છે.

**મન થયું છે હવે ઉદાસ, ઘર મુકી જાવું વનવાસ ।**
**પણ નીકળવું કેમકરી, સંબંધી કોઇ જાણે ન જરી ॥**
**વળી નિમિત જો કાંઇ હોય, ફાવે ઘરથી જાવાનું સોય ।**

જે કાર્ય કરવાનું હતું તે થઇ ગયું છે. માતા-પિતાની સેવા કરવી તે ફરજ પૂરી થઇ ગઇ છે. હવે વનમાં તીર્થ યાત્રા કરવા જવું છે, અને અનેક ભક્તો મારા દર્શનની રાહ જુવે છે. તેના મનોરથ પૂરા કરવા છે. પણ કાંઇક નિમિત્ત ઊભું થાય તો સારું. વનમાં જવા માટે ઉતાવળ કરે છે. જલદી વનમાં જાઉં ને પૃથ્વીનો ભાર ઉતારું. પાપીને પાપ કરતાં અટકાવી સત્ય માર્ગ બતાવું.

એક દિવસ બાલપ્રભુ સખા સાથે દર્શન કરવા ગયા. હનુમાનગઢી, કનકભુવન વિગેરે મંદિરોમાં દર્શન કરી પોતાના ઘર તરફ આવે છે. વચ્ચે આંબલીના બગીચામાં મલ્લરૂપે સત્યાવીશ અસુરો ઘનશ્યામમહારાજને ઘેરી વળ્યા. ''ચાલો અમારી સાથે મલ્લ કુસ્તી કરો.'' પ્રભુએ કહ્યું, ''તૈયાર છું.'' મલ્લ બોલ્યા, ''દેખવામાં બાળક લાગે છે ને વાણીમાં જોર છે... પણ હમણાં એને પતાવી દેશું.'' પ્રભુનું પર્વતપ્રાય સમાન શરીર થઇ ગયું. ભરાવદાર યુવાન શરીર જોઇ મલ્લ થરથરી ગયા.

મલ્લકુસ્તી ચાલુ થઇ. નગારા, નોબતુંના પડછંદા થાય છે. તાલી સાથે તાલી, બાથો બાથ કુસ્તી કરે છે. એક બીજાને પગની આંટી દઇ ગડદા પાટુ મારે છે. ઘનશ્યામમહારાજે મલ્લની છાતીમાં મુષ્ટિનો જોરદાર પ્રહાર કર્યો કે મરદ જેવા યોધ્ધા પટક દઇ ધરણી પર ઢળી જાય. પાછા બેઠા ન થઇ શકે. ધરણી મંડી ધ્રૂજવા. શૂરાનું શૂર ને નૂર ઉડી ગયું. નિર્બળ થઇ ગયા. બકરાની જેમરાડુ પાડે છે ને પસ્તાય છે. હવે શું કરશું?

**મલ્લ પસ્તાય છે મનમાંહિ, ક્યાંથી આ જોગ આવીયો આંહિ ।**
**યુધ્ધ થાતું નથી આની જોડે, આ તો માર્યા વિના નહિ છોડે ॥**
**પાપી અસુરને હાર પમાડ્યા, સત્યાવિશને ભૂમિસુવાડ્યા ।**

હાડકાં ખોખરાં થઇ ગયાં. “બચાવો...બચાવો!” રાડો પાડે છે. પૃથ્વીપર પગ ઘસે છે. શેરનો સવા શેર મળી ગયો. હવે જીવતા નહિ રહેવા દે. મૃતપ્રાય પડ્યા છે. અભિમાન ઓગળી ગયું. બેઠું થવાની શક્તિ નથી. મલ્લનો ગર્વ ઉતારી ઘનશ્યામઘરે આવ્યા. મલ્લના સગાં સંબંધી રામપ્રતાપભાઇને ઘરે ફરિયાદ કરવા આવ્યા. ક્રોધ કરીને કહે છે, “તમારા ઘનશ્યામને વારતા નથી! ફાવે તેમકરે છે. અમારા દીકરાઓની સાથે મલ્લકુસ્તી કરી સૌને મૃતપ્રાય કરી દીધા છે. બેઠા થઇ શકે તેમનથી. મારકૂટ કરી સૌને હેરાન કરે છે. આવી રીતે કાંઇ મલ્લ કુસ્તી કરાતી હશે! યાદ રાખજો, અમે બદલો વાળ્યા સિવાય નહિ મૂકીએ. ગમે ત્યારે આંટીમાં લઇને મારશું. બરાબર સમજાવો, નહિંતર મેળ નહિ ખાય.” મોટાભાઇ વિચાર કરતા થઇ ગયા. હવે શું કરવું?


રામપ્રતાપભાઇ બોલ્યા, “તમે શાંતિ રાખો... હું ઘનશ્યામને સજા કરીશ. તમે ચિંતા ન કરો! હવે બીજી વખત આવો તોફાન નહિ કરે.” મલ્લનાં સગાં સંબંધી ચાલ્યા ગયાં. મોટાભાઇ બેઠા બેઠા વિચાર કરે છે. મા-બાપ ધામમાં ગયાં અને ઘનશ્યામભાઇના આવાને આવા ઠપકા આવશે. હવે મારે શું કરવું? જરાક ખિજાઇને સમજાવું છું તો રિસાઇ જાય છે. મુંઝાઇ ગયા. ઘનશ્યામને કેમસમજાવું? દિલગીર થઇ ગયા.

અંતર્યામી પ્રભુ મોટાભાઇના અંતરની વાત જાણી ગયા તેથી નમ્રતાથી બોલ્યા, “હે મોટાભાઇ! તમે ચિંતા ન કરો! આજથી તમને ઠપકો સાંભળવો નહિ પડે, તેમઅમે કરશું.” મર્મ વાણી પ્રભુ બોલ્યા પણ ભાઇ સમજી શક્યા નહિ. પછી સુવાસિનીભાભી ઘનશ્યામમહારાજને પ્રેમથી ઘરમાં લઇ આવ્યાં. ભોજન જમાડી તૃપ્ત કર્યા. ઘનશ્યામમહારાજે વિચાર કર્યો. ઠીક થયું. હવે આપણને ઘરમાંથી નીકળવાનો માર્ગ મળશે. વનમાં જઇશું ને તપ કરીશું.

## ૧૩૮. શ્રી હરિએ ગૃહનો ત્યાગ કર્યો.

ઘનશ્યામમહારાજ તીવ્ર વૈરાગ્યવાન છે. જ્ઞાનાંશથી પ્રગટેલા વૈરાગ્યને તીવ્ર અને ઉત્તમવૈરાગ્ય કહેવાય. મોટાભાઇ રામપ્રતાપજી, ભાભી સુવાસિનીબાઇ, નાના ઈચ્છારામભાઇ અને નંદરામરાત્રે ભર નિંદ્રામાં સૂતા છે. શ્રી હરિએ વિચાર કર્યો, ઘડે છે મનમાં ઘાટ, હવે વનમાં નિશ્ચય જાવું, કર્તવ્ય કરવા માટ.

**નિશા પડી રવિ આથમ્યો, શું કરે છે ઘનશ્યામ।**
**સાથે લેવાનાં સાધનો, તે ભેળા કર્યા શુભ ઠામ ॥**
**બીજે દિવસે સવારમાં, પોતે થયા છે તૈયાર ।**
**સ્નાન કરવા નિમિતે, ચાલ્યા સધીર ધર્મકુમાર ॥**
**ઘર તજ્યું ગિરધારીએ, જાણે નહિ કોઈ જન ।**
**નૌત્તમવર્ણી વેષ ધારી, વિચરિયા ભગવાન ॥**




નીલકંઠ વર્ણી ગણપતીજીની પૂજા સ્તુતિ કરે છે.

વન પ્રયાણ પહેલાં ઘનશ્યામમહારાજે ગણપતિજીની સ્તુતિ કરી છે. વિક્રમસંવત ૧૮૪૯ અષાઢ સુદ દશમની વહેલી સવાર છે. એક કૌપીન પહેરી એના ઉપર મૃગચર્મ, હાથમાં કમંડળ, કંઠમાં ચાર સારનો ગુટકો, પૂજા માટે શાલિગ્રામ, પાણી ગાળવા વસ્ત્રનો ટુકડો, તુલસીની માળા આટલી વસ્તુ સાથે લઈ, ખુલ્લા ચરણે પ્રભુ વનમાં જવા માટે રવાના થઈ ગયા. જંગલમાં જવું છે તો લાવ ચાખડી લઈ જાઉં, ઓઢવા માટે ધાબળી લઈ જાઉં, જમવા માટે સુખડી લઈ જાઉં, સથવારા માટે કોઈક સેવક લઈ જાઉં, આવું કાંઈ જ નહિ. સાવ એકલા નિસ્પૃહી અગ્યાર વરસની નાની કાચી ઉંમર છે ને વનમાં ચાલતા થઈ ગયા. ચરણમાં ચાખડી પણ નથી.

**પગમાં પહેરી નહિ મોજડી રે, અંગરખી નહિ અંગ રે,**
**શામળીયા છેલ છપૈયે પધારજો રે...**
**એકા એકી ચાલી નીસર્યા રે, જોવા રાખી નહિ જોડ રે,**
**શામળીયા છેલ છપૈયે પધારજો રે...**

આપણને ચાર દિવસ યાત્રા માટે જવું હોય તો ચાર દિવસ પહેલાં બધી તૈયારી કરીએ. સુખડી જોઈશે, ગાંઠિયા જોઈશે, નાસ્તો જોઈશે, પાણી પીવા માટે વાસણ જોઈશે, કેટલું બધું ભેગું કરીએ ત્યારે ચાર દિવસની યાત્રાએ જવાય, પણ ભગવાનને કાંઇ પરવા નથી. ઘનશ્યામમહારાજ સર્જુનદીના કિનારે રામઘાટ પર આવીને બેઠા. વહાણની વાટ જુવે છે. પાછું વાળીને ચારે બાજુ જોયા કરે છે.




શ્રી હરિનો ગૃહત્યાગ. સ્વજનોનો વિલાપ.

ભાવે પાછું વાળી વાળી જુવે, રખે મોટાભાઈ આંહી આવે ॥
હવે તો વન જાવું જરૂર, તપ આચરવું ભરપુર ।
જે માટે છે મુજ અવતાર, તે કારજ કરવું નિરધાર ॥

મોટાભાઈ આવશે, તો મને ઘરે તેડી જશે. પ્રભુ વિચાર કરે છે, હવે હું વનમાં ફરીશ અને અનેક જીવાત્માનું કલ્યાણ કરીશ. અયોધ્યાપ્રસાદજી મહારાજ કથાનો મહિમા કહે છે. જે ભક્તજન પ્રગટ પુરૂષોત્તમનારાયણની કથા વાંચશે, સાંભળશે, પારાયણ કરાવશે તેનું અવશ્ય કલ્યાણ થાશે.

ટળે સંકટ સર્વ પ્રકાર, જાય અક્ષરધામમોઝાર ।
શ્રી મદ્ ભાગવત થકી કોટી ઘણું, ફળ મળે આ ચરિત્ર તણું ॥

શ્રી મદ્ ભાગવતનું વાંચન, શ્રવણ કરે, કથા કરાવે, ને જેટલું પુણ્ય મળે, તેના થકી આ શ્રી ઘનશ્યામલીલાનું વાંચન કરે છે, શ્રવણ કરે છે, પૂજન કરે છે, તેનું ફળ વિશેષ મળે છે. ઘનશ્યામલીલાનો પાઠ શાંતિ આપનાર છે. પ્રભુના અલૌકિક ગુણ સંકીર્તન ગાવાથી પાપ સર્વ બળીને ભસ્મથઇ જાય છે અને આધિ, વ્યાધિ અને ઉપાધિથી મુક્ત થાય છે. રોગી રોગથી મુક્ત થાય છે. ઘનશ્યામલીલા અલૌકિક દર્શનનો મૂળ આશય છે કે મનને પ્રભુના લીલા ચરિત્રોમાં જોડી દેવું. અલૌકિક લીલામાં ગૂંચવી મૂકવું.

ચંચળ મનને જગતની વસ્તુઓમાંથી પાછું વાળવું. તેને જીતવાનું સાધન તો નવધા ભક્તિ છે. ભક્તિ કર્યા વગર નવરું રહેવું નહિ. અંતરના ઓરડામાં ઘનશ્યામમહારાજને પધરાવો. પ્રભુની લીલા સાંભળવાથી અંતઃકરણ પવિત્ર થશે. મન અને ઇંદ્રિયોના મેલ ધોવાઇ જશે અને ઉત્તમગતિને પામશે. આત્માનો મોક્ષ કરવો એજ આપનું કામછે. આવા ઘોર કળિકાળમાં આ સંસાર સાગરને પાર કરવા માટે આવા પ્રગટ પ્રભુનાં લીલાચરિત્ર તે નાવ સમાન છે. સમુદ્ર પાર કરવો હોય તો વહાણની જરૂર પડે છે, તેમઆ જન્મમરણ રૂપી ભટકણના ફેરામાંથી છૂટવા માટે આવા દિવ્ય અલૌકિક ચરિત્ર છે. તે સ્ટીમ્બરનું કામકરશે.

હર હંમેશ આવા અનુપમઅલૌકિક લીલાનું સ્મરણ કરવું તો મન સ્થિર થશે. લીલાનું સ્મરણ કરતાં કરતાં મન ભગવાનમાં જોડી દેવું. દેહથી કાર્ય કરવું પણ મનને નવરું રહેવા દેવું નહિ. અંતરાત્મામાં શાંતિ જોઇતી હોય તો પ્રભુની લીલા વાંચન, શ્રવણ કરો ને તમારા બાળકોની પાસે બેસીને વાંચતાં શીખવાડો એ જ મનુષ્ય જન્મની સાર્થક્તા છે. જેમરૂપિયાનો મહિમા સમજાયો છે, તો કમાવાની મજા આવે છે, તેમકથાનો મહિમા સમજાયો હોય તો કથા સાંભળવાની મજા આવે, શાસ્ત્ર વાંચવાની મજા આવે.

અયોધ્યાપ્રસાદજી મહારાજ ઘનશ્યામલીલા અલૌકિક દર્શનની રસામૃતની અમૃત જેવી કથા શ્રીજીના ચરણમાં સમર્પિત કરે છે.

## નવલાંરૂપ ધારણ કરનાર ઘનશ્યામમહારાજ.

૧) સ્વામિનારાયણ ભગવાન ભક્તો સાથેના સંબંધો વિસ્તારવા ધર્મદેવ અને ભક્તિમાતાના ઘનશ્યામસ્વરૂપે... પુત્ર બન્યા.

૨) વેણી, માધવ, પ્રયાગ અને રઘુનંદનના... મિત્ર બન્યા.

૩) રામપ્રતાપભાઇ અને ઇચ્છારામના... ભાઇ બન્યા.

૪) કાલીદત્ત જેવા અસુરોનો નાશ કરવા વક્રદ્રષ્ટિ કરનાર... મહાકાળ બન્યા.

૫) આંખમાં આંજણ આંજતાં ભાભી સુવાસિનીને અનંત ભુવનની રચના બતાવી... બ્રહ્માંડાધિશ બન્યા.

૬) શ્રધ્ધાદિક બાર માતાઓનું સ્તનપાન કરવા બાલ સ્વરૂપ બની... બાર સ્વરૂપો ધારણ કર્યા.

૭) સર્જુગંગાને પાર કરવા માટે પથ્થરમાં પ્રાણ પુરી તેને નૌકાની જેમચલાવનાર અને જડને ચેતન કરનાર... સર્વ નિયંતા બન્યા.

૮) પાપી મચ્છીમાર મીનસાગરમાં માછલાં મારતા હતા. પ્રભુએ ધર્મરાજા રૂપે

દર્શન આપી, પાપીને પાપ કરતા અટકાવ્યા. માછલાને સજીવન કર્યા... દીનદયાળ બન્યા.

૯) અયોધ્યામાં શૂરવીર મલ્લોનો પરાજય કરવા માટે... બળવીર યોધ્ધા બન્યા.

૧૦) પ્રેક્ષકોને ધીરજ રહે તે માટે દર્શન આપી... વિરાટનારાયણ બન્યા.

૧૧) ભક્તિમાતાને અક્ષરધામનાં દર્શન કરાવી ઐશ્વર્ય બતાવ્યું... અક્ષરાધિપતિ બન્યા.

૧૨) સ્ત્રી ભક્તજનોને આનંદ આપી મન હરિ લીધાં... પ્રેમમૂર્તિ બન્યા.

૧૩) બાળ સખાને બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરાવ્યો... શિક્ષક બન્યા.

૧૪ મામી ગૌરીબાઇને મુંઝારો થયો, સખત બિમારી વધી ગઇ. ત્યારે મામી સામે કૃપા દ્રષ્ટિ કરી તેનો રોગ નાશ કર્યો... વૈદ બન્યા.

૧૫) પિતા ધર્મદેવ પાસે વિદ્યાભ્યાસ કર્યો... વિદ્યાર્થી બન્યા.

૧૬) કાશીના પંડિતો ધર્મદેવ સાથે શાસ્ત્રાર્થ કર્યો... ત્યારે શાસ્ત્રનો સાર સમજાવી પંડિતોનો પરાજય કર્યો... સર્વોત્તમવિદ્વાન બન્યા.

૧૭) ભાભી સુવાસિનીબાઇને વચન આપ્યું, અમે રાજા ધિરાજ થઇશું ત્યારે તમને ભૂલશું નહિ, અમારી પાસે ચોક્કસ તેડાવી લેશું... વચનસિધ્ધ બન્યા.

૧૮) લક્ષ્મી મામીને ઘેર ગુપ્ત રીતે સખા સાથે મહી માખણ જમવા જાય... માખણ ચોર બન્યા.

૧૯) અનેક ભક્તજનોનાં ચિત પોતાના સ્વરૂપમાં ખેંચી લીધા... ચિતચોર બન્યા.

૨૦) માતા-પિતાની ખૂબ સેવા કરી તેમના મનોરથ પૂરા કર્યા... માતૃભક્ત બન્યા.

**આ જે હરિ-ચરિત્ર અનુપ, ભક્તજન ને છે સુખરૂપ ।**
**તેને કહેશે સાંભળશે જેહ, મહાકષ્ટથી મૂકાશે તેહ ॥**
**આ લોકમાં પણ સુખી રહેશે, પરલોકે પરમસુખ લેશે ।**
**પાપ-હરણી કથા છે પવિત્ર, જેમાં પ્રકટ પ્રભુનાં ચરિત્ર ॥**
**ભક્ત હશે તે સુણશે ભાવે, અભક્તને અર્થ નહિ આવે ।**
**કહેશે હેતે સાંભળશે કાન, તે પર રાજી થાશે ભગવાન ॥**

આત્મનિષ્ઠામાં અડિખમએવા સ.ગુ.શ્રી સ્વરૂપાનંદ સ્વામીને જ્યારે અંતરમાં

ઉદ્‌વેગ અને અશાંતિ હતી. ત્યારે ભગવાન શ્રી હરિના લીલા ચરિત્રોનું શ્રવણ કરવાથી જ હૃદયમાં શાંતિ થઇ હતી. માટે સંપ્રદાયના તમામઆશ્રિતો માટે શ્રી હરિનાં લીલા ચરિત્રોથી સભર ઘનશ્યામલીલા અલૌકિક દર્શન અતિ ઉપ્યોગી છે...

**માણસ મટી મુક્ત બનાવે એવો આ ગ્રંથ છે.**

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિધ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વ મમ્ દેવ દેવ ॥**

"હે ભગવાન તમે જ અમારા માતા છો. તમેજ અમારા પિતા છો. તમેજ અમારા બંધુ છો. તમેજ અમારા મિત્ર છો. તમેજ અમારી વિધ્યા છો. તમેજ અમારું ધન છો. તમેજ, હે દેવોના દેવ, અમારૂં સર્વસ્વ છો."

**જીવનનું સાચું ધન શાંતિ અને આનંદ છે.**

**શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય.**
**શ્રી નરનારાયણ દેવની જય.**

**શ્રી ઘનશ્યામલીલા અલૌકિક દર્શન સંપૂર્ણ.**

